સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ધુળેટી મહોત્સવની ખુબ ખુબ શુભેચ્છા

ફાગણ સુદ-૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપકઃ- બાબુભાઈ શાહ તા. ૧૩-૩-૨૦૨૫ - ગુરૂવાર | રાજકોટ (સીટી)

હોલિકા દહન

વર્ષ : ૩૯ અંક : ૧૭૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

### અમેરિકી પ્રમુખ ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ વોર સામે સંયુકત રાષ્ટ્રસંઘ ચિંતીત

# ટ્રેડ-ટેરિફ વોરથી સમગ્ર દુનિયા પાયમાલ થશે; યુનોની ચેતવણી

### ગ્લોબલ ઈકોનોમી મુકત વ્યાપારના યુગમાં ટ્રેડવોરથી સરવાળે તમામ દેશોને નુકશાની જ વેઠવી પડશે-યુનોનાં સેક્રેટરી જનરલની સ્પષ્ટ વાત



ન્યુયોર્ક તા.૧૩

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલા ટ્રેડ-ટેરીફ વોરથી દુનિયાભરનાં દેશોમાં હાહાકારનું ચિત્ર ઉભુ થયુ છે ત્યારે હવે સંયુકત રાષ્ટ્ર સંઘે પણ ચેતવણી ઉચ્ચારી છે. ટ્રેડવોરથી દુનિયાનાં તમામ દેશોને સરવાળે નુકશાની જ થવાનું યુનોના સેક્રેટરી જનરલ એન્ટોનીયો ગુરૂસે જાહેર કર્યુ છે.

તેઓએ કહ્યું કે દુનિયા હાલ વૈશ્વિક અર્થતંત્રમાં જીવી રહી છે. તમામ દેશો એકબીજા સાથે જોડાયેલા-સંકળાયેલા છે.તમામ રાષ્ટ્રોને ફાયદો થાય તે માટે જ મુકત વ્યાપારનો કન્સેપ્ટ લાગુ થયો હતો તેવા સમયે ટ્રેડવોરનો યુગ શરૂ થાય તો તમામને નુકશાન જ થવાનું છે.

વ્હાઈટ હાઉસમાં બીજી વખત સતારૂઢ થયેલા ડોનાલ્ડ ટ્રમ્પે જેવા સાથે તેવાની નીતી જાહેર કરીને અમેરીકી માલસામાન પર વધુ ટેરીફ વસુલતા દેશો પર રેસીસેકસ ટેરીફ લાદવાની કરેલી જાહેરાતનાં સંદર્ભમાં તેઓએ આ વિધાન કર્યુ હતું.

ટ્રમ્પ તંત્ર દ્વારા સ્ટીલ અને એલ્યુમીનીયમ પર ગ્લોબલ ટેરીફ લાગુ પણ કરી દેવામાં આવી છે. વૈશ્વીક દેશો ટ્રમ્પ સામે ઝુકવા તૈયાર ન હોય તેમ કેનેડા ચીન તથા યુરોપીયન દેશોએ પણ વળતો ટેરીફ વધારો જાહેર કર્યો છે.ટ્રમ્પે એવુ જાહેર કર્યું હતું કે ટેરીફ મારફત અમેરીકાને અબજો ડોલર મળશે અને રાષ્ટ્ર એટલુ ધનવાન બનશે કે નાણા કયાં વાપરવા તેની સમસ્યા સર્જાશે અમેરીકા મહાન બની જશે.

ટ્રમ્પ દ્વારા ભારતનાં નામજોગ ઉંચા

(અનુસંધાન છઠ્ઠા પાને)

## યુદ્ધ વિરામ ન સ્વીકારે તો રશિયા પર વધુ આર્થિક પ્રતિબંધઃ ટ્રમ્પની ધમકી

### આશા છે તેવો અર્થ સમજશેઃ અમેરિકી પ્રમુખ



વોશિંગ્ટનઃ એક બાદ એક દેશો પર પોતાનો એજન્ડા લાદી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ૩૦ દિવસના યુદ્ધ વિરામ માટે યુક્રેનને સંમત કર્યા બાદ પણ રશિયાએ યુદ્ધ વિરામ તેના સમયે અને શરતો એ થશે તેવી જાહેરાત કરતા જ ટ્રમ્પે હવે રશિયા સામે વધુ આર્થિક પ્રતિબંધ લાદવા ધમકી આપી છે. ટ્રમ્પે જણાવ્યું કે યુક્રેન તરફથી તેને યુદ્ધ વિરામ માટે હકારાત્મક સંદેશ મળ્યા છે. હું રશિયાના પ્રતિભાવની રાહમાં છું. હવે રશિયા અને અમેરિકા સાથે મળીને યુદ્ધ વિરામની સ્થિતિ બનાવશે.

તેઓએ કહ્યું કે અમારા પ્રતિનિધિ રશિયા જઈ રહ્યા છીએ અને આશા છે કે હકારાત્મક પ્રતિભાવ મળશે. જો કે રશિયાએ જાણ કર્યુ છે કે તેને આ યુદ્ધ

(અનુસંધાન છઠ્ઠા પાને)



### ગોલ્ડન ઘુઘરાઃ એક કિલોની કિંમત રૂા.૫૦,૦૦૦ઃ એક નંગનાં રૂા.૧૩૦૦

ગુજરાતીનો મીઠાઈનો શોખ જાણીતો છે.મીઠા ઘુઘરા મોટાભાગે શ્રાવણનાં સાતમ-આઠમ તથા દિવાળીના તહેવારોમાં તેનુ ચલણ વિશેષ રહેતુ હોય છે. આ ઘુઘરા હવે ઉતર પ્રદેશમાં ચર્ચામાં આવ્યા છે. ગોંડામાં મિઠાઈના દુકાનદારે ગોલ્ડન ઘુઘરા પેશ કર્યા છે. તેની એક કિલોની કિંમત રૂા.૫૦,૦૦૦ છે.એક નંગ ઘુઘરા રૂા.૧૩૦૦ માં વેચાય છે છતાં તે ખરીદવા લોકોની ભીડ ઉમટી રહી છે.સોનાની વરખથી બનેલા આ ઘુઘરાએ લોકોમાં જોરદાર આકર્ષક સર્જ્યુ છે.ઘુઘરામાં સોનાની વરખ ઉપરાંત કાશ્મીરી કેસર, સ્વાર્ણ ભસ્મ,પિસ્તા, કાજુ-બદામ તથા ખાસ ડ્રાયફ્રુટ પણ છે.૨૪ કેરેટ ગોલ્ડન વરખથી સજાવાયા છે.

### પહેલા સ્પેડેસનું ડોકીંગ વધુ હવે અનડોકિંગ પણ પાર પડાયું

# ચંદ્રયાન-૪ માટે મહત્વપૂર્ણ ડી-ડોકિંગ પ્રક્રિયા સફળ

### ચંદ્રની ધરતી પર ઉતરનાર લેન્ડરને મુખ્ય યાનથી અલગ કરવા ફરી જોડવામાં ઈસરોએ 'મહારત' મેળવી લીધી

શ્રીહરિકોટાઃ ભારતના ચંદ્રયાન-૪ પ્રોજેકટમાં ધરતી પરથી મોકલવામાં આવનાર ચંદ્રયાનને ચંદ્રની ધરતી પર ઉતારીને ત્યાંથી ખડક-માટી-વિ.ના નમુના તથા હવામાન સંબંધી માહિતી મેળવીને પરત પૃથ્વી પર આવે તે અભિયાનનો સમાવેશ થાય છે. ભારતનું આ અવકાશી મિશન એ રીટર્ન જર્નીનું પ્રથમ સાહસ છે અને તે માટે ચંદ્ર પર ઉતરનાર લેન્ડર તેની પરત મુસાફરીમાં જે રીતે મુખ્ય યાન સાથે પરત ચંદ્ર પર ઉતરવા અલગ થાય અને પરત ફરી



જોડાય જાય તેવી ડોકિંગ-ડી-ડોકિંગ જે મહત્વપૂર્ણ પ્રક્રિયા છે તેમાં ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન ઈસરોએ સફળતા હાંસલ કરતા હવે આ યાનની સફર નિશ્ચિત બની છે. અગાઉ ડોકિંગ-બે યાનને જોડવાની પ્રક્રિયા સફળ બનાવાઈ હતી. હવે સ્પેસડેકસ ઉપગ્રહ મારફત ડી-ડોકિંગ પ્રક્રિયા પણ સફળ બની છે. સ્પેસડેકસ એ બે ઉપગ્રહોને આકાશમાં જોડવાની પ્રક્રિયા છે.

આમ ભારતે તે ટેકનોલોજી સફળતાપૂર્વક પ્રયોગ તબકકે હાંસલ કરી છે. આ સમગ્ર પ્રક્રિયાને ડી-ડોકિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. અગાઉ તા.૧૬ જાન્યુઆરીએ 'ડોકિંગ'ની પ્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. હવે ડી-ડોકીંગમાં પણ સફળતા મળી છે.

વિશ્વના ચુનીંદા દેશો જ આ પ્રકારની ટેકનોલોજી હાંસલ કરી શકયા છે. કેન્દ્રના વિજ્ઞાન ટેકનોલોજી મંત્રી શ્રી જીતેન્દ્ર સિંઘે આ બદલ ઈસરોની ટીમને અભિનંદન આપ્યા હતા.

### ઓનલાઈન ગેમીંગ-બેટીંગ-ઈન્સ્ટન્ટ લોન બાદ હવે શેરબજાર ભોગ લે છે

# શેરબજારની એકધારી મંદીથી સ્યુસાઈડ હેલ્પલાઈન પર કોલ વધ્યા

### જંગી નાણા ગુમાવનારને માનસીક સધીયારો અપાય છેઃ દર ત્રણમાંથી એક કોલ શેરબજારમાં બરબાદ થનારા ૧૮૦૦-૨૩૩૩૦૩૦નો સહારો લે છે

અમદાવાદઃ જીવન આસ્થા હેલ્પલાઈન માટે આ એક નવો અને ઓચિંતો સર્જાયેલો અનુભવ છે અને તે છે શેરબજારમાં જે રીતે મંદીના કડાકા ભડાકા થઈ રહ્યા છે અને સેન્સેકસ-નિફ્ટી-સતત નવી નીચી સપાટીએ આવી રહ્યા છે તે માટે આ માર્કેટમાં નાણા ગુમાવનાર હવે જીવનની આશા ગુમાવીને આપઘાત કરે છે અથવા તનાવમાં આવી જાય છે. તેઓ છેલ્લા ઉપાય તરીકે આ માનસીક સધીયારો આપતી હેલ્પલાઈનમાં મદદ માંગે છે. ભારતીય શેરબજારે કદાચ આટલી લાંબી અને અંતવિહીન દેખાયેલી મંદી જોઈ નથી અને જે રીતે માર્કેટના ચડતા દિવસોમાં જેઓએ મોટી રકમ રોકી છે અથવા ડે-ટ્રેડર્સ બનીને સાંજે ૧૦-૧૫



હજાર કમાવી લેવાની લાયમાં મોટું જોખમ લીધુ છે. તેઓને હવે બહાર નિકળવાનો કોઈ માર્ગ જોવા મળતો નથી. હજારો નહી કદાચ લાખો લોકો એવા છે. જેઓએ પોતાના જીવનની કમાણી આ રીતે શેરસટ્ટામાં હોમી દીધી છે અનેક તો લોન લઈને મિત્રો કે સંબંધીઓ પાસેથી ઉંચા વ્યાજે નાણા લઈને શેરબજારમાં રોકયા હતા તેઓને આ સ્થિતિ અસહ્ય બની છે. સેંકડો કુટુંબો એવા છે જેના બાળકોની ફી ભરવા પૈસા નથી અને તેના કુટુંબને આ શેરબજારના નુકશાનની કઈ વાત કરી શકે તેમ નથી. આવુ જ ઓનલાઈન બેટીંગ, ઓનલાઈન ગેમીંગ, સટ્ટાબજારમાં છે. ગુજરાતમાં સાહસિક ગણાય છે પણ કયારેક ખોટું સાહસ કરી બેસે છે. જીવનઆસ્થા હેલ્પલાઈનના પ્રોજેકટ કોઓર્ડીનેટર પ્રવિણભાઈ વાલેરા કહે છે કે અમોને મળતા દર ત્રણમાંથી એક કોલ આ રીતે નાણાકીય તનાવના હોય છે અને કયારેક તો હત્યા સહિતના કૃત્યો પણ કરી જોવે છે. વડોદરાના ૩૩ વર્ષના વિવેક દુબેએ તેના શ્વસુર જીતેન્દ્રસિંઘ અને સાસુ લતાની એટલે હત્યા કરી કે શેરબજારમાં મોટી

(અનુસંધાન છઠ્ઠા પાને)

### મસ્કની કંપનીને એન્ટ્રી માટે સરકાર દબાણમાં!

# સ્ટારલીંકના ભારતમાં આગમનને વધાવતું ટવીટ શા માટે કેન્દ્રીયમંત્રીએ 'ડીલીટ' કરવું પડયું



### અશ્વીની વૈષ્ણવે અમેરિકી કંપનીનું ભારતમાં સ્વાગત છે તેવી પોષ્ટ કલાકમાં જ દૂર કરતા ચર્ચાને વેગ

નવી દિલ્હીઃ અમેરિકાનો ટ્રમ્પ શાસનના આગમન બાદ ટેરીફ સહિતના મુદ્દે તેઓ જે રીતે વિશ્વના દેશો પર દબાણ લાવી રહ્યા છે તેમાં ભારત પણ બાકાત નથી અને ખાસ કરીને ટ્રમ્પના મિત્ર અને વિશ્વના સૌથી ધનાઢય ઉદ્યોગપતિ એલન મસ્કની માલીકીની ઓટો કંપની ટેસ્લા બાદ હવે સ્ટારલીંક માટે પણ લાલ જાજમ બીછાવીને છેલ્લા ૨૪ કલાકમાં જે રીતે પહેલા એરટેલ અને બાદમાં જીયો ટેલીકોમે સ્ટારલીંક સાથે સેવા આપવા કરાર કર્યાની જાહેરાત કર્યા બાદ પણ સરકારમાં

(અનુસંધાન છઠ્ઠા પાને)

## સાંજ સમાચાર

### ધુળેટી નિમિતે આવતીકાલનો અંક બંધ રહેશે

હોળી-ધૂળેટી પર્વ નિમિતે 'સાંજ સમાચાર' કાર્યાલય રજા રાખતુ હોવાથી આવતીકાલ તા.૧૪-૩-૨૦૨૫ ના શૂક્રવારનો અંક પ્રકાશીત થશે નહિં જેની વાંચકમિત્રો અને એજન્ટ ભાઈઓએ નોંધ લેવા વિનંતી. શનિવાર તા.૧૫-૩-૨૦૨૫ ના રોજથી 'સાંજ સમાચાર'નો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે.

– વ્યવસ્થાપક

### ગુજરાતના એક દર્દીના ઘરેણા ચોરાતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યુ

# લીલાવંતી હોસ્પિટલમાં જાદુટોનાના પુરાવાઃ માનવ હાડકા અને વાળ ભરેલા આઠ પાત્ર કબ્જે

### ટ્રસ્ટની હોસ્પિટલમાં રૂા.૧૫૦૦ કરોડની ગોલમાલ પુર્વ ટ્રસ્ટીઓ અને તેના સાથીદારોએ આચર્યા હોવાની એક બાદ એક ચાર એફઆરઆઈ

મુંબઈ તા.૧૩

મુંબઈની લીલાવંતી હોસ્પીટલ વધુને વધુ વિવાદમાં ફસાઈ રહી છે. આ હોસ્પીટલમાં જાદુટોના થતા હોવાનો ઘટ્ટસ્ફોટ બહાર આવ્યા બાદ હવે એન્ફોર્સમેન્ટ વિભાગે બાન્દ્રા પોલીસની સહાયતાથી એક તરફ રૂા.૧૫૦૦ કરોડનું કૌભાંડ ટ્રસ્ટી અને કેટલાક વ્યક્તિઓએ આચર્યુ હોવાનું શોધી કાઢયું છે તો હોસ્પીટલની ઈમારતમાં જ જાદુટોના થતા હતા જેમાં એકથી વધુ એફઆઈઆર



નોંધાઈ છે અને તેમાં પુર્વ ટ્રસ્ટીઓ અને કેટલાક વ્યક્તિઓની સંડોવણી હોવાનું ખુલ્યુ છે. એટલું જ નહી. આ ઉપરાંત હોસ્પીટલની એક ચેમ્બરમાંથી માનવ હાડકા અને વાળ ભરેલા આઠ વાસણો મળી આવતા

(અનુસંધાન છઠ્ઠા પાને)

HOTEL ATMIJ PALACE & BANQUET HALL
500 મેમ્બર્સની કેપેસીટી
31 A.C હોટલ રૂમ્સ અવેલેબલ
7574000921/ 7574000922
જંકશન પ્લોટ મેઈન રોડ,ગેબનશાહ પીર દરગાહની સામે, રાજકોટ

ચાલુ રેસ્ટોરન્ટ તા. વેચવાનું છે
ફુલ ફર્નિશ્ડ એસી કમ્પલીટ માલસામાન સાથે નાના મૌવા સર્કલ, ૧૫૦ ફુટ રોડ (દલાલ આવકાર્ય)
70164 14428 / 98257 76830

Jay Jyot Group JET CARGO PICKED UP, DELIVERED.
ઈન્ટરનેશનલ કુરિયર સર્વિસ
ઘર વપરાશની વસ્તુઓ (હાઉસ હોલ્ડ આઈટમ) મોકલવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ.
USA - UK - CANADA - UAE AUSTRALIA - GERMANY Etc.
૨૦/સરદારનગર મેઈન રોડ, સર્વેશ્વર ચોક પાસે, રાજકોટ-૩૬૦૦૦૧
+91 83209 88001 +91 98249 30350

હોટલ કાવેરી ધુળેટીનું મેનું
જેમ નટ શ્રીખંડ, પુરણપુરી
વેજ રશિયન રોલ, પ્યાઝ કચોરી
સેઝવાન બાસ્કેટ ઢોકળા, ઉંધીયુ, મીકસ કઠોળ
દમ આલુ, પનીર લબાબદાર
સાંજે સ્પે.પંજાબી મેનુ ઉપલબ્ધ
PGVCL સામે, કનક રોડ, 63566 66777
બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ 63566 66333

ભાભા નું ધુળેટી નું મેનુ
સવારનું મેનુ: મેંગો મઠ્ઠો, પુરણપોળી, વેજ બ્રેડ પીઝા, અમૃતસરી ચાટ, દાબેલી ઢોકળા, પનીર લાજવાબ, સ્પે.ઉંધીયુ
a la carte Menu Available in Evening
સાંજે પંજાબી મેનુ: દાલબાટી, મૈસુર મસાલા ઢોસા, સેજવાન ઢોકળા, પનીર પસંદા, રજવાડી ઢોકળી, કાજુ ગાંઠીયા વિગેરે
ગાંધી મ્યુઝીયમ સામે, રાજકોટ. 94266 02900, 2220861 થી 66

દુકાન ભાડે જોઈએ છે
ગ્રાઉન્ડ ફલોર, ૨૫૦ સ્કે.ફુટથી ઉપર, આહિર ચોક તથા ઢેબર રોડની આજુ-બાજુમાં, રાજકોટ.
Mo. 98798 78090

PARIN FROZEN FOODS
100% NATURAL
બારેમાસ કેરીનો રસ
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
મો. : 96384 67400 / 800

ડ્રાયફ્રુટ સુકી કચોરી
MGC
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ • નાના મૌવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક • કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ

હોળી સ્પેશ્યલ ઑફર
We know the world Patel HOLIDAYS TRAVEL SOLUTIONS PVT. LTD. SINCE 2006
7N-8D દુબઈ 10 & 16 May
8N-9D સિંગાપોર વિથ મલેશિયા ક્રુઝ 08 & 15 MAY
9D / 10D સ્વિસ પેરીસ 19 & 30 MAY
8N-9D ફૂકેટ-ક્રાબી 12 MAY
8N-9D કાશ્મીર 7 & 15 MAY ગુજરાતી મહારાજ સાથે
8N-9D વિયેતનામ 09 May
7N-8D સિક્કિમ 15 MAY પ્યોર વેજ. હોટેલ
ડિસ્કાઉન્ટ ₹ 10000/- સુધીનું
ફ્રી ટ્રોલી બેગ
મુસાફરી વીમો
ASTRON CHOWK, RAJKOT 72850 26567 / 95129 72999

મસાલાની સીઝન એટલે ગજાનંદ સીઝન
GAJANAND FOODS
સીઝનના તાજા મસાલા ખરીદવા માટે નીચે જણાવેલ મસાલા મહોત્સવના સ્થળ પર મુલાકાત કરો.
સમયઃ સવારે 09.00 થી સાંજે 08.00
તા. 15 માર્ચ (શનિવાર) થી તા. 31 મે (શનિવાર)
મસાલા & મોર બ્રાન્ડ સ્ટોર્સ - રાજકોટ
શોપ નં.: 1-2, લાઈવ એપાર્ટમેન્ટ, પટેલ કન્યા છાત્રાલયની સામે, પંચાયત ચોક પાસે, યુનિવર્સીટી રોડ, રાજકોટ. મો.: 98751 76568
શોપ નં.: 2, પટણી બીલ્ડીંગ, રાજકોટ નાગરીક કો.ઓ. બેંકની સામે, પરા બજાર ચોક, જ્યુબીલી, રાજકોટ. મો.: 98751 76591
₹1475/- થી વધુની ખરીદી પર ટ્રાવેલિંગ બેગ ફ્રી
₹675/- થી વધુની ખરીદી પર 1L ઓઇલ ડિસ્પેન્સર ફ્રી
₹275/- કે તેથી વધુની ખરીદી પર 250g પ્રીમિયમ ચા ફ્રી
*ફ્રી આર્ટિકલની સ્કીમ ફક્ત પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા, રોઝાના ગરમ મસાલા, સ્ટ્રોંગ હીંગ, ઇન્સ્ટન્ટ મિક્સ, રેડી-ટૂ-ફ્રાય રેન્જ, અચાર મસાલા તથા પ્રીમિયમ ચા (MRP ભાવ)ની ખરીદી ઉપર જ મર્યાદિત
કુમઠીલાલ કાશ્મીરી મરચું | રેશમલાલ મરચું | તેજાલાલ મરચું | પ્રીમિયમ મરચું | પ્રીમિયમ હળદર | કકર્યુવેદા હળદર | ફ્લેવરોસ્ટ ધાણાજીરુ (રોસ્ટેડ) | પ્રીમિયમ ધાણાજીરુ | પ્રીમિયમ ધાણા પાવડર | અચાર મસાલા | સોર્ટેક્સ ક્લીન આખા મસાલા
સીઝનના ફ્રેશ મસાલા મહોત્સવ SALE 2025
ગજાનંદ મસાલા મહોત્સવના વિવિધ સ્થળો વિશે જાણવા QR કોડ સ્કેન કરો
ફ્રી હોમ ડિલીવરી ₹1500/-* કે તેથી વધુની ખરીદી ઉપર
Buy Online shop.gajanand.com

### વિજ પુરવઠો ખોરવાતા રેલ્વે ઈન્ટરનેશનલ સેવા પણ પ્રભાવિત

# સમગ્ર દક્ષિણ ગુજરાત ત્રણેક કલાક અંધારપટ્ટમાં ડૂબ્યુ : ૪૦૦ કેવીની સાત લાઈનમાં ટ્રીપ થઈ ગઈ

**મોડી રાત્રે વિજ સપ્લાય નોર્મલ થઈઃ ૩૩ લાખ ગ્રાહકો અકળાયાઃ સુરત, નવસારી, વલસાડ, વાપી ઉપરાંત મહારાષ્ટ્રના કેટલાક ભાગોને પણ અસરઃ તપાસના આદેશ**

સુરત, તા. ૧૩

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) દ્વારા સંચાલીત ૪૦૦ કે.વીની ૭ જેટલી ટ્રાન્સમિશન લાઇન આજે બપોરે ૨.૬૦ વાગ્યાનાં અરસામાં ટેકનીકલ ખામીનાં કારણે ટ્રીપ થતા ઉકાઈ, કાકરાપાર અને વાલીયા-માંગરોળ ખાતે આવેલા લિગ્નાઇટ પાવર પ્લાન્ટ બંધ થઈ ગયા હતા. જેને પગલે સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતનાં ૩૩ લાખ ગ્રાહકોને મળતો વીજપુરવઠો ખોરવાયો હતો. એજ રીતે મહારાષ્ટ્રનાં કેટલાક વિસ્તારોમાં પણ વીજપુરવઠો ખોટકાયો હતો.

આ ઘટનામાં સંભવત દક્ષિણ ખોરવાયો હતો. એજ રીતે મહારાષ્ટ્રનાં કેટલાક વિસ્તારોમાં પણ વીજપુરવઠો ખોટકાયો હતો.

આ ઘટનામાં સંભવત દક્ષિણ ગુજરાતમાં સૌ પ્રથમ આસોજ- સજ કોસંબા ૪૦૦ કેવી લાઈન ટ્રીપ થતા લો વોલ્ટેજનો પ્રશ્ન ઉદ્રભવ્યો હતો. જેની સામે સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર(SLDC) દ્વારા હકીકતમાં કંઈ લાઈનમાં ટેકનીકલ ખામી સર્જાવવાનાં કારણે મસમોટી ટેકનીકલ સમસ્યા સર્જાય તેની તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનામાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં ૫૨૦૦ મેગાવોટની જરૂરીયાત સામે ૪૫૦૦ મેગાવોટનો અચાનક લોડ ડ્રોપ નોંધાતા પાવરગ્રીડની સ્થાપના બાદ સંભવત પ્રથમ વખત દક્ષિણ ગુજરાતનાં મહત્તમ વિસ્તારોમાં પાવરકટની એકસાથે સમસ્યા ઉદભવી હતી. એજ રીતે ટોરેન્ટ કંપનીમાં પણ વીજપુરવઠો ખોટકાયો હતો. જેમાં વિવિધ વીજકંપનીઓનાં સ્ટાફની મહેનતને પગલે સાંજે ૬ થી ૭ વાગ્યા બાદ મહત્તમ વિસ્તારોમાં વીજપુરવઠો રાબેતા મુજબ કરી દેવામાં આવ્યો હતો. સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર(SLDC), ગેટકો અને દક્ષિણ ગુજરાત વીજ કંપની પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સૌ પ્રથમ આસોજ-કોસંબા ૪૦૦ કેવી લાઇન ટ્રીપ થતા લો વોલ્ટેજનો પ્રશ્ન ઉદભવ્યો હતો, ત્યારબાદ ગેટકોની ૭ જટલી ૪૦૦ કેવીની તમામ લાઇન વોલ્ટેજ ફલકચ્યુએશન બાદ ટ્રીપ થઈ ગઈ હતી, એજ રીતે મહારાષ્ટ્રમાં પણ વીજ લાઇનમાં ભંગાણ સર્જાયુ હતુ. જેની ગંભીર અસરને પગલે ઉકાઈ થર્મલ પાવર સ્ટેશનનાં કુલ ૧૧૧૦ કે.વીનાં ચાર પાવર સ્ટેશન, કાકરાપારનાં ૪૪૦ કેવીનું પાવર સ્ટેશન, અને વાલીયા-માંગરોળ ખાતે આવેલું લિગનાઇટ બેઝ્ઝડ ૧૨૫ કે.વીનું પાવર સ્ટેશન બંધ થઇ જતા સમગ્ર દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર સુધી પહોંચતો વીજપુરવઠો ખોટકાયો હતો. પાવરગ્રીડ જ ખોટકાઈ જતા લોકોનાં ઘરમાં ફલકચ્યુએશનને પગલે વીજઉપરકરણો બંધ કરી દેવાની નોબત આવી હતી. જયારે ટ્રેન વ્યવહાર, ઈન્ટરનેટ સેવા, પણ અટકી પડી હતી. દક્ષિણ ગુજરાતનાં ૩૩ લાખ ગ્રાહકોને જરૂરીયાતનાં ૫૨૦૦ મેગાવોટ સામે ૪૫૦૦ મેગાવોટનો લોડ ડ્રોપ નોંધાતા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં બે થી ત્રણ કલાક સુધી વીજપુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. એજ રીતે મહારાષ્ટ્રમાં પણ ૫૦૦ મેગાવોટનો લોડ ડ્રોપ નોંધાયો હતો પણ તંત્રના પ્રયાસોને પગલે રાત્રીનાં ૯ વાગ્યાની સ્થિતએ દક્ષિણ ગુજરાતમાં તમામ ૧૦૦ ટકા વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

## ગ્રાહકોનો વીજ કચેરીએ હોબાળોઃ મામલો માંડ થાળે પડ્યો



સુરત : કાળઝાળ ગરમી વચ્ચે અચાનક વીજ પુરવઠો ખોરવતા લોકોએ ટોરેન્ટ કંપની અને દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફીસમાં હોબાળો મચાવ્યો હતો. જો કે આ ઘટના કંપની કોઇ ખામી સર્જાતા નહીં પણ ગેટકોની ૪૦૦ કે.વી. ની ૭ લાઇન ટ્રીપ થયા બાદ ઉકાઈ, કાકરાપાર, અને એસએલપી સહિતનાં પાવર પ્લાન્ટ બંધ થઇ જતા સર્જાય હોય અને સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સમસ્યા હોવાની સમજણ અધિકારીઓએ પુરી પાડી હતી. જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીનાં એમ.ડી યોગેશ ચૌધરીએ લોકોને સિસ્ટમ સંબધિત સમજ પુરી પાડતા અને વહેલી તકે વીજપુરવઠો કાર્યરત કરવાની ખાતરી આપતા મામલો શાંત થયો હતો.

### બાળકી-મહિલાઓ માટે અનેક કલ્યાણકારી યોજના

# રાજકોટ સહિત ચાર મહાનગરોમાં 'વર્કિંગ વુમન' માટે સાત હોસ્ટેલ બનશે

**રૂા.૭૬૬૮ કરોડની ફાળવણીઃ ગંગા સ્વરૂપ યોજના હેઠળ રૂા.૧૪ કરોડનો ખર્ચ**

અમદાવાદ, તા.૧૩



રાજ્ય વિધાનસભા ગૃહમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના રૂ.૭૬૬૮ કરોડના વિભાગીય બજેટ (માંગણીઓ) રજૂ કરાયું હતું. જેના ઉપર ચર્ચા હાથ ધરાયા બાદ મંત્રીના જવાબ પછી આ વિભાગનું બજેટ વિધાનસભા ગૃહમાં મંજૂર કરાયું હતું.

વિધાનસભા ગૃહમાં આ વિભાગની ચર્ચામાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાની ગેરહાજરીમાં તેમના વતી રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની મહિલાઓ પુરૂષ સમોવડી થઈને પોતાના ગામ-શહેરથી દૂર જઈને અન્ય શહેરોમાં કામગીરી કરી રહી છે. આવી વર્કિંગ મહિલાઓ માટે રાજય સરકારે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટમાં એક-એક અને વડોદરા-સુરતમાં બે-બે મળીને કુલ ૭ વર્કિંગ વિમેન્સ હોસ્ટલ બનાવશે. જ્યાં વર્કિંગ મહિલાઓને નજીવા ખર્ચે સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ સાથે ભોજનાલય ઉપરાંતની તમામ જરૂરી સુવિધાઓ પૂરી પડાશે. રાજ્યની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના દ્વારા ગુજરાતની ૧૬.૪૯ લાખથી વધુ ગંગા સ્વરૂપા બહેનોને દર મહિને રૂ. ૧૨૫૦ની સહાય, એટલે કે, વાર્ષિક રૂ. ૧૪ કરોડથી વધુની સહાય આ ગંગા સ્વરૂપા બહેનોના બેંક ખાતામાં જમા થઈ રહી છે.

મહિલાઓને હિંસાથી બચાવવા અને કાયદાકીય સહાય ઉપરાંત આશ્રય આપવા માટે રાજ્યમાં ૩૫ સખી વન સ્ટોપ કેન્દ્રો કાર્યરત છે. દીકરીઓના જન્મ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા વ્હાલી દીકરી યોજના કાર્યરત છે. જે અંતર્ગત એક દીકરીને વિવિધ તબક્કે મળી કુલ રૂ. ૧.૧૦ લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી રહી છે.

# RTE; શિક્ષણના અધિકાર હેઠળ પ્રવેશ માટે કુટુંબની આવક મર્યાદા વધારી રૂા.૬ લાખ કરવા તૈયારી

**આગામી શૈક્ષણિક વર્ષથી અમલઃ સરકારની અન્ય કલ્યાણકારી યોજના સમકક્ષ આવક મર્યાદા લાવવા; ગેરરીતિ ઘટાડવાનો પ્રયાસ**





અમદાવાદઃ

દેશમાં શિક્ષણના અધિકાર હેઠળ પ્રાથમીક-ખાનગી શાળાઓએ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને માટે નિશ્ચિત કરાયેલા કવોટામાં હવે આ બેઠકો પર પ્રવેશ માટે જે તે બાળકના કુટુંબની વાર્ષિક આવક જે રૂા.૧.૫૦ લાખની મર્યાદા છે તે વધારવા રાજય સરકાર વિચારણા કરી રહી છે. રાજય સરકારના શિક્ષણ વિભાગ પાસે આ અંગે એક દરખાસ્ત મુકવામાં આવી છે. જેમાં રૂા.૧.૫૦ લાખની જે આવક મર્યાદા છે તેમાં ચારગણો વધારો કરી સીધો રૂા.૬ લાખ કરવા માટે તૈયારી છે.

રૂા.૧.૫૦ લાખની આવક એ વાસ્તવિક પણ નથી અને તેથી તેનાથી ઉંચી આવક ધરાવતા પરિવારો અને કયારેક તો ઘરનું મકાન-કાર સહિતની સુવિધા ધરાવતા મહિલાએ કાગળ પર તેની આવક રૂા.૧.૫૦ લાખની મર્યાદામાં બતાવીને તેમના સંતાનોના સારી સ્કુલોમાં કોઈ ફી વગર ભણાવવામાં અનેક પ્રકારની ગેરરીતિ પણ આવરી રહ્યા છે તો ખરેખર રૂા.૧.૫૦ લાખ થોડી વધુ આવક ધરાવતા પરિવારો આ પ્રકારના પ્રવેશથી વંચિત રહી જાય છે.

હાલ રાજયની ખાનગી શાળાઓમાં આ પ્રકારે ૨૫% બેઠકો અનામત છે. જેની સંખ્યા ૧ લાખ જેટલી થાય છે. આ અંગે શિક્ષણ રાજયમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ એક વાતચીતમાં સ્વીકાર્યુ કે સરકાર આરટીઈ હેઠળના પ્રવેશમાં આવક મર્યાદા વધારવા પર વિચારણા કરી રહી છે અને આ અંગે ટુંક સમયમાં જ નિર્ણય લેવાશે. આ આવક મર્યાદા વધારવાનો તર્ક મહત્વનો છે.

સરકારની અન્ય કલ્યાણકારી યોજનાઓના લાભ માટે રૂા.૬ લાખ સુધીની આવક મર્યાદા છે અને તેથી સરકાર આરટીઈમાં પણ તેજ માપદંડ અપનાવવા જઈ રહી છે. સરકાર આ પ્રકારે દાખલ થતા વિદ્યાર્થીઓની ફી પેટે જે તે શાળાને પ્રતિ વિદ્યાર્થી રૂા.૧૩૦૦૦ ચુકવે છે અને ખાનગી તથા ગ્રાન્ટેડ શાળાના સંચાલકોએ પણ આ મર્યાદા વધારવા માંગ કરી છે.

# શ્રેષ્ઠ ગાયક માટે નોમિનેશન પણ ન મળતા સોનુ નિગમ આઈફાથી ખફા

**ધન્યવાદ આઈફા, તમારે રાજસ્થાન સરકારને પણ જવાબ આપવો પડેઃ સોનુનો કટાક્ષ**



મુંબઈ તા.૧૩

સોનુ નિગમે જ્યારે 'ભૂલ ભુલૈયા-૩' માટે 'મેરે ઢોલના ૩.૦' ગાયું ત્યારે આ ગીતને જ ફિલ્મની હાઈલાઈટ બનાવવામાં આવી હતી. આ ગીતને લાંબા સમય સુધી એક સરપ્રાઈઝ એલિમેન્ટ રખાયું હતું. આ ગીતના વખાણ પણ ખૂબ થયા હતા. પરંતુ આ ગીતને એવોર્ડ તો ઠીક પરંતુ ગાયક સોનુ નિગમને શ્રેષ્ઠ ગાયકોની યાદીમાં પણ સ્થાન ન અપાયું. તેથી સોનુ તેમજ તેના પ્રસંશકો ઘણા નારાજ થયા છે.

ઇન્ટરનેશનલ ઇન્ડિયન ફિલ્મ એકેડેમી દ્વારા ૯ માર્ચે જયપુરમાં ૨૫મા એવોર્ડ સમારોહનું આયોજન થયું હતું. જેમાં લાપતા લડીઝને ૧૦ એવોર્ડ મળ્યા હતા. જ્યારે કાર્તિક આર્યનને 'ભુલ ભુલૈયા ૩' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો છે.

હવે સોનુ નિગમે આયોજકોની ટીકા કરી છે કારણ કે તેને 'ભૂલ ભુલૈયા ૩'ના 'મેરે ઢોલના ૩.૦' માટે બેસ્ટ સિંગર કેટેગરીમાં નોમિનેશન પણ મળ્યું નહીં. આ ગીત સોનુ નિગમની કારકિર્દીના યાદગાર ગીતોમાંનું એક ગણાય છે. ત્યારે આ ગીત માટે નોમિનેટ થયેલાં લોકોની યાદીની એક તસવીર શેર કરીને સોનુ નિગમે લખ્યું, ધન્યવાદ આઇફા. આખરે તમારે પણ રાજસ્થાન સરકારને જવાબ આપવો પડે.

ત્યારે ઘણા લોકોને આ વાતનો સંદર્ભ સમજાયોનથી. હકીકત એવી છે કે, ડિસેમ્બર ૨૦૨૪માં રાજસ્થાનમાં 'રાઇઝિંગ રાજસ્થાન' નામનો કાર્યક્રમ યોજાયો હતો, જે અંતર્ગત સોનુ નિગમના કોન્સર્ટનું આયોજન થયું હતું. તેમાંથી રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજસ્થાન કેબિનેટના અન્ય મંત્રીઓ સહિતના રાજકારણીઓ કાર્યક્રમ વચ્ચેથી ઉભા થઈને ચાલ્યા ગયા હતા. ત્યારે સોનુ નિગમે રાજકારણીઓને જો આખા કાર્યક્રમમાં ન બેસી શકે તેમ હોય તો કોન્સર્ટમાં ન જવા કહ્યું હતું. આ એવોર્ડમાં બેસ્ટ મેલ પ્લેબેક સિંગર કેટેગરીમાં 'લાપતા લેડીઝ'ના 'સજની' ગીત માટે અરિજિત સિંઘ, 'બેડ ન્યૂઝ'નાં 'તૌબા તૌબા' ગીત માટે કરણ ઔજલા, 'ફૂ'નાં 'નૈના' માટે દિલજિત દોસાંજ, 'આર્ટિકલ ૩૭૦'ના 'દુઆ' માટે જુબિન નોટિયાલ અને 'તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા'નાં 'અખિયાં ગુલાબ' માટે મિત્રાઝને નોમિનેટ કરવામાં આવ્યા હતા. તેમાંથી જુબિન નોટિયાલે એવોર્ડ જીત્યો હતો.

# કોઈનબેઝે ભારતમાં પ્રવેશની કરી સત્તાવાર જાહેરાત



વોશિંગ્ટનઃ

અમેરિકા સ્થિત ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ કોઇનબેઝે ભારતમાં બિઝનેસ શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં કોઇનબેઝે જણાવ્યું હતું કે, એણે ભારતના ફાઈનેન્શિયલ ઇન્ટેલિજન્સ યુનિટમાં નોંધણી કરાવી લીધી છે.નોંધનીય છે કે, કોઇનબેઝ વૈશ્વિક સ્તરે વિસ્તરવા ઈચ્છુક છે. ભારતમાં વર્તમાન કેલેન્ડર વર્ષમાં જ રીટેલ સેવાઓ શરૂ કરવાનું એનું આયોજન છે. કોઇનબેઝના એશિયા પેસિફિક પ્રદેશના પ્રાદેશિક મેનેજિંગ ડિરેક્ટર જોન ઓલોથલેને સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ભારત આજની તારીખે બજારમાં ભરપૂર તકો ધરાવતો દેશ છે. સ્થાનિક ધારાધોરણોનું પૂર્ણપણે પાલન કરીને અહીં રોકાણ વધારવા માટેની તક મળવા બદલ અમે ગૌરવ અનુભવીએ છીએ. દરમ્યાન વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં મંગળવારે ઘટાડાનું વલણ રહ્યું હતું. માર્કેટ કેપિટલાઈઝેશન ૧.૧૫ ટકા ઘટીને ૨.૫૯ ટ્રિલિયન ડોલર થયું હતું. બિટકોઇનમાં ૧.૪૪ ટકાનો વધારો થઈને ભાવ ૮૧,૧૫૫ ડોલર પર પહોંચ્યો હતો. ઈથેરિયમમાં ૨૪ કલાકના ગાળામાં ૫.૯૬ ટકાનો ઘટાડો થતાં ભાવ ૧૯૦૫ ડોલર થઈ ગયો હતો. ડોઝકોઇન ૫.૧૬ ટકા, ટ્રોન ૩.૯૧ ટકા. અને અવાલાંશ ૪.૪૪ ટકા ઘટયા હતા.

### ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# બે વર્ષ પ્રેમી સાથે રહી હોય તો શરીર સંબંધ મહિલાની સંમતિથી થયાનું ગણાય : હાઈકોર્ટ

## આરોપ સામે ફરિયાદ રદ્દ કરવાના આદેશને હાઈકોર્ટની બહાલી

અમદાવાદ :

'મહિલા પોતાના પતિને છૂટાછેડા આપ્યા બાદ અન્ય પુરૂષ સાથે બે વર્ષ સુધી પત્નીની જેમ રહે અને અને તેની સાથે ગોવા ફરવા માટે પણ જાય ત્યારે આવા કિસ્સામાં પુરૂષ સાથે શારીરિક સંબંધ બાંધવા માટે મહિલાની સ્પષ્ટ સંમતિ ગણાય. આ સંમતિ કોઈ હકીકતની ગેરસમજના કારણે આપી દેવામાં આવી હોવાનું પણ ઠરાવી શકાય નહીં.' મહિલાઓ દ્વારા થતી રેપની ફરિયાદોના મામલાઓથી સંબંધિત એક કેસમાં હાઇકોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેએ રાજ્ય સરકારની રિવિઝન અરજી રદ કરતા અત્યંત મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જેમાં નીચલી કોર્ટે કેસના તમામ તથ્યો, આક્ષેપો અને ખુદ ફરિયાદી મહિલાની FIRને ધ્યાને લઇ આરોપી પુરુષને નિર્દોષ મુક્ત કર્યો હતો. તેથી રાજ્ય સરકારે આ નિર્ણય સામે રિવિઝન અરજી કરી હતી.જેને હાઇકોર્ટે ફગાવી કાઢી છે.

વડોદરાના તાલુકા પોલીસ સ્ટેશનમાં IPCની ધારા 376(2)(n) હેઠળ એક મહિલા દ્વારા FIR નોંધાવવામાં આવી હતી. આ મામલે કેસ ચાલવા પર આવી ગયો હતો. ટ્રાયલ પેન્ડિંગ હતી, ત્યારે આરોપી પુરૂષ દ્વારા Cr.P.Cની ધારા ૨૨૭ હેઠળ તેને આરોપમાંથી મુક્ત કરવા માટેની અરજી કરાઈ હતી. વડોદરાના સેશન્સ જજે આ અરજી ગ્રાહ્ય રાખી હતી અને તે આદેશની નારાજ થઈ રાજ્ય સરકાર દ્વારા રિવિઝન અરજી કરાઈ હતી. જેમાં સરકારે એવી દલીલ કરી હતી કે, 'આરોપી વિરૂધ્ધ રેપનો ગંભીર ગુનો છે. તેણે લગ્નનો ખોટો વાયદો આપીને પીડિતા સાથે અવારનવાર શરીર સંબંધ બાંધ્યો છે. આ તમામ મુદ્દાને નજરઅંદાજ કરીને સેશન્સ કોર્ટે આરોપીની ડિસ્ચાર્જ અરજી ગ્રાહ્ય રાખી છે. તેથી એ આદેશને રદ કરવો જોઈએ.'





બંને પક્ષોની રજૂઆત બાદ હાઈકોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે, 'આ કેસની FIRને ધ્યાને લેતાં જ જણાય છે કે ફરિયાદી મહિલા ખુદ કથિત આરોપી સાથે રિલેશનશીપમાં હતી. મહિલા પરિણીત હોવા છતાંય પુરૂષ સાથે સંબંધ બાંધીને આગળ વધી હતી અને પોતાના પતિને છૂટાછેડા પણ આપી દીધા હતા. જેથી કરીને આરોપી પુરૂષ સાથે સંબંધ આગળ વધારી શકે. ત્યારબાદ તેની સાથે તે ગોવા ફરવા માટે પણ ગઇ હતી. ફરિયાદી મહિલાનો જ કેસ છે કે જ્યારે તે ગોવા ગયા હતા ત્યારે પુરૂષે કહ્યું હતું કે વડોદરા પાછા આવીને લગ્ન ન કરે ત્યાં સુધી શારીરિક સંબંધ નહીં બાંધે. મહિલાની FIRમાં જ આ બાબત સ્પષ્ટ છે કે પુરુષે કોઈ સેક્સ્યુઅલ એડવાન્ટેજ લીધો નહોતો. જો પુરુષે લગ્નનું ખોટું વચન આપીને શારીરિક સંબંધ બાંધવા હોત તો ગોવામાં તેના માટે તક પણ હતી. પરંતુ એવી કોઇ ફરિયાદ મહિલાની નથી. મહિલા આરોપીના ઘરે ગઈ હતી અને તેના માતા-પિતાને પણ મળી હતી. તે ઉપરાંત બે વર્ષ સુધી તે આરોપીની સાથે રહી હતી.

હાઈકોર્ટે એમ પણ નોંધ્યું છે કે, 'આ કેસની FIRને જોતાં એ પણ સામે આવે છે કે ફરિયાદીએ માત્ર એ માટે જ FIR નોંધાવી હતી કે પુરૂષના કોઇ અન્ય મહિલા સાથે સંબંધ બંધાઈ ગયા હતા. સમગ્ર તથ્યો, FIRને ધ્યાને લઇ નીચલી અદાલતે જે આદેશ કર્યો છે એમાં હાઇકોર્ટને કોઈ ભૂલ જણાતી નથી અને તેથી સરકારની રિવિઝન અરજી રદ કરવામાં આવે છે.'

## સુવિચાર

**જીંદગીની દોડ જ અજીબ છે
જીતી જઇએ તો આપણા પાછળ છૂટી જાય છે
હારી જઇએ તો આપણા જ પાછળ છોડી જાય છે**

# 'હોળી' પર હોલી બનવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈએ!

આ હોળી પર સર્વ વિકારોને એ હોલિકા દહનમાં ભસ્મ કરીએ અને સ્વયંની સર્વ કર્મેન્દ્રિયોને શીતળ શાંત બનાવીએ. દ્રષ્ટિને શુધ્ધ-હોલી(પવિત્ર), વિચારોને બેહદ (અનલિમિટેડ)ના એટલે કે વિશાળ, સર્વ પ્રતિ શુધ્ધ, શુભભાવના, શુભકામના સંપન્ન, નિઃસ્વાર્થ, પ્રેમભર્યા, વિશ્વ એક પરિવારની ભાવના સંપન્ન બનાવીએ. વાણી દ્વારા શુધ્ધતા સાથે સભ્યતાના બોલ બોલીએ અર્થાત નિરંહકારીતા, નમ્રતા અને મધુરતાભર્યા, સુખદાયી બોલ હોય. સ્વયંના વર્તન-વ્યવહાર કે જે કર્મો દ્વારા થાય છે તેને પણ સદા સર્વના સહયોગી, ધૈર્યવંત, સ્વાર્થહીન બનાવીને સર્વને ખુશી પ્રદાન કરીએ. જુની બધી વાતોને ભૂલીએ. સૌ હળીમળીને આ હોલિકાદહન બાદ પ્યારભર્યા સમ રંગોથી ભરેલી પિચકારીના મધૂર રંગોથી સ્વ-આત્માને રંગીએ અને દરેક ગુણોથી ભરપૂરતા અનુભવ કરીએ.

**સમ અવિનાશી રંગોભરી પિચકારીથી, સ્વયં સાથે સર્વને રંગીએઃ**

પરમાત્માના પ્યારના રંગમાં રંગાઈને આત્મા ઝુમતી બોલી ઉઠે છે- મૈં પરમાત્મા કી હો લી (તેમને સમર્પણ થઈ). વળી હું બનું હોલી અર્થાત પવિત્ર, શુધ્ધમન, વચન, કર્મથી. આમ પવિત્રતાના અવિનાશી રંગથી પોતાને રંગી લઈએ. જેને આ રંગ મળી જાય છે તેને પછી બીજા સર્વ રંગ, રસ ફિક્કા લાગે છે. હોલી અર્થાત વિતેલી વાતો માટે- '...જો બાતે હોની થી વો હોલી', વાત પુરી થઈ, ખત્મ થઈ તેને બદલી ન શકાય તો તેના વ્યર્થ ચિંતનમાં ન આવીએ અને તેને ભુલવી, ફૂલસ્ટોપ લગાવીએ અને આગળ માટે પદાર્થપાઠ લઈને મન-બુધ્ધિને તે વાતથી ખાલી કરીને નવા કાંઈક સર્જનાત્મક, રચનાત્મક ક્રિયા તરફ વળીએ.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

આમ પરમાત્માના સંગથી, તેમની શક્તિઓના રંગથી પોતાને રંગી લઈએ. વિતેલી વાતોને ખત્મ કરીએ. પ્યાર, ખુશી, આનંદ, એકતાના ક્યારેય ન દૂર કરી શકતા રંગથી સ્વયં રંગાઈને, સર્વને રંગીએ. મીઠા અને સન્માન જનક બોલની દિલખુશ મીઠાઈ સર્વને ખવડાવીએ. આમ પોતાના જીવનને ધન્ય બનાવીએ, વિકારોની હોળી પ્રગટાવીએ. એક દિવસ નહી, પુરા જીવનને જ હોલી ઉત્સવ બનાવીએ. એવી રંગોભરી 'હેપી હોલી' સદા મનાવીએ.

આવા સર્વ ગુણોને સ્વયંમાં ભરપૂર અનુભવીએ અને સ્વયંના તન, મન, સંબંધોને સદાને માટે ખુશ રાખીએ. સ્વ-પરિવર્તનમાં જ સર્વનું ભલુ સમાયેલું છે. આ રીતે દરેક પોતાને બદલવાની જવાબદારી લે તો આ દુનિયા પ્રકૃતિ સહિત પરિવર્તિત થઈ જશે. અનોખી રીતની ઉજવણીપી સદાને માટે સુખશાંતિભર્યુ જીવન વ્યતિત થાય તે માટે સ્વયં પર અટેંશન આપીએ. દુર્ગુણો પર સદ્દગુણો દ્વારા વિજયી બનીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
ફાગણ સુદ-૧૫, તા૧૪/૩/૨૫, શુક્રવાર


સૂર્યોદય : ૬-૫૮, સૂર્યાસ્ત : ૬-૫૪, જૈન નવકારશી : ૭.૪૬
રાશિ : સિંહ (મ.ટ.) ૧૮.૫૫થી કન્યા (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-કુંભ, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-સિંહ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વિજાતીય સંબંધો ગાઢ બને, કાર્ય શકિત વધે, પરિવારના સભ્યોની જરૂરીયાતોમાં વધારો થાય, નોકરીમાં સ્થિરતા જરૂરી.
**વૃષભ :** મહેનતનું ફળ મળતું જોઈ શકશો, આવકનું પ્રમાણ જળવાઈ રહે, કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.
**મિથુન :** ઉગ્રતાથી દુર રહેજો, થોડી ધીરજ કેળવવી, નોકરીમાં નવી ઓફરથી દુર રહેવું, મિલકતથી લાભ મળવાનો.
**કર્ક :** હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું, સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય, પરિવારના સભ્યોનો સહકાર રહે.
**સિંહ :** મિલન મુલાકાત લાભદાયક રહે, વ્યવસાયમાં નવું આયોજન સફળ થાય, સંતાનોની સગાઈના કાર્યમાં સફળતા.
**કન્યા :** શેરસટા જેવા કામકાજોમાં જાળ વજો, મિલ્કતના પ્રશ્નોથી તનાવ રહે, આવકનું પ્રમાણ જળવાઈ રહે.
**તુલા :** વિચારોમાં સ્થિરતા રાખવાની જરૂરત છે, મહત્વના નિર્ણયો લેવા પડે, વડીલો સાથે મુસાફરીનું આયોજન થાય.
**વૃશ્ચિક :** નોકરીમાં લાભ રહેશે, આંખને લગતી તકલીફોથી જાળવવું, ભાઈ બહેનો સાથે સુમેળ વધે, ધાર્મિક કાર્ય થાય.
**ધન :** નાણાકીય બાબતોમાં સતર્કતા રાખવી, ઉધારી ધંધો હિતાવહ નથી, નોકરી વ્યવસાયના પ્રશ્નોમાં સફળતા રહે.
**મકર :** ઉત્સાહ જાળવી રાખવો, કિંમત ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે, કુટુંબના સભ્યો સાથે પ્રવાસ થાય.
**કુંભ :** જાહેરમાં માન સન્માન મેળવશો, પાર્ટનરશીપથી લાભ રહે, વિજાતીય સંબંધો ગાઢ બને નવી ઓળખાણ થાય.
**મીન :** જીવનસાથીની તબીયત બાબત બેદરકારી ટાળવી, ભાઈ બહેનોને સહકાર દેવો, નોકરીમાં બદલીના ચાન્સ રહે.



## આજનું ચિંતન

### મંદિર

- સંસ્કાર વગરની પ્રગતિ એ દુર્ગતિ છે. મંદિર એ જીવનનિર્વાહના શિક્ષણ સાથે મનની દુરસ્તી કરનાર, નૈતિકતાના પાઠો શીખવનાર સમાજનું અવિભાજય અંગ છે.
- કોલેજો, દવાખાના વગેરે જરૂરી છે તે વાત તો સાચી છે પણ સાથે સાથે સંસ્કાર ધામો જેવા મંદિરોની પણ જરૂર છે.
- રશિયાએ સ્કૂલ, કોલેજો ચાલુ રાખીને મંદિરો બંધ રાખ્યા મંદિરો વગર માનવીના જીવન ગંધાઈ ઉઠયા, માનવીના જીવન બરબાદ થઈ ગયા.
- જે ગામમાં મંદિર ન હોય તે ગામમાં રહેવું પણ નહિ, મંદિરો સંસ્કાર આપે છે. સંસ્કાર વગરનું ગામ ઉજજડ કહેવાય.
- મંદિર તો આલોક અને પરલોકની સંભાળ રાખતું સંસ્કાર ભવન છે.
- ભારતમાં ૩૫ લાખ મંદિરો છે. ભારતને એક તાંતણે કોઈએ બાંધ્યુ હોય તો તે મંદિરોએ બાંધ્યું છે.
- મંદિરોને લીધે નાના મોટા વ્રત ઉત્સવો, દિવ્યતાને ભવ્યતાથી ઉજવાય છે નહિ તો ૩૬૫ દિવસ સરખા થઈ જાત.
- મંદિરોમાં ઘંટારવ, કથા, ક્રિર્તન, સુગંધ, ચરણસ્પર્શ અને મૂર્તિ દર્શનથી પાંચેય ઈન્દ્રીયોને તૃપ્તિ થાય છે, ઈન્દ્રિયો જયાં ત્યાં ભટકતી અટકે છે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત





■ માધવી નરેશ શાહ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ૬ | ■ |
| | ■ | ■ | ૭ | | | | | | ■ |
| ૮ | ૯ | ૧૦ | | ■ | | ■ | ■ | ■ | ૧૧ |
| ૧૨ | | | ■ | ૧૩ | | ૧૪ | | ૧૫ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| ■ | ■ | ૧૯ | | | ■ | ૨૦ | | | ■ |
| ■ | ૨૧ | ■ | | ■ | ■ | | ■ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | ૨૭ | | | ■ | |
| | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | ૩૦ | |
| ૩૧ | | | ■ | ૩૨ | | | ■ | | ■ |

### આડી ચાવી

૧. ભારતમાંથી બનેલો દેશ (૪)
૩. સૌરાષ્ટ્રનું હેડકવાર્ટર (૪)
૭. નહેરૂજીનું નામ (૬)
૮. જૈનોનો મહામંત્ર (૪)
૧૨. અમિતાભ-અનિલકપૂરે આ નામની ફિલ્મ કરી છે (૩)
૧૩. મુંબઇનો એક પોશ વિસ્તાર (૬)
૧૬. રમણીક રખડેલનું ટુંકુ (૨)
૧૭. સાપ (૨)
૧૮. દારૂનું પીઠુ (૨)
૧૯. અન્ન (૩)
૨૦. એક વાદ્ય (૩)
૨૨. ...વાદી,... સાધુ (૨)
૨૪. અચકો ... કારેલી (૩)
૨૬. ટમેટુ (૪)
૨૮. મદિરાનું સેવન (૪)
૨૯. ગ્રોથ, પ્રગતિ (૩)
૩૧. ખેતર, વાડી ફરતે થતું વાવેતર (૩)
૩૨. ગંધ મારે પણ ગુણકારી (૩)

### ઉભી ચાવી

૧. હિરાવાળા જૈનનું ગુજરાતી ગામ (૫)
૨. દ્રષ્ટિ (૩)
૩. રસ્તે ચાલનારો (૪)
૪. ...જમીન અને જોરૂ (૨)
૫. કોકા ... (૨)
૬. લટ-ઉંધુ લખો (૨)
૯. પાકિસ્તાની ક્રિકેટર ... યુનુસ (૩)
૧૦. મોટર (૨)
૧૧. ફિલ્મોને સર્ટીફીકિટ ...બોર્ડ આપે (૩)
૧૩. દિમાગ (૩)
૧૪. અભિનયનો રાજા (૫)
૧૫. પ્રાર્થના-ઉર્દુ (૪)
૧૭. મમ્મીના પપ્પા (૩)
૨૧. તૂટે તો સંધાય નહીં (૨)
૨૩. વર્ગ (૩)
૨૪. કાટમાળ (૩)
૨૫. સખતનું વિરોધી (૩)
૨૬. ખત, પત્ર (૩)
૨૭. રામચરિત ... (૩)
૩૦. અંકલ (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | મ | આ | પ | કે | હૈ | કો | ન | ■ | સા |
| મા | ■ | મ | ગ | ર | ■ | ર | ગ | ■ | વ |
| મ | ઢ | ■ | ■ | ટે | ■ | વ | ર | દા | ન |
| ■ | સા | વ | ર | ક | ર | ■ | પં | ■ | ભા |
| ક | ■ | ■ | ગ | ર | જ | ■ | ચા | ■ | દો |
| સ | ગ | વ | ડ | ■ | ■ | કા | ય | સ્થ | ■ |
| દા | ■ | સા | ધ | ક | ■ | ■ | ત | ળ | ■ |
| ર | વિ | ■ | ગ | ર | જા | ઉ | ■ | ■ | મૌ |
| ■ | કા | ■ | ડ | ■ | લિ | ■ | ર | ત | ન |
| કો | ર | સ | ■ | કા | મ | દે | વ | તા | ■ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )






# રંગ બરસે ભીગે ચુનરવાલી..

# આજે હોલીકાદહનઃ કાલે રંગોનો ઉત્સવ

રાજકોટ તા.૧૩

આજે ભારતભરમાં હોળીના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવશે અને આવતીકાલે રંગોનો ઉત્સવ ધૂળેટી ઉજવવામાં આવશે. સત્યનો અસત્ય પર વિજયનો દિવસ એટલે હોળી. જેમાં નકારાત્મકતાને હોળીમાં ભષ્મ કરવામાં આવે છે. આથી દર વર્ષે હોળી શેરીઓમાં સોસાયટીમાં વિશાળ હોળી તૈયાર કરવામાં આવે છે અને ચોકકસ મુહૂર્તમાં હોળી પ્રગટાવવામાં આવે છે.

રાજકોટમાં અનેક સ્થળોએ હોળી તૈયાર કરવામાં આવી છે તેમજ હોળીને ખાસ ડેકોરેશન પણ કરવામાં આવે છે. રાજકોટમાં અનેક સ્થળોએ પ્રખ્યાત હોળી બનાવવામાં આવે છે. જેમાં રોલીંગ હોળી આકર્ષણનું કેન્દ્ર બને છે. લોકો હોળીની ઉજવણી માટે ખરીદી પણ કરવા લાગ્યા છે. સવારથી બજારમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. લોકો ધાણી, દાળીયા,

### શેરી, સોસાયટીમાં આકર્ષક હોળી તૈયારઃ શુભ મુહૂર્તમાં હોલીકાદહન કરાશે

ખજુર, પતાસા સહિતની અનેક વસ્તુઓની ખરીદી થઈ રહી છે. રાત્રે હોળી પ્રગટાવ્યા બાદ લોકો ખજુર, ધાણી હોળીમાં હોમવામાં આવે છે. તેમજ પવિત્ર હોળીની પ્રદક્ષિણા કરવામાં આવે છે. નવવધૂ ધામધુમથી હોળીની પ્રદક્ષિણા કરે છે.

### આજે હોળી પ્રગટાવવાનો શુભ સમય

ગુરૂવારે હોલિકા દહનનો શુભ સમય :ખાસ કરીને હોલિકા દહન સમયે ભદ્રા હોવી જોઈએ નહીં આ વર્ષે ગુરૂવારે રાત્રિના સમયે ભદ્રા છે. પરંતુ, પંચાંગ પ્રમાણે ગુરૂવારે આવતી ભદ્રા પુણ્યવતી માનવામાં આવે છે આથી ગુરુવારે દિવસ આથમ્યા પછી રાત્રીના સમયે હોલિકા દહન કરવું શુભ ગણાશે

પ્રદોષકાળ નો શુભ સમય સાંજે ૬:૫૫ થી ૯.૧૮ સુધી

સાંજે ૬-૫૫થી રાત્રે ૯-૫૫ સુધી હોળી પ્રાગટ્ય માટેનો શુભ સમય

હાલ બજારમાં ઘણી ખજુર, દાળીયા, પતાસા, પીઠાઈની બહોળા પ્રમાણમાં ખરીદી થઈ રહી છે. આ ઉપરાંત પીચકારી કલરની ખરીદી માટે પણ ભારે

### બજારમાં પિચકારી, કલરની ખરીદી માટે ભારે ભીડ

ભીડ જોવા મળી રહી છે. સૌથી વધુ પીચકારી ખરીદી માટે ગઈકાલે બજારમાં ભીડ જાહવા મળી રહી છે. બજારમાં બજારમાં આ વર્ષે અવનવી પીચકારીઓ આવી છે.

દર વર્ષે ટ્રેન્ડ બદલાય છે જેને અનુલક્ષીને વસ્તુઓનું વહેચાણ થાય છે. આ વર્ષે પીચકારીમાં નરેન્દ્ર મોદી, ભાજપ, યોગી આદિત્યનાથ અને મહાકુંભના મેળા પ્રતિક વાળી ટ્રેન્ડમાં છે. તાજેતરમાં મહાકુંભનું સમાપન થયું છે. ત્યારે ત્રિશુલ અને ડમરાવાળી પીચકારીનું વહેંચાણ વધુ થઈ રહ્યું છે.

આ વર્ષે કલર અને પિચકારીના ભાવમાં ૨૦થી ૪૦ ટકાનો વધારો થયો છે. રૂ.૨૦૦માં કિલો કલરનું વહેચાણ થઈ રહ્યું છે. આ ખાસ કલર રાજસ્થાનથી મંગાવવામાં આવે છે. આજે રાત્રે હોલીકા દહન થયા બાદ આવતીકાલે રંગોનો ઉત્સવ ઉજવવામાં આવશે. સવારથી રંગ રસીયાઓ અબીલ ગુલાલ સાથે એકબીજાને રંગોથી રંગવા ઉમટી પડશે. શહેરના અનેક વિસ્તારોમાં રંગોની બોછાર થશે. શેરીઓમાં, સોસાયટીમાં ધૂળેટીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવશે.

## હોળી પર્વ પર હાયડાની ખરીદીનું પારંપારિક મહત્વ અકબંધઃ ચોકલેટવાળા, લાઈટવાળા સહિત અવનવા હાયડાની બજારમાં ધૂમ ખરીદી

ભારતીય સંસ્કૃતિમાં દરેક વાર તહેવારનું વિશેષ મહત્વ રહેલું છે અને આ તહેવારોની લોકો હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરતા હોય છે. તહેવારોની સાથે કેટલીક ખાસ ચીજવસ્તુઓ પણ વણાયેલી હોય છે, જેને લોકો તહેવારોમાં અચૂક યાદ કરતા હોય છે. હિન્દુ સંસ્કૃતિ અનુસાર હોલીકા દહન સમયે ધાણી, દાળીયા, પતાસા, ખજૂર, નાળિયેર અને ચણા હોળીમાં પધરાવવાની વર્ષોથી ચાલતી આવતી પરંપરા છે. હોળીના તહેવાર દરમિયાન ખજૂર, ધાણી, હાયડા અને પતાસા ખાવાની એક વિશેષ પરંપરા ઘણો વર્ષોથી ચાલી રહી છે. આ વસ્તુ ભેટ પણ આપવામાં આવે છે અને જે છોકરીઓની લગ્ન થઈ ગયા છે કે લગ્ન થવાના છે એને પણ ભેટ આપવામાં આવે છે. આ સાથે જે બાળકોની પહેલી હોળી હોય છે તેઓને હાયડો પહેરાવવામાં આવે છે અને હોલિકાની પ્રદક્ષિણા કરાવવામાં આવે છે. આ અંગે



'સાંજ સમાચાર'ની હાયડાનું વેચાણ કરતા વેપારી સાથે વાતચીત કરતા તેઓએ જણાવ્યું હતું કે, હાલ તહેવારને લઈને ખરીદી ખૂબ જામી છે. લોકો દ્વારા હાયડાની ખરીદી સૌથી વધુ કરવામાં આવી રહી છે. બજારોમાં હોળીના તહેવારને અનુલક્ષીને તહેવરાના ૧૫ દિવસ અગાઉથી તૈયારી શરૂ કરી દેવામાં આવતી હોય છે. પહેલાના સમયમાં લોકો દ્વારા તહેવારને લઈને અગાઉથી ખજૂર, ધાણી, હાયડા વગેરની ખરીદી કરવામાં આવતી હતી પરંતુ હાલના સમયની વાત કરીએ તો અત્યારે લોકો દ્વારા તહેવારના ૩ થી ૪ દિવસ અગાઉ જ આ દરેક વસ્તુઓની ખરીદી કરવામાં આવતી હોય છે. હાલ બજારમાં જુદા જુદા પ્રકારના હાયડા ઉપલબ્ધ છે. જેમ કે, નાના હાયડા, મોટા હાયડા, રેગ્યુલર હાયડા, કલરવાળા હાયડા, ફેન્સી હાયડા, ચોકલેટવાળા હાયડા, ધાણીવાળા હાયડા, લાઇટવાળા હાયડા, ડ્રાયફ્રૂટવાળા હાયડા વગેરે. જેમાં નાના અને મોટા હાયડાના ભાવ રૂ.૧૨૦, ડ્રાયફ્રુટ અને કલરવાળા હાયડાના ભાવ રૂ.૧૬૦, ફેન્સી, ધાણી અને દાળીયાવાળા રેગ્યુલર હાયડાના ભાવ રૂ.૧૫૦ તેમજ લાઇટવાળા હાયડાના ભાવ રૂ.૨૦૦ છે. આ લાઇટવાળા હાયડા ડ્રાયફ્રુટ, ચોકલેટ, ધાણી, દાળીયા, પતાસા અને ફુલથી બનાવામાં આવે છે. હાલ પતાસ રૂ.૧૨૦, ખજૂર રૂ.૧૪૦ થી ૧૫૦, ધાણી રૂ.૨૪૦, ૫૦૦ ગ્રામ દાળીયા રૂ.૧૫૦ નો ભાવ બજારમાં બોલાય રહ્યો છે. તેમજ તહેવારને લઈને નારિયેળના ભાવમાં વધારો થયો છે. હાલ નારિયેળના ભાવ રૂ.૨૫-૩૦ થી વધીને રૂ.૩૦-૪૦ સુધીનો થયો છે.






તસ્વીરઃ દેવેન અમરેલીયા

# પરપ્રાંતિય કામદારોનુ 'હોળી વેકેશન': રાજકોટના ઉદ્યોગોમાં ૩૦ ટકા ઉત્પાદન કાપ

રાજકોટ તા.૧૩

રાજકોટ ઈન્ડસ્ટ્રીઝનુ હબ છે. ગુજરાતના હરણફાળ વિકાસમાં રાજકોટના ઉદ્યોગનો મહત્વનો ફાળો છે. રાજકોટની આસપાસ આખુ જીઆઈડીસી ઈન્ડસ્ટ્રી, લોધીકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રી, હડમતાળા ઈન્ડસ્ટ્રી, હરીપર ઈન્ડસ્ટ્રી, ખીરસરા ઈન્ડસ્ટ્રી સહિત અનેક ઈન્ડસ્ટ્રી કાર્યરત છે. જેમાં એક લાખથી વધુ લોકો કામ કરે છે.

### ૧૫ દિવસથી લઈ ૧ મહિનાની રજા લઈ વતને પરિવારજનો સાથે હોળીનો પર્વ ઉજવે છે

રાજકોટમાં મશીનરી સ્પેરપાર્ટસથી લઈ પ્લાસ્ટીક સ્ટીલ, રો-મટીરીયલ, ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈટમાં લાખો કારીગરો કામ કરતા હોય છે ત્યારે આ વિસ્તારોમાં મોટા ભાગે રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશથી આવેલ લોકોનો સમાવેશ થાય છે. આ શ્રમિકો માટે હોળીનો તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં હોળીના તહેવારનું ખાસ મહત્વ રહેલુ છે. આથી અહીં કામ કરતા શ્રમિકો પોતાના વજન જઈ પરિવારજનો સાથે હોળી-ધુળેટીનો તહેવાર ઉજવે છે જેને પરિણામે રાજકોટમાં કામ કરતા ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશના શ્રમિકો પોતાના વતન જાય છે. તેઓ હોળી-ધુળેટીના ૧૦ દિવસ અગાઉ પોતાના વતન જવા રવાના થઈ જાય છે.

રાજકોટની ઈન્ડસ્ટ્રીમાં આવતીકાલે એક જ દિવસ ધુળેટીના તહેવારની રજા રાખવામાં આવે છે. પરંતુ અન્ય રાજયોમાંથી આવતા શ્રમીકો તહેવારના ૧૦ દિવસ અગાઉ રજા લઈ વતન પરત જાય છે અને ૧૫ દિવસથી લઈ ૧ મહિના સુધી રજા રાખે છે. આથી ઈન્ડસ્ટ્રીઝમાં કામકાજને અસર થાય છે.

આખુ જીઆઈડીસીની ઈન્ડસ્ટ્રી એસો.ના પ્રમુખ નરેશભાઈ શેઠ જણાવે છે કે, અમારી ઈન્ડસ્ટ્રીઝમાં આજે અડધા દિવસની અને કાલે આખો દિવસ રજા રહેશે. પરંતુ અહી કામ કરતા અન્ય રાજયોના શ્રમીકો પોતાના વતન જવા ૧૦ દિવસ અગાઉ જ નીકળી ગયા છે અને હવે તેઓ ૧૫ દિવસ અથવા એક મહિનાની રજા બાદ પાછા આવશે.

હાલ આખુ જીઆઈડીસીમાં ૫૦૦૦થી વધુ શ્રમિકો મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ અને રાજસ્થાનના છે. દર વર્ષે આજ પરીસ્થિતિ સર્જાતી હોવાથી ઈન્ડસ્ટ્રીઝમાં ગોઠવણી કરાવી રજાઓ અપાય છે. જેમકે રોટેશનમાં રજા આપવામાં આવે છે. સામાન્ય રીતે મોટાભાગના શ્રમિકો ૧૫ દિવસની રજા રાખે છે. હાલ ૧૫૦૦થી૨૦૦૦ શ્રમિકો રજા પર છે.

આ ઉપરાંત તેઓ મે અને જૂન માસમાં પણ રજાઓ રાખે છે. આથી શ્રમિકોનો રજાનો ગાળો મોટો પડે છે.

જીઆઈડીસી લોધીકા ઈન્ડસ્ટ્રીઝના નરેન્દ્રસિંહ જાડેજા જણાવે છે કે શ્રમિકો એક સપ્તાહથી રજા પર છે. હાલ ઈન્ડસ્ટ્રીઝમાં ૩૦ ટકા લોકોની ઘટ છે. મોટાભાગના શ્રમિકો ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશથી છે. આથી જતા પહેલા તેઓ એડવાન્સ પગાર લઈને રજા પર ગયા છે.

શ્રમિકો રજા પર જવાથી ઈન્ડસ્ટ્રીઝના કામમાં ૩૦ ટકા જેટલી અસર પડે છે. પરંતુ કેટલાક શ્રમિકો રજા પર જતા પહેલા ઓવરટાઈમ કામ કરે છે.

# હોળીઃ આનંદ અને પ્રેમનો ઉત્સવ



'આર્ટ ઓફ લિવિંગ' દ્વારા જીવનના રહસ્યો સમજાવનારા અને ગુરૂદેવ તરીકે તેમના અનુયાયીઓ વચ્ચે પ્રસિદ્ધ શ્રી શ્રી રવિશંકર માને છે કે હોળી એ જીવનના રંગોની ઉજવણી છે. આ દિવસને એક તહેવાર બનાવો જેમાં તમે તમારા આત્માના રંગોમાં રંગાઈ જાઓ.

જ્યારે ઉજવણીમાં પવિત્રતા ઉમેરવામાં આવે છે, ત્યારે તે માત્ર શરીર અને મન જ નહીં, પરંતુ આત્મા પણ ઉજવણી કરે છે અને જીવન રંગોનો જીવંત ફુવારો બની જાય છે.

“હોળી એ રંગોનો તહેવાર છે. આ આખું વિશ્વ ખૂબ જ રંગીન છે. કુદરતની જેમ જ આપણી પણ જુદી જુદી લાગણીઓ છે અને તેની સાથે વિવિધ રંગો જોડાયેલા છે. લાલ રંગ ક્રોધ, લીલો રંગ ઈર્ષ્યા, પીળો રંગ ઉત્સાહ અને ખુશી, ગુલાબી રંગ પ્રેમ, વાદળી રંગ વિશાળતા, સફેદ રંગ શાંતિ અને કેસરી રંગ ત્યાગનું પ્રતીક છે.

– ગુરુદેવ શ્રી શ્રી રવિશંકર

રાજકોટ,તા.૧

જ્યારે નંદલાલ જીવનમાં હોય ત્યારે દરરોજ હોળી અને દિવાળી હોય છે. જ્યારે જીવનને રમત તરીકે જોવામાં આવે છે, ત્યારે સુખ એ સુખ છે. આ ત્યારે જ થશે જ્યારે આપણે આપણા અસ્તિત્વ સાથે જોડાયેલા રહીશું, આપણી આંતરિક ચેતનામાં ખીલીશું. જીવનમાં તમામ પ્રકારના રંગો હોય છે અને દરેક રંગ જીવનમાં ઉજવણી લાવે છે.



રંગોનો તહેવાર એ માત્ર બાહ્ય રંગોનો ઉત્સવ નથી, પણ આંતરિક રંગોથી રંગાઈ જવાનો સંદેશ પણ છે. મીરાજી ગાય છે 'શ્યામ રંગ મેં રંગ દી.'અપને રંગમે રંગ લિયા તો જ્ઞાન જ આપણને આવા રંગોમાં રંગે છે. બહાર જે કંઈ થાય તે ઉજવણી છે, પણ અંદરથી ખુશ રહેવું એ જ ખરી ઉજવણી છે. આનંદથી ભરેલું હોવું એ ઉજવણી છે.

આ વર્ષની છેલ્લી પૂર્ણિમા છે. હોળીના પંદર દિવસ પછી, નવું વર્ષ આવે છે અને આપણી પ્રાચીન પરંપરામાં એવી પરંપરા છે કે વર્ષનો અંત પણ ખૂબ જ આનંદ અને રંગો સાથે ઉજવવામાં આવે છે. વર્ષની શરૂઆત પણ ઉજવવામાં આવે છે. જેઓ જીવનમાં જાગૃત છે તેમના માટે દરેક ક્ષણ ઉજવણી છે.

દક્ષિણ ભારતમાં એવું માનવામાં આવે છે કે ભગવાન શિવ તપસ્યામાં ગયા હતા. જ્યારે તે ધ્યાન કરી રહ્યા હતા, ત્યારે વિશ્વમાં આસુરી શક્તિઓ વધવા લાગી. દરેકને તકલીફ આપનાર તારકાસુરને બ્રહ્માનું વરદાન હતું કે તે શિવના પુત્રના હાથે જ મૃત્યુ પામશે. જ્યાં સુધી ભગવાન શિવ તપસ્યામાં છે ત્યાં સુધી તેમને પુત્ર કેવી રીતે થશે? ત્યારે દેવતાઓએ કામદેવને શિવની તપસ્યા ભંગ કરવા પ્રાર્થના કરી. કામદેવે શિવની તપસ્યા ભંગ કરવા નૃત્ય કર્યું. ભગવાન શિવે પોતાનું ત્રીજું નેત્ર ખોલતાં જ કામદેવ ભસ્મ થઈ ગયા. બધા દેવતાઓ ને ડર લાગ્યો કે જો કામ પૂર્ણ રીતે સમાપ્ત થઈ જાય, જો દુનિયામાંથી બધી ઈચ્છાઓ સમાપ્ત થઈ જાય, તો બ્રહ્માંડ કેવી રીતે ચાલુ રહેશે? જો કોઈ સારું કે ખરાબ ન ઈચ્છે તો શું થશે? દુનિયા ઈચ્છાઓ પર ચાલે છે. ત્યારપછી શિવે નવસર્જનની મંજૂરી આપી અને હોળીના દિવસે કામદેવ ફરી જીવંત થયા.

આ દિવસે રંગોની ઉજવણી થઈ અને એકવિધ જીવનમાં ફરી નવી ઈચ્છાઓ ઉભરાઈ. શિવ અને શક્તિના મિલનથી, કાર્તિકેયનો જન્મ થયો, જેણે તારકાસુરનો વધ કર્યો.

હોળીકા દહન પણ હોળી પહેલા થાય છે, જે આપણને સંચિત કરેલી બધી જૂની ઈચ્છાઓને બાળી નાખવાનું શીખવે છે. હોળી એ માત્ર રંગોનો તહેવાર નથી પણ જૂની ઈચ્છાઓ અને દુર્ગુણોને બાળીને નવું જીવન શરૂ કરવાનો અવસર પણ છે. જ્યાં સુધી આપણે આપણી ઇચ્છાઓને બાળીએ છીએ, તે આપણને બાળે છે. ઇચ્છાઓને બાળી નાખવાનો અર્થ છે સંતુષ્ટ થવું, પૂર્ણ થવું, શરણાગતિ કરવી. તેથી જ હોળી આપણને એક નવા જીવન તરફ લઈ જાય છે, જ્યાં ઉલ્લાસ, પ્રેમ અને આનંદ હોય છે. આ આગામી નવા વર્ષની તૈયારી છે.

દરેક વ્યક્તિની અંદર પ્રકાશના વિવિધ રંગો હોય છે. કેટલાક લોકોની અંદર ક્રોધનો દીવો બળે છે, કેટલાક લોકોની અંદર ઈર્ષ્યાનો દીવો બળે છે. જો તમને લાગે છે કે કેટલાક લોકો નકારાત્મક છે, તો તેમનાથી દૂર રહો. બીજી વાત એ છે કે તેઓ કાયમ આના જેવા નહીં રહે. તેઓ સમય સાથે બદલાશે. થોડો સમય રાહ જુઓ, બીજું કંઈક અજમાવો. જો તેઓ બદલાય છે, તો તે સારું છે, પરંતુ જો તેઓ બદલાતા નથી, તો પછી આગળ વધો. ત્રીજો વિકલ્પ વિચારવાનો છે, 'ઠીક છે, તેમને જેમ છે તેમ રહેવા દો.' તેઓ મારી અંદર વધુ સારી કૌશલ્યો ઉભરવામાં મદદ કરશે. તેઓ તમારી વાતચીત કૌશલ્ય અને સકારાત્મક રહેવાની ક્ષમતાને વધુ વધારી શકે છે. જરા તમારી અંદર જુઓ, તમારામાં કેટલા નકારાત્મક ગુણો છે અને કેટલા સકારાત્મક? તમારે શું વિચારવું અને કરવું જોઈએ તે છે તમારી જાતને સુધારવા માટે મહત્વની છે.

હોળી આપણને દરેક ક્ષણને રંગો, પ્રેમ અને આનંદથી ભરવાનું શીખવે છે. આખું જીવન એક ઉત્સવ છે.




## કાલથી શાળાઓમાં ત્રણ દિ'નું મીની વેકેશનઃ વિદ્યાર્થીઓએ રંગોત્સવ મનાવ્યો

### રાજકોટ શહેર-જિલ્લામાં કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ધૂળેટી બાદ શનિવારની પણ રજા જાહેર

રાજકોટ શહેર-જિલ્લા સહિત દેશભરમાં આજે રાત્રે હોલીકાદહન સાથે હોલીપર્વની પરંપરાગત રીતે ઉજવણી થનાર છે.

તેમજ આવતીકાલે રંગોના તહેવાર એવા ધૂળેટીની ઉજવણી કરવા માટે બાળકો અને મોટેરાઓ સજજ બની ગયા છે. આવતીકાલે ધૂળેટીની જાહેર રજા હોય રાજકોટ શહેર-જિલ્લામાં પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓએ આજે પોતાના સહ અધ્યાયીઓ અને તેમના ગુરૂજનો સાથે રંગોની છોળો ઉડાડી રંગોત્સવ મનાવ્યો હતો. તેમજ કેટલીક શાળાઓએ ધૂળેટીની રજા બાદ વધુ એક શનિવારની રજા જાહેર કરી દેતા ત્રણ દિ'નું મીની વેકેશન મળી જતા વિદ્યાર્થીઓને મજા પડી ગઈ છે.

(તસ્વીર: દેવેન અમરેલીયા)


અરિહંત શરણ - પ્રાર્થના સભા



અ.સૌ.સ્વ.ચંદ્રિકાબેન પ્રફુલચંદ્ર જસાણી

(ઉ.વ.૭૬) જન્મ તા.૨૦/૧૨/૧૯૪૮, સ્વ.તા.૧૩/૦૩/૨૦૨૫

તેઓ શ્રી પ્રફુલચંદ્ર લક્ષ્મીચંદ જસાણીના ધર્મપત્ની તથા શ્રી આનંદ અને અચ્યુત જસાણી તેમજ શ્રી રત્નાબેનના માતૃશ્રી, અ.સૌ.કોમલબેન, અ.સૌ.દેવલબેન તથા શ્રી વંદેશભાઈના સાસુ તેમજ સ્વ.ચંદનબેન અને સ્વ.ભાનુભાઈ પરમાનંદ શેઠના પુત્રી તા.૧૨-૦૩-૨૦૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે.

સદગતનું ઉઠમણું - પ્રાર્થના સભા

તારીખઃ ૧૫-૦૩-૨૦૨૫, શનિવાર• સમયઃ સવારે ૧૦ થી ૧૨ કલાકે

સ્થળઃ ધ પેરેડાઇઝ પેલેસ, કાલાવડ રોડ, કોસ્મો સિનેમાંની બાજુમાં, અંધમાતૃ આશ્રમ રોડની પાછળ, રાજકોટ.

જસાણી પરિવારના જય જિનેન્દ્ર

# અવસાન નોંધ

**રાજકોટઃ** લોહાણા સ્વ. મનીષાબેન મનસુખલાલ લાખાણી (ઉ.૭૫) તે મનસુખભાઈ મુળજીભાઈ લાખાણી (મોટી પાનેલીવાળા)ના પત્નિ હાલ રાજકોટનું તા.૧૨ને બુધવારના અવસાન થયેલ છે. તે ભાવેશભાઈ, અર્ચનાબેન, સોનાલીબેનના માતુશ્રી તેમજ રીયાબેનના સાસુ થાય. સદગતનું બેસણું-પીયર પક્ષની સાદડી તા.૧૩ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસ સ્થાને સી-૨, ૧૦૬ શહિદ સુખદેવ ટાઉનશીપ, દ્વારીકાધીશ હાઈટસ સામે, આર.કે. વર્લ્ડ ટાવર વાળો રોડ, શિતલ પાર્ક ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. ભાવેશભાઈ: ૯૨૬૫૦ ૫૮૧૧૦.

**મોરબીઃ** મુળ થોરીયાળી હાલ મોરબી મુખ્યાજી સ્વ. હિરાલાલ વિશ્વનાથ દવેના પુત્ર મહેશભાઈ હિરાલાલ દવે (ઉ.૭૪) તે કુસુમબેનના પતિ, હસમુખભાઈ, મુકેશભાઈ, મનોજભાઈ, ચેતનભાઈ (એડ.-નોટરી), ચંદ્રીકાબેન જોષી, હર્ષાબેન ત્રિવેદીના મોટાભાઈ, યજ્ઞેશભાઈ, દિવ્યેભાઈ, ક્રિષ્નાબેન (એડવોકેટ)ના પિતાશ્રી તથા ખ્યાતિબેન, કપીલદેવ વસંતભાઈ પંડયા (એડવોકેટ)ના સસરા તેમજ મુળ કાગદડી હાલ ભાવનગર નિવાસી સ્વ. અમૃતલાલ કાનજીભાઈ ત્રિવેદીના જમાઈ, સ્વ. શશીભાઈ, સ્વ. ભરતભાઈ, પ્રવિણભાઈ, ગીરીશભાઈ, રેખાબેનના બનેવીનું તા.૧૦ના અવસાન થયું છે. ઉઠમણું- પીયરપક્ષનું બેસણું તા.૧૪ના ૪થી ૫ ચા.મ.કા. મો. બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, સાવસર પ્લોટ શેરી નં.૧૦/૧૧ રામ ચોક પાસે મોરબી રાખેલ છે. મો.૯૦૯૯૬ ૦૦૦૪૯.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી અ.નિ. રિતેષભાઈ ચકુભાઈ ભાલારા તે ચકુભાઈ જાદવભાઈ ભાલારાના પુત્ર, હર્ષદભાઈના ભાઈ, ક્રિશના પિતાશ્રી તા.૧૨ના અક્ષરવાસ થયેલ છે. બેસણું તા.૧૫ના ૪-૩૦થી ૬-૩૦ સાંઈનાથ મહાદેવ મંદિર, મહાત્મા ગાંધી સ્કુલની બાજુનો રોડ, નાનાનવા રોડ રાજકોટ રાખેલ છે.

**પાલીતાણાઃ** ફાતેમાબેન મોહંમ્મદહુસેનભાઈ (ધારી) તે મ.અસગરભાઈ મુ. રજબઅલી ખાંડવાળાના બૈરો, તા.૧૨ને બુધવારે વફાત થયેલ છે. તે ખોજેમભાઈ, અફઝલભાઈ (પરફેકટ ટ્રેડર્સ), કનીઝાબેન મુસ્તાકભાઈ, શબાનાબેન અબ્બાસભાઈ, અશરફીબેન અલીભાઈ (રાજકોટ)ના માં, મ. ઈસ્હાકભાઈ (ધારી), ડો. અબ્બાસભાઈ કપાસી, અસગરભાઈ, હુસેનભાઈ સૈફુદીનભાઈ (રાજકોટ), કુબરાબેન જસદણના બેન થાય. મરહુમાની જીયારતના સીપારા તા.૧૩ના રોજ મગરીબ ઈશાની નમાઝના બાદ બુરહાની મસ્જીદ પાલીતાણા ખાતે રાખેલ છે. ખોજેમભાઈ મો.૯૪૨૬૨ ૪૬૨૨૪.

**સાવરકુંડલાઃ** ઉષાબેન રાજેશભાઈ ત્રિવેદી, તે ચેતનભાઈ રાજેશભાઈ ત્રિવેદીના માતાનું તા.૯ના અવસાન થયું છે. બેસણું તા.૧૩ના સાંજે ૩થી ૬ ખી.સ.મો. બ્રાહ્મણ જ્ઞાતી વાડી ગુરૂકુળ રોડ, સાવરકુંડલા રાખેલ છે.

**સાવરકુંડલાઃ** દક્ષાબેન જેન્તીલાલ ગોહિલ તે જેન્તીલાલ વિરજીભાઈ ગોહિલના પત્નીનું તા.૧૨ના અવસાન થયું છે. બેસણું તા.૧૩ના ૪થી ૬ ગાંધી સોસાયટી, ઉતાવળા હનુમાન ચોક સાવરકુંડલા રાખેલ છે.

**વેરાવળઃ** સ્વ. પ્રભાશંકરભાઈ વસ્તાભાઈ મહેતા (ઉ.૯૦) તે જીવરામભાઈ, સ્વ. જેન્તીભાઈ, શાંતિભાઈ, સ્વ. લાભુબેન, રાણુબેનના ભાઈ, સ્વ. જયોતિબેન, સુરેશભાઈ, પ્રદીપભાઈ (રામેશ્વર કેટરર્સ વાળા), ભરતભાઈ (મનીષભાઈ), રેખાબેનના પિતાશ્રી, વિપુલભાઈ, કૌશીકભાઈ (જીતુભાઈ)ના મોટાબાપુજી, નિરવભાઈ ઉમંગભાઈ, જયદેવભાઈ, ખુશભાઈના દાદા, સંજયભાઈ, શૈલેષભાઈ, રવિભાઈના નાનાનું તા.૧૨ના અવસાન થયું છે. બેસણું તા.૧૫ના ૪થી ૬, ૬૦ ફુટ રોડ ગોલારાણા સોસાયટી મોદીની વાડી, વાણીયાવાડીની સામે વેરાવળ રાખેલ છે.

**જામખંભાળીયાઃ** વાણંદ કિશોરભાઈ મગનલાલ મારૂ (ઉ.૭૫) તે ધનસુખભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈના ભાઈ, સાગરભાઈના પિતાશ્રી, અનીલભાઈ, જતીનભાઈ, મીલનભાઈ, પાર્થભાઈના અદા તા.૧૦ના અવસાન પામ્યા છે. બેસણું તા.૧૩ના સાડાચારથી પાંચ રામનાથ મંદિરે રાખેલ છે. ઉતરક્રિયા તા.૨૦ના રાખેલ છે.

**જામખંભાળીયાઃ** શાંતાબેન દયાળજીભાઈ ચુડાસમા (ઉ.૮૬) તે ઉમેશભાઈ, ભરતભાઈ, અશ્વીનભાઈના માતુશ્રી, જમનભાઈ, છગનભાઈ વાંઝાના બહેન તા.૧૦ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા.૧૪ના સાંજે ૪થી ૫ ભાઈ બહેનો માટે ધૂનેશ્વર મહાદેવ મંદિર, લાખાબાવળ ગામે રાખેલ છે.

**જામખંભાળીયાઃ** જયસુખલાલ રામજીભાઈ ગોકાણી (ભાડથરવાળા)ના પુત્ર અમીતભાઈ (ઉ.૪૬) તે આશાબેનના પતિ, રૂપેશભાઈ ગોકાણી (પ્રા.શિક્ષક), ચાંદનીબેન પ્રમોદભાઈ કોટેચા (કાટકોલા)ના મોટાભાઈ, ભાવિશાબેન (પ્રા.શિક્ષક)ના જેઠ, વંશીકા, સાનિધ્યના પિતા, વલ્લભદાસ સોનૈયા (કલ્યાણપુર)ના જમાઈ તા.૧૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા, સસરા પક્ષની સાદડી તા.૧૩ના ચારથી સાડા ચાર જલારામ મંદિર ખાતે રાખેલ છે.

## ધ્રોલ ન્યુઝ પેપર એજન્ટ રોહિતભાઈ નેગાંધીનાં માતુશ્રી દિનાબેનનું અવસાનઃ આજે ઉઠમણું



ધ્રોલઃ નવાગામ ભાટીયા ધ્રોલ નિવાસી દીનાબેન રણજીતભાઈ નેગાંધી (ઉ.વ.૭૮) તે રણજીતભાઈ ભાણજીભાઈના પત્નિ તથા ધ્રોલ ન્યુઝ પેપર એજન્ટ રોહિતભાઈ નેગાંધીના માતુશ્રી તથા ભાણજીભાઈ કરશનભાઈના પુત્રવધુ તથા તુલસીદાસ ઓધવજી આશરાના પુત્રી તથા અનંતભાઈ, લલીતભાઈ, મધુસુદનભાઈ, જ્યોતિબેન, દિલીપસિંહ વંદના બહેન તથા સંદિપ, રોહિત, નીતા, ભાવીન, વેદના માતા તથા તૃપ્તિ રાહુલ સંપટના ભાભુ તથા તેજલ અને નંદનીના સાસુ તેમજ શ્રુતિ, આશા, આરોહીના દાદી શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૧૩ ને ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૫-૩૦ ભાટીયા મહાજનવાડી ધ્રોલ ખાતે રાખેલ છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના અચ્યુતભાઈ જસાણીના માતુશ્રી

## રાજકોટ શ્રી મહાવીર નગર સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ પ્રફુલભાઈ જસાણીના ધર્મપત્ની ચંદ્રિકાબેન અરિહંતશરણ પામ્યા

### આજે સવારે તેમના નિવાસસ્થાન સિલ્વર હાઈટસ ખાતેથી અંતિમ યાત્રા નિકળી : જૈન અગ્રણીઓ, વેપારીઓ જોડાયા



**રાજકોટ :** અ.સૌ. સ્વ. ચંદ્રિકાબેન પ્રફુલચંદ્ર જસાણી (ઉ.વ. ૭૬), તેઓ શ્રી પ્રફુલચંદ્ર લક્ષ્મીચંદ જસાણી (પ્રમુખ, શ્રી મહાવીરનગર સ્થાનકવાસી જૈન સંઘ) ના ધર્મપત્ની તથા આનંદભાઈ અને અચ્યુતભાઈ જસાણી (રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડાયરેક્ટર) તેમજ રત્નાબેનના માતુશ્રી, અ.સૌ. કોમલબેન, અ.સૌ. દેવલબેન તથા વંદેશભાઇના સાસુ તેમજ સ્વ. ચંદનબેન અને સ્વ. ભાનુભાઈ પરમાનંદ શેઠના પુત્રી તા. ૧૨-૦૩-૨૦૨૫ના રોજ અરિહંત શરણ પામેલ છે. સદગતની અંતિમ યાત્રા આજે સવારે ૧૦ કલાકે તેમના સિલ્વર હાઈટસ ખાતેના નિવાસસ્થાને થી નિકળી હતી જેમાં જૈન અગ્રણીઓ, વેપારીઓ જોડાયા હતા અને પરિવાર સાથે દુઃખના સમયમાં સહભાગી બન્યા હતા.

**શનિવારે ઉઠમણું, પ્રાર્થનાસભા**

**શનિવાર તારીખ ૧૫ માર્ચના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે ધી પેરેડાઇઝ હોલ, કાલાવડ રોડ, કોસ્મો સિનેમાની બાજુમાં, અંધામૃત આશ્રમ રોડની પાછળ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે**

## બાઈક સવાર દંપતીને હડફેટે લઈ ઈજા પહોંચાડવાના ગુનામાં કાર ચાલક આરોપીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર, અટલ સરોવર પાસે બાઈક સવાર દંપતીને હડફેટે લઈ ઈજા પહોંચાડવાના ગુનામાં આરોપી પરીક્ષિત શરદભાઇ પંડ્યાને કોર્ટે નિર્દોષ ઠરાવેલ છે.



એડવોકેટ જતીન ઠક્કર, હિત અવલાણી

ફરિયાદી રાજુભાઈ ભાણજીભાઈ પાણખાણીયાએ પોતાની ફરિયાદમાં જણાવેલ કે, તા.૧૭/૧૦/૨૦૨૩ના રોજ તેઓ પોતાનું મોટર સાયકલ લઈ પોતાના પત્નીને પાછળ બેસાડી નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર જતા હતા. ત્યારે અટલ સરોવરની ગોળાઈ પાસે આરોપી ચાલકે પોતાના હવાલાની કાર બેફિકરાઈથી ચલાવી ફરિયાદીના બાઈકને હડફેટે લીધું હતું. જેથી ફરિયાદી અને તેમના પત્ની જમીન પર પછડાયા હતા. ફરિયાદીને પગમાં ફ્રેક્ચર અને છાતીમાં મૂંઢ ઈજા થઈ હતી. તેમના પત્નીને પગમાં ફ્રેક્ચર અને મોઢા તથા માથાના ભાગે ઈજા થઈ હતી.

જે ફરિયાદ પરથી યુનિવર્સીટી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ ફોજદારી કેસ રાજકોટના જે. એમ. એફ. સી.ની કોર્ટમાં ચાલી જતા બંને પક્ષે દલીલો થઈ હતી અને ફરિયાદી પક્ષ ફરિયાદ સાબિત ન કરી શકતા રેકોર્ડ પરનો પુરાવો, સાક્ષીઓ, સાહેદોની જુબાની અને બચાવ પક્ષે કરેલી દલીલો, ટાંકેલા વિવિધ કોર્ટનાં ચુકાદા ધ્યાને લઈ કોર્ટે આરોપી પરીક્ષિત શરદભાઈ પંડ્યાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફે એડવોકેટ જતીન ઠક્કર, હિત અવલાણી, ધર્મેશ નોહીમ રોકાયેલ હતા.


શ્રદ્ધાંજલિ - ઝાંઝમેર (ધોરાજી)



**સ્વ. ભીખાભાઇ સોમાભાઇ બાબરીયા**

સ્વ. તા. ૧૧-૦૩-૨૦૨૫, ગામ : ઝાંઝમેર

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી જે નાશ પામે છે તે શરીર છે આત્મા આજીવન શાશ્વત અને અમર છે ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

**લી. શ્રી ઝાંઝમેર જુથ સેવા સહકારી મંડળી લી.**

શ્રી અનિલસિંહ ભીખુભા ચુડાસમા - પ્રમુખશ્રી
શ્રી ભુપતભાઇ વિઠલભાઇ મોરડીયા - વ્ય.સભ્યશ્રી
શ્રી કાંતિલાલ વશરામભાઇ પાદરીયા - વ્ય.સભ્યશ્રી
શ્રી રતિલાલ શાંતિલાલ રાડિયા - ઉપપ્રમુખશ્રી
શ્રી બોદાભાઇ બચુભાઇ કસોટીયા - કમીટી સભ્યશ્રી
શ્રી માલજીભાઇ કાનજીભાઇ બાબરીયા - કમીટી સભ્યશ્રી
શ્રી મથુરભાઇ મોહનભાઇ ખાનપરા - કમીટી સભ્યશ્રી
શ્રી દામજીભાઇ રામજીભાઇ વાછાણી - કમીટી સભ્યશ્રી
શ્રી શાંતિલાલ ગોરધનભાઇ માકડીયા - કમીટી સભ્યશ્રી
શ્રી અતુલભાઇ બાબુભાઇ ગોહેલ - કમીટી સભ્યશ્રી
શ્રી હરેશભાઇ કચરાભાઇ કરડાણી - કમીટી સભ્યશ્રી
શ્રી વિક્રમસિંહ રામસંગ જાડેજા - કમીટી સભ્યશ્રી
શ્રી સુમિતાબેન અશોકભાઇ બાબરીયા - કમીટી સભ્યશ્રી
શ્રી કંચનબેન ઇશ્વરભાઇ હાંસલીયા - કમીટી સભ્યશ્રી
શ્રી રૂપેશભાઇ બાબુભાઇ ઠુમર - કમીટી સભ્યશ્રી
શ્રી દિવ્યેશભાઇ ગિરધરભાઇ હાંસલીયા - કમીટી સભ્યશ્રી
શ્રી ગિરિરાજસિંહ નટુભા જાડેજા - કમીટી સભ્યશ્રી
શ્રી ધીરજલાલ બાબુભાઇ આલોદરીયા - મંત્રીશ્રી

શ્રધ્ધાંજલી



**સ્વ. ભીખાભાઇ સોમાભાઇ બાબરીયા**

સ્વ. તા.૧૧-૦૩-૨૦૨૫, મંગળવાર
સંવંત ૨૦૮૧, ફાગણ સુદ-૧૨

તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે. ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ હસમુખો ચહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહેશે. અમારી સદા એ જ પ્રાર્થના કે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે....

**જીલ્લા પંચાયત ખાતે આપે આપેલ સેવા સદેવ યાદ રહેશે**

લી.

**રાજકોટ જીલ્લા પંચાયત પરિવાર**

SIMPLE

દુઃખદ અવસાન બેસણું



**સ્વ. રમેશભાઈ જમનાદાસભાઈ જાની**

સ્વ. તા. ૧૦-૦૩-૨૦૨૫, સોમવાર

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमनच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूणमिवावशिष्यते ॥

**રમેશભાઈ જમનાદાસભાઈ જાની** (ઉ.વ.૬૭) તા.૧૦-૦૩-૨૦૨૫, સોમવારના રોજ કૈલાશવાસ પામેલ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સદગતનું બેસણું**

તા.૧૪-૦૩-૨૦૨૫, શુક્રવાર, સાંજે ૪ થી ૬ કલાકે
**સ્થળ :** રાધાકૃષ્ણ મંદિર, એરપોર્ટ દિવાલ સામે, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે રાખેલ છે.

**હર્ષિતભાઈ રમેશભાઈ જાની - ૯૯૨૪૧ ૦૩૦૩૬**


તથા જાની પરિવારના જય શ્રી કૃષ્ણ

SIMPLE

# માતૃ દેવો ભવઃ    પિતૃ દેવો ભવઃ



ભુલો ભલે બીજુ બધું
મા-બાપને ભુલશો નહિં



**શ્રી સરલાબેન હરકિશનદાસ કામદાર**
**૧૯૩૨ - ૨૦૨૪**
સ્વ.તા. ૧૬-૩-૨૦૨૪, શનિવાર

**શ્રી હરકિશનદાસ માણેકલાલ કામદાર**
**૧૯૨૩ - ૨૦૧૨**
સ્વ.તા. ૧૩-૩-૨૦૧૨, મંગળવાર

ડો.હંસાબેન સ્વ.હેમંતભાઈ USA | નરેશભાઈ નયનાબેન | જયેશભાઈ વિભાબેન | ભાવેશભાઈ પન્નાબેન

ડો.નિલ, ડિમ્પલ, વંદન-અપેક્ષા, સિધ્ધાર્થ-મેઘા, રોનક-ધ્વની

વાનશિરો - જે.કે. ડાયગ્નોસ્ટીકસ - વી.વી. ડેવલપર્સ
તથા કામદાર પરિવારનાં જય જિનેન્દ્ર


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૪થા એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રી એમ.જી.શાહ સાહેબની કોર્ટમાં દી.પ.અ.નં.૫૪૬/૨૦૨૫ના કામમાં અરજદાર દીપેશ રમેશચંદ્ર કારિયા, વાળાએ ગુજ. અનિતાબેન રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઈ કારીયાની માલીકીની સ્થાવર મિલ્કત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં ભક્તિનગર સ્ટેશન પ્લોટથી પશ્ચિમ તરફ લક્ષ્મીનગર શેરી નંબર ૨ માં આવેલ રાજકોટના રેવન્યુ સર્વે નંબર ૪૧૪ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૨૦ પૈકી ઉત્તર તરફની જમીન ચો.વા.આ.૮૩-૦૫ બરાબર ચો.મી.આ.૬૯-૪૪ સહીતનાં ઉભા ઈમલાવાળા મકાન, સીટી સર્વે વોર્ડ નં.૬/૧, શીટ નં.૩૯૩, સીટી સર્વે નં.૨૨૦૨ પૈકી છે. સદરહું મિલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **એડવોકેટ હુસૈન એ.ભારમલ, સંજયકુમાર સી. સાંકળીયા અને રવિ એલ.ભાયાણી** મારફતે અરજી કરેલ છે, જેથી તે બાબતે જે કોઈને હકક, હિત, હિસ્સો, વાંધો-તકરાર હોય તો તેમને મુદત તા.૧૫-૦૪-૨૦૨૫ના રોજ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહિ તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા.૧૧-૦૩-૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એન.એચ.પંડયા) આસી. | કોર્ટનો સીકકો | હુકમથી ઈ/ચા. રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, રાજકોટ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
૧લો માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ EMAIL ID: prant-rev-raj@gujarat.gov.in

## જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૮૪/૨૦૨૫

શ્રી મણીબેન ઉર્ફે મંજુલાબેન માવજીભાઈ દાફડા વા/ઓ. બધાભાઈ ચૌહાણ
રહે.કોટડાપીઠા, તા.બાબરા, જિ.અમરેલી ...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, જીવાપર, તા.જસદણ ...સામાવાળા

વિષય:- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી મંજુલાબેન માવજીભાઈ દાફડાનો જન્મ તા.૨૨-૧૧-૧૯૭૦ના રોજ જસદણ તાલુકાના જીવાપર ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૪/૦૩/૨૦૨૫ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો | સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

# અમદાવાદ વિમાની મથકે દાણચોરીથી ઘુસાડાયેલુ વધુ ૧.૨૯ કરોડનું સોનુ ઝડપાયુ



અમદાવાદ તા.૧૩

અમદાવાદ વિમાની મથકેથી સોનાની સતત વધી રહેલી દાણચોરીમાં હવે એરએશિયાની ફલાઈટ મારફત અહી પહોંચેલા બે મુસાફર પાસેથી રૂા.૧.૨૯ કરોડનું સોનુ ઝડપી લેવામાં આવ્યુ હતું. આજે સવારે આ ફલાઈટ અહી પહોંચી પછી કસ્ટમની તલાશી સમયે આ બંને મુસાફરોએ સોનાની પેસ્ટ બનાવી હતી અને તે પ્લાસ્ટીકની સ્ટીકમાં છુપાવીને લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો. આ બંને મુસાફરોએ તેના શરીર સાથે આ સ્ટીક ચોટાડી દીધી હતી અને નો ડીકલેર ઝોનમાંથી નીકળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અગાઉથી મળેલી બાતમી પરથી બંનેને અટકાવીને તલાશી લેવાતા તેમની પાસેથી આ સોનુ ઝડપી લેવાયુ હતું. જેમાં વધુ પુછપરછ શરુ કરવામાં આવી છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **માધાભાઈ કરમશીભાઈ ભુવા, ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. પુખ્ત, ધંધો : મજુરીકામ, રહે. : મુ. ખારચીયા, તા. જી. રાજકોટ.**

હું જાહેર કરૂ છું કે માતા નામે **ગંગાબેન કરમશીભાઈ ભુવાનું મરણ મુ. ખારચીયા, તા. જી. રાજકોટ** ખાતે **તા. ૦૧-૦૬-૧૯૭૯**ના રોજ ઘરે થયેલ છે. અમો અરજદારના માતાની મરણની નોંધણી અમારી કાયદાકીય અજ્ઞાનતાને લીધે આજ દિવસ સુધી અમોએ કોઈપણ સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં કરાવેલ નથી હવે અમે જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, રાજકોટ ગ્રામ્ય ખરેડા તલાટી મંત્રી, મુ. ખારચીયા, તા. જી. રાજકોટ સમક્ષ દાદ મળવા માંગણી કરેલ છે જેથી આ અંગે જણાવવાનું કે, સદર બાબતે અન્ય કોઈ વ્યકિતઓને વાંધો-તકરાર હોય, તો દિન-૩૦માં ઉકત અધિકારીશ્રીને સમક્ષ રેકર્ડ આધારીત વિગતો સાથે વાંધા રજુ કરવા લાગતા વળગતાઓને નોંધ લેવા આથી સ્પષ્ટ જણાવવામાં આવે છે.

તારીખ :- ૨૭-૦૨-૨૦૨૫

એડવોકેટશ્રી,
**હર્ષાબેન એ. મકવાણા**
સરનામુ :- ૨-વિધુતનગર, એસ્ટ્રોન સોસાયટી, રાજકોટ.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર ભાવેશભાઈ રૂખડભાઈ હાડગરડા, ધર્મે : હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો : મજુરીકામ, રહે. માનસરોવર પાર્ક-૧, આજી ડેમ ચોકડી, ભાવનગર રોડ, રાજકોટ જાહેર કરૂ છું કે અમો અરજદારની પુત્રી નામે નેન્સી ભાવેશભાઈ હાડગરડા જન્મ તા. ૨૬/૦૨/૨૦૧૨ના રોજ મું. હલેન્ડા, તા. રાજકોટ, જિ. રાજકોટ મુકામે જન્મ થયેલ છે તેની જન્મની નોંધીણી અમો અરજદારની શરતચુકની ભુલના કારણે તેમજ કાયદાકીય અજ્ઞાનતાના કારણે આજદિન સુધી અમો અરજદારની જન્મની નોંધ તેમના રજીસ્ટ્રારમાં જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯, ૧૩(૩) અન્વયે સેકશન-૧૭ મુજબ ફોર્મ નં. ૧૦ મુજબ અપ્રાપ્ય પ્રમાણપત્ર મેળવેલ હોય જેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં (પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી) તે અંગે હુકમ મેળવવા અરજદાર/**એડવોકેટ હર્ષાબેન એ. મકવાણા** એ અરજ કરેલ છે જેથી આ અંગે જણાવવાનું કે સદર બાબતે અન્ય કોઈને વાંધો કે તકરાર હોય તો દિવસ-૩૦માં પ્રાંત અધિકારી કચેરી રાજકોટ ખાતે રેકર્ડ આધારે વિગતો સાથે વાંધો રજુ કરવા લાગતા વળગતાને આથી જણાવવામાં આવે છે.

પ્રાંત/મજસ/જન્મ-મરણ/રજી. નં.

સહી
**ભાવેશભાઈ રૂખડભાઈ હાડગરડા**

# ટ્રિપલ એન્જિન સરકાર ! નગરપાલિકાની ચૂંટણીમાં એક જ પરિવારના ત્રણ સભ્યોની જીત !

## ફરિદાબાદની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પતિ, પત્ની અને ભાભીએ મેદાન માર્યુ





ફરીદાબાદ,તા.૧૩

ફરીદાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં એક પરિવારનું ઘણું વર્ચસ્વ જોવા મળ્યું છે. અહીં એક જ પરિવારના પતિ, પત્ની અને વહુ ત્રણ વોર્ડમાંથી ચૂંટણી જીતીને કાઉન્સિલર તરીકે એકસાથે ગૃહમાં પહોંચ્યા હતા. જેમાં પતિ સતત બીજી વખત ચૂંટણી જીત્યા છે. યાદવ પરિવારના એક સભ્યએ ફરીદાબાદના વોર્ડ નંબર ૪૨, ૪૩ અને ૪૦માં મ્યુનિસિપલ કોર્પોરેશન કાઉન્સિલરનું પદ જીત્યું છે. વોર્ડ નંબર ૪૨માંથી દીપક યાદવ, વોર્ડ નંબર ૪૩માંથી તેમની પત્ની રશ્મિ યાદવ અને વોર્ડ નંબર ૪૦માંથી પવન યાદવ (ભાભી) ચૂંટણી મેદાનમાં સફળ રહ્યા છે. આ જીત સાથે યાદવ પરિવારે ફરીદાબાદમાં પોતાની રાજકીય પકડ મજબૂત કરી લીધી છે.

હરિયાણા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની જીત પર હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ કહ્યું કે, આજે યોજાયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીના પરિણામોમાં હરિયાણાની જનતાએ ટ્રિપલ એન્જિન સરકારને તેમની મંજૂરીની મહોર મારી દીધી છે. હું હરિયાણાના લોકોનો દિલથી આભાર માનું છું. ચૂંટણી શાંતિપૂર્ણ રીતે કરાવવા બદલ હું ચૂંટણી પંચ અને તમામ અધિકારીઓનો આભાર માનું છું. આપણી સ્થાનિક સંસ્થા સરકાર અને આ ટ્રિપલ એન્જિન સરકાર પીએમ નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સપનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# સુનિતા વિલિયમ્સની પૃથ્વી પર 'વાપસી'માં થોડો વધુ વિલંબ સર્જાશે!

## આજે રવાના થનારૂ કુ-૧૦ ફાલ્કન સ્પેસશીપની હાઈડ્રોલિક સીસ્ટમમાં થોડી સમસ્યા સર્જાઈ



કેલીફોર્નિયાઃ સ્પેસ સ્ટેશન પર ફકત આઠ દિવસના 'પ્રયોગ' માટે પહોંચ્યા બાદ ૯ માસથી વધુ સમયથી ફસાઈ ગયેલા અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને તેના સાથીદાર બૈરી વિલ્મોરની પૃથ્વી પર વાપસી વધુ વિલંબમાં પડે તેવી ધારણા છે. જે અવકાશયાન ક્રુ-૧૦ તેમને પરત લેવા જવાનું હતું તેની હાઈડ્રોલીક સીસ્ટમમાં કોઈ ક્ષતિ સર્જાતા હવે તેનુ જે લોન્ચીંગ થવાનુ હતું તે મુલત્વી રખાયુ છે અને આજે અમેરિકી સમય મુજબ સાંજે ૭.૩૦ વાગ્યે તેની ઉડાન શકય બને તેવી ધારણા છે. ફાલ્કન ૯ રોકેટ જે યાનને સ્પેસ લેબમાં લઈ જાય છે તેની હાઈડ્રોલીક સીસ્ટમમાં ક્ષતિ દેખાતા જ કાઉન્ટ ડાઉન અટકાવી દેવાયુ હતું. આ યાનમાં બે અમેરિકી સહિત ચાર યાત્રી સવાર પણ થઈ ગયા હતા પણ અંતિમ ઘડીએ ઉડાન મુલત્વી રહેલા તેઓને પણ બહાર બોલાવી લીધા હતા.

હવે અમેરિકી સમય મુજબ સાંજે ૩.૨૫ કલાકે ફરી કાઉન્ટડાઉન શરૂ થશે. એક વખત યાન ને સ્પેસલેબ સાથે જોડાઈ જશે તો તા.૧૭ના રોજ સુનિતા અને તેના સાથી ઉપરાંત અન્ય બે અવકાશયાત્રી પૃથ્વી પરની વળતી સફર શરૂ કરશે છતા પણ હવે જયાં તે લેન્ડ થવાનું છે તે ફલોટીંગથી દુર સ્પેસશટલ ડાઉન-ભૂમી સ્થળ પર હવામાન ખરાબ છે.

અમેરિકાના સંરક્ષણમંત્રી પીટ હેથસેથએ એક સંદેશ જાહેર કરીને સુનિતા વિલિયમ્સ અને તેના સાથીઓના પરત આગમન માટે તમો ઉત્સુક હોવાનું જણાવ્યુ હતું.

## ઓનલાઇન જાહેર નિવિદા નં. ૧૯/૨૦૨૪-૨૫

કાર્યપાલક ઈજનેર, પંચાયત માર્ગ અને મકાન વિભાગ, સુરેન્દ્રનગર (ફોન નં. ૦૨૭૫૨-૨૮૨૮૧૨) દ્વારા કુલ -૧ કામ જેની માટે ઓનલાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના જે-તે માન્ય કેટેગરીમાં નોંધાયેલ ઈજારદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો વેબસાઈટ https://tender.nprocure.com/ પર તા.૧૭/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૪/૨૦૨૫(ક્રમ ૧) સાંજનાં ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. આ અંગેનું વિગતવાર વિજ્ઞાપન www.statetenders.gujarat.gov.in (મા.મ.પંચાયત) વિભાગના નોટીસબોર્ડ ઉપરથી જોઈ શકાશે. હવે પછીના સુધારા વધારા દૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન મુકવામાં આવશે. સદર ટેન્ડર પૈકી કોઈ પણ એક કે બધા જ ટેન્ડરો મંજુર કે રદ્દ કરવા અત્રેની કચેરીનો નિર્ણય આબાધીત રહેશે જેના કોઈ કારણો આપવામાં આવશે નહી.

માહિતી/સુરેન્દ્રનગર/૪૫૨/૨૪-૨૫

## નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ડીમાન્ડ નોટીસ.

આથી હું નીચે સહી કરનાર નિલેશકુમાર એમ.મકવાણા, એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) ઠે. નરસૈયા ચોક, વેરાડ ગેઈટ પાસે, મુ.ભાણવડ, તા.ભાણવડ, જિ.દેવભુમી દ્વારકા વાળા તે મારા અસલ હસમુખ દેવસીભાઈ સોલંકી તે માધવ એન્ટરપ્રાઈઝના ભાગીદારોના કુલમુખત્યાર દરજજે નીચેની વિગતો જણાવી, આ માંગણાની નોટીસ આપુ છુ.

(૧) મારા અસીલના પિતા ડાયાલાલ ગોરધનદાસ ભોગાયતા તમો નોટીસ લેનાર પાસે નાણા માંગતા હતા, અને તે લેણી રકમ ચુકવવા માટે તમોએ મારા અસીલના પિતાને આપેલ ચેક રીટર્ન થતા મારા અસીલના પિતાએ તમો નોટીસ લેનાર વિરૂદ્ધ ભાણવડ કોર્ટમાં ફોજદારી કેસ નં.૭૩૩/૨૦૨૦ દાખલ કરેલ હતો. આ ચાલુ કેસ દરમ્યાન મારા પિતાનું અવસાન થયેલ અને તે કેસમાં મારા અસીલ સુચીત ફરિયાદી ...

... આપેલ હતો તેનો સ્પષ્ટ ભંગ થયો છે. આથી આ ડીમાન્ડ નોટીસ આપી તમો નોટીસ લેનારાને મારા અસીલ વિનંતી કરે છે કે તમોએ આપેલ ઉપરોક્ત ચેકના નાણા રૂા.૧,૨૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર પુરા આ નોટીસ મળ્યેથી દિવસ પંદરની અંદર ચુકવી તેની પાકી પહોંચ મેળવી લઈ અસલ ચેક પરત મેળવી લેશો. જો આ નોટીસ મળ્યેથી પંદર દિવસમાં ઉપરોક્ત રકમ ચુકવવામાં તમો નિષ્ફળ જશો તો, મારા અસીલ તમો સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ફોજદારી રીતે ફરીયાદ કરશે, જેની ઉત્પન્ન તમામ પરિસ્થિતિની જવાબદારી તમો નોટીસ લેનારની રહેશે જેની નોંધ લેશો.

ભાણવડ. તા.૦૪/૦૩/૨૦૨૫
તે મારા અસીલની સુચનાથી

પ્રતિશ્રી,
**પ્રફુલકુમાર નાથાલાલ મોઢા**
રે.ભાણવડ, ઠે.કનૈયા કલોથ સ્ટોરના પ્રોપરાઈટર, ગાંધીચોક, તા.ભાણવડ.

## ચોટીલા નગરપાલિકા
### ઈ-ટેન્ડર નિવિદા (વર્ષ ૨૦૨૪-૨૫)

➤ કામનું નામ

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ ની ગ્રાન્ટમાથી ચોટીલા નગરપાલિકાનો મેઈન રોડમા નિલંકઠ સોસાયટી સામેથી બ્રહાણી પ્લાયવુડ સુધી પેવર બ્લોક રોડ,ડીવાઈડર,પ્લાન્ટેશન સાથેનું કામ.

(૨) સ્વ.ભંડોળ અને વિવિધ ગ્રાન્ટ અંતર્ગત વાર્ષિક પરચુરણ કામ,માલ સામાન મજુરી સાથેનું કામ

ઈ-ટેન્ડર ભરવાની છેલ્લી તા.૨૭/૦૩/૨૦૨૫ સમય ૧૮.૦૦ કલાક સુધી

...

એ.ડી.અથવા આર.પી.એ.ડી ફકત

➤ ટેન્ડર ખોલવાની અંદાજીત તા.૦૪/૦૩/૨૦૨૫ ને સવારે-૧૧.૩૦ કલાકે

વધુ માહિતી માટે https;/www.tender.nprocure.com પર લોગીન કરવું અથવા ચોટીલા નગરપાલિકા બાંધકામ શાખાનો સંપર્ક કરવો. ટેન્ડર મંજુર તથા નામંજુર કરવાનો તમામ હક ચોટીલા નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર ચોટીલા નગરપાલિકા | પ્રમુખ ચોટીલા નગરપાલિકા

માહિતી/સુરેન્દ્રનગર/૪૫૦/૨૪-૨૫

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પાંચમા જુનીયર ડીવીઝન જજશ્રી એ.પી.દવે સાહેબની કોર્ટમાં, દિ.પ.અ.નં. ૫૬૩/૨૦૨૫ના કામના અરજદાર **શ્રી અજાણી દિનેશભાઈ ખીમજીભાઈ**, ઠે. રાજલક્ષ્મી સોસાયટી, મોરબી રોડ, નાની ફાટક પાસે, રાજકોટવાળાએ રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં મોરબી રોડ ઉપર આવેલ રાજલક્ષ્મી એવન્યુ પાર્ટ-બી તરીકે ઓળખાતા વિસ્તારના રાજકોટના રેવન્યુ સર્વે નં. ૩૦ પૈકી ૭ની જમીન એકર ૫-૧૮ ગુંઠાના રહેણાંક હેતુ ...

## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે.૪થા એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રી એમ.જી.શાહ સાહેબની કોર્ટમાં દી.પ.અ.નં.૫૪૫/૨૦૨૫ના કામમાં અરજદાર જીગર રમેશભાઈ કારિયા, વાળાએ ગુજ. રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઈ અમૃતલાલ કારીયા તથા ગુજ. અનિતાબેન રમેશચંદ્ર ઉર્ફે રમેશભાઈ કારીયાની માલીકીની સ્થાવર ...

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. અમારા અસીલ ગુજરાત રાજયના મોરબી જીલ્લાના મોરબી તાલુકાના મોજે-મોરબીનાં મ્યુનિ. હદમાં, સામાકાઠા વિસ્તારમાં રહેણાંક હેતુ માટેનાં બાંધકામ સહિતની સ્થાવર મિલ્કત તે મકાન કે જે મોરબી સીટી સર્વે કચેરીનાં દફતરે વોર્ડ નં.૪,માં શીટ નં. ૧૬૭, સી.સ.નં. ૨૩૫૦, થી નોંધાયેલ છે. તથા મોરબી નગરપાલીકાનાં દફતરે મિલ્કત આકારણી નં. ૧૦૦૩૩/૮૬૭થી નોંધાયેલ છે. આ મિલ્કત શાંતાબેન રૂડાભાઈ વા.ઓ. નરશીભાઈ ધોળકીયા વાળાની માલીકી કબ્જા ભોગવટાની આવેલી છે. તે મિલ્કતના ઉતરોતર દસ્તાવજો તપાસતા નીચે મુજબની ઓરીજનલ **સનદ-ઈ૧** (રૂડાભાઈ ગોવાભાઈ તથા હરીબેન ગોવાભાઈના નામની) મળી શકતી નથી કે તે હાલના માલીક પાસે નથી તેમ મારા અસીલ જાહેર કરે છે. જે અસલ **સનદ-ઈ૧** ન મળે તો ખરી નકલને અસલ **સનદ-ઈ૧** તરીકે ટાઈટલમાં ઉપયોગ કરીશુ સદરહું મિલ્કતના ટાઈટલ કલીઅર માટે આ જાહેર નોટીસ આપવાની જરૂર પડેલ છે. તેમ હાલના માલીક જાહેર કરે છે.

તે સબબ આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે સદરહું મિલ્કત અંગે આ મિલ્કતનાં કોઈ પુરોગામી માલીક કે તેના માલીકનાં વારસદાર જેઓનો સદરહું મિલ્કતમાં આજ સુધીમાં કોઈ વ્યકિત, કોઈ પેઢી, કોઈપણ સોસાયટી, મંડળીઓ કે એસાઈનીઓ કે વારસદારો, સરકારી, અર્ધ સરકારી કચેરીઓ નાણાકીય સંસ્થા, નાણાકીય નિગમો કોઈપણ બેંક કે અન્ય કોઈનો હકક, હિસ્સો અધિકાર દર દાવો કે કોઈનો પણ વારસાઈ હકક ભરણ પોષણ હકક કોઈપણ પ્રકારનું લેણું, બોજા લીયન કે અન્ય કોઈપણ બાબતનો વાંધો તકરાર હોય તો તેમને આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭(સાત)માં લેખીત આધાર પુરાવા સાથે અમારી ઓફીસે રજુઆત કરવી, આ મુદત દરમ્યાન કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર અમારી સમક્ષ લેખીતમાં આવશે નહીં તો તમામ પ્રકારનો લાગ-ભાગ જતો યાને વેવ કરેલ છે. તેમ સમજીને અમારા અસીલ સદરહું ઉપરોકત મિલ્કત પરત્વે વેચાણનો વ્યવહાર પૂર્ણ કરશે. અને સદરહું મિલ્કતનો વેચાણ દસ્તાવેજ તેઓના નામે કરાવી લેશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-તકરારો અમારા અસીલને માન્ય રહેશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મોરબી, તારીખ :- ૧૧-૦૩-૨૦૨૫ | અમારા અસીલની સુચના અનુસાર

**જીતેન એલ. દેગામા (એડવોકેટ)**
C/O હિતાર્થી કોમ્પ્યુટર, 'બાલાજી કોમ્પ્લેક્ષ' બીજા માળે, કે.કે.સ્ટીલ વાળી શેરી, શનાળા મેઈન રોડ, મોરબી-૩૬૩૬૪૧ મો. ૮૧૨૮૩ ૦૨૫૨૫

જીજ્ઞેશ ભટ્ટ/પરશુરામ પબ્લીસીટી, દેવઅક્ષર કોમ્પ્લેક્ષ, નગર દરવાજા ચોક- મોરબી મો. ૯૪૨૭૭ ૨૧૫૪૬

## રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૨૦૧ પૈકી 'ગાંધીગ્રામ હાઉસીંગ સોસાયટી'ની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮/એ પૈકી રહેણાંક મકાન નં. ૬ અંગે જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી સર્વેને જાણ કરવાની કે, રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૨૦૧ પૈકીની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે **'ગાંધીગ્રામ હાઉસીંગ સોસાયટી-રાજકોટ'**ના નામે ઓળખાય છે, તેના પ્લોટ નં. ૮/એ પૈકીની જમીન ચો.મી.આ. ૫૩.૩૪ બરાબર ચો.વા.આ. ૬૭-૮૦ સહિતના રહેણાંક મકાન નં. ૬ (ટી.પી. સ્કીમ નં.૬ (રૈયા), ફાયનલ પ્લોટ નં. ૬૩૪ પૈકી) (૧) જગદીશ ભગવાનદાસ ધનાણી (૨) પવન ભગવાનદાસ ધનાણી (૩) ડો. રવિ ભગવાનદાસ ધનાણી તથા (૪) ડો. નિલેષ ચંદ્રકુમાર ધનાણીની સંયુકત માલીકી, કબ્જા, ભોગવટા અને સુખાધિકારના આવેલ છે. સદરહું મકાન તેઓએ તેમના જોગના રજી. વે.દ.નં. ૬૫૫, તા. ૧૧/૨/૨૦૧૩ના રોજથી મહેન્દ્ર જસવંતરાય ત્રિવેદી પાસેથી ખરીદ કરેલ છે અને ત્યારથી તેઓ સદરહું મકાનના સંયુકત માલીક, કબ્જેદાર અને ભોગવટેદાર છે. સદરહું મકાન તેમની પાસેથી ટાઈટલ અને ખાલી કબ્જે અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે, આ વેંચાણ પરત્વે કે તેના ટાઈટલ, માલિકી કે કબ્જા-ભોગવટા પરત્વે કોઈને કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, લેણું, કરજ, બોજો, ભરણ-પોષણનો હકક, વારસાઈ હકક કે કોઈપણ જાતનો હકક કે વાંધો-તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦(દશ)માં તેના દસ્તાવેજી પુરાવા સાથે અમોને નીચેના સરનામે લેખિત જાણ કરવી. તેમ કરવામાં કસુર થયે આ વેંચાણ પરત્વે કોઈને પણ ઉપર જણાવેલ કોઈપણ જાતનો હકક કે વાંધો-તકરાર નથી અને જો હોય તો તેઓએ તે સ્વેચ્છાએ જતો (Waive) કરેલ છે તેમ માની અને ચૂકતે અવેજ ચુકવીને અમારા અસીલ સદરહું મકાન ખરીદ કરવા અંગેની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે. ત્યારબાદ કોઈના પણ આવા કોઈપણ પ્રકારના વાંધા-તકરાર અમારા અસીલને શુધ્ધ-બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી. જેની દરેકે સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા.૧૩/૩/૨૦૨૫
અમારા મારફત :

હિતેષ એન. આશીયાણી - એડવોકેટ
તે અમારા અસીલની સુચના મુજબ તથા તેમના એડવોકેટ દરજજે

**હિતેષ એન. આશીયાણી - એડવોકેટ**
૮૦૨-ટાઈમ સ્કવેર, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ. મો.: ૯૩૨૮૭ ૬૩૧૪૪

જા.નં.-૭૫૯ | તા.-૧૦/૦૩/૨૦૨૫

## મોરબી મહાનગરપાલિકા
### ઓનલાઈન જાહેર નિવિદા

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી. ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સુધારા શેરીમાં નવું ગેરેજ બિલ્ડીંગ તથા ઓફીસ બિલ્ડીંગ બનાવવાનું કામ | ૪,૫૦૦/- | ૧,૩૯,૧૦૭/- | ૧૩૯.૧૦ લાખ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મોરબી મહાનગરપાલિકાના નવા ઓફીસ બિલ્ડીંગનું અધુરુ કામ પૂર્ણ કરવાનું કામ. | ૪,૫૦૦/- | ૧,૯૮,૬૨૬/- | ૧૯૮.૬૨ લાખ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | | તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | | તા.૦૧/૦૪/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | | તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૨૭/૦૨/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૧૫૬૨/૨૪-૨૫

## જળસંપતિ વિભાગ
### "ઇ" પ્રોક્યુરમેન્ટ નોટીસ નં.૧૦ સને ૨૦૨૪-૨૫

| | |
|---|---|
| ૧. કામનુ નામ | (૧) પ્રોવાઈડીંગ સ્કાવર વાલ્વ ઇન સૌની યોજના લિંક-૪, પેકેજ-૫ મેઇન પાઈપલાઈન એટ વિલેજ મોણપુર, તા. & જી. અમરેલી (૨) રીસરફેસિંગ વર્ક ઓફ આર.સી.સી. રોડ ઓફ એક્ષીસ્ટીંગ કોઝવે એક્રોસ રીવર રાયડી નીયર વેલેજ :મોટા બારમણ ,તા. ખાંભા,ડીસ્ટ્રીક્ટ : અમરેલી (૩) એન્યુઅલ મેઇન્ટેનન્સ ઓફ સ્પીલવે ગેઇટ એંડ અધન ડેમ એન્ડ મેનપાવર ફોર યર ૨૦૨૪-૨૫ ઓફ વડિયા ઇરીગેશન સ્કીમ (૪) એન્યુઅલ મેઇનટેનન્સ ઓફ સ્પીલવે ગેટ એન્ડ અર્ધન ડેમ ઓફ પ્રોવાઇડીંગ મેનપાવર ફોર થીઅર ૨૦૨૪-૨૫ ઓફ ખોડીયાર ઇરીગેશન સ્કીમ (૫) એન્યુઅલ મેન્ટેનન્સ ઓફ સ્પીલવે, ગેઈટ & અર્ધન ડેમ ઓફ ધાતરવડી ૨ સિંચાઈ યોજના ફોર ધ યર ૨૦૨૪-૨૫ |
| ૨. અદાજીત રકમ | (૧) રૂ. ૨૨,૪૭,૯૫૩.૫૦<br>(૨) રૂ. ૫,૮૩,૭૬૯.૮૦<br>(૩) રૂ. ૧૧,૯૨,૧૧૩.૩૦<br>(૪) રૂ. ૨૧,૩૭,૭૧૬.૯૦<br>(૫) રૂ.૧૬,૭૫,૫૭૫.૩૦ |
| ૩. ટેન્ડર ઓનલાઇન મોકલવાની છેલ્લી તારીખ/સમય | તા.૨૯-૦૩-૨૦૨૫ ૧૮-૦૦ કલાક (IST) સુધી (વેબસાઇટ nwr.nprocure.com) |
| ૪. ઓફીસનુ નામ અને સરનામુ ફોન નં. ફેકસ નં. | કાયપાલક ઇજનેરની કચેરી, અમરેલી જળસિંચન વિભાગ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧ (૦૨૭૯૨) ૨૨૨૦૦૯ ફેકસ (૦૨૭૯૨) ૨૨૩૬૩૭ |

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in & www.nprocure.com પર જોઇ શકાશે.
નોંધ:- હવે પછીના કોઇપણ સુધારાઓ હશે તે www.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે.

માહિતી/અમર/૫૫૧/૨૦૨૪-૨૫

## મામલતદાર અને તાલુકા મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(શહેર)

email:- mamcityveraval@gmail.com

## એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, કાલાવડ

email:- mam-kalavad@gujarat.gov.in

અરજી નં. 22/e-tappal/36675/03/2025

## નોટીસ


The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટના વ્યાજના દરમાં આકર્ષક વધારો (તા.૦૧.૦૭.૨૦૨૪ થી અમલમાં)
7.50% જનરલ ડિપોઝીટર માટે
8.00% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના તમામ ધિરાણ 7.95% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર આશાબેન લક્ષ્મીદાસ ગજજર વા.ઓ. મહેન્દ્રભાઈ પંચાસરા, ધર્મેઃ હિન્દુ, ઉ.વ.આ. ૬૨, ધંધોઃ ગૃહકાર્ય, રહે. 'સંકેત' ૭-ગીતાનગર, ગોંડલ રોડ, રાજકોટ. આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, મારો જન્મ તા.૮-૧૧-૧૯૬૩ના રોજ આલ્ફ્રેડ સ્કુલ પાસે, સીડીવાળી શેરી, ઢેબર રોડ, રાજકોટ ખાતે મારા ઘરે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે મારા જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ કેસ નં.૪૫/૨૦૨૫ તા.૧૨-૩-૨૦૨૫ના રોજ જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે નાયબ કલેકટર અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૧, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મેળવવા અરજદારે અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે, આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦માં લેખીત આધાર પુરાવા સાથે નાયબ કલેકટર અને સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ શહેર-૧, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૧૩-૩-૨૦૨૫

સિકકો
સબ-ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
રાજકોટ સીટી-૧


લાખ..લાખ... અભિનંદન



વર્ષોથી RSS સાથે સંકળાયેલા, સંગઠનના માહીર, મિલનસાર અને મળતાવળા સ્વભાવના તેમજ મુળ શિવનગર (પંચાસર) ગામનું ગૌરવ એવા શ્રી **જયંતિલાલ રાજકોટીયા** ની **મોરબી જીલ્લા ભાજપના પ્રમુખ** તરીકે નિમણુંક કરવામાં આવતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ આપ ઉતરોતર પ્રગતિ કરી સંગઠનને મજબુત બનાવો તેવી શુભકામનાઓ સાથે લાખ લાખ અભિનંદન...

**શ્રી જયંતિભાઈ રાજકોટીયા**
પ્રમુખશ્રી, મોરબી જીલ્લા ભાજપ

શુભેચ્છક
પરેશભાઈ એલ. પટેલ
જયંતિભાઈ ટી. રૂપાલા
મોર્ડન હોમપ્લાન-મોરબી

જીજ્ઞેશ ભટ્ટ(પરશુરામ પબ્લીસીટી, દેવઅક્ષર કોમ્પલેક્ષ, નગર દરવાજા ચોક, મોરબી)94277 21546


## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ જીલ્લા અને તાલુકાના ગામ આણંદપર (નવાગામ)ની સીમના અઘાટ હકકની છુટ પડતર જમીન લેખ નં.૧૦૦ વાળી જમીન ઉપરના ગોડાઉન આણંદપર હાઉસ નં.૭૮૪ની જમીન ક્ષેત્રફળ ચો.વા.આ.૩૭૫-૦ ઉપરના ગોડાઉન સહિતની મિલ્કત જે રાજકોટ બ્રાંચની બેંક ઓફ બરોડાએ સીકયુરાઈઝેશન એકટ હેઠળ કબ્જે કરેલ અને ત્યારબાદ આ બેંક પાસેથી શ્રી વિનેશ કદમ્બકાંત છાયાએ તેમના જોગના દ.અનુ.નં.૪૯૭૭ તા.૧૬/૭/૨૦૨૨ થી ડીડ ઓફ કન્વેયન્સથી નોંધાવી ખરીદ કરેલ છે, આમ તેના માલીક અને ભોગવટેદાર થયેલ છે.સદરહુ મિલ્કત મારા અસીલએ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહુ મિલ્કતના ઉત્તરોતર ટાઈટલ ડીડ ફાઈલમાં નિચે મુજબના ટાઈટલ પેપર્સ આવેલ હતા.જે ટાઈટલ ફાઈલ કયાંક ગુમ થઈ ગયેલ છે અને શોધવા છતાં મળી આવતી નથી.

(૧) દ.અનુ.નં.૪૯૭૭, તા.૧૬/૭/૨૦૨૨થી અમો શ્રી વિનેશ કદમ્બકાંત છાયા જોગ બેંક ઓફ બરોડાના ઓથોરાઈઝડ ઓફીસર શ્રી સંજય કુમાર સિંહા, ચીફ મેનેજર, રાજકોટએ કરી આપેલ કન્વેયન્સ ડીડ અસલ તથા રસીદ.

(૨) બેંક ઓફ બરોડા, રાજકોટ બ્રાંચ, રાજકોટએ તા.૩/૨/૨૦૧૧ થી લખી આપેલ સેલ સર્ટીફીકિટ અસલ તથા બેંક ઓફ બરોડાએ કરેલ સીકયુરાઈઝેશન એકટ હેઠળની કાર્યવાહીના પેપર્સની નકલ.

(૩) દ.અનુ.નં.૫૯૬૦, તા.૭/૯/૧૯૮૨થી શ્રી રશ્મીબેન રમણીકલાલ સાતા જોગ (૧) શ્રી દિપકકુમાર જયંતિલાલ શાહ તથા શ્રી અતુલકુમાર હીંમતલાલ શાહએ કરી આપેલ વેંચાણ દસ્તાવેજ અસલ તથા રસીદ.

(૪) દ.અનુ.નં.૫૯૫૯, તા.૭/૯/૧૯૮૨ થી (૧) શ્રી દિપકકુમાર જયંતિલાલ શાહ તથા શ્રી અતુલકુમાર હીંમતલાલ શાહએ કરી ઉત્તરોતર દસ્તાવેજો ગુમ થયા અંગેનું સોગંદનામું અસલ તથા રસીદ.

સદરહુ મિલ્કતના કબ્જા પરત્વે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ જાતના વાંધા,તકરાર, દર-દાવો, લાગભાગ, હકક, હિત,હિસ્સો, ભરણપોષણ વિગેરે હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ ૧૦ (દસ)માં નિચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો મુદ્દત દરમ્યાન કોઈના કોઈપણ પ્રકારના વાંધા, તકરાર નહીં આવે તો તે જતા (WAIVE) કરેલ છે.તેવું માનીને મારા અસીલ સદરહું મિલ્કત અંગેના ટાઈટલ ડોકયુમેન્ટની ખરીનકલ મેળવી તેને અસલ તરીકે ગણાવશે, જેની આગળની તમામ કાર્યવાહી પુર્ણ કરી લેશે, અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા-તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં, જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

રાજકોટ,તા.૧૩/૩/૨૦૨૫

**બ્રિજ એમ.કોટક એડવોકેટ**
બ્રિજ એમ.કોટક, એડવોકેટ
ઓ.-એમ.જે.ઠકકર, એડવોકેટ એન્ડ નોટરી, ૧૦-બી, પહેલો માળ, બિલ્ખા પ્લાઝા, ચોધરી હાઈસ્કૂલ પાસે, કસ્તુરબા રોડ, રાજકોટ મો.૮૮૪૯૮ ૩૩૮૧૧

### ધુળેટી-જુમ્માની નમાઝ અંતર્ગત પોલીસ એલર્ટ

# રેસકોર્સ સહિત ૩૨ સેન્સેટિવ પોઇન્ટઃ ઉચ્ચ અધિકારી સહિત ૧૬૮૦ પોલીસનો કાફલો મેદાનમાં

## ખાનગી આયોજનોમાં પોલીસ મથકની પીસીઆર વાન સહિત વધું ૧૦ ટીમો દોડવાસે, SOG ડ્રોન ઉડાડી નજર રાખશે, ક્રાઈમ બ્રાન્ચ, પેરોલ ફર્લો, EOW સહિત તમામ પોલીસ મથકનો સ્ટાફ સતત દોડતો રહેશે

### વજ, વરૂણની ટીમો પણ રેસકોર્સ સહિતના સ્થળોએ હાજર રહેશે, દુર્ગા શક્તિ, સી-ટીમ પણ રોમિયો પર સતત નજર રાખશે

રાજકોટ. તા.૧૩

ધુળેટી-જુમ્માની નમાઝ અંતર્ગત પોલીસ એલર્ટ મોડમાં આવી છે અને રેસકોર્સ સહિત ૩૨ સેન્સેટિવ પોઇન્ટ આઇડેન્ટિફાય કરી ઉચ્ચ અધિકારી સહિત ૧૬૮૦ પોલીસનો કાફલો મેદાનમાં ઉતારવામાં આવ્યો છે. ૩૨ સેન્સેટિવ પોઇન્ટમાં સૌથી વધું ભક્તિનગર-થોરાળા પોલીસ મથકના નોંધાયા છે.

જે સમગ્ર મામલે ડીસીપી ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા માહિતી આપવામાં આવી હતી કે, આવતીકાલે ધુળેટીનો પર્વ હોય જે મામલે શહેર પોલીસ એલર્ટ છે. જેમાં તમામ પોલીસ મથકમાં સંવેદનશીલ અને ઉજવણી પોઇન્ટ આઇડેન્ટિફાય કરવામાં આવ્યાં છે. જેમાં રેસકોર્સ સહિત ૩૨ પોઇન્ટ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યાં છે. જેમાં સૌથી વધુ ભક્તિનગર અને થોરાળા પોલીસ મથકમાં પોઇન્ટ નક્કી થયાં છે.

ઉપરાંત મહત્તમ અધિકારી અને પોલીસ સ્ટાફ તમામ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરશે. જેમાં ક્રાઇમ બ્રાન્ચ, એસઓજી, પેરોલ ફર્લો અને આર્થિક ગુના નિવારણની ટીમ પણ તમામ પોલીસ મથક વિસ્તારમાં સતત ફરતી રહેશે. તેમજ વજ અને વરૂણની ટીમો પણ રેસકોર્સ સહિતના સ્થળોએ વોચ રાખશે.તેમજ રમજાન મહિનો પણ ચાલું હોય અને આવતીકાલે જુમ્માની નમાઝ પણ સાથે હોય જેથી હિન્દૂ-મુસ્લિમ આગેવાનોની શાંતિ સમિતિની બેઠક પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા તમામ પોલીસ મથકમાં બોલાવવામાં આવી હતી. ખાસ જે વિસ્તારોમાં ધુળેટીની ઉજવણી માટે ખાનગી આયોજન કરવામાં આવ્યાં છે તેની તમામ પોલીસ મથક દ્વારા યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં એસઓજીની ટીમ તે સ્થળો સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન મારફત નજર રાખશે. તેમજ ચાલું વાહન પર કે કલર ભરેલ ફુગ્ગા ઉડાડી જાહેરમાં લોકોનો લાગણી દુભાઈ તેવું કૃત્ય કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

તેમજ યુવતીઓની છેડતી ન થાય તે માટે દુર્ગા શક્તિ, સી-ટીમની ટીમ સતત ઉજવણીઓની વચ્ચે રહી રોમીયો પર નજર રાખશે. સોસિયલ મિડીયામાં કોઈની લાગણી દુભાઈ તેવા મેસેજ ન થાય તે માટે સાયબર ક્રાઈમની ટીમ પણ સતત ધ્યાન રાખશે.

### તમારી લાગણી દુભાઈ છે, તો વિડીયોગ્રાફી કરી પોલીસને ટેગ કરો

ધુળેટીના તહેવાર પર લોકો મન મુકીને રંગે રંગાતાં હોય છે. ત્યારે અમુક ટીખળ કરતાં શખ્સો સામાન્ય લોકો હેરાન થાય તેવા કૃત્ય પણ કરતાં હોય છે. ત્યારે પોલીસે અપીલ કરી છે કે, જે લોકોની લાગણી દુભાઈ તેવા કૃત્ય કોઈ શખ્સો કરે છે તો તેની વિડીયોગ્રાફી કરી પોલીસના ઇન્સ્ટાગ્રામ તેમજ ટ્વીટર પર ટેગ કરી જાણ કરી શકો છો.



# રાજકોટ ફાયર બ્રિગેડના ઈમરજન્સી નંબર એક કલાક સુધી ઠપ્પ રહ્યા, બીએસએનએલના અધિકારીઓમાં દોડધામ

## કનક રોડ સહિતના ફાયર સ્ટેશનોનો લેન્ડ લાઈન નંબર ઉપરાંત ૧૦૧ અને ૧૦૨ નંબર પણ બંધ રહ્યા હતા

રાજકોટ, તા.૧૩

રાજકોટ ફાયર બ્રિગેડના ઇમરજન્સી નંબર એક કલાક સુધી ઠપ્પ રહ્યા હતા. જેને પગલે બીએસએનએલના અધિકારીઓમાં દોડધામ મચી ગઈ હતી. કનક રોડ ફાયર સ્ટેશનનો લેન્ડ લાઈન નંબર ઉપરાંત ૧૦૧ અને ૧૦૨ નંબર પણ બંધ રહ્યા હતા.

આ અંગે મળતી વિગત મુજબ, ફાયર વિભાગના ઇમરજન્સી નંબર કોઈ પણ આપત્કાલીન સ્થિતિમાં ચાલુ રહેતા હોય છે. પૂર હોય, વાવાઝોડું હોય, કે કોઈ પણ સ્થિતિમાં રેસ્ક્યુ માટે ફાયર વિભાગનો સંપર્ક થઈ શકે છે. પણ આજે રાજકોટ મનપાના ફાયર બ્રિગેડના તમામ ફાયર સ્ટેશનોના ઓફિસિયલ લેન્ડ લાઈન નંબર ઠપ્પ થઈ ગયા હતા. જેને પગલે દેકારો બોલી ગયો હતો. ખુદ ફાયર વિભાગના અધિકારીઓ પણ ચિંતામાં મુકાયા હતા. કોઈ આગનો કે તેના જેવો બનાવ બંને તો લોકો ફાયર બ્રિગેડનો સંપર્ક કેમ કરે તેને લઈ ચિંતા વ્યાપી ગઈ હતી. રાજકોટ મનપા ફાયર બ્રિગેડના કાલાવડ રોડ ફાયર સ્ટેશન, બેડીપરા ફાયર સ્ટેશન, રામાપીર ચોકડી ફાયર સ્ટેશન, રેલનગર ફાયર સ્ટેશન, મવડી રોડ ફાયર સ્ટેશન, મોરબી રોડ ઓવર બ્રિજ ફાયર સ્ટેશન, અને કનક રોડ મુખ્ય ફાયર સ્ટેશનના નંબરો બંધ રહેતા બીએસએનએલના અધિકારીઓ દોડી ગયા હતા. તત્કાલ કામગીરી કરી હતી ટેનિકલ ફોલ્ટના કારણે નંબરો બંધ થયા હતા. પ્રથમ ૧૦૧ અને ૧૦૨ ઇમરજન્સી નંબર બપોરે ૨ વાગ્યાં બાદ કાર્યરત થઈ ગયા હતા. ત્યારબાદ ટૂંકા ગાળામાં જ તબક્કા વાર બધા ફાયર સ્ટેશનના નંબર શરૂ થઈ ગયા હતા.



તસ્વીરઃ પંકજ શિશાંગીયા

# ખોરાણા ગામે સિમ વિસ્તારમાં ૧૮ વર્ષીય યુવતીનો ઝેરી દવા પી આપઘાત

કુવાડવાના ખોરાણા ગામે રમેશભાઈની વાડીમાં રહી ખેત મજૂરી કરતાં મુળ પાટણ પંથકની ૧૮ વર્ષીય યુવતીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી.પ્રાપ્ત વિગત મુજબ, કુવાડવાના ખોરાણા ગામે રહેતાં મૂળ પાટણ પંથકના ભગાભાઇ વાઘેલાની દિકરી ભારતી (ઉ.વ.૧૮)એ ગત આઠમી તારીખે વાડીએ ઝેરી દવા પી લેતાં કુવાડવા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ સવારે મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.આપઘાત કરનાર ભારતી ત્રણ બહેન અને એક ભાઇમાં મોટી હતી. પરિવારજનોએ કહ્યું હતું કે ભારતીને કોઇ તકલીફ નહોતી. તેણે આ પગલુ શા માટે ભર્યુ તેનાથી અમે પણ અજાણ છે. કુવાડવા રોડ પોલીસ મથકના લક્ષ્મણભાઇ મહાજને જરૂરી કાર્યવાહી કરી કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

# ધૂળેટી પૂર્વે પ્યાસીઓ પર પોલીસના દરોડાઃ ૧૩ શખ્સોને દારૂ-બિયરના જથ્થા સાથે પકડયા

### એ ડીવીઝનમાં-૨, બી.ડીવીઝન-૫, આજીડેમ-૨, અને યુનિ.પોલીસ મથકમાં ૨ ગુના નોંધાયાઃ રૂા.૧.૧૨ લાખનો મુદામાલ જપ્ત

રાજકોટ તા.૧૩

ધૂળેટી પૂર્વે પ્યાસીઓ પર પોલીસે દરોડા પાડી ૧૩ શખ્સોને દારૂ-બીયરનાં જથ્થા સાથે પકડી પાડી રૂા.૧.૧૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જેમાં એ.ડીવી.બી.ડીવીઝન આજીડેમ અને યુનિ.પોલીસની ટીમે કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ એ.ડીવીઝન પોલીસની ટીમે જીલ્લા ગાર્ડન ચોક પાસે જાહેર રોડ પરથી કિશન વિજય ફીચડીયા ઉ.વ.૨૫ ને દારૂની ૧ બોટલ સાથે તેમજ લોહાનગર મફતીયાપરા રોડ પરથી પાર્થ પ્રવિણ શુકલા ઉ.વ.૨૫ ને બિયરના ૨૫ ટીન સાથે પકડી પાડયા હતા તેમજ બી.ડીવીઝન પોલીસે પેડક રોડ સેટેલાઈટ ચોક નજીક જાહેર રોડ પરથી વિશાલ ભરત મકવાણાને દારૂની ૧ બોટલ સાથે મનહર સોસાયટી શેરી નં.૧ હરગંગે વે-બ્રિજ પાસે માર્કેટીંગ યાર્ડ રોડ પરથી જયેશ લખમણ કતકપરને દારૂની ૧૨૨ બોટલ સાથે પકડી પાડયા હતા.તેમજ સપ્લાયર ધવલ ધીરેન પુજારાની શોધખોળ હાથ ધરી છે તેમજ મોરબી રોડ જકાતનાકાથી વેલનાથપરા પુલ પહેલા હરેશ ઉર્ફે ભુરો મોતી જાદવને દારૂની ૩૬ બોટલ સાથે પકડી પાડયા હતો અને માર્કેટીંગ યાર્ડ પાસે કરણભાઈ ગાર્ડન નજીક રોડ પરથી મયુર રેવા બોસરીયાને દારૂની બે બોટલ સાથે ઝડપી પાડયા હતા.ઉપરાંત જુનો મોરબી રોડ ધોળકીયા સ્કુલની સામે જય દ્વારકેશ પાન નામની દુકાન પાસેથી પ્રિયાંશ ઉર્ફે પીલા જીતેન્દ્ર ચૌહાણને દારૂની ૧ બોટલ સાથે પકડી પાડયો હતો.

તેમજ આજીડેમ પોલીસે સંતકબીર રોડ નાલાથી દુધસાગર રોડ તરફ જતાં સર્વીસ રોડ પરથી એક સગીરને પિયુષ રમેશ ચોવટીયાને દારૂની ૨૦ બોટલ સાથે પકડી પાડયા હતા તેમજ હુડકો ચોકડી પાસે મોમાઈ હોટેલ પાસેથી કિશન પ્રવિણ અને હરીશંકર રામચરણ તિવારીને દારૂની ૧ બોટલ સાથે પકડી કાર્યવાહી કરી હતી.

# યુવા વકીલ કુલદીપ ડાંગરનો કાલે જન્મદિન



રાજકોટના યુવા એડવોકેટ કુલદીપ એચ. ડાંગરનો આવતીકાલે તા. ૧૪ માર્ચના રોજ જન્મદિવસ છે. નાની ઉંમરમાં તેઓએ વકીલાત ક્ષેત્રમાં પ્રગતિ કરેલ છે. તેઓ રેવન્યુ ક્ષેત્રે પ્રેક્ટિસ કરી રહ્યા છે. આહીર વૈચારીક ક્રાંતિ ગ્રુપમાં જિલ્લા મીડિયા કન્વીનર છે. તેમના જન્મદિવસે વકીલ મિત્રો, ગ્રુપ સર્કલ, સગા સ્નેહીજનો, મો. નંબર ૭૯૯૦૬૩૯૮૭૫ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# કાતરના આડેધડ ઘા મારી હત્યાની કોશિશ કર્યાના ગુન્હામાં આરોપી રવિ રબારીનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૧૩

રાજકોટમાં કાતરના આડેધડ ઘા મારી હત્યાની કોશિશ કર્યાના ગુન્હામાં આરોપી રવિ રબારીનો નિર્દોષ છુટકારો થયો છે.

કેસની વિગત મુજબ, તા. ૨૪/૬/૨૦૨૦ના રોજ ફરિયાદી મહાવીરસિંહ ભાવેશભાઈ ચૌહાણે ગાંધીગ્રામ-૨(યુનિ) પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ મેરામ મોરી ઉર્ફે રવિ રબારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવેલ કે, ફરિયાદી પોતાના ઘર પાસેથી યુનિવર્સિટી રોડ ઉપર આવેલ નકલંક હોટલે ચા પીવા જતો હતો ત્યારે ત્યાં રોડ ઉપર માણસોનુ ટોળું જોવામાં આવતા ફરિયાદી મહાવીરસિંહે તુરંત ત્યાં જઈને જોયું તો તેનો મિત્ર ઇજા પામનાર રજત ઉર્ફે મુંગો ઘનશ્યામભાઈ ગોંડલીયા લોહી લોહાણ હાલતમાં ત્યાં પડેલો હતો. ૧૦૮માં રજતને સરકારી દવાખાને લઈ જવા નીકળેલ. રસ્તામાં ફરિયાદી મહાવીરસિંહ ચૌહાણને ઇજા પામનાર રજત ઉર્ફે મુંગાએ જણાવેલ કે રવિ રબારીએ તેને કારણ વગર જાનથી મારી નાખવાના ઇરાદે ગંભીર હથિયાર કાતર વડે આડેઘડ ઘા મારી ઇજા પહોચડેલ છે. વાંસાના ભાગે ત્રણ ઘા, પેટમાં આંતરડાની નીચે ઊંડા ઘા, તથા જમણા હાથે કોણીના ભાગે ઇજાઓ થયેલ હતી. હત્યાની કોશિશનો ગુનો નોંધી પોલીસે આરોપી રવિ રબારીની ધરપકડ કરેલ હતી.



રૂપરાજસિંહ પરમાર
એડવોકેટ

રાજકોટ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતાં આરોપીના વકીલની દલીલો સાંભળ્યા બાદ તથા આરોપી તરફે ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાને લઈ રાજકોટ એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી રવિ રબારીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં હુકમ કરાયો હતો. આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફેઝાનભાઈ સમા, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા રોકાયેલ હતા.

## અવસાન નોંધ

**રાજકોટઃ** સ્વ. અજરામર અભેચંદ દોશીની પુત્રી મંજુલાબેન (પૂર્વ આચાર્યા બેડી પ્રાથમિક શાળા) તે સ્વ. જયંતિભાઈ, બકુલભાઈ દોશી (રાજકોટ નાગરિક બેંક), સ્વ. તારાબેન શાહ, સ્વ. કુમુદીબેન બાટવીયા, સ્વ. કુસુમબેન પારેખના બહેન, અજીતભાઈ (કેએપી એકસલ), ચિરાગભાઈ, દર્શનભાઈ (મહાવીર ટ્રેડીંગ કંપની)ના ફૈબા તેમજ માલીનીબેન તથા ભકિતબેનના ફઈ, કરન તથા હિતાર્થના દાદી, સ્વ. બીપીનભાઈ, મયુરભાઈ શાહ (બીજેપી)ના માસી ત.૧૨ના અરીહંત શરણ પામેલ છે. ઉઠમણું-પ્રાર્થનાસભા તા.૧૫ને શનિવારે સવારે ૧૦થી ૧૦-૩૦ પ્રાર્થનાસભા સવારે ૧૦-૩૦થી ૧૧-૩૦ સદર સ્થા.જૈન સંઘ, સદર ઉપાશ્રય, ૧૭ પંચનાથ પ્લોટ, મોટી ટાંકી પાસે, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** મુળ વિરપુર (જલારામ) નિવાસી હાલ રાજકોટ સ્વ. વલ્લભદાસ નારણદાસ રાજદેવના ધર્મપત્ની નલિનીબેન વલ્લભદાસ રાજદેવ (ઉ.૯૦) તે સંજયભાઈ રાજદેવ, હીનાબેન નીતીન ભૂપતાણી, જયમાલાબેન તરૂણ ઠક્કર, પ્રજ્ઞાબેન પંકજ ચગ, ચેતનાબેન કેતન કટારીયા, વર્ષાબેન જયેશ ખીમાણીના માતુશ્રી, જાગૃતીબેનના સાસુ, ઉર્વીના દાદી, સ્વ. મોહનલાલ દેવચંદ જીવરાજાનીની દિકરી તા.૧૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા.૧૫ને શનિવારે સાંજે ૫થી ૬ રામજી મંદીર, રામનગર મેઈન રોડ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** અક્ષર નિવાસી નિશાબેન અમિતભાઈ મકવાણા (નિશાબેન નાગજીભાઈ નાંડોરીયા- એસપીઆઈ) (ઉ.૩૯) તે અમિતભાઈ મકવાણાના માતુશ્રી તથા શાંતિલાલ (નાનુભાઈ) ભીમજીભાઈ મકવાણા અને સરલાબેન શાંતિલાલ મકવાણાના પુત્રવધુ, જયદીપભાઈ શાંતિલાલ મકવાણા અને હેમાલીબેન જયદીપભાઈ મકવાણાના ભાભી તથા નાગજીભાઈ મનજીભાઈ નાંડોરીયા અને કિશોરીબેન નાગજીભાઈ નાંડોરીયાના દીકરી તથા હરકિશનભાઈ, અજયભાઈના બહેન તા.૧૨ના અક્ષરધામ ગમન થયેલ છે. બેસણું તા.૧૫ના ૫થી ૭ વિઠલજી કાલીદાસ મહેતા બ્રાહ્મણ બોર્ડીંગ, ઢોલારીયાનગર-૬, રાજાણીના દવાખાનાની બાજુમાં કુંદન હોસ્પિટલની પાછળ, ગાયત્રીનગર મેઈન રોડ, રાજકોટ રાખેલ છે. શાંતિલાલ મો.૯૩૭૬૨ ૯૧૯૦૦.

## લીલાવંતી હોસ્પિટલ

(પહેલા પાનાનું ચાલું)

પોલીસ પણ ચોંકી ગઈ છે અને આ અંગે હવે ડીએનએ ટેસ્ટ કરાવાશે જેથી હોસ્પીટલમાં દાખલ થયેલા કોઈ દર્દીના હાડકા કે વાળ છે કે કેમ તે અંગે પણ તપાસ કરાશે. લીલાવંત કિર્તીલાલ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત હોસ્પીટલમાં જે ભંડોળ આપવામાં આવ્યુ છે તેમાં ફોરેન્સીક ઓડીટ સમયે રૂા.૧૫૦૦ કરોડની ગોલમાલ થઈ હોવાનું બહાર આવ્યુ છે. ખાસ કરીને ગુજરાતથી અહી સારવાર માટે આવેલા એક દર્દીના કીંમતી ઘરેણા અને અન્ય વસ્તુ ચોરાઈ જતા તેની તપાસમાં સમગ્ર કૌભાંડનો ઘટ્ટસ્ફોટ થયો હતો અને હોસ્પીટલના ચોપડા તપાસતાં તેમાં ગોટાળા બહાર આવ્યા હતા. આ હોસ્પીટલના મોટાભાગના પુર્વ ટ્રસ્ટીઓ એનઆરઆઈ છે અને દુબઈ અને બેલ્જીયમમાં રહે છે તેમને પણ સમન્સ મોકલાશે.

## શેરબજાર

(પહેલા પાનાનું ચાલું)

રકમ ગુમાવી હવે તેણે પેમેન્ટ કરવાનું હતું અને તેથી સાસુ-સસરાના ઘરેણા વિ. ચોરવા માટે બન્નેની હત્યા કરી.

આ ફકત એક જ ઘટના નથી. મહાનગરોની નાના શહેરોમાં પણ હવે શેરબજાર કડાકાની અસર છે. હાલમા જ એક કુટુંબે આત્મહત્યા કરી. કારણ કે તેને સ્ટોકમાર્કેટના પેમેન્ટનું દબાણ હતું જે તમો કરી શકે તેમ ન હતા. સુરતમાં હીરાબજારની મંદીએ પણ હવે ભોગ લેવા લાગ્યા છે. લોકો સસ્તામાં ઘર-વાહન વેચી રહ્યા છે. બાળકોને સસ્તી શાળામાં દાખલ કરવા માંગે છે.

ઓનલાઈન બેટીંગ, ગેમીંગમાં પણ યુવાનો સતત નાણા ગુમાવે છે. ઓનલાઈન લોન જે મીનીટોમાં અપાય છે તેમાં પણ રીપેમેન્ટ શકય નહી બનતા અંતે તે આત્મહત્યા કરે છે.

## દશાશ્રી માળી સ્થાનકવાસી જૈન મરણ

રાજકોટઃ સૌ.અરૂણાબેન નાથાલાલ કોઠારી તા.૯ના અરિહંતશરણ થયેલ છે. તે વડાલ નિવાસી હાલ મલાડ સ્વ.સુભદ્રાબેન નાથાલાલ કોઠારીની દિકરી, સ્વ.હરેશભાઈ, મુકેશભાઈ, મહેશભાઈની બેન પ્રજ્ઞા,મીના,ઈલાના નણંદ તેમજ સેજલ તથા એકતાના મમ્મી થાય લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. મુકેશ ભાઈ ૯૩૨૨૧૩૯૮૮૩, મહેશભાઈ ૯૩૨૨૨૧૦૮૨૮

## ડો.નેહલ શુકલ

(છેલ્લા પાનાનું ચાલું)

અને ૨૪-૨૫માં સ્થાયી સમિતિ દ્વારા જે કામની ખર્ચની રકમ મંજૂર કરવામાં આવી છે તે મંજૂર થયેલ રકમ કરતા ૧૦ ટકાથી વધુ ખર્ચ વધતો હોય તેવા દરેક ટેન્ડર, બીડરનું નામ, બીડરને વધારાની કેટલી રકમ ચૂકવવામાં આવી કે ચૂકવવાની બાકી છે તેની સંપૂર્ણ વિગતો આપવી.

એકંદરે પદાધિકારી દ્વારા છેલ્લા બે વર્ષના પ્લાન, કમ્પલીશન, ટેન્ડર, યોજના અને વિકાસ કામોના ખર્ચ, ચૂકવવામાં આવેલી વધારાની રકમ સહિતના વહીવટનો રીતસર ચોપડો જ માંગી લેવામાં આવ્યો છે. લાંબા સમયે કોર્પો.ની લગભગ તમામ શાખાના ઇજનેરો સહિતના અધિકારીઓને ઉંધા માથે થઇને આ વિગતો કાઢવી પડે તેવી નોબત છે. સાથે જ જનરલ બોર્ડમાં આ લેખિત જવાબ અપાય ત્યારે તેની વિગત પરથી હલચલ મચે તેવી શકયતા પણ નકારાતી નથી.

એક તરફ કોંગ્રેસ રાજકોટમાં બેઠી થવા પ્રયાસ કરે છે ત્યારે ખરેખર તો વિપક્ષે આવા પ્રશ્નો કાઢીને રેકર્ડ પર ધગધગતી માહિતી કઢાવવી જોઇએ. તેના બદલે શાસક પક્ષના સભ્યએ જાહેરહિત અને તિજોરીના હિતમાં આવો હિસાબ માંગતા ડો.આંબેડકર ભવનથી કમલમ સુધી પડઘા પડયાનું જાણવા મળ્યું છે.

## છેતરપીંડી

(છેલ્લા પાનાનું ચાલું)

આ કૌભાંડ આચરનારાએ તમામ પૈસાનો વ્યવહાર ઓનલાઈન કરાવ્યો હતો. જેમાં પીડિતને ત્રજીજીઈ નો નકલી એપોઇમેન્ટ લેટર આપવામાં આવ્યો હતો તેમજ અનેક યુવાનોને નકલી આઈકાર્ડ બનાવી આપી અંદાજિત ૪૫ લોકો સાથે આ પ્રમાણે છેતરપિંડી કરી હતી.

પીડિતે આ છેતરપિંડી મામલે અમદાવાદના ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવા અરજી આપી હતી. આ અરજીના બે મહિના બાદ વટવા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ દાખલ કરવા ગયા હતા પરંતુ ત્યાં પણ સામાન્ય અરજી લઈને આજદિન સુધી કોઈ જગાએ ગુનો નોંધવામાં આવી નથી. આરોપી વિરુદ્ધ તમામ પુરાવા હોવા છતા એફ.આઇ.આર દાખલ કરવામા આવતી જેમાં ઉચ્ચ કક્ષાએ છેક અધિકારીઓથી મંત્રીઓ સુધી અરજી મોકલવાના ૨ મહીના ઉપર થઇ ગયા હોવા છતા આજદિન સુધી કોઈપણ કાર્યવાહી થઈ નથી.

# હાસ્ય રસના કાર્યક્રમમાં લોકોને રસ ન પડયો : હિન્દી કવિ સંમેલનમાં ઉડે ઉડે : પદાધિકારીઓએ પણ ચાલતી પકડી!

## મનપાનો વધુ એક કાર્યક્રમ લોકોને આકર્ષવામાં નિષ્ફળ : ચૂંટાયેલા લોકો પ્રવચન કરીને નીકળી જતા સોફા પણ ખાલી રહ્યા




રાજકોટ, તા. ૧૩

મહાનગરપાલિકા દ્વારા ગઇકાલે હોળી-ધુળેટી પર્વની ઉજવણી અંતર્ગત 'હિન્દી હાસ્ય કવિ સંમેલન' હોલી કે રંગ હાસ્ય રંગ કે સંગ કવિશ્રી રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે યોજાયું હતું. પરંતુ કોર્પો.નો આ વધુ એક કાર્યક્રમ લોકભોગ્ય બનવાને બદલે માત્ર સરકારી કાર્યક્રમ જેવો બની રહ્યો હતો. કોર્પો.ના જ કોઇ ઓડીટોરીયમમાં સમાઇ જાય એટલા લોકો જ આ કાર્યક્રમ માણવા પહોંચ્યા હતા. તંત્રએ સસ્તા ખર્ચમાં કાર્યક્રમ કર્યાનો દાવો કર્યો હતો, પરંતુ પ્રજાને 'મજા' ન આવે તેવા કાર્યક્રમોની પરંપરામાં ફેરફાર કરવો જોઇએ તેવું પણ લોકોએ કહ્યું હતું.

આ કાર્યક્રમનું દિપ પ્રાગટય વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાયું હતું. જેમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ભાજપ પ્રમુખ ડો.માધવભાઈ દવે, પદાધિકારીઓ, કમિશ્નર સહિતના અધિકારીઓ, કોર્પોરેટરો હાજર રહ્યા હતા. પરંતુ દીપ પ્રાગટય બાદ થોડી મીનીટોમાં જ ખુદ પદાધિકારીઓએ પણ ચાલતી પકડી હતી. આ કારણે સત્તાવાર ફોટોગ્રાફસમાં પણ આગળના સોફા ખાલી જોવા મળતા હતા!આ હિન્દી હાસ્ય કવિ સંમેલન હોલી કે રંગ હાસ્ય રસ કે સંગમાં કવિઓ સુરેશ અલબેલા (મુંબઈ-મહારાષ્ટ્ર)લાફ્ટર ચેમ્પિયન, મુન્ના બેટરી (મંદસૌર-મધ્ય પ્રદેશ)લાફ્ટર જેનરે.(શૈલી), મનોહર મનોજ (કટની-મધ્ય પ્રદેશ)હાસ્ય સમ્રાટ, ખુશ્બુ શર્મા (ન્યુ દિલ્હી)કવિતા અને ગઝલ, હિમાંશુ બવંડર (ઉજ્જૈન-મધ્ય પ્રદેશ)લાફ્ટર જેનરે.(શૈલી), સુમિત મિશ્રા (ઓરછા-મધ્ય પ્રદેશ)દેશભક્તિ, વીરરસ વગેરેએ શ્રોતાઓને હાસ્યની છોળો સાથે અવનવી કવિતા પીરસી અને હસાવવા પૂરતા પ્રયત્ન કર્યા હતા. પરંતુ વિશાળ મેદાનમાં ચાર આંકડામાં પણ લોકોની સંખ્યા થઇ ન હતી. આથી અમુક આવા કાર્યક્રમ કોર્પો.ના ઓડીટોરીયમમાં જ કરી લેવા જોઇએ તેવું જાણકારોને લાગતું હતું.

આ કાર્યક્રમમાં આવેલા કવિઓનો કુલ ખર્ચ ચારથી સાડા ચાર લાખ થયો છે. મંડપ, લાઇટીંગ સહિતનો ખર્ચ મળી કુલ ૧૦ લાખમાં કાર્યક્રમ પુરો થઇ જાય તેવી ગણતરી નકકી કરાઇ હતી. પરંતુ ૧૦ લાખના ઓછા ખર્ચમાં પણ દર વર્ષે નકકી રહેલા આયોજન મુજબના કાર્યક્રમને પણ સારો બનાવવાના તંત્રના પ્રયાસો સફળ થયા નથી. લોકોને આકર્ષી શકે તેવા કાર્યક્રમની ખોટ વર્તાતી હોવાનું ખાલી ખુરશી, સોફા અને ભારતીય બેઠક પરથી સ્પષ્ટ દેખાતું હતું. હવે શાસકોએ લોકોને રસ પડે તેવા કોઇ નવા અને સારા કાર્યક્રમ લાવવા જોઇએ તેવું પણ કલાપ્રેમી લોકો કહેતા હતા.





## પોલીસ

(છેલ્લા પાનાનું ચાલું)

ત્યારે હવે સૌરાષ્ટ્ર યુની. નો કલાર્ક તો જબરો નીકળ્યો અને પોલીસ પાસે જ લાંચ માંગી લીધી હતી. શહેર ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલને બીએ સેમ.૬ માં એટીકિટી હોવાથી પરીક્ષા આપવા માટે કલાર્કનો સંપર્ક કર્યો હતો. કલાર્ક હિરેન પદવાણીએ ફોર્મ ભરવાની કાર્યવાહી માટે રૂ.૫ હજારની લાંચ માંગી હતી અને જે લાંચ સ્વીકારતા રંગેહાથ રાજકોટ એસીબીની ટીમે પકડી પાડ્યા હતાં.

પ્રાપ્ત વિગત મુજબ, ફરીયાદી પોતે અભ્યાસ કરતા હોય અને પોતાને સેમેસ્ટર-૬ નું એટીકિટી માટેનું ફોર્મ ભરવાનું શરત ચૂકથી રહી ગયેલ હતું. જે સેમેસ્ટર-૬ નું લેટ ફોર્મ ભરાવા માટે સૌરાષ્ટ્ર યુની. ના પરીક્ષા વિભાગનો સંપર્ક કર્યો હતો. ત્યારે પરીક્ષા વિભાગમાં કરાર આધારિત કલાર્ક તરીકે નોકરી કરતાં હિરેન જગદીશ પદવાણી (ઉ.વ.૩૬) એ લેટ ફોર્મ ભરવા માટે કાર્યવાહી કરવી પડે અને ફોર્મ ભરવાની અવેજ માટે રૂ.૫ હજારની લાંચ માંગી હતી.

જેથી અરજદાર પોતે રાજકોટ શહેર પોલીસમાં ટ્રાફિક વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં હોય અને તેમને લાંચ આપવી ન હોય જેથી રાજકોટ એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબી ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલ ના સુપરવીઝન હેઠળ પીઆઈ પી.એ.દેકાવાડીયા અને ટીમે ટ્રેપ ગોઠવી હતી. અરજદાર પોતે લાંચની રકમ આપવા ગયા અને આરોપીએ લાંચ સ્વીકારતા જ એસીબીની ટીમ ત્રાટકી હતી અને આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. એસીબીની ટીમે આરોપીને પકડી સઘન પૂછતાછ આદરી તેના રહેણાંક મકાન પર તપાસ હાથ ધરી રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

## ટ્રેડ-ટેરિફ

(પહેલા પાનાનું ચાલું)

ટેરીફનું વિધાન પણ કરવામાં આવ્યું હતું. વ્હાઈટ હાઉસે ગઈકાલે જ એવુ નિવેદન કર્યું હતું કે ભારત આલ્કોહોલ પર ૧૫૦ ટકા તથા કૃષિ પેદાશો પર ૧૦૦ ટકા ડયુટી વસુલે છે તે મંજુર નથી.

ટ્રમ્પ દ્વારા ૨ એપ્રિલથી ભારત સહીત તમામ દેશો પર ટેસીરોકલ ટેરીફ લાગુ કરવાનું અગાઉ જ જાહેર કરી દેવાયું હતું ઉંચા ટેરીફ લગાવીને દુનિયાના દેશોએ અમેરિકાને વર્ષોથી લુટયુ છે. અને હવે તે ચાલવા નહિં દેવાય ભારત ૧૦૦ ટકાથી વધુ ટેરીફ વસુલે છે ચીન અમારા કરતા ડબલ અને દક્ષિણ કોરીયા ચાર ગણી ટેરીફ વસુલે છે. મૈત્રીભર્યા સંબંધો વચ્ચે પણ આવા કૃત્ય કરવામાં આવે છે.

## નયનાબેન

(છેલ્લા પાનાનું ચાલું)

વર્ષો બાદ આવો ફેરબદલ થયો છે જે માટે કેટલાક રાજકીય સંજોગો પણ જવાબદાર માનવામાં આવે છે.

દરમ્યાન નેહલ શુકલના પ્રશ્ન અંગે મેયરનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, એજન્ડાના દિવસે બપોર બાદ તેમનો પ્રશ્ન આવ્યો હતો. સમય મર્યાદામાં કોઇ પણ સભ્યના પ્રશ્ન આવે તેને સ્થાન આપવાનું હોય છે. આ મુજબ નેહલભાઇના ત્રણ પ્રશ્ન પ્રશ્નોત્તરીમાં સામેલ કરાયા છે. તેઓ સવારે બહારગામ હોવાની જાણ કરી હતી.

## ટ્રમ્પ

(પહેલા પાનાનું ચાલું)

વિરામ સંબંધી કોઈ માહિતી અમેરિકા તરફથી મળી નથી અને જે કઈ સમજુતી થાય તેમાં રશિયન દળોની આગેકૂચ પણ અમારી ચિંતાનો પડઘો પાડનારી હોવી જરૂરી છે.

બીજી તરફ ટ્રમ્પે કહ્યું કે રશિયા યુદ્ધ વિરામનો અર્થ સમજશે પણ તેના જવાબની ઘણી અપક્ષા રખાય છે. તેઓએ કહ્યું કે જો રશિયા માને નહી તો હું આર્થિક પ્રતિબંધ લાદી શકુ છુ જે સૌથી મજબૂત પગલુ હશે. હજુ મે તેની પુરી માહિતી તૈયાર કરી નથી પણ ચોકકસપણે આ પ્રકારના પ્રતિબંધો યુક્રેનને મજબૂત બનાવશે.

## ડીલીટ

(પહેલા પાનાનું ચાલું)

ઓલવેલ નહી હોવાના સંકેત છે અને ગઈકાલે જ કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી શ્રી અશ્વીની વૈષ્ણવે પહેલા સ્ટારલીંકના ભારતમાં આગમનને વધાવ્યા બાદ એક કલાકમાં તે પોષ્ટ એકસ પરથી ડિલીટ કરી તે પણ જબરી ચર્ચાનો વિષય બની છે. અગાઉ રીલાયન્સ અને એરટેલ બન્ને સ્ટારલીંકને સ્પેકટ્રમ લીલામી નહી પણ એડમીનીસ્ટેટીવ એટલે કે સરકારને ભાવ નકકી કરે તે મુજબ આપવાનો વિરોધ કર્યો હતો અને તેનાથી અમેરિકી કંપનીને બિનજરૂરી ફાયદો થશે અને સ્પર્ધા સર્જાશે નહી તેનો ભય વ્યકત કર્યો હતો. હજું સ્ટારલીંકની અરજી પર સરકાર વિચારણા કરતી હતી અને તેના સેવાના નિયમો પર પણ નિર્ણય લેવાયો નહી તે પુર્વે જ જે રીતે બે ટેલીકોમ કંપનીઓએ રાતોરાત સ્ટારલીંક સામે જોડાણના જાહેરાત કરી તે પણ સરકારના દબાણ હેઠળ જ જાહેરાત થઈ હોવાનું માનવામાં આવે છે અને તેમાં કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવનું ટવીટ અંતે ડીલીટ કરાયુ તેણે ચર્ચાની આગમાં ઘી હોમવાની સ્થિતિ બની છે. આ કારણોસર તેઓએ આ પોષ્ટ કે ટવીટ ડીલીટ કરવી પડી તે પણ ચર્ચા છે તો બીજી બાજુ સરકાર પણ દબાણમાં હોવાનું ખુલ્યુ છે. આમ આ સમગ્ર ડીલમાં અનેક નવા પ્રશ્નો સર્જાયા છે. સરકારે અગાઉ ટેસ્લાને પ્રવેશ આપવા અનેક શરતો મુકી હતી હવે તેની આયાતી કાર માટે દરવાજા ખોલી નાંખ્યા છે અને તેમાં સ્થાનિક ઉત્પાદનની જે શરતો છે તે પણ કોઈ રીતે સ્પષ્ટ થઈ નથી ત્યાંજ સ્ટારલીંકની એન્ટ્રી પણ તેવોજ વિવાદ સર્જી જશે.

## દ્વારકા

(છેલ્લા પાનાનું ચાલું)

તેમજ જગતમંદિરોમાં ધાર્મિક પરંપરા ઊજવણી કરવામાં આવશે. ઠાકરના બપોરે જણાવ્યાનુસાર ૧:૧૫ વાગ્યે ધાણી, દાળીયા, ખજૂર, સામાન્ય રીતે ફાગણ વદ એકમના ઉત્સવ મનાવાય છે પરંતુ આ પૂર્ણિમાના દિવસે હોય તા. ૧૪ મી એ બેટ દ્વારકામાં આવેલાં દ્વારકાધીશ અનુસાર ભાવિકો સંગ દોલોત્સવની જગતમંદિરના પૂજારી પ્રણવભાઈ સોમવાર તા. ૧૪ મી માર્ચના રોજ ઠાકોરજીને ભીતરમાં (બંધ પડદે) સૂકોમેવો, પતાસા વિગેરેનો મહાભોગ ધરાવ્યા બાદ નીજ સભાગૃહમાં બાલસ્વરૂપને ઝુલામાં સ્થાપન કરાવી દોલોત્સવ સ્વરૂપના દર્શન કરાવાશે. હોજમાં ફૂલોના ઝુલામાં બિરાજમાન બાળ સ્વરૂપને સિદ્ધ કરી શંખનાદ, ઢોલ નગારાના ગગનભેદી નાદ સાથે ઠાકોરજીની મહાઆરતીનો પ્રારંભ થશે. આરતી પ્રારંભે કેસુડાં - કેસર જલ ચાંદીની પિચકારીમાં ભરી ઠાકોરજીસંગ ધૂળેટી રમાશે. બાદ દ્વારકાધીશજીના શ્રીઅંગ પર પધરાવવામાં આવેલ અબીલ-ગુલાલની છોળો(રંગ) ભાવિક ભકતોને પ્રસાદીરૂપે ઉડાડવામાં આવશે. બપોરે ૧.૩૦ કલાકે ઠાકોરજીના રાજાધિરાજ સ્વરૂપના પૂર્ણ શૃંગાર સાથે શ્રીઅંગ પર શંખ, ચક્ર, ગદા, પદ્મ તથા અલંકારો તેમજ સફ્દ વસ્ત્રો સાથેના ઠાકોરજીના દૈદિપ્યમાન સ્વરૂપના દર્શન ખૂલ્લાં મૂકાશે. દ્વારકાધીશ જગતમંદિરમાં બપોરે ૧.૩૦ થી ૨.૩૦ કલાક સુધી ભાવિકો વચ્ચે ઠાકોરજી સન્મુખ અબીલ ગુલાલ વડે પરંપરાગત રીતે દોલોત્સવ ઊજવાશે. આ ઉપરાંત દેશ વિદેશમાં લાખો શ્રધ્ધાળુઓ ઓનલાઈનના માધ્યમથી જગતમંદિરમાં થનારા દોલોત્સવને નિહાળશે.

**પગપાળા આવતા યાત્રિકો**

ફુલડોલ ઉત્સવ ઉજવવા માટે અલગ-અલગ પ્રાંતમાંથી આવતા પગપાળા શ્રદ્ધાળુઓ રસ્તામાં વિવિધ પ્રાચીન અર્વાચીન રાસગરબાઓ તથા કરતબો સાથે કૃષ્ણભૂમિ તરફ પ્રયાણ કરી રહયા છે. પદયાત્રિકોનું સેવાભાવી સંસ્થાઓ તથા સેવાકેમ્પના સંચાલકો દ્વારા સ્વાગત સાથે ભાવિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સહિયારા પ્રયાસો કરવામાં આવી રહયા છે. ટાઢ-તાવ, ઠંડી - ગરમી, તડકો છાંયો એ બધુ એક તરફ રાખીને ડી.જે.ના સથવારે નાચતા-નાચતા અંતર કાંપતા પદયાત્રિકોની કાળિયા ઠાકોર પ્રત્યેની લગની જ કાંઈક અલગ હોય છે. પદયાત્રિકોનો જુસ્સો જોતા એવું લાગે છે કે તેમની દ્વારકાધીશ પ્રત્યેની લગની કેટલી પ્રબળ છે.

# PGVCLમાં કોરોના સહાય ઉપરાંત રહેમરાહે નોકરીમાં નાણાં કટકટાવ્યા?

## ઉર્જા વિકાસ નિગમનાં વિજીલન્સ વડાને નનામા પત્રમાં ચોંકાવનારો આક્ષેપઃ તોડકાંડમાં હજુ વધુ અધિકારીઓની સંડોવણીનો નામજોગ આરોપઃ ઉંડી તપાસ થાય તો વધુ ધડાકા થઈ શકે

રાજકોટ તા.૧૩

પશ્ચિમ ગુજરાત વિજ કંપની (પીજીવીસીએલ)ના કોરોનામાં અવસાન પામનારા કર્મચારીઓનાં પરિવારને ૨૫-૨૫ લાખની નાણાંકીય સહાયમાંથી ૧૦ લાખના ઉઘરાણી કાંડના ચોંકાવનારા પ્રકરણમાં વધુ કેટલાંકને છાંટા ઉડવાના ભણકારા વચ્ચે સીનીયર અધિકારીને તપાસ સોંપવામાં આવી છે. ત્યારે સમગ્ર કાંડમાં અન્ય ઉચ્ચ અધિકારીઓની સંડોવણીનાં આક્ષેપ સાથે ઉર્જા વિકાસ નિગમનાં વિજીલન્સ વિભાગનાં વડાને નનામો પત્ર પાઠવવામાં આવ્યો છે. ઉંડી અને તટસ્થ તપાસ થાય તો રહેમરાહે નોકરી આપવામાં પણ આ પ્રકારે 'તોડ' કરાયાનો આક્ષેપ કરાયો છે.

ઉર્જા વિકાસ નિગમનાં વિજીલન્સ વડા ઉપરાંત મેનેજીંગ ડાયરેકટરને પાઠવાયેલા નનામા પત્રમાં એમ કહેવાયુ છે કે કોરોના કાળમાં અવસાન પામેલા કર્મચારીઓનાં પરિવારોને ૨૫ લાખની સહાય આપવાના મુદાનો માંડ પાંચ વર્ષે નિકાલ આવ્યો હતો અને તેમાં તોડ-ઉઘરાણાનાં પ્રયાસો આઘાતજનક છે. લાભાર્થી પરિવારોને સીધો કે આડકતરો સંપર્ક કરીને નાણાં માંગવામાં આવ્યા હતા. આ બાબત ગંભીર છે અને પીજીવીસીએલનાં આબરૂ-પ્રતિષ્ઠાને પણ નુકશાન થયુ છે.

નનામા પત્રમાં કર્ક અને કન્યા રાશીનાં નામ ધરાવતા અન્ય બે અધિકારીઓની સંડોવણીનો પણ આક્ષેપ કરાયો છે. એટલુ જ નહિં અન્યોની પણ સંડોવણી ખુલવાની શંકા દર્શાવી છે આ માટે તમામ લાભાર્થી પરિવારોને રક્ષણનું વચન આપીને વિશ્વાસમાં લેવાય તો નવા ધડાકા થઈ શકે છે. ઉચ્ચ અધિકારી તથા તેમનાં મળતીયા સામે પણ આંગળી ચીંધવામાં આવી છે.

એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કોરોનામાં અવસાન પામેલા કર્મચારીઓના પરિવારના સભ્યને લાયકાતના ધોરણે રહેમરાહે નોકરી આપવામાં આવી હતી અને તે વખતે પણ ઉઘરાણા-તોડ થયા હતા.તેની પણ તપાસ જરૂરી છે. આ ગંભીર કૃત્યમાં સામેલ કોઈને પણ નહિં છોડવા અરજ કરવામાં આવી છે.

### PGVCL માં રહેમરાહે નોકરીનો નિયમ શું છે?

વિજ કંપનીનાં સુત્રોએ કહ્યું કે પીજીવીસીએલના ૨૯૫ નંબરનાં ઠરાવમાં રહેમરાહે નોકરીનો નિયમ છે. જે હેઠળ પીજીવીસીએલમાં કામ કરતા કર્મચારીઓનુ આકસ્મિક, બિમારી, અકસ્માત જેવા કોઈપણ કારણોસર મૃત્યુ થવાના કિસ્સામાં તેમના પરિવારનાં સભ્યને નોકરી આપવામાં આવે છે.કોરોનોમાં અવસાન પામેલા કર્મચારીઓનાં પરિવારનાં સભ્યને નોકરી મળવાનું સ્વાભાવિક છે.

### ઉઘરાણા કાંડમાં સીનીયર અધિકારીને તપાસઃ લાભાર્થી પરિવારોને નોકરી અગાઉ જ આપી દેવાઈ હતી

કોરોના સહાયમાં ઉઘરાણાનું કૌભાંડ ચગ્યુ છે. વિજતંત્રમાં ખળભળાટ છે બે અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.વિજ તંત્રના સુત્રોએ કહયું કે સમગ્ર પ્રકરણમાં સીનીયર અધિકારીને તપાસ સોંપી દેવામાં આવી છે અને તેનો પ્રાથમીક રિપોર્ટ બે-ત્રણ દિવસમાં આવી જવાની શકયતા છે. ત્યારબાદ આગળની તપાસની દિશા નકકી થશે.

સુત્રોએ ઉમેર્યું હતું કે કોરોનામાં અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને અગાઉ જ રહેમરાહે નોકરી દેવામાં આવી હતી. નાણાંકીય સહાયનો મુદ્દો અટકયો હતો.૫૪ માંથી ૪૮ ને સહાય ચુકવી દેવામાં આવી છે છ કેસોમાં કવેરી નીકળી છે. એટલે તે સોલ્વ થયા બાદ તૂર્તમાં તેનો પણ ફેંસલો થશે.

નનામા પત્રમાં રહેમરાહે નોકરીમાં પણ ઉઘરાણા કરાયાનો આક્ષેપ થયાનું ઉલ્લેખનીય છે.

# અજમેરમાં રૂા.૮ કરોડના ખર્ચે બનેલા સેવન વન્ડર પાર્ક પર બુલડોઝર ફરી વળ્યું

## ઝીલના કિનારે ગેરકાનુની પાર્ક ઉભો કરી દેવાયો હતો



અજમેરઃ રાજસ્થાનમાં ગેરકાનુની બાંધકામો પર બુલડોઝર ચલાવાઈ રહ્યો છે તેમાં અજમેરમાં માનાસાગર ઝરણાના કિનારે રૂા.૮ કરોડના ખર્ચે બનેલા સેવન વંડર પાર્ક પર પણ બુલડોઝર ચલાવી દેવામાં આવ્યું છે. આ કાર્યવાહી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ અને સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કરવામાં આવી છે. સુપ્રીમકોર્ટે તેના આદેશમાં કહ્યું કે નિર્માણ ગમે તેવુ સુંદર હોય પણ તેના બાંધકામમાં કાનૂન તોડવામાં આવ્યા છે તેથી તે બાંધકામ ગેરકાનુની છે અને તે તોડવું જ પડશે. આ પાર્કમાં સ્ટેચ્યુ ઓફ લીબર્ટીની પ્રતિમા સહિતના સાત અજાયબીમાંથી પ્રતિકૃતિઓ હતી. ૨૦૨૨માં આ અંગે ચૂકાદો આવ્યા બાદ પણ તે તોડી પાડવામાં વિરોધ થયો હતો. આ પ્રકારના બાંધકામ જે મોટું ઝરણું હતું તેના કિનારા દબાવાઈ ગયા હતા. વરસાદ સમયે પાણી શહેરમાં ઘુસતા હતા. આ વિસ્તાર સ્માર્ટ સીટી એરીયા હેઠળ આવતો હતો અને ગેહલોટ સરકારે તેને મંજુરી આપી હતી.

# એરપોર્ટ ફાટક મેન્ટેન્સ માટે ૭ દિવસ આંશિક રીતે બંધ રહેશે

## તા.૧૮ માર્ચથી મેન્ટેન્સ કામ શરૂ: તા.૧૮ થી ૨૧ અને ૨૪મીએ વન-વે ખુલ્લુ: તા.૨૨ અને ૨૩ રાત્રીના ૯ થી સવારના ૪ કલાક સુધી સંપૂર્ણ બંધ રહેશે: રબ્બર સરફેસીંગ ટેકનોલોજીનું ફિટીંગ





(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ,તા.૧૩

રાજકોટ એરપોર્ટ ફાટક મેન્ટેનન્સ કામ માટે ૭ દિવસ માટે આંશિક બંધ રહેશે. રાજકોટ ડિવિઝનના રાજકોટ-ભક્તિનગર સેકશનમાં આવેલો રેલ્વે ક્રોસિંગ નં. ૪ (એરપોર્ટ ફાટક) ૧૮ માર્ચ થી ૨૪ માર્ચ, ૨૦૨૫ સુધી ૭ દિવસ માટે મેન્ટેનન્સ કાર્ય માટે આંશિક રીતે બંધ રહેશે. વિગતો નીચે મુજબ છે જેમાં તા.૧૮ માર્ચથી ૨૧ માર્ચ સુધી, આ ફાટક પર વન-વે ટ્રાફિક રહેશે, એટલે કે, એક બાજુ સંપૂર્ણપણે બંધ રહેશે અને બીજી બાજુ રોડ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે.તા.૨૨ માર્ચના રોજ રાત્રે ૯.૦૦ વાગ્યાથી ૨૩ માર્ચના રોજ સવારે ૪.૦૦ વાગ્યા સુધી આ ફાટક બંને બાજુના રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે.તા.૨૩ માર્ચના રોજ રાત્રે ૯.૦૦ વાગ્યાથી ૨૪ માર્ચના રોજ સવારે ૪.૦૦ વાગ્યા આ ફાટક સુધી બંને બાજુના રોડ ટ્રાફિક માટે સંપૂર્ણપણે બંધ રહેશે.તા.૨૪ માર્ચ ના રોજ આ ફાટક પર વન-વે ટ્રાફિક રહેશે, એટલે કે એક બાજુ સંપૂર્ણપણે બંધ રહેશે અને બીજી બાજુ રોડ ટ્રાફિક માટે ખુલ્લો રહેશે.

આ સમયગાળા દરમિયાન રોડ યુઝર્સ આમ્રપાલી અંડરપાસ અને રાજકોટ-ભક્તિનગર સેક્શન માં આવેલ રેલ્વે ક્રોસિંગ નંબર ૩ (ભોમેશ્વર ફાટક) નો ઉપયોગ કરી શકે છે.આ ફાટકના મેન્ટેનન્સ દરમિયાન ફાટકમાં રબ્બર સરફેસીંગ કરવામાં આવશે જેના કારણે પાટા ઉપરથી ટુ વ્હીલર્સ વાહનો પડકો અનુભવ્યા વગર પસાર થઈ શકશે.

ઉપરાંત વાહનની સમતુલા જળવાશે વાહન સ્લીપ થવાના બનાવો પણ અટકશે રબ્બર સરફેસીંગ રિમુવેબલ હોવાથી લેવલ ઉંચુ નીચુ કરવા તેને દૂર કરી ફરી ફીટ કરી શકાય છે.અત્રે ઉલ્લેખનીય છે રાજકોટ શહેરમાં રેલવે તંત્ર દ્વારા કુલ ૮ રેલ્વે ફાટકમાં રબ્બર સરફેસીંગ કામગીરીમાં ૪ ફાટકમાં આ પ્રકારની કામગીરી પૂર્ણ થઈ છે.

# તા.૨૨થી ૩૦ માર્ચ દેશભરમાં બિહાર સપ્તાહ મનાવાશેઃ ભાજપનો માસ્ટર સ્ટ્રોક

## અમીત શાહ- જે.પી.નડ્ડા સહિતના નેતાઓના બિહાર પ્રવાસ વધશે




નવી દિલ્હીઃ એક બાદ એક રાજ્યોની ધારાસભા ચુંટણીમાં સફળતા મેળવ્યા બાદ હવે ભાજપે આ વર્ષના મધ્ય બાદ યોજાનારી બિહારની ધારાસભા ચુંટણીની તૈયારી શરૂ કરી છે અને તા.૨૨ માર્ચના દેશભરમાં બિહાર દિવસ મનાવાશે. જેમાં બિહારની ઓળખ-અસ્મિતા અને ગૌરવની ગાથા રજુ કરાશે તથા બિહારના ખાનપાન- સંસ્કૃતિ વિ.ના કાર્યક્રમ પણ યોજાશે. આ પ્રકારના કાર્યક્રમોમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ ઉપસ્થિત રહેશે. શ્રી અમીત શાહ સુધીનો તખ્તો ગોઠવવા તા.૨૭-૨૮ માર્ચ પટણામાં વિતાવશે તો ૨૨થી૩૦ માર્ચ વચ્ચે આ આયોજન થશે. આ માટે બિહારની ખાસ વાનગીઓ તથા ભોજન પરંપરા દેશભરમાં રજુ કરાશે તથા બિહારમાં જે પર્યટન સ્થળો છે તેને પણ ઉજાગર કરાશે જેથી સ્થાનિક રોજગારીને મહત્વ વધારાશે. ભાજપ દેશભરના બિહારી અગ્રણીઓને પણ આ પ્રકારના સમારોહમાં બોલાવે જેથી તેમના વતન સાથેના લોકો જોડાઈ રહે તે નિશ્ચિત કરાશે.

રેવડી કલ્ચર મામલે નારાયણ મુર્તિની રાજકીય પક્ષોને ફટકાર

# મફતની સ્કીમોમાંથી કોઈ દેશને સફળતા નથી મળીઃ રોજગારીની તકો તૈયાર કરવાથી ગરીબી દુર થશેઃ મૂર્તિ

## ઉદ્યમીઓને સંબોધનમાં ઈન્ફોસીસનાં સહ સંસ્થાપકે કહ્યું- રોજગારી પેદા કરીને તમે ગરીબીની સમસ્યા ઉકેલશો

નવી દિલ્હી તા.૧૩




ચૂંટણી જીતવા રાજકીય પક્ષો લોકોને જે રીતે 'રેવડી' વેરી રહ્યા છે તેની સામે જાણીતા ઉદ્યોગપતિ અને ઈન્ફોસીસનાં સહ સંસ્થાપક નારાયણ મૂર્તિએ વિરોધ દર્શાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે આ રીતે મફતમાં વસ્તુઓ વહેંચવાથી દેશમા ગરીબી દુર નહિં થાય. બલકે ગરીબી દુર કરવા રોજગાર તૈયાર કરવાનું આહવાન કર્યુ હતું.તેમણે કહ્યું હતું કે જો આપણે નવોન્મેષી ઉધમ બનાવવામાં સક્ષમ છીએ તો ગરીબી સૂર્યવાળી સવારે ઝાકળનાં બિંદુની જેમ ગાયબ થઈ જશે.

મુર્તિએ ઉધમીઓને સંબોધન કરતા કહ્યું હતું કે મને કોઈ શંકા નથી કે તમારામાંથી દરેક વ્યકિત સેંકડો-હજારો નોકરીઓ પેદા કરશે અને આ રીતે ગરીબીની સમસ્યાનું સમાધાન કરશુ. મૂર્તિએ રાજકીય પાર્ટીઓને ટાર્ગેટ કરતાં કહ્યું હતું કે આપ મફતમાં ભેટ આપીને ગરીબોની સમસ્યાનું સમાધાન નથી કરી શકતા,

આમાં કોઈપણ દેશ સફળ નથી થયો મુર્તિએ સ્પષ્ટ કર્યું હતું કે તેને રાજનીતી કે શાસનનાં બારામાં વધુ જાણકારી નથી પરંતુ તેમણે નીતિગત માળખાનાં દ્રષ્ટિકોણથી કેટલીક ભલામણ કરી છે તેમણે કહ્યું હતું કે લાભના બદલામાં સ્થિતિમાં સુધારાનું પણ આકલન કરવુ જોઈએ.



# પગમાં પ્લાસ્ટર, કાંખઘોડીના સહારે રાહુલ દ્રવિડ કોચીંગમાં પહોંચ્યો

## રાજસ્થાન રોયલના કેમ્પમાં સૌએ દ્રવિડના જુસ્સાને વધાવ્યો.

ભારતીય ટીમને વર્લ્ડ ચેમ્પિયન બનાવનાર રાહુલ દ્રવિડ ક્રિકેટ પ્રત્યે તેના જુસ્સા અને નિષ્ઠા માટે જાણીતા છે. તેમજ તેમની સાદગી તેમને વધુ ખાસ બનાવે છે. દ્રવિડ જે પણ ટીમ સાથે જોડાય છે તેને ચેમ્પિયન બનવવામાં પોતાના બેસ્ટ પ્રયાસો કરે છે. એવામાં તે રાજસ્થાન રોયલ્સ કેમ્પ કોચિંગ આપવામાં માટે કાખઘોડીના સહારે પહોંચ્યા હતા.

**રાજસ્થાન રોયલ્સના કોચ ઘાયલ**

રાજસ્થાન રોયલ્સના કોચ રાહુલ દ્રવિડને પગમાં ઈજા થઈ છે. ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન કર્ણાટકમાં તેના પુત્ર અન્વય દ્રવિડ સાથે ક્લબ ક્રિકેટ રમી રહ્યા હતા એ દરમિયાન તેમના પગમાં ઈજા થઈ છે. પરંતુ આ ઈજા પણ તેને ટીમથી દૂર રાખી શકી નથી. ટીમના કોચ રાહુલ દ્રવિડ ઘાયલ છે. પરંતુ આ બધાની વચ્ચે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેણે ક્રિકેટ ચાહકોનું દિલ જીતી લીધું છે. સાથે જ તે દ્રવિડના જુસ્સાના વખાણ કરતાં થાકતો નથી.

દ્રવિડ મેદાન પર કાખઘોડીની મદદથી ખેલાડીઓને ટ્રેનિંગ આપતા જોવા મળ્યા હતા. તેનો વીડિયો રાજસ્થાન ફ્રેન્ચાઈઝીએ જ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ દરમિયાન દ્રવિડના પગમાં વોકર બૂટ બાંધેલું પણ જોવા મળ્યું હતું.

રાજસ્થાનની ટીમની કમાન વિકેટકીપર બેટર સંજુ સેમસનના હાથમાં છે. આ ટીમ અત્યાર સુધી માત્ર એક જ વાર ટાઈટલ જીતી શકી છે. રાજસ્થાને IPLની પ્રથમ સિઝન એટલે કે ૨૦૦૮ જીતી હતી. આ વખતે રાજસ્થાનની ટીમનો પ્રથમ મુકાબલો ૨૩ માર્ચે થશે. આ મેચ સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) સામે છે.

# સાબરકાંઠામાં યુવાનને ઢોર માર મારી નગ્ન કરી ગામમાં ફેરવ્યોઃ પોલીસ ઉંઘતી ઝડપાઈ

## પ્રેમિકાને મળવા આવનાર પ્રેમીને તાલિબાની સજાઃ ઘટનાને બે દી વીત્યા છતાં કોઈ કાર્યવાહી નહી

ઈડર (સાબર કાંઠા) તા.૧૩

પ્રેમિકાને મળવા આવેલા યુવાનને ગામલોકોએ પકડીને ઢોરમાર મારી નગ્ન કરી ગામમાં ફેરવી તાલીબાની સજા કરતા ચકચાર ફેલાઈ છે નવાઈની વાત એ છે કે આવી જંગાલિયન ભરી ઘટનાથી પોલીસ સજાણ રહી હતી.

આ અંગેની વિગત મુજબ ઈડરના જાદરના ચડાસના ગામે પ્રેમિકાને મળવા આવેલા યુવકને ગામલોકોએ પકડી નગ્ન કરી ઢોર માર મારીને ગામમાં ફેરવ્યો હતો. યુવકને સારવાર અર્થે હિંમતનગરની હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પરંતુ આટલી મોટી ઘટના છતાં જાદર પોલીસ સમગ્ર મામલે અજાણ હોવાનું રટણ કર્યું હતું. તહેવાર ટાણે યુવાનને અર્ધ નગ્ન અવસ્થામાં અર્ધી રાત્રે ગામમાં ફેરવાતા પોલીસ સામે સવાલો ઉઠયા છે. સ્થાનીય પોલીસ સહિત જિલ્લા પોલીસ તંત્ર ઉંઘતું ઝડપાયું છે. કારણ કે આ ઘટના બે દિવસ અગાઉ બની હોવા છતાં પોલીસ દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરાઈ નથી.

# સ્ટાર વિકેટ કિપર ઋષભ પંતની બહેનના લગ્નમાં ધોની અને રૈનાએ કર્યો ડાન્સ

## ડાન્સનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

નવીદિલ્હી,તા.૧૩

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતની બહેન સાક્ષી પંતના લગ્નની ઉજવણી પૂરજોશમાં ચાલી રહી છે. આ ખાસ પ્રસંગે ભારતીય ક્રિકેટના ઘણા દિગ્ગજો પહોંચ્યા, જેમાં મહેન્દ્ર સિંહ ધોની અને સુરેશ રૈનાનો સમાવેશ થાય છે. મંગળવારે હલ્દી સમારોહ યોજાયો હતો, જ્યાં ધોની, રૈના અને પંતે ખૂબ મજા કરી હતી.

લગ્ન સમારોહને લગતા ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં મોટા ક્રિકેટ સ્ટાર્સ મસ્તી કરતા જોવા મળી રહ્યા છે. એક વીડિયોમાં મહેન્દ્ર સિંહ ધોની, સુરેશ રૈના અને ઋષભ પંત પોપ્યૂલર સોન્ગ 'દમા દમ મસ્ત કલંદર' પર ડાન્સ કરતા જોવા મળે છે. ચાહકોને





આ વીડિયો ખૂબ જ પસંદ આવી રહ્યો છે અને માહીની સ્ટાઈલના ખૂબ વખાણ થઈ રહ્યા છે.

ઋષભ પંતની બહેન સાક્ષી પંત ઉદ્યોગપતિ અંકિત ચૌધરી સાથે લગ્ન કરવા જઈ રહી છે. અંકિત લંડન સ્થિત એક ખાનગી કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં છે. બંને એકબીજાને લાંબા સમયથી ઓળખે છે અને જાન્યુઆરી ૨૦૨૩ માં તેમની સગાઈ થઈ હતી. લગ્નમાં ફક્ત નજીકના પરિવારના સભ્યો અને કેટલાક ખાસ મિત્રોને જ આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવાઈઃ ભારત મળવા આવેલી બ્રિટીશ મહિલા પર ફ્રેન્ડ દ્વારા દુષ્કર્મ

## પીડિતાની ફરિયાદ પર દિલ્હી પોલીસને બેની ધરપકડ કરી છે.

નવીદિલ્હી,તા.૧૩

રાજધાની દિલ્હીથી એક બ્રિટિશ મહિલા પર બળાત્કારના સમાચાર આવ્યા છે. દિલ્હીના મહિપાલપુર સ્થિત એક હોટલમાં એક બ્રિટિશ મહિલા પર બળાત્કારની ફરિયાદ પોલીસને મળી હતી. પોલીસે આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. એવું કહેવાય છે કે આરોપીએ પીડિતા સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કરી હતી. આ મિત્રતા પછી, પીડિતા આરોપીને મળવા દિલ્હી આવી. જે બાદ આરોપી તેને હોટલમાં લઈ ગયો. વસંત કુંજ ઉત્તર પોલીસે આ કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી છે. પીડિતા ઈંગ્લેન્ડની છે. તે થોડા દિવસ પહેલા મહારાષ્ટ્ર અને ગોવાની મુલાકાતે આવી હતી.



એવું કહેવામાં આવી રહ્યું છે કે પીડિતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર કૈલાશ નામના છોકરા સાથે મિત્રતા કરી હતી. મહિલાએ કૈલાશને ફોન કરીને મળવા કહ્યું હતું. પરંતુ કૈલાશે મહારાષ્ટ્ર જવા માટે અસમર્થતા દર્શાવી અને પીડિતાને દિલ્હી આવવા કહ્યું. જે બાદ પીડિતા મંગળવારે સાંજે દિલ્હી પહોંચી હતી. તે મહિપાલપુરની એક હોટલમાં રોકાઈ રહી હતી.

પીડિતાના ફોન કરવા પર, કૈલાશ તેના એક મિત્ર વસીમ સાથે હોટલ પહોંચ્યો હતો. જ્યાં આરોપીએ દારૂના નશામાં યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાએ બુધવારે પોલીસને ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે વસંત કુંજ ઉત્તર વિસ્તારમાંથી બંને આરોપીઓની ધરપકડ કરી. દિલ્હી પોલીસે આ બાબતની જાણ બ્રિટિશ હાઈ કમિશનને પણ કરી છે. પોલીસના જણાવ્યાનુસાર, આરોપીની પ્રોફાઈલ ખૂબ જ શંકાસ્પદ છે. તે પીડિતા સાથે વાત કરવા માટે ગુગલ ટ્રાન્સલેટનો ઉપયોગ કરી રહ્યો હતો. હાલમાં પોલીસ આ મામલાની વધુ તપાસ કરી રહી છે.

લોભ-લાલચ ભયથી થતા કૃત્યો સામે આકરી કાર્યવાહી

# ધર્માંતર સામે હર્ષ સંઘવીની લાલ આંખ

## મોરારીબાપુની કથા સમયે ગૃહ રાજયમંત્રીએ જણાવ્યું કે આવા તત્વો માટે કાનૂન કોઈ રહેમ નહી રાખે

તાપી જિલ્લાના સોનગઢ ખાતે રામકથાકાર મોરારીબાપુની રામ કથા ચાલી રહી છે. જેમાં આજે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી પહોંચ્યાં હતાં. હોળીની શુભકામના આપતાં હર્ષ સંઘવીએ મોટું નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું કે, આદિવાસી ભાઈ બહેનો ભગવાનનું બીજું સ્વરૂપ છે. ત્યારે ઘણા તત્વો આવા ભાઈઓ અને બહેનોને ફોસલાવી ખોટા રસ્તે લઈ જનાર પર ગુજરાત સરકાર ગંભીરતાથી પગલાં લેશે.

સંઘવીએ કહ્યું કે, ભોળા ભાળા આદિવાસી ભાઈઓ બહેનોને ખાસ કરીને ધર્મ પરિવર્તન બાબતે કોઈ પણ પ્રકારે



ખોટી રીતે ફસાવવામાં આવશે, તો એવા લોકોને કાયદાની કોઈ પણ બારીમાંથી છટકી જવા દેવામાં આવશે નહી. સાથે જ કોઈ પણ આવી પ્રવૃતિઓને બચાવવામાં પણ નહીં આવે. બાદમાં રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને પ્રભારી મંત્રી મુકેશ પટેલ દ્વારા મોરારી બાપુને તિલક કરી ધૂળેટી પર્વની શુભેચ્છા આપી હતી.

પૂર્વ મંત્રી ગણપત વસાવા અને જિલ્લાના ધારાસભ્યો અને ભાજપના પ્રમુખ સહિતના હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ દરમિયાન ગૃહમંત્રીનું નિવેદન ઘણું સૂચક રહ્યું હતું. આદિવાસી વિસ્તારમાં ઘણા સમયથી ધર્માંતરણ થતું હોવાની રાવ ઉઠી હતી. જેથી આ પ્રકારના નિવેદનને લઈને ધર્માંતરણ કરનારા પર લગામ કસવામાં આવશે તેવું માનવામાં આવી રહ્યું છે.


### જાહેર નોટિસ કમ ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર જયેશભાઈ નટુભાઈ પરમાર તથા શિલ્પાબેન જયેશભાઈ પરમાર રહે. ઓમ શિવ કૃપા, ન્યુ સાગર સોસાયટી શેરી નં.૭, કેદારનાથ ગેઈટની અંદર, કોઠારીયા રોડ, રાજકોટવાળા આ જાહેર નોટિસ કમ ચેતવણી આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, અમારા પુત્ર કેવલભાઈ જયેશભાઈ પરમાર તથા તેમના ધર્મપત્ની માધુરીબેન કેવલભાઈ પરમાર ડો./ઓ. સુરેશભાઈ ગોરધનભાઈ સોલંકી સાથે લગ્ન આશરે બે વર્ષ પહેલા થયેલ છે. અને તેઓ બંને તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજથી અમોના પરિવારથી અલગ રહેવા ચાલ્યા ગયેલ છે. ત્યારથી અમોને ઉપરોકત અમારા પુત્ર કેવલભાઈ જયેશભાઈ પરમાર તથા તેમના ધર્મપત્ની માધુરીબેન કેવલભાઈ પરમારની સાથે કોઈ જાતનો કૌટુંબિક કે સામાજિક, સંબંધ હોય નહીં. જેથી ઉપરોકત અમારા પુત્ર તથા પુત્રવધુ સાથે કોઈ વ્યકિતએ, કોઈ પણ જાતનો સામાજિક, આર્થિક કે નાણાકીય વ્યવહાર કરવો નહીં. તેમજ અમારો પણ કોઈપણ જાતનો વ્યવહાર નથી. તેમજ અમારી કોઈ સ્થાવર કે જંગમ મિલકતમાં કોઈ 'હકક હિસ્સો' રહેશે નહીં. તેમજ તેમના ભવિષ્યમાં સંતાનો થશે તેમનો પણ અમારી સ્થાવર કે જંગમ મિલકતમાં કોઈપણ જાતનો હકક હિસ્સો રહેશે નહીં. તેમજ જો અમારા પુ કેવલભાઈ જયેશભાઈ પરમાર તથા તેમના ધર્મપત્ની માધુરીબેન કેવલભાઈ પરમાર સાથે કોઈપણ પ્રકારની રકમની લેતી દેતી અથવા તો આર્થિક વ્યવહાર કરશે તો તેમાં અમોની કોઈ જવાબદારી રહેશે નહીં. તેમજ અમોને કોઈ જ રીતે બંધન કર્તા નથી. ઉપરોકત વિગતની તમામ જાહેર જનતા તથા લાગતા વળગતાઓને નોંધ લેવી.

રાજકોટ. તા.૧૩/૦૩/૨૦૨૫

જયેશભાઈ નટુભાઈ પરમાર
શિલ્પાબેન જયેશભાઈ પરમાર

# મોચી બજારમાં ૩૫ કિલો વાસી ચોકલેટ, ચોકોબોલ્સનો નાશ : ધાણી-દાળીયા સહિત ૨૭ નમુના લેવાયા

## તુલસી એન્ટરપ્રાઇઝમાંથી સાકર સહિતનો એકસપાયરી ડેટનો માલ મળ્યો : પરાબજાર, ગોળપીઠ, કંદોઇ બજાર, કોઠારીયા રોડ, પંચનાથ પ્લોટની પેઢીઓમાંથી સેમ્પલ લેતી ફૂડ શાખા : રિલાયન્સ માર્કેટના ચોકલેટ રૂમમાંથી પણ નમુના લઇ લેબોરેટરીમાં મોકલાયા

રાજકોટ, તા. ૧૩

મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા જુના રાજકોટના મોચી બજાર ચોક પાસે આવેલી જથ્થાબંધ માલ વેંચતી પેઢીમાંથી ૩૫ કિલો જેટલો એકસપાયરી ડેટનો ચોકલેટ, ચોકોબોલ્સ, સાકર સહિતનો ૩૫ કિલો અખાદ્ય જથ્થો પકડી નાશ કરવામાં આવ્યો છે. તો બીજી તરફ હોળી-ધુળેટી પર્વ પર બજારમાં ધુમ વેચાતા ખજુર, ધાણી, દાળીયા, હારડા સહિતના ૨૭ નમુના લઇને લેબોરેટરી પરીક્ષણમાં મોકલાયા છે.

મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન મોચી બજાર ચોક, પોસ્ટ ઓફિસ સામે આવેલ 'તુલશી એન્ટરપ્રાઇઝ' નામની પેઢીમાં દરોડો પાડવામાં ત્યાં સંગ્રહ કરેલ એકસપાયરી ડેટ વીતેલ ચોકલેટ, ચોકો બોલ્સ કપ તથા સાકરિયા વગેરે મળીને અંદાજીત ૩૫ કિલો અખાદ્ય સામગ્રીનો જથ્થો સ્થળ પર નાશ કરી દેવાયો હતો. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે.




**ધાણી-ખજુર બજાર**

ફૂડ વિભાગ દ્વારા સમાહથી જુદા જુદા વિસ્તારમાં આવેલી દુકાનોમાંથી ખજુર, ધાણી, દાળીયા, હારડાના નમુના લેવાનું ચાલુ છે. આવા વધુ ૨૭ નમુના લઇને લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

પરાબજારના અબ્દુલ હુસેન શેખભાઇ, ગીરીરાજ એન્ટરપ્રાઇઝ, કોઠારીયા રોડના જીજ્ઞેશ ટ્રેડર્સ, આઇશ્રી ખોડીયાર પ્રોવિઝન, કંદોઇ બજારના મે.અજયભાઇ સોમૈયા, દાણાપીઠના ગોકુલ ટ્રેડર્સ, અબ્દુલ અલી ગાંધી, જયદીપ ટ્રેડર્સ, અન્નપૂર્ણા ટ્રેડર્સમાંથી જુદા જુદા પ્રકારના ખજુરના નમુના લેવાયા છે. કંદોઇ બજારના સુનિલભાઇ ફુલવાલા અને રાજ એજન્સી, અન્નપૂર્ણા ટ્રેડર્સ, આર.કે.ટ્રેડર્સમાંથી દાળીયા, ગોળપીઠના રોયલ ટ્રેડર્સ, કોઠારીયા રોડના જીજ્ઞેશ ટ્રેડર્સ અને ખોડીયાર પ્રોવિઝનમાંથી હારડાના સેમ્પલ લીધા છે. કુવાડવા રોડના વી.એચ.માર્કેટીંગમાંથી સ્ટ્રોબરી કેન્ડી અને મિલ્કત ચોકલેટ, લાતી પ્લોટના એ.એ.માર્કેટીંગમાંથી કીટકેટ વેફર બિસ્કીટ, પંચનાથ પ્લોટના દ્વારકેશ માર્કેટીંગમાંથી કેડબરી હેઝલ નટ અને ટેમ્પટેશન ચોકલેટના સેમ્પલ લેવાયા હતા.

જયારે ૧૫૦ ફુટ રીંગ રોડ રિલાયન્સ મોલમાં આવેલ બીજા માળે પ્રિન્સ એન્ટરપ્રાઇઝ(ચોકલેટ રૂમ)માંથી ઓરીયો સ્ટીક ચોકલેટ અને ચોકલેટ લોલીપોપના નમુના લેવાયા છે.

**આજી ડેમ રોડ**

શહેરના આજીડેમ- માંડા ડુંગર વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થીઓને ત્યાં ૨૧ ફૂડ નમુનાની તપાસ કરી ૧૫ ધંધાર્થીને લાયસન્સ માટે સૂચના આપી હતી. જેમાં (૧) મિલન ખમણ (૨) ભેરૂનાથ પાણીપુરી (૩) મહાકાળી પાણીપુરી (૪) ચામુંડા ફરસાણ (૫)શ્રીનાથ કુલ્ફી (૬) રોનક ચાઇનીઝ પંજાબી (૭)ખુશી ફ્લોર મીલ (૮)યશવી પ્રોવિઝન સ્ટોર (૯)બાલાજી ખમણ (૧૦)ગુનગુન પાણીપુરી (૧૧)શુભમ ડેરી ફાર્મ (૧૨)માલધારી ડેરી ફાર્મ (૧૩)રાધે શ્યામ છોલે ભટુરે (૧૪)શ્યામ જનરલ સ્ટોર (૧૫)ભગીરથ ઘૂઘરાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૧૬)એવરીડે સુપર માર્કેટ (૧૭)રાધે ક્રિષ્ના ડેરી ફાર્મ (૧૮)બાલાજી ફરસાણ (૧૯)ધાર્મી મેડિસીન્સ (૨૦)કૃપા જનરલ સ્ટોર (૨૧)સમ્રાટ લાઈવ પફમાં તપાસ કરવામાં આવી હતી.

### કયાં કયાંથી નમુના લેવાયા

- અબ્દુલ હુસેન શેખભાઇ, ખજુર
- ગીરીરાજ એન્ટરપ્રાઇઝ, ખજુર
- જીજ્ઞેશ ટ્રેડર્સ, ખજુર-હારડા
- આઇશ્રી ખોડીયાર પ્રોવિઝન, ખજુર
- અજયભાઇ ભરતભાઇ સોમૈયા, ખજુર
- સુનિલભાઇ ફુલવાલા, ધાણી
- રાજ સેલ્સ એજન્સી, દાળીયા
- ગોકુલ ટ્રેડર્સ, ખજુર
- અબ્દુલ અલી હસનભાઇ ગાંધી, ખજુર
- જયદીપ ટ્રેડર્સ, ખજુર
- મે. ઇસ્માઇલ શેખભાઇ, ખજુર
- અન્નપૂર્ણા ટ્રેડર્સ, ધાણી-ખજુર
- આર.કે.ટ્રેડર્સ, દાળીયા
- રોયલ ટ્રેડર્સ, હારડા
- વી.એચ.માર્કેટીંગ, સ્ટ્રોબરી કેન્ડી
- એ.એમ.માર્કેટીંગ, નેસલે કીટકેટ વેફર-ચોકલેટ
- દ્વારકેશ માર્કેટીંગ, કેડબરી ડેરીમિલ્ક સિલ્ક-ટેમ્પટેશન-મિલ્ક ચોકલેટ
- પ્રિન્સ એન્ટરપ્રાઇઝ, ઓરીયો ચોકલેટ-ચોકલેટ લોલીપોપ

# પતિને ભાભી સાથે અફેર હોવાની જાણ થતાં પરિણીતાને ત્રાસઃ આપઘાતનો પ્રયાસ કર્યો

## ઢેબર રોડ પર રહેતી મહિલાએ બીજા લગ્ન કર્યા તેમાં પણ ન ઠરી, ત્રીજા લગ્ન કરનાર પતિએ સગી ભાભી સાથે સબંધ બાંધ્યોઃ પતિ સહિતના સાસરીયા સામે ગુનો નોંધાયો

રાજકોટ. તા.૧૩

ઢેબર રોડ પર રહેતાં પતિને ભાભી સાથે અફેર હોવાની જાણ થતાં પરિણીતાને ત્રાસ આપતાં કંટાળીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્રીજા લગ્ન કરનાર પતિએ સગી ભાભી સાથે સબંધ બાંધ્યો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસ મથકના ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ઢેબર રોડ પર રહેતાં ૩૬ વર્ષીય મહિલાએ તેના પતિ તેમજ બંને જેઠ અને જેઠાણી વિરૂદ્ધ માનસિક અને શારીરિક ત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેણી તેના પતિ અને આગળના ઘરની દીકરી સાથે રહે છે. તેણીના પતિ એસ.ટી. વિભાગમાં નોકરી કરે છે અને તેણીના બીજા લગ્ન છે. તેણીના અગાઉના પતિ જે હરિઓમ સોસાયટી વિસ્તારમાં રહેતા હતા ત્યારે તેમની સામે હાલનો પતિ રહેતો હતો. દરમિયાન તેમની સાથે પરિચયમાં આવેલ અને તે શખ્સે તેણીના પતિને કહેલ કે, મારે તારી પત્ની સાથે સંબંધ છે જેથી તેણીના પતિએ તેમને કહેતા તેણીએ પતિ સાથે ૮ મહિના પહેલા રાજી ખુશીથી કોર્ટમાં છુટાછેડા લઈ લીધેલ હતા.

બાદ આરોપી પતિ સાથે ત્રણ મહિના પહેલા રાજી ખુશીથી કોર્ટ મેરેજ કરેલ હતા. તે વખતે અમારે નક્કી થયેલ હતું કે, તેણીના આગળના ઘરની દીકરીને સાથે રાખવાની અને આ આરોપી પતિના પણ ત્રીજા લગ્ન હતા. તેણીના બંને જેઠ તેના પરિવાર સાથે જુદા રહે છે અને સાસુ સસરા ગુજરી ગયેલ છે.

ગઈ તા. ૧૧ ના રાત્રિના ૧૦ વાગ્યે તેણીના સાસુની તિથિનું આયોજન કરતા હતા અને તિથિ જેઠના ઘરે રાખવાની હતી. જેથી બંને જેઠ તેણીના ઘરે આવેલ હતા. તે લોકોએ તેણીને કહેલ કે, તિથિમાં તમારે આવવાનું નથી. તેણીના પતિને તેના ભાઈના પત્ની સાથે અફેર હોય જે બાબતે અગાઉ પણ પતિએ તેણી સાથે બોલાચાલી કરેલ હતી. તે બાબતની જેઠને પણ ખબર છે. ચારેય શખ્સોએ તેને કહેલ કે, તારે તારા બનેવી સાથે અફેર છે તેવા શબ્દો બોલી મેણા ટોંણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતા હોય જેથી તેનું લાગી આવતા ગઈકાલે સવારના સમયે ઘરે ફીનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેણીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

### ખીરસરા પેલેસ સામે જુગાર રમતા બે ઝબ્બે

રાજકોટ, તા.૧૩

મેટોડા જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે ખીરસરા પેલેસ સામે ખરાબામાં જાહેર જગ્યામાં બે ઇસમો જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા તથા ગંજીપતાના પાના વતી જુગાર રમતા જોવા મળતા તુરંત દરોડો પાડી બંનેને ઝડપી લીધા હતા. આરોપી (૧) યાજ્ઞિક શૈલેષ જરવરીયા (ઉ.વ.૨૧, રહે. મેટોડા જી.આઇ.ડી.સી. ગેઈટ નં.૨ ની સામે શ્રીનાથજી સોસાયટી, અને (૨) કેવલ મુના રાઠોડ ઉ.વ.૧૯, રહે.મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૨ની સામે શ્રીનાથજી સોસાયટી) પાસેથી રૂ.૧૨૦૦ કબ્જે કરાયા હતા અને ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.





તસ્વીરઃ પંકજ શિશાંગીયા

# કોર્પોરેટરો એપ.માં લોકોની ફરિયાદ મૂકી 'સ્ટેટસ' પણ ચકાસી શકશે

## પ્રથમ વખત કાઉન્સીલર એપ.નું લોન્ચીંગ : ડિજીટલ યુગમાં મનપાનું વધુ એક પેપરલેસ કદમ : મેયર નયનાબેન પેઢડીયા

રાજકોટ, તા. ૧૩

મનપામાં ચૂંટાયેલા લોકો પાસે આવતા લોકોના પ્રશ્નો અને ફરિયાદ નિવારણની કામગીરીને વધુ સુદ્રઢ, સક્ષમ અને પેપરલેસ અને સરળ બનાવવા કોર્પોરેટરો માટે મહાનગરપાલિકા દ્વારા કાઉન્સિલર મોબાઈલ એપ્લીકેશનનું ગઇકાલે સાંજે લોન્ચીંગ કરાયું છે.

કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા જ વિઝીટર મેનેજમેન્ટ સિસ્ટમ બનાવાતા તેના સારા પરિણામ બાદ કાઉન્સિલર એપ લોન્ચ કરવામાં આવી છે. જેમાં સેવાઓના ફોર્મ્સ, અધિકારીઓના ટેલીફોન નંબર, વોર્ડ ઓફિસ-આરોગ્ય કેન્દ્રના સરનામાં અને અખબારી યાદી જેવી સેવાઓ ઉપલબ્ધ રહેશે. આ રજુઆતો, પ્રશ્નો અંગે દર મહિને રીવ્યુ કરવામાં આવશે. આ એપ સરળ અને સમજી શકાય તેમ ગુજરાતી ભાષામાં ડેવલપ કરવામાં આવી છે. જેના માધ્યમથી કમિશનર તરીકે કોર્પોરેટરોની રજુઆતોના નિવારણ માટે ૨૪ કલાક ઉપલબ્ધ રહી શકીશ.

આ પ્રસંગે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, આજના ટેકનોલોજીવાળા યુગમાં કોર્પોરેટરો માટે અદ્યતન મોબાઈલ એપ્લીકેશન બનાવવામાં આવી છે. જેના દ્વારા કોર્પોરેટરો અને અધિકારીઓ વચ્ચેની કામગીરી સરળ અને ઝડપી બનશે. ડિજિટલ યુગમાં એપ બનાવીને વધુ એક પગલું આગળ ભર્યું છે. તેનાથી રીયલ ટાઈમ સ્ટેટસ પણ જાણી શકાશે. નગરસેવકો પેપરલેસ ફરિયાદ કરી સ્ટેટસ પણ જોઇ શકશે. આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ ડો. માધવભાઈ દવે, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, કોર્પોરેટરો, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.




### કોર્પોરેટર એપની વિશેષતા

- આ એપની મદદથી કોર્પોરેટરો સફાઈ, વીજળી, પાણી, ગટર વગેરે જેવી ફરિયાદોને સીધી અપલોડ કરી રીયલ ટાઈમ ફોટા અને સંબંધિત અરજી પણ અપલોડ કરી શકશે.
- આ એપની મદદથી ફરિયાદોનું નિવારણ કરવામાં આવશે અને તેમના દ્વારા કરવામાં આવેલ કામગીરીની માહિતી પણ જીઓલોકેશન અને ફોટોગ્રાફસ સાથે અપલોડ કરી શકશે.
- વધારાના ફીચર્સ રૂપે વિવિધ સેવાઓ અંગેના ફોર્મ જેમ કે લગ્ન નોંધણી, મિલ્કત વેરા ટ્રાન્સફર ફોર્મ, ટેલીફોન ડાયરી, વોર્ડ અને આરોગ્ય કેન્દ્રના સરનામા વગેરે ડિજિટલ માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. જેને કોર્પોરેટર તેમના વોર્ડના નાગરિકોને સીધા શેર કરી શકશે.


# ગોંડલનો રાજકુમાર જાટ નિર્વસ્ત્ર થઈ ચાલતો જતો હતો : વધુ એક સીસીટીવી સામે આવ્યા

## ભરૂડી ટોલ નાકાથી આગળ જતા યુવકે કપડા કાઢી નાખ્યા, નિર્વસ્ત્ર હાલતમાં રાજકોટ સુધી ચાલીને ગયો

રાજકોટ, તા.૧૩

ગોંડલમાં લાપતા થયેલા રાજકુમાર જાટનો મૃતદેહ મળ્યો હતો. જે બાદ ચકચાર મચી ગઈ હતી. રાજકુમારના શંકાસ્પદ મોતમાં એક બાદ એક ખુલાસા થઈ રહ્યા છે. પોલીસે કેટલાક સીસીટીવી જાહેર કર્યાં હતા. જોકે પોલીસે ન જાહેર કરેલ એક સીસીટીવી સામે આવ્યા છે. જેમાં યુવક ગોંડલથી નીકળ્યા પછી આશાપુરા ચોકડીથી હાઇવે પર ચાલવા લાગ્યો હતો. રાજકુમારે ભરૂડી ટોલ નાકાથી નિકળ્યા બાદ યુવકે કપડા કાઢી નાખ્યાની વિગત સામે આવી છે. નગ્ન હાલતમાં રાજકોટ સુધી યુવક ચાલીને આવ્યો હતો. રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ ચોકડીએ આજીડેમ પોલીસની પીસીઆર વાને યુવકને રોક્યો હતો. ત્યારબાદ આસપાસની લોકોએ નિર્વસ્ત્ર હાલતમાં યુવકને જોઈ કપડાં પહેરાવ્યા હતા. યુવક માનસિક રીતે સ્વસ્થ ન હોવાની પણ લોકોમાં ચર્ચા હતી. પોલીસ સૂત્રોએ એવું પણ જણાવ્યું હતું કે, મૃતક પુત્ર અને તેના પિતા વચ્ચે ઝઘડો થયો હતો. ખુદ એસપી હિમકર સિંહ એ આપેલા નિવેદનમાં પણ એજ જાહેર થાય છે કે, પૂર્વ ધારાસભ્યના બંગલા પાસે પિતા પુત્ર વચ્ચે ઝઘડો થયો હતો.





### અમારું અનુમાન છે કે આ અકસ્માત જ છેઃ એસીપીનું સ્પષ્ટ નિવેદન

રાજકોટ શહેર પોલીસના એસીપી બારૈયાએ પત્રકારોને જણાવ્યું કે,રાજકુમાર અકસ્માત મૃત્યુ અંગેની ફરિયાદ દાખલ થઈ છે કુવાડવા રોડ પોલીસ તપાસ કરી રહી છે. હાલના તબક્કે પોલીસે શાપરથી રામધામ આશ્રમ તરઘડી સુધીના સીસીટીવી તપાસી લીધા છે. ખોડિયાર હોટલનાં સીસીટીવીમાં યુવક કપડા વગર જતો જોવા મળે છે. રસુલ ચોક આસપાસ કોઈએ એને કપડાં પહેરાવ્યા તેનું નિવેદન નોંધ્યું છે. તરઘડી પાસે અકસ્માત સ્થળેની મૃતકના ચંપલ મળ્યા છે. ૧૦૮ના કર્મીના નિવેદન લેવાયા છે. ફોરેન્સિકના પ્રાથમિક તારણમાં ઈજાથી મોત થયાનું અનુમાન છે. એસીપીએ કહ્યું કે અમારું માનવું છે કે, અકસ્માતથી જ આ ઈજા થઈ છે હવે પોલીસ અકસ્માત સર્જનાર વાહનને શોધી રહી છે. રાજકુમારનું મોત પેટ અને પેટના પાછળના ભાગમાં ઈજા થવાથી થયું છે.

# સુરતમાં ટેમ્પો અને ગોડાઉનમાંથી દારૂની ૧૬ હજાર બોટલ ઝડપાઈ

## પીસીબી ટીમનો સચીન-હજીરા હાઈવે પર દરોડોઃ ટેમ્પો ચાલક સહિત બે શખ્સોને દારૂ-બિયરની ૧૬૯૨ બોટલ સાથે પકડી પાડ્યા, પૂછતાછમાં સચીનમાં હોજીવાલા ઈન્ડસ્ટ્રી એસ્ટેટમાં ગોડાઉન દારૂ છુપાવેલ હોવાની બાતમી આપી

**પોલીસે રૂ.૩૨.૪૨ લાખનો દારૂ-બિયરનો જથ્થો સહિત કુલ રૂ.૪૦.૫૭ લાખનો મુદામાલ કબ્જે કર્યોઃ ગોડાઉન માલિક અઝહર અને દમણના સપ્લાયર વોન્ટેડ**

રાજકોટ. તા.૧૩

સુરતમાં ટેમ્પો અને ગોડાઉનમાંથી દારૂની ૧૬ હજાર બોટલ પીસીબીની ટીમે ઝડપી પાડી રૂ.૩૨.૪૨ લાખનો દારૂ-બિયરનો જથ્થો સહિત કુલ રૂ.૪૦.૫૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. ટેમ્પો ચાલક સહિત બે શખ્સોને દારૂ-બિયરની ૧૬૯૨ બોટલ સાથે પકડી પાડ્યા, પૂછતાછમાં કરતાં સચીનમાં હોજીવાલા ઈન્ડસ્ટ્રી એસ્ટેટમાં ગોડાઉન દારૂ છુલાવેલ હોવાની બાતમી આપી હતી. પોલીસે ગોડાઉન માલિક અઝહર અને દમણના સપ્લાયર વોન્ટેડ જાહેર કર્યા છે.

દરોડાની વિગત મુજબ, સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલૌત દ્વારા શહેર વિસ્તારમાં દારૂ/જુગારની ગેરકાયદેસર પ્રવુતીઓ સદંતર નાબુદ કરવાની આપેલ સૂચનાથી પીસીબી પીઆઈ આર.એસ.સુવેરાના માર્ગદર્શન હેઠળ કોન્સ્ટેબલ મીતેષભાઈ, રણવીરસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે એક ટાટા કંપનીનો ઈન્ટ્રા પીકઅપ ટેમ્પો નં. ઞ્ઞ્ઉ-૧૫-અડ-૦૮૪૯ માં ઇંગ્લીશ દારૂનો માતબાર જથ્થો ભરેલ છે જે ટેમ્પો થોડીવારમા સચીન-હજીરા હાઇવે ખજોદ ચાર રસ્તાથી પસાર થનાર છે તેમજ તેઓએ અન્ય દારૂનો જથ્થો સચીન હોજીવાલા કંપાઉન્ડ ખાતે ભાડે રાખેલ કોઇ ગોડાઉનમા સંતાડી રાખેલ છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ ડ્રિમ સીટી, ખજોદ ચાર રસ્તા રોડ પર વોચમાં હતો ત્યારે પસાર થયેલ પિકઅપ ટેમ્પોને અટકાવી રાજુરામ રામલાલ બિસ્નોઇ (ઉ.૨૯, રહે. પ્લોટ નં.ડી/૧૩/૦૬, રોડ નં.૧૦, હોજીવાલા ઇન્ડસ્ટ્રી એસ્ટેટ, વાંઝ, સચીન, સુરત, મુળ બાડમેર રાજસ્થાન), શ્રવણકુમાર બાબુલાલજી બિસ્નોઇ (ઉ.૨૧, રહે. પ્લોટ નં.ડી/૧૩/૦૬, રોડ નં.૧૦, હોજીવાલા ઇન્ડસ્ટ્રી એસ્ટેટ, વાંઝ, સચીન, સુરત, મુળ, બાડમેર રાજસ્થાન) ની ધરપકડ કરી ટેમ્પામાં તપાસ કરતાં તેમાં પીવીસી રોલ સ્કેપના પુઠ્ઠા નંગ.૧૬ ની આડમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ-બિયરની અલગ-અલગ બ્રાન્ડની પેટીઓ નં.૮૫ જેમા દારૂ/બીયર ટીન નં.૧૬૯૨ રૂ.૫,૭૯,૪૩૨ ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસના જણાવ્યા અનુસાર બન્ને આરોપીઓએ અન્ય દારૂનો જથ્થો સચીન, વાંઝ, હોજીવાલા ઇન્ડસ્ટ્રી એસ્ટેટ, રોડ નં.૧૦, પ્લોટ નં.ડી/૧૩/૦૬ ના ગોડાઉનમાં સંતાડી રાખેલ હોવાની કબુલાત આપતાં ગોડાઉન ખાતે રેડ કરી વિદેશી દારૂ અને બિયરની અલગ-અલગ બ્રાન્ડની પેટીઓ નં.૩૮૫, નં.૧૪૫૬૮ રૂ.૨૬,૬૩,૪૮૬ ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હતો.

ટેમ્પા અને ગોડાઉનમાંથી કુલ દારૂ અને બિયરની પેટીઓ નં.૪૭૦ બોટલ નં.૧૬૦૨૦ કુલ રૂ.૩૨,૪૨,૯૧૮ તેમજ ટેમ્પો રૂ.૮ લાખ મળી કુલ રૂ.૪૦,૫૭,૯૧૮ ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હતો. તેમજ દારૂનો જથ્થો ભરી આપનાર અઝરૂદ્દીન નઝુદ્દીન કાઝી (રહે.ગણેશકુપા સોસાયટી, સોનારી, ભેસ્તાન, સુરત) અને દારૂનો જથ્થો મોકલનાર સલીમ મંડલ (રહે.દમણ) અને મનોજ ઉર્ફે મનીયો (રહે. દમણ) ની શોધખોળ હાથ ધરી હતી.






# રાજકોટમાં બીજદાન કેન્દ્રમાંથી રૂા.૧.૧૩ લાખના ૧૫ કન્ટેનરની ચોરી

## પેડક રોડ પર આવેલ ગોડાઉનમાં એસીની વિન્ડો તોડી પ્રવેશેલ તસ્કરો ચોરી કરી નાસી છૂટ્યાઃ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી, એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળે

રાજકોટ. તા.૧૩

રાજકોટમાં બીજદાન કેન્દ્રમાંથી રૂ.૧.૧૩ લાખના ૧૫ કન્ટેનરની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. પેડક રોડ પર આવેલ ગોડાઉનમાં એસીની વિન્ડો તોડી પ્રવેશેલ તસ્કરો ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવની જાણ થતાં એફએસએલની ટીમ પણ ઘટનાસ્થળેદોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં સ્ટર્લિંગ હોસ્પિટલ પાસે રાજેશ્વરી પાર્કમાં રહેતાં ડો. ભસ્માંગભાઈ કનકરાય ત્રિવેદીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પેડક રોડ પર આવેલ વિભાગિય કુત્રિમ બીજદાન કેન્દ્રમાં મદદનીશ પશુપાલન નિયામક તરીકે ફરજ બજાવે છે.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું કે, દોઢેક મહિના પહેલા તેઓનો ઓફીસ પાસે આવેલ ગોડાઉનમાં ૩.૯ લીટરના ૧૩૩ તથા ૩૪ લીટરના ૧૩૦ કન્ટેનર ગોડાઉનમા હાજર સ્ટોકમા હતા. જે બાદ ગોડાઉન બંધ કરી દિધેલ હતું. ગઈકાલે સવારે તેઓ નિયત સમયે ઓફીસ આવી કામ કરતાં હતાં તે દરમિયાન કચેરી કેમ્પસમાં આવેલ કુવા પાસે પાણી લિકેજ માટે માર્ગ અને મકાન વિભાગના માણસો કામ કરતા હતાં ત્યારે તેઓ અને ડો.જી.વી.પટેલ બન્ને જોવા માટે ગયેલ હતાં. ત્યાંથી પરત ફરતી વખતે બપોરના સમયે તેઓની નજર ગોડાઉનના તરફ ગયેલ તો ત્યાં ગોડાઉનના શટરના નીચેના ભાગે ઇંટોના ટુકડા પડેલ જોવામા આવેલ અને શટરના ઉપરના ભાગે બાકોરૂ જોવા મળેલ હતું.

જેથી શટર ખોલી અંદર ગયેલ અને તપાસતા અંદરના ભાગે કન્ટેનરની ઉપરની કોથળી જે પેકિંગમા હોય તે કોથળી નીચે પડેલ જોવા મળેલ હતી. તેઓને શંકા જતા ગોડાઉનમાં રહેલ મુદામાલ તપાસતા ૩. ૯ લિટરના કુલ ૧૧ કન્ટેનર અને ૩૯ લિટરના કુલ ૦૩ કન્ટેનર, ૩૪ લિટરનું એકે કન્ટેનર મળી કુલ ૧૫ નંગ કન્ટેનર અલગ અલગ સાઇઝના કુલ રૂ.૧,૧૩,૩૮૧ નો મુદ્દામાલ મળી આવેલ ન હતો. તેમજ લેબોરેટરીમાં લગાવેલ વિન્ડો એરકન્ડીશનરના પાછળના ભાગમાથી અમુક ભાગ તુટેલ જોવામા આવેલ હતો. જેથી આશરે દોઢેક મહિનાની અંદર કોઇ અજાણ્યા શખ્સો ગોડાઉનમા ગેર કાયદેસર પ્રવેશ કરી અલગ અલગ સાઈઝના કુલ ૧૫ કન્ટેનર રૂ.૧,૧૩,૩૮૧ નો મુદામટચોરી કરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ વિ.એન.કલોત્રા અને સ્ટાફે તપાસ આદરી હતી. ઉપરાંત એલસીબી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ પણ તપાસમાં ઝંપલાવી તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

### ગુજરાત સહિતના રાજ્યોના નવા પ્રદેશ પ્રમુખોની વરણી પુર્વે નવો અહેવાલ

# રાષ્ટ્રીય પ્રમુખ મુદે સંઘ અને ભાજપ સામસામા! નડ્ડાને ૪૦ દિવસનું એકસટેન્શન

## જુલાઈ-૨૦૨૩થી સતત મુદત વધારા પર રહેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખના અનુગામી પસંદ કરવામાં ભાજપના તમામ નામો સંઘે ફગાવી દીધાના અહેવાલ

## આરએસએસ પુરો કંટ્રોલ માંગતુ નથી પણ લોકસભા ચૂંટણીમાં જે પરિસ્થિતિ સર્જાય તે ૨૦૨૯માં રિપીટ ન થાય તે જોવા આતુરઃ નડ્ડાથી પણ નિરાશ છે

નવી દિલ્હી:
લોકસભા ચૂંટણીમાં થોડી પીછેહઠ પરંતુ બાદમાં એક બાદ એક રાજયોની ધારાસભા ચૂંટણીઓમાં જબરી ફતેહ બાદ ભાજપે તેના રાષ્ટ્રીયથી પ્રાદેશિક સંગઠન માળખામાં ફેરફારથી શરૂ કરેલી પ્રક્રિયામાં અગાઉથી જ વિલંબમાં દોડી રહી હતી. રાષ્ટ્રીય તથા ગુજરાત સહિતના અનેક રાજયોના પ્રદેશ પ્રમુખો સહિતના સંગઠનની નવરચના ગાડી હવે વધુ મોડી પડશે. પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ નકકી કરવામાં અને સંગઠનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વધેલી ભૂમિકા વચ્ચે નવા રાષ્ટ્રીય પ્રમુખના નામ પર ભાજપ-સંઘ વચ્ચે કોઈ સંમતી ન થતા હવે વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાને વધુ ૪૦ દિવસનું એકસટેન્શન અપાયુ છે. શ્રી નડ્ડાનો કાર્યક્રમ જુલાઈ ૨૦૨૩માંજ પુરો થયો હતો પણ લોકસભા ચૂંટણીના કારણે તેમાં એક વર્ષનો વધારો કરાયો હતો અને ત્યારબાદ પણ શ્રી નડ્ડા એકસટેન્શન પર જ હતા.



આવી જ સ્થિતિ ગુજરાતમાં સી.આર.પાટીલ સહિત અનેક રાજયોના પ્રદેશ પ્રમુખોની છે. સૂત્રોના જણાવ્યા મુજબ નવા રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ભાજપે જે જે નામ આરએસએસ સમક્ષ રજુ કર્યા તે તમામ પર સંઘે ચોકડી મારી દીધી છે. વાસ્તવમાં જે.પી.નડ્ડાથી પણ સંઘ બહું સંતુષ્ટ ન હતો. તેમાં હવે તેનાથી પણ ઓછી ક્ષમતાવાળા ચહેરાને પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ બનાવવામાં સંઘ જરાપણ મચક આપવા માંગતો હતો. આમ સંઘ-ભાજપ હવે લગભગ સામસામા આવી ગયા છે અને તેથી નવા અધ્યક્ષનું નામ હવે ૨૦ એપ્રિલ કે તે બાદ જ નકકી થશે.

સંઘ લાંબા સમયથી ભાજપની આંતરિક બાબતોથી દુર રહ્યો હતો પણ જે રીતે લોકસભા ચૂંટણીમાં ભાજપને ખુદની બહુમતી ન મળી તે પછી તેના માટે સંઘના શરણે જવા સિવાય કોઈ વિકલ્પ ન હતો અને સંઘ પણ પોતાની શરતે ભાજપને મદદ કરવા માંગે છે. ભાજપે હજુ તેના બંધારણ મુજબ અડધાથી વધુ રાજયામાં નવા પ્રદેશ પ્રમુખ સહિતના સંગઠનની રચના કરવાની છે. જેમાં ગુજરાતમાં ધુળેટી પછી ગમે ત્યારે નવા પ્રદેશ પ્રમુખ મળશે તેવી ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આરએસએસ એ અનેક સલાહ આપી હતી પણ ભાજપે તે સ્વીકારી નથી. સંઘ માને છે કે હવે વધુ દબાણ લાવવું તે સંઘની મર્યાદા બહારની વાત છે. જે તે મર્યાદા છોડવા માંગતુ નથી.

સંઘ પોતાની રીતે પોતાની જવાબદારી બજાવશે. સંઘ એવા ચહેરાને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે મુકવા મંગે છે જે તેના માટે ભરોસાપાત્ર હોય તે જરૂરી છે. નડ્ડાએ જે રીતે લોકસભા ચૂંટણી સમયે અમારે હવે સંઘની જરૂર નથી તે વિધાન સંઘના હૃદયમાં સોસરવા ઉતરી ગયા છે અને તેના પરિણામ ભાજપને મળી ગયા છે. આમ તે સમયથી જ સંઘ-ભાજપ વચ્ચે તિરાડ બની ગઈ હતી છતાં સંઘે વિશાળ હિતમાં રાજયોની ચૂંટણીમાં ભાજપને મદદ કરી હતી જે ભાજપ માટે મહત્વની પુરવાર થઈ છે. તા.૨૧થી૨૩ માર્ચ બેંગલુરુમાં સંઘની પ્રતિનિધિ સભાની મહત્વની બેઠક યોજાનારી છે. જેમાં એક વર્ષના લક્ષ્યાંક નિશ્ચિત થાય છે. તેમાં નડ્ડાને હવે કઈ રીતે આવકારવા તે પણ પ્રશ્ન છે.

આ બેઠકની લાઈમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની પણ ચર્ચા થશે. સંઘ એવા જ વ્યક્તિને નવા રાષ્ટ્રીય પ્રમુખ જોવા માંગે છે જેનું બેકગ્રાઉન્ડ સંગઠનનું જ હોય તે જરૂરી છે અને સંગઠનને પણ તેમાં ભરોસો હોય તે પણ જરૂરી છે. જેમાં શિવરાજ ચૌહાણ અને મનોરલાલ ખટ્ટરના નામ છે પણ તેમાં કેટલા લોકપ્રિય છે તે પણ પ્રશ્ન છે તો વધુ એક ચર્ચા મહિલા પ્રમુખની છે જે રીતે ભાજપે એક બાદ એક ચુંટણીમાં મહિલાઓના મતો પર મોટો આધાર રાખીને વિજય મેળવશે તેથી ૨૦૨૯માં તે મહત્વની ભૂમિકા ભજવશે.

### ગુજરાતમાં પ્રદેશ પ્રમુખની નિયુક્તિ હવે વિલંબમાં મુકાશેઃ ભાજપમાં જબરી ચર્ચા



રાજકોટ તા.૧૩
ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિમાં હવે નવી મુદત પડયા બાદ ગુજરાતમાં પણ પ્રદેશ પ્રમુખની પસંદગી ધુળેટી પછી તાત્કાલીક થશે કે પછી તેમાં પણ સમય લેવાશે તે અંગે ચર્ચા છે. ભાજપે હાલમાં જ નવા મહાનગર અને જિલ્લા પ્રમુખોની વરણી કરી દીધી છે. પરંતુ હવે પ્રદેશ પ્રમુખ માટે દિલ્હીથી મળતી સૂચના મહત્વની બની જશે અને તેમાં અગાઉના અહેવાલો મુજબ ધુળેટી પછી ગમે તે સમયે ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત થશે. પરંતુ જે રીતે રાષ્ટ્રીય પ્રમુખની વરણીમાં સમય ગયો તેવી જ સ્થિતિ ગુજરાતમાં થાય તો આશ્ચર્ય થશે નહી. જો કે પક્ષે રાષ્ટ્રીય પ્રમુખની નિયુક્તિ કરતા પહેલા ગુજરાત સહિતના રાજયોમાં પ્રદેશ પ્રમુખ નિયુકત કરવા ફરજીયાત છે અને તેથી જ તેમાં હવે આગામી દિવસોમાં વલણ નિશ્ચિત થશે.

### હરિયાણાથી દિલ્હી, ભાજપના વિજય માટે એકલા સંઘને જ યશ આપવો ખોટુ

#### મીડિયાએ અર્ધસત્ય ચગાવ્યુ છેઃ ભાજપના સૂત્રોની દલીલઃ અમીત શાહ અને તેની ટીમે જમીન પર કામ કરીને આ વિજય હાંસલ કર્યો છે

નવી દિલ્હી તા.૧૩ : ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અંગે સંઘ દ્વારા જે રીતે પોતાની પસંદગીના વ્યક્તિને નિયુક્ત કરવાનું જોર લગાવાઈ રહ્યું છે તેની પાછળ લોકસભા ચૂંટણીમાં ભાજપને જે રીતે પછડાટ મળી અથવા તો કહો કે ખુદ પક્ષ તેની બહુમતી ન મેળવી શકયો તેની પાછળ આરએસએસની નિષ્ક્રીયતાને પણ એક કારણ ગણાવાઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ત્યારબાદ હરિયાણાથી મહારાષ્ટ્ર અને દિલ્હી સુધી ભાજપે જે વિજય મેળવ્યો તેની પાછળ સંઘની સક્રીયતાને યશ અપાય છે પણ ભાજપના સૂત્રોએ તે અંગે સ્પષ્ટ કહ્યું કે હરિયાણામાં અમીત શાહ અને તેની ટીમ સતત ત્રણ મહિના જમીન પર રહી હતી. મહારાષ્ટ્રમાં પણ આ જ ટીમે કામ કર્યુ હતું અને તેથી મીડીયા જે એવી વાત ચગાવાઈ રહી છે કે સંઘના કારણે ભાજપને વિધાનસભા ચૂંટણીમાં વિજય મળ્યો છે તે અર્ધસત્ય છે. ચોકકસપણે સંઘની ભૂમિકા રહી છે તેનાથી ભાજપની ભૂમિકા ઘટી જતી નથી. સંઘ અને ભાજપ સાથે મળીને કામ કરે તો જ વિજય શકય છે. ફકત અમીત શાહ કે ફકત સંઘ પોતાની રીતે આ જાદુ કરી શકે નહી. જયાં સુધી એકસટેન્શનની વાત છે ત્યાં સુધી તેઓ ૨૦૨૩થી એકસટેન્શનમાં છે. તેમના એકસટેન્શનને ધાર્મિક કનેકશન હોવાનું માનવામાં આવે છે. જો કે હોળાષ્ટક પુરા થઈ ગયા છે પરંતુ ૧૪ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી ખરમાશ રહે છે એટલે કે હોળાષ્ટક અને ખરમાશમાં કોઈ શુભકાર્યની શરુઆત થતી નથી. ખરમાશ એ હિન્દુઓ માટે બહુ મહત્વનું છે તેઓ દાવો કરતા ભાજપના સૂત્રોએ કહ્યું કે આ સમયમાં લગ્ન, સગાઈ, નવુ મકાન ખરીદવા કે અન્ય મોટી ખરીદી ટાળવામાં આવે છે.

## પરાપીપળીયામાં એઈમ્સના માર્ગ પર રૂા.૪૦ કરોડના ખર્ચે ઓવરબ્રિજનું નિર્માણ કરાશેઃ કલેકટર

### રેલ્વે લાઈન પર બ્રિજનું નિર્માણ થતા જામનગર-પડધરીથી આવતા દર્દીઓને સરળતા રહેશેઃ ટેન્ડર પ્રક્રિયાઃ વર્ક ઓર્ડર બાદ ૧૮ માસમાં પ્રોજેકટ પૂરો થશે

રાજકોટ તા.૧૩
શહેરના ઘંટેશ્વર-પરાપીપળીયાથી એઈમ્સ જવાના માર્ગ પર રૂા.૪૦ કરોડના ખર્ચે ઓવરબ્રીજનું નિર્માણ કરવામાં આવશે તેમ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું.

આ અંગે કલેકટર પ્રભવ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે એઈમ્સના આ માર્ગ પર બ્રીજના નિર્માણ માટેનો પ્રોજેકટ હાથ પર લઈ ટેન્ડર પ્રક્રિયા પણ આરંભી દેવામાં આવી છે. આગામી તા.૧૭મીના રોજ આ પ્રોજેકટના ટેન્ડર ખોલવામાં આવશે.

જેનો વર્ક ઓર્ડર અપાયા બાદ ૧૮ માસમાં જ આ બ્રીજની



કામગીરી પૂર્ણ કરી દેવાશે તેમ કલેકટર પ્રભવ જોશીએ જણાવી ઉમેર્યુ હતું કે જામનગર-પડધરીથી એઈમ્સમાં સારવાર લેવા આવતા દર્દીઓને આ માર્ગ પર વચ્ચે રેલ્વે ફાટક પડતું હોય એઈમ્સ પહોંચવામાં મુશ્કેલી પડતી હતી.

જેથી આ રેલ્વે લાઈન પર રૂા.૪૦ કરોડના ખર્ચે ઓવરબ્રીજના નિર્માણના પ્રોજેકટને મંજૂરી મળી જતા આ બ્રીજનું નિર્માણ થતા દર્દીઓને એઈમ્સ પહોંચવામાં સરળતા રહેશે. કલેકટર કચેરી ખાતે ગઈકાલે યોજાયેલ સ્પેશ્યલ પ્રોજેકટની બેઠકમાં પણ આ પ્રોજેકટની સમિક્ષા કરવામાં આવી હતી.

#### રાજયસભાનાં સાંસદ કેશરીદેવસિંહ ઝાલાની રેલવે મંત્રી સાથે રૂબરૂ મુલાકાત

## અમદાવાદ સ્ટેશન પર પડી રહેતી મુંબઈની વંદે ભારત ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા ભારપૂર્વકની રજૂઆત

### બાંદ્રા સેન્ટ્રલ સહિતની ૮ ટ્રેનોને વાંકાનેર સ્ટોપે જ આપવા સાથે સૌરાષ્ટ્ર અને જનતા મેઈલ ટ્રેનનો સમય ફેરવવા માંગણી

રાજકોટ,તા.૧૩
તાજેતરમાં રાજયસભાનાં સાંસદ અને વાંકાનેરનાં રાજવી કેશરીદિવસિંહ ઝાલાએ નવી દિલ્હી ખાતે રેલ્વે મંત્રી અશ્વિન વૈષ્ણવ સાથેની રૂબરૂ મુલાકાતમાં સૌરાષ્ટ્રની રેલવે સુવિધાનાં પ્રશ્નો રજૂ કર્યા હતા સાથે સૌરાષ્ટ્રની જનતાને ટ્રેનોની પુરતી સુવિધા મળે તે માટે અનેકવિધ પ્રશ્નોની રજૂઆત કરી છે.રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથેની રૂબરૂ રજૂઆતમાં સાંસદ કેશરીદિવસિંહ ઝાલાએ અમદાવાદ, મુંબઈ વંદે ભારત ટ્રેન જે અમદાવાદ સ્ટેશન પર ૮:૫૫ કલાક પડી રહે છે તેને રાજકોટ સુધી લંબાવવા આવે તો સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો-વેપારીઓ, મુસાફરોને તેનો લાભ મળે સાથે



સૌરાષ્ટ્રનાં વિકાસને વેગ મળે તે માટે ઘટતી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.આ ઉપરાંત મુંબઈ-હાપા દુરન્તો, ઓખા અર્નાકુલમ, પુરી-દ્વારકા, ઓખા-ગોવાહાટી-રાજકોટ-કોઈનતુર, ઓખા-બનારસ, પોરબંદર હાવરા ઓખા હાવરાહ ટ્રેનને મોરબી જિલ્લાનાં વાંકાનેર રેલવે સ્ટેશન ઉપર સ્ટોપ આપવા ઉપરાંત સૌરાષ્ટ્ર મેઈલ અને સૌરાષ્ટ્ર જનતા મેઈલ જે કોરાના સમયે પ્રસ્થાનમાં ફેરફાર કરાયો હતો. તેને જુના મુજબ ફરી દોડાવવા આવે તેવી લાંબા સમયથી માંગણી છે તેને સ્વીકારી સૌરાષ્ટ્રના મુસાફરોનાં હીત માટે સંબંધિત અધિકારીઓને તાત્કાલીક અમલી કરણ માટે સુચના આપવા રજૂઆત કરી છે.

## સોનીબજાર, ગંજીવાડા, ઉદ્યોગનગરમાં ૧૦ મિલ્કતોને સીલ કરી દેતી મ.ન.પા.

### બાકી વેરાની વસુલાત માટે નવા થોરાળામાં એક નળ જોડાણ પણ કાપી નંખાયુ

રાજકોટ તા.૧૩
રાજકોટ મ.ન.પા. દ્વારા આજરોજ પણ બાકી વેરા વસુલાત ઝુંબેશ અંતર્ગત આજરોજ બપોરે એક વાગ્યા સુધીમાં સોનીબજારમાં હરીઓમ કોમ. કોમ્પ્લેક્ષનાં સેકન્ડ ફલોર ઉપર એક દુકાન, સોનીબજારનાં માધવ કોમ્પલેક્ષમાં એક દુકાન, ક્રિષ્ના ચેમ્બર્સમાં બે દુકાન તથા વિવેક ચેમ્બર્સમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ત્રણ દુકાન અને જૂના ગંજીવાડામાં એક દુકાન, જયારે સોનીબજારનાં પલ્લવ પ્લાઝા કોમ. કોમ્પ્લેક્ષમાં એક દુકાનને સિલ મારી દેવાયા હતા તથા ઉમાકાંત ઉદ્યોગનગરમાં રાજદૂત ઈન્ડ. એસ્ટેટને સીલ મારી દેવાયુ હતુ તથા નવા થોરાળામાં ૧ નળજોડાણ કટ્ટ કરી દેવાયુ હતુ.



આજરોજ બપોરે એક કલાક સુધીમાં ૧૦ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૮ મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૪ યુનિટની નોટીસ સામે રીકવરી થયેલ તથા આજના દિનની રિકવરી રૂા.૪૭.૫૦ લાખ થઈ હતી.

જયારે તા.૧૪-૦૩ના રોજ ધુળેટી નિમિતે વેરા-વસુલાત શાખાની કામગીરી બંધ રહેશે. જેની આમ જનતાએ નોંધ લેવી.

ઉપરોક્ત આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ, સિદ્ધાર્થ પંડયા, ભાવેશ પુરોહિત, વેસ્ટ ઝોન મેનેજરશ્રી મયુર ખીમસુરીયા, ફાલ્ગુની કલ્યાણી, ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠકકર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સ્પેકટર દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

## અમદાવાદમાં રમકડાં -ખાદ્ય પદાર્થની આડમાં ડ્રગ્સની હેરાફેરીના કૌભાંડનો પર્દાફાશઃ ૩.૪૫ કરોડનો જથ્થો જપ્ત

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે રેકેટના તાર શોધવા કવાયત હાથ ધરીઃ રમકડાં-ખાદ્ય પદાર્થના પાર્સલ ફોરેન પોસ્ટ ઓફિસમાં મળ્યા








અમદાવાદ,તા.૧૩
એમડી ડ્રગ્સ, ચરસ, ગાંજા સહિત અનેક નશાકારક વસ્તુઓ જાત જાતની યુકિતઓ પ્રયુકિતઓથી ઘુસાડવામાં આવતી હોય છે .પરંતુ કોઈને જરાપણ શંકા ન જાય એ રીતે એટલે કે રમકડા અને ખાદ્ય પદાર્થની આડમાં નશીલા દ્રવ્યોની હેરફેરનું કૌભાંડ ઝડપાતા ખળભળાટ મચી ગયો છે. રમકડાં ખાદ્ય પદાર્થના ઓનલાઈન પાર્સલ ફોરેન પોસ્ટ ઓફિસમાં મળી આવ્યા હતાં.

અમદાવાદની ક્રાઈમ બ્રાન્ચે આ મામલે મોટી કાર્યવાહી કરી રૂા.૩.૪૫ કરોડની કિંમતનો મોટો જથ્થો ઝડપી પાડયો છે. તહેવારો ટાંકણે જ આટલો મોટો જથ્થો ઝડપાતા ખળભળાટ મચી ગયો છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે છેલ્લા કેટલાક સમયથી ડાર્ક વેબ અને અલગ-અલગ વીપીએનની મદદથી ઓનલાઈન ડ્રગ્સ મંગાવવામાં આવતું હતું. જે સંદર્ભ ક્રાઈમ બ્રાન્ચ અને અન્ય એજન્સીઓ તેના પર વોચ રાખી રહી હતી. તે સમયે ફોરેન પોસ્ટ ઓફિસમાં કેટલાંક શંકાસ્પદ કુરિયર આવ્યાં અને જે અંગેની જાણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચનાં સૂત્રોને મળી હતી. જેના આધારે અમદાવાદની ટીમે તપાસ કરતા આ જથ્થામાં રમકડાં અને ખાદ્યપદાર્થની અંદર ૩.૪૫ કરોડનું ડ્રગ્સ મળી આવ્યું હતું. જેમાં હાઇબ્રિડ ગાંજો, ચરસ અને એમડી ડ્રગ્સ હોવાનું સામે આવ્યું છે. હાલ તેની અંદાજિત કિંમત ૩.૪૫ કરોડથી વધુ થાય છે. આ સમગ્ર મામલે હવે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આ રેકેટના તાર શોધવા માટે તપાસ શરૂ કરી છે.ઉલ્લેખનીય છે. કે ૯ મહિલા પહેલાં પણ ફોરેન પોસ્ટ ઓફિસમાં અમેરિકાથી આવેલા પાર્સલમાંથી ૩.૮૪ કરોડનો હાઈબ્રિડ ગાંજો-લિકિવડ ડ્રગ્સ મળી આવ્યાં હતાં.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ઓનલાઈન આ ડ્રગ્સ મંગાવવામાં આવ્યું હતું. પરંતુ તેના રિસીવર અંગેની તપાસ ચાલી રહી છે. યુએસએ, કેનેડા અને થાઈલેન્ડ જેવા દેશોમાંથી ડાર્ક વેબથી આ ઓર્ડર કરવામાં આવ્યો હોવાની શકયતા છે. જે સંદર્ભે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તપાસ કરી રહી છે.

કબજે કરેલ મુદ્દામાલ હાઇબ્રીડ ગાંજો- ૧૦૫૫૦ ગ્રામ, કિં.રૂ. ૩,૧૨,૫૦૦૦૦ ચરસ- ૭૯ ગ્રામ, કિં.રૂ. ૩,૯૫,૦૦૦ એમ.ડી. ડ્રગ્સ- ૨૪૮ ગ્રામ, કિ.રૂ. ૨૪,૮૦,૦૦૦ કેનાબીલ ઓઇલ- ૫ એમ.એલ.ની એક એવી કુલ ૩૨ કાચની ટચુબ આઇસોપ્રોપાઇલ નાઇટેરટ- ૨૫ એમ.એલ.ની એક એવી બોટલ નાંગ-૬ ૯ મહિના પહેલાં પણ અમેરિકાથી અમદાવાદ આવેલાં ૫૮ પાર્સલમાંથી ૩.૮૪ કરોડનો હાઇબ્રિડ ગાંજો-લિકિવડ ડ્રગ્સ મળ્યું હતું. બાળકોનાં રમકડાંમાં નશાનો સામાન છુપાવ્યો હતો. ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓ મંગાવતા હતાં.

## નવી જંત્રીની વાંધા અરજીના મુદ્દે શનિવારે વધુ એક બેઠક બોલાવતા કલેકટર

### રાજકોટ શહેર અને નગરપાલિકાનાં વિસ્તારોની વાંધા અરજીઓની કરાશે સમીક્ષા

રાજકોટ તા.૧૩
રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા નવી જંત્રીની વાંધા અરજીના મુદ્દે આગામી શનિવારે બપોરનાં વધુ એક બેઠક બોલાવવામાં આવી છે.જેમાં રાજકોટ શહેર અને જીલ્લાની નગરપાલીકાઓના વિસ્તારોની વાંધા અરજીઓની સમીક્ષા કરવામાં આવશે. અહી ઉલ્લેખનીય છે કે તાજેતરમાં નવી જંત્રીની વાંધા અરજીઓના મુદ્દે મ્યુનિ.કોર્પોરેશન રૂડાના ટીપીઓ સહીતનાં અધિકારીઓની બેઠક બોલાવવામાં આવી હતી જેમાં જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલી ૯૦ જેટલી વાંધા અરજીઓની સમીક્ષા કરવામાં આવી હતી. રાજકોટ શહેર જીલ્લામાંથી નવી જંત્રીઓના મુદ્દે ૮૫૦ જેટલી વાંધા અરજીઓ કલેકટર તંત્રને મળી છે જેમાં હવે આગામી શનિવારે યોજાનારી આ બેઠકમાં રાજકોટ શહેર અને જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોની વાંધા અરજીઓની સમીક્ષા કરી સરકારમાં રિપોર્ટ કરવામાં આવશે.

## બોટાદ કાળુભાર નદીમાં ન્હાવા પડેલા રાજસ્થાનના ચાર શ્રમિકો ડૂબ્યા, બેના મોત

બોટાદ જિલ્લાના ગઢડાના ચોસલા ગામ નજીક કાળુભાર નદીમાં ન્હાવા પડેલા ચાર રાજસ્થાની શ્રમિકોમાંથી બે લોકો ડૂબ્યા હતા. જ્યારે બે શ્રમિકોને બચાવી લેવામાં આવ્યા હતા.ડૂબી ગયેલા બંને વ્યક્તિઓની ઓળખ પવનસિંહ અને પૃથ્વીસિંહ તરીકે થઈ છે. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક વહીવટી તંત્ર તુરંત સક્રિય થયું છે અને ડૂબેલા બંને વ્યક્તિઓને શોધવા માટે રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. આ ચારેય વ્યક્તિઓ રાજસ્થાનના સિકર જિલ્લાના વતની છે અને ચોસલા ગામમાં કડિયા કામ કરતા

## ખંભાળાની SOS હોસ્ટેલમાં બનેલ રેગીંગની ઘટનાના વિરોધમાં શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષકને બંગડીઓ અપાઈ




### છાત્ર યુવા સંઘર્ષ સમિતિના હોદેદારોએ આશ્ચર્યજનક કાર્યક્રમ આપી પોતાના શરીર પર પટ્ટા માર્યાઃ ૧૦ની અટકાયત

રાજકોટ તા.૧૩
રાજકોટ નજીકના ખંભાળાની એસ.ઓ.એસ. હોસ્ટેલમાં બનેલી રેગીંગની ઘટનાના વિરોધમાં છાત્ર યુવા સંઘર્ષ સમીતીના હોદ્દેદારોએ આજે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે દોડી જઈ શિક્ષણ નિરીક્ષકને બંગડીઓ આપી આશ્ચર્યજનક કાર્યક્રમ આપેલ હતા.

જેમાં છાત્ર યુવા સંઘર્ષ સમીતીના હોદ્દેદારોએ પોતે પણ શરીર પર પટ્ટા માર્યા હતા. આ કાર્યક્રમમાં પોલીસ દ્વારા સમીતીના ૧૦ જેટલા હોદ્દેદારોની અટકાયત કરવામાં આવી હતી.


આ અંગે છાત્ર યુવા સંગઠન સમીતીના પ્રમુખ પ્રણવ ગઢવી તથા સુરજ બગડાએ જણાવેલ છે કે તાજેતરમાં રાજયની અંદર દિવસેને દિવસે રેગીંગની ઘટનાઓ વધતી જાય છે, જેમાં હાલની જ અતિ શરમજનક અને નિંદનીય ઘટના ધંધુકાની પચ્છમ ગામની હોસ્ટેલમાં સગીર વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય સાથી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું. રાજકોટના ખંભાળા ગામ ખાતે એસઓએસ હોસ્ટેલમાં એક વિદ્યાર્થીને તેના ૬-૭ સાથી વિદ્યાર્થીઓ દ્વારા ગંભીર રીતે માર મારી તેની જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લાની જ બાબતમાં જોઈએ તો, એક માસ અગાઉ પણ રાજકોટની શાળાઓમાં વિદ્યાર્થીના રેગીંગ તેમજ શિક્ષક દ્વારા માર મારવાની ૪-૫ ઘટનાઓ સામે આવી હતી. જેમાં પર માત્ર તપાસના નામે ઘટનાને રફેદફે કરવામાં આવી હોય, તેવું લાગી રહ્યું છે.

આમ, શાળાઓમાં રેગીંગએ ખૂબ ચિંતાનો અને ગંભીર વિષય હોય, ત્યારે રાજકોટ જિલ્લા શિક્ષણના વડા તરીકે ખંભાળાની હોસ્ટેલ રેગીંગની ઘટના બાબતે યોગ્ય દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી ઉઠાવવામાં આવી છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૮૦-૨૪૩૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૩૩૦-૨૩૮૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૨૩૫-૨૨૮૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૮૫-૨૨૩૫ |
| પામોલીયન તેલ | ૨૨૯૫-૨૨૦૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૫૦-૨૧૮૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૮૫-૨૨૯૦ |
| મકાઇ તેલ | ૨૦૬૦-૨૦૮૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૯૦-૨૩૨૦ |
| કોપરેલ | ૩૫૦૦-૩૫૫૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૪૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૯૫૦૦(+૬૦૦) |

| ચાંદી |
|---|
| ૧૦૧૨૦૦(+૫૦૦) |

### રાજકોટના જાણીતા કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ''વિશ્વ કિડની દિવસે'' કિડની રોગ અંગે પ્રથમવાર પ્રકાશિત ચોંકાવનારા સર્વેક્ષણના પરિણામો

# ચોંકાવનારી હકીકતઃ કિડનીના સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ખૂબ જ ઓછી! માત્ર ૭% લોકો જાણે છે કે કિડનીની કાર્યક્ષમતા જાણવા માટે કઈ લોહીની તપાસ કરાવવી જરૂરી છે!!

રાજકોટ : ભારત અને વિશ્વભરમાં કિડનીનાં રોગોનું પ્રમાણ ગંભીર રીતે વધતું જાય છે. કિડનીનાં રોગો અંગે જનજાગૃતિ માટે વિશ્વનાં ૧૦૦ થી વધુ દેશોમાં ૧૩ માર્ચ ૨૦૨૫ના દિવસે ૨૦ માં કિડની આરોગ્ય જાગૃતિ દિવસની ઉજવણી થશે. વિશ્વ કિડની દિવસ - ૨૦૨૫ નું સ્લોગન છે ''શું તમારી કિડનીઓ તંદુરસ્ત છે? વહેલું નિદાન કરો, કિડનીને બચાવો'' છે. આ સંદર્ભે કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લાયબ્રેરી એન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ વિભાગ દ્વારા સંયુકત રીતે કરવામાં આવેલા સર્વેક્ષણમાં કિડનીના સ્વાસ્થ્ય અંગેની જાગૃતિ વિશે અતિ ચિંતાજનક માહિતી બહાર આવી છે. સર્વેક્ષણ કરાયેલા ૧૦૪૨ વિધાર્થીઓમાંથી, માત્ર ૭% વિધાર્થીઓ જાણતા હતા કે કિડનીની કાર્યક્ષમતા જાણવા માટે લોહીમાં ક્રીએટીનીન અથવા ઇજીએફઆર ની તપાસ જરૂરી છે.

જયારે વિશ્વ કિડની દિવસ ૨૦૨૫ ની થીમ ''શું તમારી કિડનીઓ તંદુરસ્ત



ડો. સંજય પંડયા

છે? વહેલું નિદાન કરો. કિડનીને બચાવો.★ ત્યારે ૯૩% વિધાર્થીઓને એ પણ ખબર નથી કે કિડની રોગના નિદાન માટે કઈ તપાસ કરાવવી જોઈએ જાગૃતિનો આ નોંધપાત્ર અભાવ ખૂબ જ ચિંતાજનક અને વિચાર માંગી લે તેવી કડવી વાસ્તવિકતા છે અને તે કિડની રોગના વહેલા નિદાન અને નિવારણ માટે જનજાગૃતિની તાતી અને વ્યાપક જરૂરિયાત દર્શાવે છે. દર દસમાંથી એક વ્યકિતને કિડનીનો પ્રશ્ન થવાનો ભય છે. પરંતુ ૯૦% કરતા વધુ લોકો તેમના રોગો અંગે અજાણ છે. આ સંદર્ભે રાજકોટની જાણીતી કિડની એજ્યુકેશન વેબસાઈટ વિશ્વભરના લોકોને ૪૦ ભાષામાં એટલે કે તેમની માતૃભાષામાં કિડની અંગે નિ:શુલ્ક સંપૂર્ણ માહિતી આપી આ સ્લોગનને પૂર્ણ કરતી એકમાત્ર વેબસાઈટ છે. રાજકોટનાં વરિષ્ઠ કિડની નિષ્ણાત ડો. સંજય પંડયા અને વિશ્વના ૧૦૦ થી વધુ કિડની નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવેલ www.KidneyEducation.com વેબસાઈટમાં કિડનીનાં રોગથી બચવાના અને તેની ''સારવાર અંગે લોક ઉપયોગી સરળ માહિતી ૧૨ ભારતીય અને ૨૮ આંતરરાષ્ટ્રીય ભાષામાં આપેલ છે.

આ ચોંકાવનારા પરિણામો શા માટે મહત્વના છે? કારણકે કિડની રોગનો બોજો ભયજનક રીતે વધી રહ્યો છે - વિશ્વભરમાં કિડનીના રોગની તકલીફ હોય તેવા લોકોની સંખ્યા ૮૫ કરોડથી વધુ છે. દર દસમાંથી એક વ્યકિતને ક્રોનિક કિડની ડીસીઝ (સી.કે.ડી.) થવાનો ભય રહે છે. ક્રોનિક કિડની ડીસીઝ એ હવે વિશ્વમાં મૃત્યુનું ૮મું મુખ્ય કારણ બની ગયું છે. સી.કે.ડી. ની તકલીફ ધરાવતા ૯૦% લોકો તેમના રોગો અંગે અજાણ હોય છે. દર ૩ માંથી ૧ ડાયાબિટીસના દર્દીને કિડની રોગ થવાનો ભય રહે છે. ઘણા કેસોમાં ક્રોનિક કિડની ડીસીઝ અટકાવી શકાય છે. પરંતુ જાગૃતિ ઓછી હોવાથી નિદાન મોડું થાય અને સારવારથી ફાયદા ની તકો ગુમાવી દેવાય છે.

જાગૃતિ અને તાત્કાલિક પગલાં લેવાની તાતી જરૂરિયાત શા માટે છે? આ અંગે રાજકોટના વરિષ્ઠ નેફ્રોલોજિસ્ટ અને કિડની એજ્યુકેશન વેબસાઈટ (૪૦ ભાષાઓમાં ઉપલબ્ધ) ના સ્થાપક ડો. સંજય પંડ્યા ચેતવણી આપે છે કે આ ચોંકાવનારા સર્વેના પરિણામો સામાન્ય જનતામાં કિડની રોગ અંગેની પ્રાથમિક માહિતી અને જાગૃતિના ગંભીર અભાવ ને દર્શાવે છે. ડોકટરો, કિડની સંસ્થાઓ, સામાજિક સંગઠનો અને સરકાર દ્વારા સંયુક્ત પ્રયાસોની અત્યંત વહેલી તકે જરૂરિયાત પર ભાર મૂકતા, તેઓ જણાવે છે કે: કિડની રોગ અને તેના વહેલા નિદાન વિશે જાગૃતિ ફેલાવવી અત્યંત આવશ્યક છે. વર્ષમાં એકવાર કિડની ચેકઅપને પ્રોત્સાહન આપવું (ખાસ કરીને કિડની રોગ થવાનું જોખમ વધારે હોય તેવી વ્યક્તિઓ માટે) સીરમ ક્રીએટીનીન અને ઇજીએફઆર જેવી વોહીની સરળ તપાસ વિશે જનજાગૃતિ ફેલાવવી અને કિડની રોગના વહેલા નિદાન માટે તેના વ્યાપક ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઇએ તેવું ડો. પંડયા જણાવે છે.

કિંડનીના રોગોથી બચવા તમે આટલું જાણોઃ કિડની વિશે પ્રાથમિક માહિતી મેળવો. કિડનીની બીમારીના મુખ્ય લક્ષણો જાણી, તમારું વોહીનું દબાણ અને બ્લડ સુગર ચેક કરાવી, કિડનીના રોગના નિદાન માટે કઈ તપાસ કરાવવી તે વિશે જાણો, કિડનીની તકલીફથી બચવાના ઉપાયો વિશે જાણી

ડો. સંજય પંડયા દ્વારા કિડની વિશે પ્રાથમિક માહિતી આ મુજબ છે. કિડની ફેલ્યર એટલે શું? જયારે બંને કિડની બગડે ત્યારે જ વોહીમાંનો કચરો શરીરમાંથી નીકળી શકતો નથી. જેથી વોહીની તપાસમાં ક્રીએટીનીન નું પ્રમાણ વધે છે અને કિડની ફેલ્યર નું નિદાન થાય છે. દર્દીની એક કિડની સાવ બગડી જાય તો દર્દીને કોઈ તકલીફ હોતી નથી અને વોહીમાં ક્રીએટીનીનની માત્રામાં કોઈ ફેરફાર થતો નથી. ક્રોનિક કિડની ડીસીઝ -સી.કે.ડી. એટલે શું? ધીમે ધીમે લાંબે ગાળે ન સુધરી શકે તે રીતે બંને કિડની બગડે તેને ક્રોનિક કિડની ડીસીઝ એટલે સી.કે.ડી કહે છે. શું તમે જાણો છો? ક્રોનિક કિડની ફેલ્યર સાઈલેન્ટ કિલર છે નિદાન અને સારવાર અતિ ગંભીર પ્રશન કેટલાક દર્દીઓમાં બંને કિડની ૯૦% બગડી જાય ત્યાં સુધી કોઈ નોંધપાત્ર તકલીફ જોવા મળતી નથી.

**કિડનીની બીમારીના મુખ્ય લક્ષણો, સી.કે.ડી.ની તકલીફ છે તેનો ખ્યાલ કઈ રીતે આવે?**

કિડનીની કાર્યક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો ના થાય ત્યાં સુધી રોગના કોઈ ચિહ્નો જોવા મળતા નથી. ક્રોનિક કિડની ફેલ્યરનાં વહેલા નિદાન માટે રોગનાં મહત્વનાં લક્ષણો અંગે જાણો. કિડની રોગના ચેતવણીજનક ચિન્હો: ★ નબળાઈ લાગવી, થાક લાગવો. ★ ખોરાકમાં અરૂચી, ઉલ્ટી-ઉબકા થવા. ★ આંખ પર સવારે સોજા આવવા. મોં અને પગ પર સોજા આવવા. . નાની ઉંમરે લોહીનું ઉંચુ દબાણ હોવું અને દવા છતાં યોગ્ય કાબુ ન હોવો. ★લોહીમાં ફિક્કાશ હોવી. '' પેશાબ ઓછો આવવો, પેશાબમાં ફીણ થવા, પેશાબ કરવામાં તકલીફ થવી, રાત્રે પેશાબ કરવા વધુ જવું પડવું જો કોઈ વ્યકિતને આ મુજબનાં ચિહ્નો હોય તો વહેલાસર ડોકટર પાસે જઈ તપાસ કરાવવી જરૂરી છે. સી.કે.ડી.નું જોખમ વધુ ક્યારે? કિડનીની તકલીફ કોઈપણ ઉંમરે થઈ શકે છે, પરંતુ આ કારણોથી જોખમ વધુ રહે છે. '' ડાયાબીટીસની બીમારી, લોહીનું દબાણ ઉંચુ હોવું અથવા વજન અતિ વધારે હોવું (Obesity). કુટુંબમાં અન્ય સભ્યોને કિડનીનો રોગ થયો હોય, મુત્રમાર્ગમાં જન્મજાત ખોડ હોય. ★લાંબા સમય માટે દુ:ખાવાની દવા લીધી હોય અથવા ધૂમ્રપાનની ટેવ હોવી.

**કિડની ચેકઅપ સરળ -** ફકત આટલું કરો. કિડનીના રોગોનું વહેલું નિદાન જીવલેણ રોગોથી બચાવી શકે છે. કિડનીનાં રોગનાં વહેલા નિદાન માટેની સરળ પદ્ધતી તે લોહીનું દબાણ મપાવવું અને લોહી પેશાબની તપાસ કરાવવી તે છે. દરેક વ્યક્તિ એ જાણવું જરૂરી છે કે પોતાની કિડની કેટલી કામ કરે છે. કિડની ની કાર્ય ક્ષમતા ચકાસવા માટે કરવામાં આવતી લોહીની તપાસ ક્રીએટીનીન તથા ઇજીએફઆર છે. લોહીનાં દબાણમાં વધારો, પેશાબની તપાસમાં પ્રોટીનની હાજરી અને લોહીમાં ક્રીએટીનની માત્રામાં વધારો તે સી.કે.ડી.ની પ્રારંભિક નિશાની હોઈ શકે છે.

**કિડનીના રોગોથી બચવા માટે શું કરશો? કિડનીને સલામત, તંદુરસ્ત રાખવાના ઉપયોગી સરળ સૂચનો** ૧. નિયમીત કસરત કરવી, શરીર તંદુરસ્ત રાખવું ૨. પોષ્ટિક ખોરાક લેવો, યોગ્ય વજન જાળવવું: ખોરાકમાં નમક (મીઠું), ખાંડ, ઘી-તેલ અને ફાસ્ટફુડનો ઉપયોગ ઓછો કરવો. શાકભાજી, ફળો અને રેસાવાળા ખોરાકનું પ્રમાણ વધારે રાખવું મીઠું (નમક) રોજ ૫-૬ ગ્રામથી ઓછું લેવું જોઈએ. ૩. ડાયાબીટીસનો હંમેશા યોગ્ય કાબુ રાખવો: ડાયાબીટીસના ૪૦% જેટલા દર્દીઓમાં કિડનીને નુકશાન થવાનો ભય રહે છે. તેથી ડાયાબીટીસનાં દરેક દર્દીએ વર્ષમાં એક વખત તો કિડની ચેકઅપ અચૂક કરાવવું જોઈએ. ૪. લોહીના દબાણનો યોગ્ય કાબુ રાખવો: લોહીનું દબાણ ૧૩૦/૮૦ થી ઓછું રાખવું તે કિડનીની સુરક્ષા માટે અત્યંત મહત્વનું છે. ૫. પાણી વધારે પીવું. તંદુરસ્ત વ્યકિતએ રોજ ૨ લીટર (૧૦-૧૨ ગ્લાસ) થી વધુ પાણી પીવું ૬. ધુમ્રપાન, તમાકુ, ગુટકા, માવા, દારૂનો ત્યાગ કરવો. ૭. ડોકટરની સલાહ વગર દવાઓ (ખાસ કરીને દુખાવા માટેની દવાઓ) ન લેવી. દેશી દવા કિડનીને નુકશાન કરી શકે છે. ૮. રૂટીન હેલ્થ ચેક અપ: કિડનીની તકલીફ થવાની શકયતા વધારે હોય ત્યારે અને ૪૦ વર્ષની ઉંમર બાદ દરેક વ્યક્તિઓએ દર વર્ષે કિડની ચેકઅપ (લોહીનું દબાણ, પેશાબમાં પ્રોટીન અને લોહીમાં ક્રીએટીનની તપાસ) કરાવવું જોઈએ. ૯. કિડનીના રોગના ચિહ્નો જોવા મળે ત્યારે વહેલાસર ડોકટર પાસે તપાસ કરાવવી.

કિડની સ્વસ્થ રાખવા માટે વિનામૂલ્યે ૪૦ ભાષામાં રસપ્રદ માહિતી આપતી વિશ્વની એકમાત્ર વેબસાઈટ www.KidneyEducation.com: કિડની રોગો સાથે સ્વસ્થ રહેવા માટે સૌથી વધુ ૪૦ ભાષામાં જાણકારી વિશ્વના દરેક ભાગમાં વ્યક્તિ પોતાની માતૃભાષામાં જાણકારી સરળતાથી મેળવી શકે તે માટે આ વેબસાઈટમાં ૪૦ ભાષામાં કિડની વિશે સંપૂર્ણ માહિતી નિ:શુલ્ક ઉપલબ્ધ છે. ૨૦૦ પાનાનું ''તમારી કિડની બચાવો'' પુસ્તક ૪૦ ભાષામાં અનુકુળતા મુજબ વિનામૂલ્યે વાંચન કરવા માટે ઓનલાઈન રીડીંગ, પીડીએફ ડાઉનલોડ તથા વ્હોટસએપ (૯૪૨૬૯૩૩૨૩૮) દ્વારા પુસ્તક મેળવવાના મનપસંદ વિકલ્પો છે.

વિશ્વનીય માહિતી માટે ૧૦૦ આંતરરાષ્ટ્રીય કિડની નિષ્ણાતોની ટીમ: ૪૦ ભાષામાં કિડની પુસ્તકો તૈયાર કરવાનો યશ વસુધૈવ કુટુંબકમની વ્યાખ્યા ને પરિપૂર્ણ કરતી આ વિશ્વભરના ૧૦૦ થી વધુ સેવાભાવી કિડની નિષ્ણાતોની ટીમને ફાળે જાય છે. ૧૦ કરોડથી વધુ હિટ્સ: ૧૫૦ મહિનાઓમાં દશ કરોડથી વધુ હિટસ અને આઠ લાખથી વધુ પુસ્તકોના ડાઉનલોડ સાથે કિડની અંગે માહિતી આપવામાં વિશ્વભરમાં અગ્રેસર. જે આ વેબસાઈટની લોકપ્રિયતા દર્શાવે છે. વર્લ્ડ રેકોર્ડ એવોર્ડ સન્માનિત વેબસાઈટ: એક જ વેબસાઈટમાં વિશ્વમાં સૌથી વધુ ભાષામાં ઇબુક-(PDF) ઉપલબ્ધ હોવાના અમુલ્ય યોગદાન માટે કિડની એજ્યુકેશન વેબસાઈટને વર્લ્ડ રેકોર્ડ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચંડ સમર્થન: ૨૦ થી વધુ વિશ્વના સૌથી નામાંકિત આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા કિડની એજ્યુકેશન વેબસાઈટને સમર્થન તટસ્થ સચોટ માહિતી: સ્પોન્સરશીપ, એડવર્ટાઇઝમેન્ટ કે ડોનેશન વગરની આ વેબસાઈટ કિડની વિશે તટસ્થ માહિતી આપશે. વિકિપીડિયામાં માહિતી:કિડની એજયુકેશન વેબસાઈટ અંગે વિકિપીડિયામાં આપવામાં આવેલ વિસ્તૃત માહિતી આ વેબસાઈટની મહત્તતા સુચવે છે.

ડો. સંજય પંડ્યાને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ: ચેન્નાઈમાં તામિલનાડુના આરોગ્ય મંત્રી દ્વારા ડો. સંજય પંડ્યા ને લા-રેનોન ટેન્કર ફાઉન્ડેશન લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા, જે કિડની એજ્યુકેશન અને ફ્લુઇડ થેરાપી ક્ષેત્રે ૨૫+ વર્ષના અનન્ય યોગદાન માટે આપવામાં આવ્યો હતો. ડો. પંડ્યા દ્વારા નિર્મિત વિશ્વની સૌથી મોટી કિડની એજ્યુકેશન વેબસાઈટ ૪૦ ભાષાઓમાં નિ:શુલ્ક ઉપલબ્ધ છે. અને આ પ્રોજેક્ટ દ્વારા લાખો દર્દીઓને ફાયદો પહોંચ્યો છે. ઉપરાંત, ડો. પંડ્યાનું પુસ્તક પ્રેકટીકલ ગાઇડલાઇન ઓન ફલુઇડ થેરેપી (Practical Guidelines on Fluid Therapy) ૧,૦૦,૦૦૦ થી વધુ ડોકટરો સુધી પહોંચ્યું છે, જે હોસ્પિટલમાં દાખલ દર્દીઓ માટે આઇવી ફ્લુઇડ થેરાપી અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડે છે. તેઓએ તાજેતરમાં ફ્લુઇડ થેરાપીની નવી ૨૦૨૪ આવૃત્તિની માહિતી વિનામૂલ્યે વિશ્વભરના ડોકટરો ને પહોંચાડવા માટે નવી વેબસાઇટ શરૂ કરી છે.(www.fluidtherapy.org).

### વિશ્વ કિડની દિવસ ૨૦૨૫ નું સ્લોગન ''શું તમારી કિડનીઓ તંદુરસ્ત છે? વહેલું નિદાન કરો. કિડનીને બચાવો-

**લેખક. સંપર્ક:** ડો. સંજય પંડ્યા, એમ.ડી., ડી.એન.બી, કિડની રોગ નિષ્ણાત, ફાઉન્ડર અને ચીફ મેન્ટર, કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન,સમર્પણ હોસ્પિટલ, ભૂતખાના ચોક, એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૨૨૨૦૭૭) ઈમેલ : saveyourkidneyyahoo.co.in
વેબસાઇટ : www.KidneyEducation.com

### સમગ્ર દેશમાં કરોડો લોકો કિડની બીમારીથી પીડાય છે

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં સૌથી વધુ કિડનીના રોગના દર્દીઓ




### કિડની ફેઈલ થવા પાછળ પથરી,ડાયાબિટીસ, બ્લડપ્રેશર, પેશાબમાં રસી થવા,સ્થૂળતા સહિતના અનેક કારણો જવાબદાર




રાજકોટ : આજે ૧૩ માર્ચના દિવસે વિશ્વ કિડની દિવસ નિમિતે કિડની સ્વસ્થ રાખવા જન જાગૃતિ લાવવા યુરોકેર હોસ્પિટલ દ્વારા આ વિશેષ લેખ તૈયાર કરાયો છે. જેમાં સૌરાષ્ટ્ર કચ્છના સિનિયર યુરોલોજીસ્ટ ડો. જીતેન્દ્ર અમલાણી અને તેમની યુરોકેર હોસ્પિટલની ટીમ ડો. જીગેન ગોહેલ, ડો. પ્રતીક અમલાણી અને ડો. ધૃતિ અમલાણી દ્વારા લોકોને પૂરતી માહિતી મળે તે માટે કીડની આધારિત આ લેખ જરૂર થી વાંચશો.

**આજે ૧૩ માર્ચ વિશ્વ કિડની દિવસ**

સમગ્ર વિશ્વમાં કિડની રોગના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં લગભગ ૧૦ કરોડથી વધુ કિડની રોગના દર્દીઓની સંખ્યા છે અને તેની સારવાર મોટાભાગના લોકોને પહોંચની બહાર હોય છે. એટલે

### બાળકોમાં ખાસ કરીને જંકફડ કિડનીના રોગો માટે જવાબદાર

**વધુ જોખમવાળા દર્દીઓ :**
''બ્લડપ્રેશરવાળા દર્દીઓ તથા ડાયાબિટીસવાળા દર્દીઓ
★ ધુમ્રપાન કરતા લોકો
★ કુટુંબમાં કોઈને કિડની ફેલ થયેલ હોય તેવા લોકો
★ વધુ પડતું વજન - જાડાપણું
આવા લોકોએ નિયમિતપણે ડોક્ટર પાસે કિડની તપાસ કરાવવી જોઈએ.

**સૌની કિડની સ્વસ્થ રાખવા માટેના આઠ સુવર્ણ સૂચનો :**
૧. એક્ટિવ- ફીટ રહો

### કિડની રોગથી બચવા માટે ખોરાકમાં નમક ઓછું કરો અને પાણી વધુ પીવો

કિડનીના રોગ અટકાવવા એજ કિડની બચાવવાનો સરળ ઉપાય છે અને તે માટે જનજાગૃતિ જરૂરી છે.

**વિશ્વ કિડની દિવસનું ધ્યેય :**
વિશ્વ કિડની દિવસ દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરૂવારે કોઈને કોઈ વિશેષ ધ્યેય સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષનો કિડની ડેનું ધ્યેય છે: શું તમારી કિડની સ્વસ્થ છે? તમારી કિડનીને સ્વસ્થ રાખો.

**કિડનીનો રોગ થયો છે તેના મુખ્ય લક્ષણો:**
કિડનીના રોગોના દર્દીને સામાન્ય રીતે ખબર પડે ત્યારે ૯૦% કિડની ખરાબ થઈ જાય છે. તેથી કિડનીના રોગના વધુ જોખમ વાળા લોકોએ કિડની અંગેની તપાસ નિયમિત કરાવવી જોઈએ.
★ વારંવાર પેશાબ કરવા જવું પડે.
★ આંખ અને મોઢા પર સોજો આવે.
★ પડખામાં દુખાવો થાય
★ ઊંઘવામાં તકલીફ, માથાનો દુખાવો
★ હાફ ચડવો
''ઉલટી-ઉબકા
★ શ્વાસમાં તકલીફ
''લોહીનું ઊંચું દબાણ
-ડાયાબિટીસ

નિયમિત કસરત યોગ અને ધ્યાનથી શરીર સ્વસ્થ રહે. શરીરમાં સુગર બ્લડપ્રેશર નિયમિત રહે અને વજન પણ નિયંત્રિત રહે અને એટલે કે કિડનીના દિવસે લોકોને નિયમિત કસરત, ચાલવાનું, સાઇકલીન અને દોડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

૨. તમારા બ્લડ સુગરને કાબુમાં રાખો
કિડનીને બચાવવા માટે બ્લડસુગર નિયંત્રિત રાખવું જરૂરી છે. ડાયાબિટીસના દર્દીઓએ કિડનીની તપાસ નિયમિત કરતા રહેવું જોઈએ.

૩. તમારા બ્લડપ્રેશરને નિયંત્રિત રાખો
સામાન્ય રીતે તંદુરસ્ત વ્યકિતનું બ્લડપ્રેશર નિયમિત રાખવાથી ૧૨૦/૮૦ મી.મી. મરક્યુરી હોય છે. બ્લડ પ્રેશર નિયમિત રાખવાથી

૪. તમારા વજનને નિયંત્રિત આહાર
દરેક વ્યક્તિને જંક ફૂડથી દૂર રહેવું જોઈએ હેલ્ધી ફૂડનો આગ્રહ રાખવો જોઈએ ખોરાકમાં નમકનું પ્રમાણ ઓછું કરવું જોઈએ.

૫. ખૂબ પાણી પીવો
દિવસમાં ૩ થી ૪ લીટર પાણી-પ્રવાહી પીવું જોઈએ. આમ કરવાથી કિડનીનો શરીરમાંનો કચરો બહાર કાઢવામાં સરળતા રહે છે અને કિડનીમાં પથરી થવાના જોખમમાં પણ ઘટાડો થાય છે.

૬. ધુમ્રપાન થી દૂર રહો
ધુમ્રપાનથી કિડનીમાં લોહી પરિભ્રમણમાં મુશ્કેલી થાય છે અને કિડની બગડે છે કિડનીમાં કેન્સરનું પ્રમાણ પણ વધે છે.

૭. ડોક્ટરની સલાહ વગર દવાઓ લેવી નહીં
ડોક્ટરની સલાહ - ચિઠ્ઠી વગર દવાઓ ન લેવી જોઈએ. બિનજરૂરી અને બિનસલાહ દુખાવાની દવાઓ લાંબા સમય માટે લેવાથી કિડની

૮. નિયમિત કિડનીનું ચેકઅપ કરાવો
કિડનીની બીમારી અંગેનું નિદાન લોહી-પેશાબની સામાન્ય તપાસ દ્વારા થઈ શકે છે. ડાયાબિટીસ, બ્લડપ્રેશરની બીમારી, ધૂમ્રપાન કરતી વ્યક્તિ, જાડાપણાવાળી વ્યક્તિ અથવા તો જેમના કુટુંબમાં કિડની ફેલ્યોરના દર્દી હોય તેમણે નિયમિત કિડનીની તપાસ કરાવી જોઈએ અને સલાહ સૂચન લેવા જોઈએ.

**બાળકોમાં જંક ફૂડના કારણે કિડનીના રોગ વધતા જાય છે : ડો.ધૃતિ**
સૌરાષ્ટ્ર અને કચ્છના એકમાત્ર પીડીયાટ્રીક યુરોલોજીસ્ટ ડોક્ટર ધૃતિબેન કલસરિયા અમલાણીનું કહેવું છે કે બાળકોમાં કિડનીના રોગનું મહત્વનું કારણ છે જંક ફૂડ- ફાસ્ટ ફૂડ- જેનું ચલણ છેલ્લા કેટલાક વર્ષોમાં ખૂબ જ વધી ગયું છે. જંક ફૂડમાં ટ્રાન્સફેટનું પ્રમાણ ઘણું વધારે છે. આ ખોરાક યોગ્ય રીતે પચતો નથી અને શરીરમાં કેલેરી વધવા લાગે છે અને બાળકોમાં સ્થૂળતાની સમસ્યા વધે છે જંક ફૂડને લીધે શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર પણ વધે છે અને બાળકને કબજિયાત અને તેના લીધે પેશાબમાં ઈન્ફેક્શનનું પ્રમાણ પણ વધે છે અને જંક ફૂડને લીધે શરીરમાં સોલ્ટનું પ્રમાણ પણ વધે છે અને તેથી કિડની, લીવર, હૃદય રોગના સંકટો બાળકમાં વધે છે. ડોક્ટર ધૃતિબેનનું કહેવું છે કે જંક ફૂડ ખાવાનો શોખ વધારવા પાછળ માતા પિતાનો પણ થોડો ફાળો હોય છે. કારણ કે ક્યારેક સમયના અભાવે તેઓ બાળકો માટે ફાસ્ટ ફૂડનો ઓર્ડર આપે છે પરંતુ તે ન કરવું જોઈએ. માતા પિતાએ બાળકોને જંક ફૂડના ગેરફાયદા જણાવવા જોઈએ. તેમને ખાવા માટે પ્રોટીન અને ફાઇબર યુક્ત ખોરાક આપવો જોઈએ. બાળકો પ્રવૃત્તિઓ ઉપર પૂરતું ધ્યાન આપવું જોઈએ.

# તા.૨૦ના વિનામૂલ્યે ચકલીના માળા-કુંડાનું વિતરણ

### વિશ્વ ચકલી દિને આયોજન : પરંપરા શરૂ કરાવનાર જનકભાઇ કોટકના હસ્તે કાર્યક્રમનું ઉદ્દ્ઘાટન

રાજકોટ, તા. ૧૩
હાલમાં ચકલીની સંખ્યામાં દિન પ્રતિ-દિન ઘટતી થતી જાય છે. ચકલીના રક્ષણ માટે મનપા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ કરવામાં આવે છે. જે મુજબ વિશ્વ ચકલી દિવસ અંતર્ગત તા.૨૦ના ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં શહેરીજનોને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ માટે કાર્યક્રમ યોજાશે. જેનું દીપ પ્રાગટ્ય રાજકોટના પૂર્વ મેયર જનકભાઈ કોટકના હસ્તે અને મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને કરાશે.



આ કાર્યક્રમમાં લોકોને હાજર રહેવા અને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' મેળવવા શહેરના પક્ષીપ્રેમીઓને તથા જીવદયા પ્રેમીઓને મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન સોનલબેન સેલારાએ નિમંત્રણ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે ચકલીના માળા અને કુંડાનું ઉનાળામાં વિતરણ કરવાની જીવદયા સાથેની પરંપરા પૂર્વ મેયર જનકભાઇ કોટકે જ શરૂ કરાવી હતી.

### ધંધુકામાં ૨૩ માર્ચે મંગલ ઉદ્દ્ઘાટન

# આપણો જ પડછાયો બીજા માટે જયારે છાંયડો બની જાય તો જીવન સફળ

શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ ખાતે આરાધક બનવું છે ? વિષય પર ધર્મસભામાં પૂ. શ્રી ધીરગુરૂદેવે જણાવેલ કે દુ:ખને સહન કરવા માટે બે વાત સૌથી જરૂરી છે. એક તો કોઇને દોષ ન દેવો અને બીજું કોઇ વાતનો અફસોસ ન કરવો વધુમાં કહેલ કે આપણો જ પડછાયો બીજા માટે જયારે છાંયડો બની જાય તો જીવન સફળ થયું ગણાય.

દર પાખીના લોગસ્સ જાપનું આયોજન વૈશાલીનગરમાં જાહેર કરવામાં આવેલ.


પૂ. શ્રી ધીરગુરૂદેવ તથા બોટાદ સંપ્રદાયના પૂ. જયોત્સનાજી મ.સ.ના અનુગ્રહથી નવનિર્મિત રીટાબેન કીરીટભાઇ મગીયા-આયંબીલ ભવન અને વિમળાબેન ચંપકલાલ ખેતાણી-વૈયાવચ્ચ ભવનનું ઉદ્દઘાટન તા. ૨૩-૦૩-૨૫ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે યોજાયેલ છે.

### રામકૃષ્ણ આશ્રમમાં ટેલી એકાઉન્ટીંગ વર્ગો શરૂ કરાશે

રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ વિવેક હોલમાં ટેલી (એકાઉન્ટ)ના વર્ગો નજીવા દરે શરૂ કરવામાં આવશે. જેનો સમય સાંજે ૫ થી ૬ નો રહેશે. ઇચ્છુક ઉમેદવારીએ વધુ માહિતી માટે સોમથી શનિવાર દરમિયાન સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન વિવેક હોલના કાર્યાલયમાં સંપર્ક કરવાનો રહેશે.

### હેપ્પી બર્થડે ધર્મદીપસિંહ વાળાનો આજે જન્મદિવસ

વાળા ક્ષત્રિય (ગીરાસદાર) પરિવારના લાડકવાયા ધર્મદીપસિંહ વાળાનો આજે જન્મદિવસ છે. આ તકે પિતા હિતેન્દ્રસિંહ, માતા હર્ષાબા,



દાદા મહિપતસિંહ (માજી પોલીસ), દાદી મયાબા, નાનો ભાઈ દિવ્યસિંહ, બહેન મૃગેશ્વરીબા, કાકા-કાકી સહિત સમગ્ર વાળા પરિવાર દ્વારા લાડકવાયા ધર્મદીપસિંહને જન્મદિવસની શુભેચ્છાઓ સાથે સુપ્રસિધ્ધ ગાયત્રી આશ્રમ ગધેથળના મહંત પૂજય સંતશ્રી લાલબાપુએ આશિર્વચન પાઠવ્યા છે.



# આહ્યા પરિવારના આંગણે શ્રીનાથજી ભગવાનના કિર્તન તથા ફલફાગ રસિયા ઉત્સવ યોજાયો

આહ્યા પરિવારના આંગણે શ્રીનાથજી ભગવાનના કિર્તન તથા ફૂલ ફાગ રસિયાનું આયોજન કરાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં પરિવારજનોએ તથા મિત્રવર્તુળ દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. આ સમયે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઇનના પ્રતિકભાઈ સંઘાણી વગેરે ટ્રસ્ટીઓના સહયોગથી ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનું વિતરણ કરાયું હતું. શહેર ભાજપ અગ્રણી લલિતભાઈ વડેરિયા કાળુમામાં વગેરેએ હાજરી આપેલ હતી. સમગ્ર ધાર્મિક કાર્યને સફળ બનાવવા માટે આહ્યા પરિવારના હરસુખલાલ, રાજેશભાઈ, ધર્મેશભાઈ, કલ્પેશભાઈ, આશાબેન, મીનાક્ષીબેન, ડિમ્પલબેન, ઋત્વિક, રીમા, માનસી, શ્રેયા, દ્રિશા તથા ત્વીશા વગેરે એ જહેમત ઉઠાવેલ હતી.

# જૈનશ્રેષ્ઠી મહેશભાઈ મહેતાનુ પાલિતાણા ક.આ.પેઢી દ્વારા છ ગાઉ યાત્રા રિપોર્ટિંગ બદલ શાલ ઓઢાડી બહુમાન

રાજકોટના જૈનશ્રેષ્ઠી મહેશભાઈ મહેતાનુ પાલિતાણા ક.આ.પેઢી દ્વારા તા. ૧૨ ને બુધવારે છ ગાઉ યાત્રા રિપોર્ટિંગ બદલ શાલ ઓઢાડી બહુમાન કરાયુ હતું. છેલ્લા ૪૩ વરસોથી સતત જૈન અને જૈનેતરોને ૪ થઈ ૫ લકઝરી બસોના યાત્રા કરાવનાર મહેશભાઈ



મહેતાનુ કલ્યાણજી આણંદજીની પેઢી દ્વારા શાલ ઓઢાડી, માળા પહેરાવી, કુમકુમ તિલક કરી, શુભેચ્છા કવર આપી બહુમાન કરવામા આવેલ હતુ. તમામ જૈન સંઘો મા હર્ષોલ્લાસ છવાય ગયો હતો.

### ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા

# ૧ લી જૂને સમાજના વય શ્રેષ્ઠ વડીલોનું સન્માન તથા બટુકો માટે યજ્ઞોપવિતનું આયોજન

રાજકોટ, તા.૧૩
ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ, રાજકોટ દ્વારા આગામી તા. ૧લી જૂનને રવિવારના રોજ સમાજના સભ્ય પરિવારના ૭૫ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા વડીલો તથા હયાત દંપતિઓનું વિશિષ્ટ સન્માન તેમજ સમાજના સભ્ય પરિવારના બટુકો માટે ''સમૂહ યજ્ઞોપવિત'' નું પણ આયોજન કરવામાં આવશે.

રાજકોટમાં વસતાં લાભાર્થી સભ્ય પરિવારોને આ લાખેણાં આયોજનમાં ભાગ લેવા તથા સમાજની અદકેરી પ્રવૃતિમાં સહભાગી થવાં પ્રમુખ કમલેશભાઈ જોશી તથા સમગ્ર કારોબારી સમિતિ આવકારે છે. વિશેષ માહિતી તથા આવેદન પત્ર માટે સંસ્થાના કાર્યાલય ૬/૧૧ જાગનાથ પ્લોટ ખાતે સાંજે ૬ થી ૮ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

# રવિવારે સ્લમ વિસ્તારના બાળકોને અપાશે નિઃશુલ્ક શિક્ષણ

રાજકોટ તા.૧૩
રાજકોટના ઉત્સાહી તથા શિક્ષણપ્રિય યુવાન સમય કાઢીને દર રવિવારે ઝુંપડપટ્ટી કે સ્લમ વિસ્તારના બાળકોને નિ:શુલ્ક શિક્ષણ આપી નવો રાહ ચીંધે છે. મીનુ જસદણવાલા રાજકોટમાં જુના એરપોર્ટ રોડ પર ગાર્ડનની સામે તથા જૈન બોર્ડીંગ અને મહાકાલેશ્વર મંદિર નજીક વર્ગો ચલાવે છે તે પણ નિ:શુલ્ક, પ્રથમ સવારે ૧૦થી ૧૧ તથા ૧૧-૩૦થી ૧૨-૩૦ બાળકોને ગણીત, અંગ્રેજી તથા અન્ય વિષયો શીખવવામાં આવે છે.

તેમને આર.કે. યુનિ.ના પ્રોફેસર ભાઈઓ, બહેનો, ગૃહિણીઓ તથા વિદ્યાર્થીઓ આ કાર્યમાં મદદ કરે છે. બાળકોને શિક્ષણ બાદ પૌષ્ટિક નાસ્તો પણ આપવામાં આવે છે. મજુરીએ જતા વાલીઓના સંતાનો તથા ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોના બાળકોને માર્ગદર્શન આપવામાં આવે છે. મજુરીએ જતા લોકો બાળકોને ભણાવવાનો સમય કાઢી શકતા નથી અથવા ઘણા વાલીઓ પાસે બાળકોને ભણાવવા જેટલા રૂપિયા પણ નથી તેવા બાળકોને ફી લીધા વિના ભણાવવામાં આવે છે.

### જાણીતા લેખક-કવિ ગિરીશ રાવલનો આજે જન્મદિવસ

રાજકોટ,તા.૧૩
જાણીતા લેખક, કવિ, આકાશવાણી કલાકાર તેમજ યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના પૂર્વ આસિસ્ટન્ટ મેનેજર ગિરીશભાઈ રાવલનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૭૨



વર્ષ પૂર્ણ કરી ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓના ૮ કવિતા-નવલકથાના પુસ્તકો પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેઓને મો.નં.૯૪૨૮૩ ૪૫૭૮૪ પર શુભેચ્છાઓ મળી રહી છે.

# રાજકોટ શહેર ભાજપના કારોબારી સભ્ય લલિત વડેરિયાનો જન્મદિવસ

શહેર ભારતીય જનતા પાર્ટીના કારોબારી સભ્ય તેમજ રઘુવંશી સમાજ અગ્રણી અને પ્રખર હિન્દુવાદી નેતા લલીતભાઈ વડેરીયા (કાળુમામા) નો આવતીકાલે જન્મદિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરી ૭૬ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે.



તેઓ નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવક રહ્યા છે. તેઓ જલારામ પ્રાર્થના મંદિર ઘંટેશ્વર-રાજકોટના ટ્રસ્ટી, જલારામ રઘુકુળ હોસ્પિટલના સલાહકાર સમિતિના સભ્ય, વડીયા-દેવડી મિત્ર મંડળના ચેરમેન, વડિયા ગૌશાળાના ટ્રસ્ટી, વડીયા સમૂહ લગ્ન સમિતિના મુખ્ય આયોજક તરીકે નિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળી રહ્યા છે. તેમજ ગુજરાત સરકાર રાજકોટ શહેર પોલીસની એકતા સમિતિ કમિટી મેમ્બર તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે રાજકોટ શહેરના તમામ જ્યેષ્ઠી-શ્રેષ્ઠી તથા શુભેચ્છક મિત્ર વર્તુળોએ મો.નં.૯૮૯૮૦૭૧૪૫૦ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## પૂ. આ. ભ. શ્રીમદ્ જયશેખરસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં

# જયાનંદ ધામ નવગ્રહ જિનાલય (અવધ) ખાતે મંત્રોચ્ચાર સાથે ૧૦૮ અભિષેકનું આયોજન



રાજકોટ : કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનાં આંગણે પૂ. આ.ભ.શ્રીમદ જયશેખરસૂરીશ્વરજી મ.સા.નાં સાનિધ્યમાં ફાગણ સુદ પુનમ તા. ૧૪/૩/૨૫ શુક્રવારનાં પ્રતિષ્ઠા થયા બાદ દરેક પરમાત્મા પર પ્રથમ વાર મંત્રોચ્ચાર સાથે ૧૦૮ અભિષેકનું આયોજન સવારે ૯ કલાકે દરેક ૧૨ અભિષેકમાં ૨ પરિવાર લાભ લઈ શકશે.

સાથે જિનાલયમાં બિરાજમાન તમામ પરમાત્મા, તેમજ જિનાલયમાં બિરાજમાન તમામ ધાતુના પરમાત્મા દરેક યંત્રો, તેમજ જયતળેટીના પગલા અને વધારામાં જયતળેટીમાં મુકવાની પાચ શીલા (આશરે ૪૦ ટન) જે શેત્રુંજય તીર્થથી આવી છે તેના પર ગુરૂદેવ સુચના આપે તેમ અભિષેક કરવાનો છે.

૧૨ અભિષેકમાં બાકી રહેલા સભ્યો લાભ લઈ શકે તે માટે શ્રી સંઘે ૧૨ અભિષેક માં બે પરિવાર લાભ લઈ શકે તેવું આયોજન કરેલ છે અને એક પરિવાર દીઠ નકરો ફક્ત રૂ. ૨૭૦૦ રાખેલ છે.

કાર્યક્રમ બાદ અલ્પહારની વ્યવસ્થા રાખેલ છે. આશાબેન અશ્વિનભાઈ જસાણી, મનસુખભાઈ ચતુરભાઈ શાહ, ભાવનાબેન પ્રફુલભાઈ શેઠ, જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી, કોમલબેન દીલેશભાઈ શાહ, રશ્મિબેન અનિલભાઇ જસાણી, પ્રભાવતીબેન નવીનચંદ્ર શાહ, ઉષાબેન વિનોદભાઈ શાહ, ઈન્દીરાબેન લક્ષ્મીચંદ્ર શાહ, નયનાબેન કેતનભાઈ દોશી, હર્ષાબેન જયેશભાઈ શાહ, જયશ્રીબેન કિશોરભાઈ કામદાર, ચંદ્રિકાબેન નવીનચંદ્ર મહેતા, ભાવિકાબેન ભરતભાઈ દોશી, પન્નાબેન કૌશિકભાઈ ખોખાણી, હીનાબેન બિપીનભાઈ વોરા, ક્રિષ્નાબેન ફાલ્ગુન મોદી, શિલ્પાબેન ગીરીશભાઈ જેઠાણી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટના મહેશભાઈ મણીયાર( ૯૪૨૭૭૨૦૩૩૧), વિપુલભાઈ દોશી(મો. ૯૨૨૮૭૬૫૬૮૮), નિતેશભાઈશાહ(૯૪૨૬૨૨૦૨૧૬), દિલેશભાઈ શાહ, કપિલભાઈ જસાણી, નીર્મલભાઈ શાહ, મિલન શાહ, કેતનભાઈ દોશી, દીપકભાઈ શેઠ, નીરવ શાહ, વિશાલ શાહ, કેતનભાઈ રાવલિયા વગેરે કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે.




## કેરળમાં ખુબ જ શ્રધ્ધાભક્તિપૂર્વક ઉજવાતા મહાન તહેવાર એટલે..

# અટુકલ પોંગાલા : આજે રાજકોટના અય્યપ્પા મંદિર ખાતે ભવ્ય ઉજવણી : ૬૦ મહિલાઓ વિધિમાં ભાગ લેશે

રાજકોટ : અટુકલ પોંગાલા એ કેરળમાં ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક ઉજવાતા મહાન તહેવારોમાંનો એક છે, ખાસ કરીને તિરૂપતિપુરમ્ સ્થિત અટુકલ ભગવતી મંદિર ખાતે આ ઉત્સવ દેવી ભગવતીને સમર્પિત છે, જે દૈવી માતાનું સ્વરૂપ છે. આ પાવન તહેવાર દરમિયાન હજારો મહિલાઓ ભક્તિભાવપૂર્વક એકઠી થાય છે અને ભગવાન માટે વિશેષ નૈવેદ્ય તરીકે 'પોંગાલા' બનાવે છે. 'પોંગાલા' નો અર્થ છે 'ઉકાળવું' અને આ વિશિષ્ટ પ્રસાદ ચોખા, ગોળ, નાળિયેર અને ઘીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જે ભક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક છે. મહિલાઓ માટીના વાસણમાં પોંગાલા તૈયાર કરી ખુલી જગ્યા પર રાંધી દેવી પ્રત્યેની શ્રદ્ધા અને આભાર વ્યક્ત કરે છે.

**આ પાવન પરંપરા માત્ર કેરળ પૂરતી મર્યાદિત નથી;** વર્ષોથી તે ભારતના અનેક વિસ્તારોમાં પ્રસરી છે, જ્યાં ભક્તો આ પરંપરાને સમર્પિત ભાવથી અનુસરે છે. ગુજરાતના રાજકોટ શહેરમાં પણ રાજકોટ અય્યપ્પા મંદિર ખાતે આ તહેવાર ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ વર્ષે ૬૦ મહિલાઓ આ પવિત્ર વિધિમાં ભાગ લેશે અને માતાજીને પોંગાલા સમર્પિત કરશે. આ મંદિર છેલ્લા ઘણા વર્ષોથી આ પરંપરાને ઉજવે છે, અને આ ધરોહર તહેવાર સ્થાનિક ભક્તસમુદાય માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગયો છે. આજે આ ભવ્ય કાર્યક્રમ મંદિરમાં સવારે ૧૦ વાગ્યાથી રાત્રી સુધી ચાલુ રહેશે.

: માહિતી :
સંજુભાઇ પીલ્લાઇ
(૯૭૨૪૦ ૯૪૬૦૭)
: સંકલન :
જે.આર.સંઘાણી
(૯૪૨૮૨ ૦૦૫૨૦)

રાજકોટ ખાતેના આ સમારોહ દરમિયાન એ જ પરંપરાગત રીતો અનુસરવામાં આવશે જે અટુકલ ભગવતી મંદિરમાં અનુસરાય છે. ભક્તમંડળ મંદિર પરિસરમાં એકત્ર થશે અને તેઓ પોતપોતાનાં માટીના વાસણ, ચોખા અને અન્ય સામગ્રી સાથે પોંગાલા તૈયાર કરશે. મંદિરના મુખ્ય પૂજારી મંદિરના ગર્ભગૃહમાંથી પવિત્ર અગ્નિ પ્રગટ કરશે, જે પછી ભક્તોને વિતરણ કરવામાં આવશે જેથી તેઓ તેમના પોંગાલા રસોઈ શરૂ કરી શકે. સમગ્ર વાતાવરણ ભક્તિમય મંત્રોચ્ચાર, સ્તુતિ અને પવિત્ર પ્રસાદની સુગંધથી ભળી જશે, જ્યારે મહિલાઓ ભક્તિભાવે નૈવેદ્ય તૈયાર કરશે.

આ વિધિ માત્ર ધાર્મિક સમારંભ તરીકે જ નહીં, પણ સાંસ્કૃતિક એકતા માટે પણ મહત્વપૂર્ણ છે. મહિલાઓ ભેગી થઈ ભક્તિભાવથી પોંગાલા બનાવે છે, જે હિંદુ ઉપાસનાની પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. રાજકોટ અય્યપ્પા મંદિર અને તેના ભક્તો આ પરંપરાને જીવંત રાખી શ્રદ્ધાળુઓને દેવી ભગવતીની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની તક પૂરું પાડી રહ્યા છે.

રાજકોટમાં યોજાતા આટુકલ પોંગાલા ઉત્સવ એ શ્રદ્ધા અને ભક્તિની મહત્તા પ્રતીકરૂપ છે, જે ભૂગોળીય સીમાઓને પાર કરી, ભક્તોને એક ભક્તિમય અને આધ્યાત્મિક અનુભૂતિ માટે એકત્ર કરે છે.







તસ્વીર: પંકજ શિશાંગીયા

# પારિવારિક વેલ્યુ દર્શાવતી ફિલ્મ ''ઓલ ધ બેસ્ટ પંડ્યા'' ૧૪ માર્ચે થશે રિલીઝ

## મલ્હાર ઠાકર અને દર્શન જરીવાલા મુખ્ય ભૂમિકામા : પારિવારિક સાથે કોર્ટ રૂમ ડ્રામા નિહાળવા મળશે

રાજકોટ, તા.૧૩

ગુજરાતી ઈન્ડસ્ટ્રીઝ મા બેક ટુ બેક સુપર હિટ ફિલ્મો આપનારા મલ્હાર ઠાકર વધુ એક ધમાકેદાર કેરેક્ટર મા જોવા મળશે. દર્શકોના ફેવરિટ અભિનેતા મલ્હારની વધુ એક ફિલ્મ ''ઓલ ધ બેસ્ટ પંડ્યા'' ૧૪મી માર્ચના રોજ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ તેમની હિટ ફિલ્મોની શ્રેણીમાં ઉમેરો કરશે. જીગર ચૌહાણ પ્રોડક્શનની બુદ્ધિપ્રિયાય પિક્ચર્સ એલએલપીના સહયોગ સાથેની આ ફિલ્મના ડિરેક્ટર્સ રાહુલ ભોલે અને વિનીત કનોજિયા છે કે જેઓ પોતાના પ્રતિભાશાળી કામ માટે જાણીતા છે.

આ ફિલ્મ જીગર ચૌહાણ, જીગર પરમાર અને મલ્હાર ઠાકર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. પેનોરમા સ્ટુડિયોઝ દ્વારા આ ફિલ્મ નેશનવાઈડ રિલીઝ થશે. ઉલ્લેખનીય છે કે પ્રોડ્યુસર જીગર ચૌહાણ અને મલ્હાર ઠાકર આ અગાઉ ઘણી ફિલ્મો સાથે કરી ચૂક્યા છે અને હવે આ ફિલ્મને પણ દર્શકો અગાઉની ફિલ્મોની જેમ ભરપૂર પ્રેમ આપશે.

મલ્હાર ઠાકર આ ફિલ્મમાં અક્ષય પંડ્યાની ભૂમિકામાં છે અને તેમની સાથે દર્શન જરીવાલા (હસમુખ પંડ્યા), વંદના પાઠક (ઈન્દુ) અને યુક્તિ રાંદેરિયા (ભૂમિ) પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં નજરે પડશે.

ફિલ્મની સ્ટોરી લાઈનની વાત કરીએ તો અક્ષય પંડ્યા (મલ્હાર) અને તેમના પિતા હસમુખ પંડ્યા (દર્શન જરીવાલા) વચ્ચેના સબંધો થોડાં જટિલ હોય છે. તેમના જીવનમાં એક અણધાર્યો વળાંક આવે છે. હસમુખ પંડ્યા કે જેઓ એક સિદ્ધાંતવાદી અને ઈમાનદાર વ્યક્તિ છે, તેમના પર લાંચ લેવાનો આરોપ મુકવામાં આવે છે. કાયદાકીય રીતે તેમને ન્યાય મળતો નથી. અક્ષય પોતાના પિતાને ન્યાય અપાવવા માટે કોર્ટમાં જાય છે. કોર્ટરૂમમાં લાગણીઓનો સમન્વય દર્શાવતી આ એક સંપૂર્ણ ડ્રામા ફિલ્મ છે.આ ફિલ્મ પિતા-પુત્રના સંબંધોની જટિલતાઓને શોધે છે, સાથે સાથે પ્રામાણિકતા, પરિવાર અને સત્યને પડકારતા કેસને પણ ઉજાગર કરે છે.

પ્રેમ ગઢવી, અંકિત બ્રહ્મભટ્ટ અને નિકિતા શાહ દ્વારા લેખિત આ ફિલ્મમાં સ્મિત જોશી, પ્રેમ ગઢવી, અર્ચન ત્રિવેદી, ધારા શાહ, સતીશ ભટ્ટ, નિસર્ગ ત્રિવેદી, લિપી ત્રિવેદી, કર્તવ્ય શાહ, ફિરોઝ ઈરાની, ભાર્ગવ જોશી, નિકિતા શાહ, ઉર્મિલા સોલંકી, હિરણ્ય ઝીંઝુવાડિયા અને પ્રથમ પટેલ વગેરે કલાકારો પણ અત્યંત મહત્વની ભૂમિકાઓમાં નજરે પડશે.

તેમજ આ ફિલ્મમાં સંગીત સાટોસે એ આપ્યું છે જેઓ મરાઠી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ ધરાવે છે. ફિલ્મમાં ચાર ગીતો છે. જેમાં હરીઓમ ગઢવી, આદિત્ય ગઢવી, જીગરદાન ગઢવી, આમિર મીર એ આવાજ આપ્યો છે.

''ઓલ ધ બેસ્ટ પંડ્યા'' એક હૃદયસ્પર્શી કૌટુંબિક ડ્રામા છે જે પેઢીઓ વચ્ચેના અંતર, આદર અને સમજણ વિશે છે. તે મધ્યમ વર્ગના ભારતીય પરિવારની બદલાતી ગતિશીલતા પર પ્રકાશ પાડે છે, જ્યાં પરંપરા અને આધુનિક આકાંક્ષાઓ આમને- સામને આવે છે, પરંતુ પ્રેમ અને વિશ્વાસ દ્વારા વચ્ચેનો માર્ગ શોધે છે.

### ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ગોલ્ડન પિરિયડ ચાલુ છેઃ મલ્હાર ઠાકર

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અભિનેતા મલ્હાર ઠાકર જણાવે છે કે હાલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ગોલ્ડન પિરિયડ ચાલુ છે. આજ રોજ ઓલ ધ બેસ્ટ પંડ્યાની સ્ટાર કાસ્ટ એ સાંજ સમાચારની મુલાકત લીધી હતી. ત્યારે મલ્હાર ઠાકરએ જણાવ્યું કે આપણી ઈન્ડસ્ટ્રીમાં નવા ચહેરા ઉમેરાય રહ્યા છે. નવા વિચારો આવી રહ્યા છે. જેથી આપને સારી સ્ટોરી મળી રહી છે. અત્યારે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પીકઅપ ટાઈમ છે. લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે. તેમજ આપના કલાકારો આઇફાના સ્ટેજ પર પહોંચી ગયા છે. અને અવોર્ડ પણ જીત્યા છે. આ આપના માટે ગૌરવની વાત છે.

### ફિલ્મમાં યુવાનોના નવા વિચારો ઉમેરાયા

આ ફિલ્મ માત્ર દર્શકો માટે જ નહીં પરંતુ ડાયરેક્ટર પ્રોડયુસર અને રાઈટર માટે પણ નવો અનુભવ છે કારણ કે આ ફિલ્મ યંગસ્ટર્સ દ્વારા બનાવવામાં આવી છે.જેમાં ડાયરેક્ટર ની આ પ્રથમ નિર્મિત ફિલ્મ છે. અને નવા યંગસ્ટર્સ દ્વારા લેખન કરવામાં આવ્યું છે. અને સંગીત પણ ગુજરાતી યુવાનો એ આપ્યા છે. આથી જ આ ફિલ્મ દરેક પેઢીને આનંદ આપશે.



# યુનિટી ફાઉન્ડેશન દ્વારા વૈદિક હોળીની ઉજવણી

રાજકોટ, તા.૧૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર જાહેર જનતાના સાથ સહકારથી સત્ય સાંઈ રોડ, શ્રીજી સોસાયટી અને આલાપ હેરિટેજની વચ્ચે આવેલ જગ્યા ના સ્થળે યુનિટી ફાઉન્ડેશન દ્વારા વૈદિક હોળીની ભવ્ય ઉજવણી થશે. યુનિટી ફાઉન્ડેશન હિંદુ સંસ્કૃતિની જાળવણી અને તેને સમાજ વચ્ચે લઈ જવાની આગવી ઓળખ ધરાવે છે. હિન્દુ સંસ્કૃતિ એ સાયન્સ અને સમાજને જોડી રાખવાની આગવી વિરાસત છે, આ વિરાસત જાળવી રાખવી અને તેને સમાજમાં પ્રચલિત કરવી એ એકમાત્ર ધ્યેય સાથે હાલ યુનિટી ફાઉન્ડેશન કાર્ય કરી રહ્યું છે. સામાન્ય રીતે નાની હોળીઓ તો દરેક સોસાયટી મોહલ્લામાં થતી હોય છે પરંતુ મોટાપાયે વૈદિક પદ્ધતિથી હોળી કરી લોકોને જોડવાનું કાર્ય હાલ યુનિટી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. સત્ય સાંઈ રોડની આસપાસની સોસાયટીઓને સાથે જોડી સર્વે સોસાયટીના લોકોના સહકારથી મોટાપાયે હોળીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં યુનિટી ફાઉન્ડેશનના સભ્યો દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે, અને ઉજવણીમાં બહેનો દ્વારા રંગોળી અને હોળીની સજાવટ કરી, હોળીની ઉજવણીમાં ચાર ચાંદ લગાવવામાં આવશે. આ સમગ્ર આયોજનમાં યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ચેરમેન ડો.ભરતભાઈ બોધરા (ઉપાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભાજપ), પરેશભાઈ ગજેરા (પ્રમુખ આરબીએ), પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજયભાઈ તોગડિયા, સેક્રેટરી જીગ્નેશભાઈ કિયાડાના માર્ગદર્શન અને રાહબારી નીચે તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

# કામ, ક્રોધ, મોહ, દ્વેષ જેવા દુર્ગુણોથી દુર થવું એ જ અસલી હોળી મહોત્સવ



ફાગણ મહિનામાં રંગો ટોચ પર હોય છે, પ્રકૃતિનાં સુંદર અને આકર્ષક રંગો ખીલી ઉઠે છે અને સજીવોની અંદર ઉત્સાહ આવવાનું શરૂ થાય છે અને હોળી ઉજવવામાં આવે છે.

લાલ, લીલો અને વાદળી ત્રણ રંગો રંગોમાં સૌથી વધુ અગ્રણી છે. આ વિશ્વમાં હાજર અન્ય તમામ રંગો આ ત્રણ રંગોથી ઉત્પન્ન થઈ શકે છે. રંગ જે તમારૂ ધ્યાન સૌથી વધુ આકર્ષિત કરે છે તે લાલ રંગ છે, કારણ કે તે સૌથી તેજસ્વી રંગ છે. માનવ ચેતનામાં મહત્તમ કંપન લાલ રંગ ઉત્પન્ન કરે છે. ઉત્કટ અને ઉમરાવનો રંગ લાલ છે. તમે કેવી વ્યક્તિ છો તે મહત્વનું નથી, પરંતુ જો તમે લાલ કપડાં પહેર્યા છે, તો લોકોને લાગે છે કે તમે ઉત્સાહથી ભરેલાં છો. આ રીતે લાલ રંગનાં કપડાં તમને ઉત્સાહ આપે છે.

**રંગ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમનાં વિના, જીવન ફક્ત નિર્જન બની જાય છે. ફાગણ મહિનામાં, જીવન અને પ્રકૃતિમાં ઉમંગ હોય છે, જે હોળી પર સૌથી વધુ છે. હોળી માત્ર બહારથી જ નહીં પણ અંદરથી પણ ભક્તિમાં રંગાઈ જવાનું શીખવે છે.**

દેવી આ ઉત્કટ અને ઉમંગનું પ્રતીક છે. તેમની ઊર્જામાં પુષ્કળ કંપન અને ઉમંગ છે. દેવીથી સંબંધિત કેટલીક વિશેષ પ્રથા કરવા માટે લાલ રંગની જરૂર છે.


વાદળી રંગ એ દરેકને સમાવેશ કરતો રંગ છે. તમે જોશો કે આ દુનિયામાં અને તમારી સમજણથી આગળ જે પણ વિશાળ છે, તેનો રંગ સામાન્ય રીતે વાદળી હોય છે, પછી ભલે તે આકાશ હોય કે સમુદ્ર. તમારી સમજણ કરતાં જે પણ વધારે છે, તે વાદળી હશે, કારણ કે વાદળી રંગ દરેકને શામેલ કરવાનો રંગ છે. કૃષ્ણના શરીરનો રંગ વાદળી માનવામાં આવે છે. આ વાદળીનો અર્થ એ નથી કે તેમની ત્વચાનો રંગ વાદળી હતો. કદાચ, તેઓ કાળાં રંગનાં હોઈ શકે છે, પરંતુ જેઓ જાગૃત હતાં, તેમની ઊર્જાની વાદળી હતી.

કોઈને તેઓ કાળાં લાગે છે, કારણ કે તે કંઈપણ પ્રતિબિંબિત કરતું નથી, તે બધું શોષી લે છે. જો તમે લાંબા સમય સુધી કાળાં કપડાં પહેરો છો અને વિવિધ પરિસ્થિતિઓના સંપર્કમાં આવો છો, તો તમે જોશો કે તમારી ઊર્જા એવી રીતે વધવા માંડશે કે તે તમારી અંદરની બધી લાગણીઓને શોષી લેશે અને તમારી માનસિક સ્થિતિને ખૂબ અસ્થિર અને અસંતુલિત બનાવશે. પરંતુ જો તમે એવી જગ્યા છો કે જ્યાં કોઈ ખાસ કંપન અને શુભ ઊર્જા હોય, તો ત્યાં પહેરવાનો શ્રેષ્ઠ રંગ કાળો હોય છે કારણ કે શુભ ઊર્જા આવા સ્થાનથી વધુને વધુ આત્મસાત થાય છે.

સફેદ એટલે સફેદ ખરેખર કોઈ રંગ નથી. જો કોઈ રંગ ન હોય તો તે સફેદ છે. પરંતુ તે જ સમયે સફેદ રંગનાં બધાં રંગો છે. જેઓ આધ્યાત્મિક માર્ગ પર છે અને જીવનનાં અન્ય તમામ પાસાઓમાં પણ ફસાયેલાં છે, તેઓ તેમની આસપાસમાંથી કંઈપણ એકત્રિત કરવા માંગતાં નથી. તેઓ જીવનમાં ભાગ લેવા માગે છે, પરંતુ કંઈપણ એકત્રિત કરવા માંગતાં નથી. તમે આ વિશ્વમાંથી અવિરત બહાર આવવા માંગો છો. જ્યારે સવારે સૂર્ય બહાર આવે છે, ત્યારે તેની કિરણોનો રંગ કેસરી છે અથવા નારંગી રંગ પણ કહેવામાં આવે છે. જ્યારે તમે આ રંગ પહેરો છો, ત્યારે લોકો જાણે છે કે તે સાધુ છે. કેસરી રંગ એ આદેશ ચક્રનો રંગ છે અને આદેશ જ્ઞાનનો સૂચક છે. જે લોકો આધ્યાત્મિક માર્ગ પર છે તેઓ ઉચ્ચ ચક્ર સુધી પહોંચવા માંગે છે, તેથી તેઓ આ રંગ પહેરે છે.

જે રંગની બહાર છે તે પારદર્શક છે, રંગહીન નથી. વૈરાગ્યનો અર્થ એ છે કે તમે ન કઈ પણ રાખો છો કે ન કંઈપણ પ્રતિબિંબિત કરો છો, એટલે કે, તમે પારદર્શક બન્યાં છો. જો તમે પારદર્શક બની ગયાં છો, તો જો તમારી પાછળ કંઈક લાલ છે, તો તમે પણ લાલ થઈ જાઓ. જો તમારી પાછળ કંઇક વાદળી છે, તો પછી તમે વાદળી પણ બની શકો છો. તમારામાં કોઈ પૂર્વગ્રહ નથી. તમે જ્યાં પણ હોવ, તેનો સમાન ભાગ બની જાઓ છો, પરંતુ કોઈ પણ વસ્તુમાં ફસાઈ જતાં નથી. જો તમે લાલ રંગનાં લોકોમાં છો, તો તમે સંપૂર્ણપણે લાલ થઈ શકો છો, કારણ કે તમે પારદર્શક છો પરંતુ તે રંગ એક ક્ષણ માટે તમારી સાથે વળગી રહેશે નહી. તેથી જ આધ્યાત્મિકતામાં વૈરાગ્ય પર ખૂબ ભાર મુકવામાં આવ્યો છે.

પ્રાસંગીક



: આલેખન :
સદ્ગુરૂ

# નાગરિક બેંકનાં ચેક રિટર્ન કેસમાં ડિફોલ્ટર પ્રોપરાઈટરને એક વર્ષ અને છ માસની સજા

રાજકોટ,તા.૧૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રૈયા રોડ શાખાએ નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાને રૂા. ૮૫ લાખનું ધિરાણ આપ્યું હતું. થોડા સમય પછી આ ખાતું ડિફોલ્ટ (એનપીએ) થયું હતું. ખાતેદારે વસૂલી પેટે રૂા. ૭,૦૪,૯૯૭/- નો ચેક આપેલ. તે પરત થયો હતો.

જેથી બેંકે તા. ૨૭-૭-૨૦૨૧નાં નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાની સામે રાજકોટની નેગોશિયેબલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એક્ટની કલમ-૧૩૮ હેઠળ નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાને એક વર્ષ અને છ માસની જેલની સજા અને ચેક રિટર્નના વળતર રૂપે રૂા. ૭,૦૪,૯૯૭/-ની રકમ ચૂકવવાની સજા ફરમાવી હતી. જો નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયા આ રકમ ન ચુકવે તો વધારાના છ માસની કેદની સજા ફરમાવી હતી.

ચેક રિટર્નના કેસની આ કામગીરીમાં બેંક વતી વિદ્વાન એડવોકેટ નીલભાઇ બી. પુજારા અને ફરિયાદી ભાવિનભાઇ વેકરીયા હતા.

# નવા પંચાયત ઘર કમ તલાટી આવાસને મંજૂર કરવા બદલ મુખ્યમંત્રીનો આભાર માનતા જિ.પં.પ્રમુખ રંગાણી

## જિલ્લાના ૧૧ તાલુકામાં રૂા.૨૦૩૫ લાખના ખર્ચે ૮૧ આવાસોનું નિર્માણ આવકારદાયક

રાજકોટ,તા.૧૩



રાજકોટ જિલ્લામાં રૂા.૨૦૩૫ લાખ ના ખર્ચે ૮૧ નવા પંચાયત ઘર કમ તલાટી આવાસ ને મંજૂર કરવા બદલ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારનો ગુજરાતમાં પંચાયતી રાજનું અમલીકરણ થઇ રહેલ છે સીડીપી-૫ યોજના અંતર્ગત રાજ્યની જે ગ્રામ પંચાયતનું મકાન ૨૫ વર્ષથી વધુ જુની હોય તેવી જર્જરીત ગ્રામ પંચાયતો અને પંચાયત ઘર-વિહોણી ગ્રામ પંચાયતો માટે નવીન પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ સીડીપી-૫ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વસ્તી ના ધોરણે અનુદાન આપવામાં આવે છે.જે તે ગામની ભૌગોલિક પરિસ્થિતિ, ગામની વસ્તી જેવા પરિબળો ધ્યાને લઇને ૩૦૦૦ થી વધુ વસ્તીવાળી ગ્રામ પંચાયત ઘર માટે અનુદાન RGSA માંથી અને ૩૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે CDP-5 હેઠળ મંજુર કરવા માં આવે છે જે અંતર્ગત જિલ્લા ના ૧૧ તાલુકામાં રૂા.૨૦૩૫ લાખ ના ખર્ચે ૮૧ નવા ગ્રામ પંચાયત ભવન કમ તલાટી મંત્રી આવાસ ના કામો ને મંજૂર કરવા માં આવ્યા છે.આ ભવનો ના નિર્માણ થી ગ્રામ્ય વિકાસ વેગવંતો બનશે અને લાભાર્થી ગામો ને આધુનિક ગ્રામ્યપંચાયત ભવન મળસે.અને આ મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ,પ્રભારી મંત્રી રાઘવજી ભાઈ પટેલ કેબિનેટ મંત્રીઓ કુંવરજીભાઈ બાવળીયા તથા ભાનુબેન બાબરિયા તથા સાંસદઓ,ધારાસભ્ય શ્રીઓ અને સંગઠન ના તમામ હોદ્દેદારો નો આભાર સમગ્ર જિલ્લા પંચાયત પરિવાર વતી જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ વ્યક્ત કર્યો હતો.


# શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજીને કસુંબલ વાઘાનો આજનો શણગાર



વસંતઋતુ એટલે ઋતુઓનો રાજા કહેવાય છે. હનુમાનજી મહારાજ સર્વ વિદ્યામાં વિદ્યાવાન છે એટલે જ કહેવાય છે વિદ્યાવાન ગુની અતિ ચાતુર... હોળી અને ધૂળેટીના પાવનકારી ઉત્સવ ઊજવવા હનુમાનજી મહારાજને પર્વ અનુસાર સેવકો દ્વારા ભવ્ય અને દિવ્ય કલાત્મક શણગાર કરીને ભક્તિ અર્ધ્ય અદા કરીને અનેરી સેવા દ્વારા દાદાની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો લ્હાવો લેતા હોય છે.

# અકસ્માત કેસોમાં જંગી વળતર મંજુર કરતી રાજકોટ અને ગોંડલની અદાલતો

રાજકોટ તા.૧૩



વાહન અકસ્માતના અલગ અલગ બનાવમાં ચાર ઈજા પામનાર અને છ અવસાન પામનારના વાહન અકસ્માતના વળતરના કલેઈમ કેસમાં માત્ર એકથી બે વર્ષમાં લોક અદાલતમાં સમાધાન તથા કોર્ટમાં ચાલી ગયેલ બે માસમાં કુલ દસ કેસોમાં ગોંડલ અને રાજકોટ કોર્ટે કુલ રૂા.૧,૦૬,૧૯,૦૦૦નું વળતર મંજુર કરેલ છે.

મેગા લોક અદાલતમાં કોર્ટના માર્ગદર્શન હેઠળ વળતરના કલેઈમ કેસો લોક અદાલતમાં મુકવામાં આવેલ હતા અને બન્ને પક્ષકારો, વીમા કંપનીઓ અને વકીલોના સમાધાનકારી વલણથી ટુંકાગાળામાં સુખદ નિરાકરણ આવેલ હતું. તેમજ અન્ય કેસોમાં કોર્ટ તરફથી ચુકાદો ફરમાવવામાં આવેલ છે અને અરજદારોને વળતરની રકમ અપાવેલ છે. આ કેસોમાં અરજદારો વતી ગોંડલના યુવા એડવોકેટ મહેશ એચ. કંડોરીયા તથા મદદમાં કીશોર એન. વાઘેલા અને પરાગ ભેડા રોકાયેલ હતા.

# વોર્ડ નં.૬ના મયુરનગર, સીતારામ રોડ પર પેવીંગ બ્લોક કામ શરૂ કરાવતા નયનાબેન



વોર્ડ નં. ૬માં મયુરનગર મેઈન રોડ તથા સીતારામ રોડથી સંતકબીર રોડ સુધીના રસ્તાના સાઈડ સોલ્ડરમાં કુલ રૂ.૨૨ લાખના ખર્ચે જનભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામના ખાતમુહૂર્ત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા, મંજુબેન કુગસીયા વગેરે હાજર રહ્યા હતા.

# કચ્છમાં મોબાઈલ ગેમની આઈડી માટે મિત્રની હત્યા કરનાર ત્રણ સગીર આરોપી ઝબ્બે

## ગેમ રમવા બોલાવી છરીનાં ઘા મારી દીધા હતાઃ લોહીવાળા કપડા પણ કબ્જે કરતી પોલીસ



ભચાઉ,તા.૧૩

રાપર તાલુકાના છેવાડાના બેલા ગામમાં મોબાઇલ ગેમની આઇ.ડી. મુદ્દે કાયદાના સંઘર્ષમાં આવેલા ત્રણ કિશોરે પોતાના મિત્ર એવા કિશોરની છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવી હતી. ચકચાર જગાવનારા આ બનાવમાં પોલીસે ત્રણેય આરોપીને પકડી પાડયા હતા. બેલા ગામમાં રહેનાર પ્રવીણ તથા તેના મિત્રો વારંવાર સાથે બેસી મોબાઇલમાં ફ્રી ફાયર નામની ગેમ રમતા હતા, જેથી આ ભોગ બનનાર તથા તેના મિત્રો એવા આરોપીઓ વચ્ચે આઇ.ડી. મુદ્દે બોલાચાલી થઇ હતી. મૃત્યુ પામનારા કિશોરે આઇ.ડી. આપવાની ના પાડતાં આરોપીઓએ તેનું મનદુઃખ રાખ્યું હતું. ત્રણેયએ પોતાના આ મિત્રને ગેમ રમવા બગીચાની દીવાલ પાસે બોલાવ્યો હતો, જ્યાં એકે તેને પકડી રાખ્યો હતો અને અન્ય બેએ તેના ગળાં અને પેટમાં છરીના ઘા ઝીંકી તેની હત્યા નીપજાવી નાસી ગયા હતા.

સમગ્ર રાજયમાં ભારે ચકચાર જગાવનારા આ પ્રકરણમાં પોલીસે ફરિયાદ નોંધી ત્રણેય કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોને પકડી પાડયા હતા અને તેમના લોહીવાળા કપડાં, છરી વગેરે કબજે લેવા કાર્યવાહી હાથ ધરાઇ હોવાનું પી.એસ.આઇ. એસ.વી. ચૌધરીએ જણાવ્યું હતું

# અ...ધ....ધ...રૂા.૭૫.૨૩ કરોડનો દંડઃ કોડીનારમાં ખાણ ખનીજ શાખાના દરોડા ચાલુ

## કલેકટરનાં સીધા આદેશથી રેવન્યુ-ખાણખનીજ વિભાગની ટીમો ઘાટવડ ગામની ખાણમાં ત્રાટકીઃ૧૪.૯૩ મેટ્રિકટન ખનીજ કાઢવા બદલ ચાર ખાનગી માલીકોને દંડ ફટકારતા સમગ્ર પંથકમાં ખળભળાટ

(દેવાભાઇ રાઠોડ) કોડીનાર,તા.૧૩

કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના સીધા માર્ગદર્શન હેઠળ રેવન્યૂ વિભાગ તથા ખાણ અને ખનીજ કચેરીની સંયુક્ત ટીમ દ્વારા કોડિનારના ખનીજચોરો પર જડબેસલાક કાર્યવાહી કરવામાં આવી છે.

કોડિનાર તાલુકાના ઘાટવડ ખાતેના ખાનગી માલીકીના સર્વે નં-૩૨૩ પૈકી ૧ વાળી જમીન નામે મસરીભાઇ ભાયાભાઇ બાંભણીયા દ્વારા કોઇ પણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનીજ ખનન કરવામાં આવેલું હોવાથી તે વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૦૭,૫૩૩ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનુ માલૂમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂ. ૧૫.૪૯ કરોડની દંડની રકમ વસૂલવા બાબતે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ જ રીતે, ખાનગી માલીકીના સર્વે નં-૩૩૪ પૈકી ૧ વાળી જમીન નામે સુલેમાન વલી ચૈહાણ તથા અન્ય દ્વારા કોઇ પણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઇ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૫,૪૦,૫૬૨ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનુ માલુમ પડ્યુ હતું. જેની ખનીજ કિંમત રૂા.૨૭.૨૪ કરોડની દંડની રકમ વસૂલવા બાબતે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત, ખાનગી માલીકીના સર્વે નં-૩૦૩ વાળી જમીન નામે ભાણાભાઇ ભીખાભાઇ સિંગડ તથા અન્ય દ્વારા કોઇ પણ પ્રકારની મંજુરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઇ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૧૨,૯૨૪ મે.ટન ખનીજ ચોરી કરેલ હોવાનું માલુમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂા.૧૫.૭૭ કરોડ જેની દંડની રકમ વસુલવા બાબતે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ, ખાનગી માલીકીના સર્વે નં-૩૦૧ પૈકી ૪ વાળી જમીન નામે નથુભાઇ રામભાઇ પરમાર તથા અન્ય દ્વારા કોઇપણ પ્રકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનીજ ખનન કરેલ હોઇ સદરહું વિસ્તારની માપણી હાથ ધરતા કુલ-૩,૩૨,૧૦૭ મે.ટન ખનીજ ચોરી કરી હોવાનું માલુમ પડ્યું હતું. જેની ખનીજ કિંમત રૂા.૧૬.૭૩ કરોડની દંડની રકમ વસૂલવા બાબતે નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ, સમગ્રતયા ૧૪,૯૩,૧૨૬ મેટ્રિક ટન લાઈમસ્ટોનની ખનીજ ચોરી માટે કુલ રૂા.૭૫.૨૩ કરોડની દંડની રકમ વસૂલવા બાબતે તંત્ર દ્વારા નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાલે માધવપુર ઘેડમાં ભગવાન કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહની કંકોત્રી લખાશેઃ મધુવનમાં ફુલડોલ દર્શન યોજાશે

## ધુળેટીના દિને ભગવાન નિજ મંદિરે નીકળશેઃ વાજતે-ગાજતે શોભાયાત્રા

(આશીષ પોપટ)

માધવપુર,તા.૧૩



માધવપુર ઘેડ ખાતે ધુનેટી ના દિવસે ભગવાન કૃષ્ણ રૂકમની વિવાહ ની કંકોત્રી લખાશે.માધવપુર માં આવેલ પ્રસિદ્ધ મધવરાયજી મંદિર ખાતે યોજાતા વિવાહ તા.૬.૪.૨૫ થી ૧૦.૪.૨૫ શુધી યોજાશે.ધુનેટી ના દિવસે ભગવાન નિજ મંદિરે થી બપોરે ૪.કલાકે વાજતે ગાજતે નીકળશે મધુવન ખાતે આવેલ.ચોરી માયરા ખાતે આવેલ આંબલી ના ઝાડ માં ફૂલ ડોલ ના દર્શન યોજાશે અને શ્રધ્ધાળુ ભગવાન ના દર્શન કરી બાદ રૂકમની મંદિર ખાતે ભગવાન પાલખી દવારા પધારશે બાદ માં ભાગવાન કૃષ્ણ રૂકમની વિવાહ પ્રસનગ ની કંકોત્રી લખ વામાં આવશે બાદ માં ભગવાન ની આરતી પૂજા કરી નિજ મંદિરે ૭ કલાકે પધારશે ફૂલ ડોલ ના દર્શન કરવા અને કંકોત્રી પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ભાવિકો જોડાશે.

# રાજકોટના હિરાસર એરપોર્ટ પરથી ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા માંગ

## સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા દ્વારા કેન્દ્રીય ઉડ્ડયનમંત્રીને રજૂઆત

(લિતેશ ચંદારાણા) વાંકાનેર તા.૧૩



વાંકાનેરના રાજવી અને રાજયસભાના સાંસદ કેશરીદેવસિંહજી ઝાલા દ્વારા દિલ્હી ખાતે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુને રૂબરૂ મળી રાજકોટ દિલ્હીની મોર્નીંગ ફલાઈટ શરૂ કરવા લેખીત રજુઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત હીરાસર એરપોર્ટ ખાતેથી ઝડપથી ઈન્ટરનેશનલ ફલાઈટોનો પ્રારંભ થાય તે માટે લેખીત તથા મૌખીક રજુઆત કરવામાં આવી હતી.

રાજકોટ હિરાસર એરપોર્ટને વધારેમાં વધારે ફલાઈટ ડોમેસ્ટીક મળી રહે તેવી તેઓએ આગ્રહભરી વિનંતી કરી હતી. આ તકે ઉડ્ડયનમંત્રી રામમોહન નાયડુ દ્વારા ખાત્રી આપવામાં આવી હતી.

# બાબરામાં ખેડૂત વાડીએથી જમવા આવ્યાં અને ઢળી પડ્યાંઃ હાર્ટએટેકથી મોત

## ૪૪ વર્ષીય મયંકસિંહ પરમારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડતાં પરીવારમાં આક્રંદઃ બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

રાજકોટ. તા.૧૩



હાર્ટએટેકના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે અને વધું પ્રમાણમાં યુવાનો તેનો ભોગ બની રહ્યાં છે. ત્યારે બાબરામાં ખેડૂત વાડીએથી જમવા આવ્યાં અને અચાનક જ બેભાન થઈ ઢળી પડ્યાં હતાં. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ટૂંકી સારવારમાં દમ તોડતાં પરીવારમાં કલ્પાંત છવાયો હતો. હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, બાબરામાં દાનેવ નગરમાં પોલીસ લાઇન પાછળ રહેતાં મયંકસિંહ કેશવભાઈ પરમાર (ઉ.વ.૪૪) ગઈકાલે સવારે પોતાની વાડીએ ગયાં હતાં. જ્યાંથી બપોરના સમયે તેઓ ઘરે જમવા માટે પહોંચ્યા હતાં. દરમિયાન અચાનક જ તેઓને છાતીમાં દુખાવો ઉપડતાં બેભાન થઈ ઢળી પડયા હતાં. પરિવારજનો દ્વારા તેમને સારવાર અર્થે પ્રથમ આટકોટ કે.ડી.પરવાડીયા હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાંથી તેમને વધું સારવાર અર્થે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટૂંકી સારવારમાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો.

વધુમાં મૃતક, ખેતીકામ કરતાં અને ચાર ભાઈ-બહેનમાં નાના હતા અને સંતાનમાં બે પુત્રો છે. જેમને પિતાની છત્રછાયા ગુમાવતાં પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

# ભૂતપૂર્વ ટેસ્ટ-સ્ટાર આબિદ અલીનું ૮૩ વર્ષની વયે નિધન, અમેરિકાના કેલિફોર્નિયામાં છેલ્લા શ્વાસ લીધા

કેલીફોર્નિયા,તા.૧૩



કેલીફોર્નિયા ડિસેમ્બર-૧૯૬૭થી ડિસેમ્બર-૧૯૭૪ દરમ્યાન ભારત માટે ૨૯ ટેસ્ટ-મેચ રમનારા ઓલરાઉન્ડર ક્રિકેટર સૈયદ આબિદ અલીનું ૮૩ વર્ષની વયે અમેરિકાના કેલિફોર્નિયાના ટ્રેસીમાં નિધન થયું છે એમ તેમના પારિવારિક સંબંધી અને નોર્થ અમેરિકા ક્રિકેટ લીગના રેઝા ખાને ગઈ કાલે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું.

મીડિયમ પેસબોલર અને નીચલા ક્રમના બેટ્સમેન આબિંદે અલી ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ભારતીય ક્રિકેટ-ટીમના સ્ટાર ખેલાડી પૈકી એક હતા. આંધ્ર પ્રદેશના હૈદરાબાદના મેદાનથી તેમણે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

આબિંદ અલીએ ૧૯૬૭ની ૨૩ ડિસેમ્બરે ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટ-ડેબ્યુ કર્યું હતું. ૧૯૭૪ની ૧૫ ડિસેમ્બરે વેસ્ટ ઇન્ડીઝ સામે તેમણે પોતાની છેલ્લી ટેસ્ટ-મેચ રમી હતી. ૨૯ ટેસ્ટમાં તેમણે ૨૦.૩૬ની સરેરાશથી ૧૦૧૮ રન બનાવ્યા હતા જેમાં છ અડધી સદી સામેલ હતી. તેમનો સર્વોચ્ચ સ્કોર ૮૧ રન હતો. તેમણે ૪૨.૧૨ની સરેરાશથી ૪૭ વિકેટ લીધી હતી. તેમનો શ્રેષ્ઠ દેખાવ પંચાવન રનમાં ૬ વિકેટનો હતો. તેમણે પાંચ વન-ડે પણ રમી હતી અને ૯૩ રન બનાવ્યા હતા. વન-ડેમાં તેમનો ટોચનો સ્કોર ૭૦ હતો. તેમણે ૨૬.૭૧ની સરેરાશથી ૭વિકેટ ઝડપી હતી.

તેઓ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં દિગ્ગજ ખેલાડી હતા અને ૨૧૨ મેચમાં ૮૭૩૨ રન બનાવ્યા. હતા. ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ તેઓ કેલિફોર્નિયાને પોતાનું ઘર બનાવવા અમેરિકા શિફ્ટ થયા હતા. કેલિફોર્નિયામાં ક્રિકેટને પ્રોત્સાહન આપવા તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

# ખંભાળિયા રસ્તે રઝળતા આખલાને ઢીંકે ચડાવતા સ્કૂટરચાલકનું મોત

(કુંજન રાડીયા) જામ ખંભાળિયા, તા.૧૩



ખંભાળિયામાં રહેતા એક યુવાનને ગત રાત્રિના સમયે સ્કૂટર પર જતી વખતે રસ્તે રઝળતા આખલાએ ઠોકરે લેતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું.

આ કરૂણ બનાવની વિગત એવી છે કે ખંભાળિયામાં સલાયા ફાટક નજીક આવેલા રંગીલા હનુમાન મંદિર પાસે નજીક રહેતા પ્રવીણભાઈ કારૂભાઈ ધમા ૪૩ વર્ષના ગઢવી યુવાન ગતરાત્રીના આશરે ૮:૩૦ વાગ્યાના સમયે તેમના એક્સેસ મોટરસાયકલ પર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે નજીક આવેલી કોર્ટ પાસેથી દોડતા આવી રહેલો એક આખલો પ્રવીણભાઈના એક્સેસ સાથે ધડાકાભેર અથડાયો હતો.

આખલાની આ ટક્કરથી પ્રવીણભાઈ ધમા સ્કૂટર સાથે ફંગોળાઈ ગયા હતા અને તેમને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેમને નજીક આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. બે સંતાનોના પિતા એવા પ્રવીણભાઈનું આખલાની ઠોકરે અકાળે મૃત્યુ નીપજતા શહેરભરમાં ભારે અરેરાટી સાથે ગઢવી સમાજમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

# વિસાવદર કોર્ટમાં બોગસ જામીનખત રજૂ કરનાર બે વકીલ સહિત ત્રણ સામે ફોજદારી ફરિયાદઃ રજીસ્ટ્રારે જ ગુનો નોંધાવ્યો

## આરોપીઓને જામીન મુકત કરાવવા રજૂ કરેલા દસ્તાવેજો ખોટા હોવાની ખરાઈ થતા કોર્ટની કડક કાર્યવાહીઃ વકીલ આલમમાં ખળભળાટ

જુનાગઢ તા.૧૩

વિસાવદર કોર્ટમાં આરોપીને જામીન પર છોડાવવા ખોટા દસ્તાવેજો ઉભા કરી ખોટી સહીઓ કરી કોર્ટમાં રજુ કરતા કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ કર્યાની ફરીયાદ કોર્ટના રજીસ્ટ્રારે નોંધાવતા જેમાં બે વકીલ અને અન્ય શખ્સની સામે તપાસ હાથ ધરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ અંગેની વિસાવદર પોલીસમાં નોંધાયેલી ફરીયાદમાં ફરીયાદી સંજયભાઈ જયંતીલાલ લકકડ (ઉ.૪૮) ધંધો જયુ.ફ.ક. મેજી. કોર્ટમાં રજીસ્ટ્રાર રે. ખલીલપુર રોડ, જોષીપરા જુનાગઢે ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓ મનુદાસ બંસીદાસ દાણીધારીયા રે. અમરેલી, વકીલ જે.આર. સૈયદ સનદ નં. જી ૭૦૩/૨૦૧૯ રે. અમરેલી, વકીલ એસ.વાય. બીલકીયા સનદ નં. ૫૦૯-૨૦૧૯ રે. અમરેલી, આ ત્રણેય આરોપીઓએ કોર્ટના ફોજદારી કેસ નં.૫૯૦/૨૪ના કામે આરોપીના ખોટા જામીન રજુ કરી કોર્ટમાંથી જામીન ઉપર મુકત કરાવવા આરોપીઓએ ખોટા ખત અને જામીનખત તેમજ દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરી તેમાં જામીનદારીની ખોટી સહીઓ જાતે અથવા પોતાના મળતીયાઓ મારફત કરાવી કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ કરી એક બીજાને મદદગારી કર્યાનો ગુન્હો નોંધાવતા વકીલ આલમમાં ચર્ચાનો વિષય બની ગયો છે. આ અંગેની તપાસ વિસાવદર પોલીસ ઈન્સ. આર.ડી. રોહીતે હાથ ધરી છે.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન

★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક


Raymond શુટ રૂા. 3000 કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂા. ૧૫૫૦ રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦ વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની ચણીયા ચોળી ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી

રાજપૂતાના પોષાક રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકન બેલ્ટ, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે

ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

ન્યુ બન્ના કલેકશન

ચામુંડા શુટ ઝોન શુટ ફેન્સી →૩૫૦૦થી ઇન્ડોવેસ્ટર્ન →૩૫૦૦થી ફેન્સી બ્લેઝર →૨૫૦૦થી સેમી ઇન્ડોવેસ્ટર્ન →૨૨૦૦થી કોટન કુર્તા સેટ →૫૫૦થી ફેન્સી કોટ →૧૦૦૦થી સિલ્ક કુરતા જેકેટવાળા →૧૮૫૦થી કાઉલ કુરતા શેટ →૨૫૦૦થી કોટી →૫૫૦થી



કામદાર પબ્લીસીટી

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો

ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫

નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮

પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ



ભારત ગેસ કોમર્શીયલ

LPG Cutting Gas L.O.T.

47.5 Kg. 35 Kg. 19 Kg.

મહારત્ન કંપની કલીન ફ્યુઅલ ફોર ઇન્ડસ્ટ્રીઝ GST બેનીફીટ પ્રોડક્ટસ ફ્યુઅલ

મિકેનિક સર્વિસ + ડિપોઝીટ તેમજ પેમેન્ટ કંડીશન કંપનીના નિયમ મુજબ

આપની પ્રોડક્ટ્સ માટે નિરંતર અવિરત સપ્લાય માટે આજે જ સંપર્ક કરો

ભારતગેસ બનાઇયે ખાના, પરોસિયે પ્યાર

નંદગોપાલ ભારત ગેસ એજન્સી

10 રણછોડનગર, કુવાડવા રોડ, રાજકોટ

922787 8882 94262 01212

nandgopalgasagency99@gmail.com


## વેચવાનું છે

**તાત્કાલીક ફલેટ વેચવાનો છે**
સિધ્ધિ-૭, બજરંગવાડી શેરી નંબર-૧૨, ૨ બીએચકે, ૫૯૦ સ્કે. (આશરે) (મા.) ભરતભાઈ : ૯૧૦૬૯ ૦૬૫૫૯ (૭૯૫૧)

**મકાન વેચવાનું છે**
૪૦ વાર, આસપાસ ૪૦ ફુટ રોડ (કોર્નર) ૨, જલારામ પ્લોટ, યુનિવર્સિટી રોડ, કોમર્શિયલને લાયક જગ્યા, મો. ૯૪૨૮૧ ૫૪૯૫૫ (૭૯૬૩)

**રહેણાક અથવા ત્રણ ઓફિસ થઈ શકે**
તેવો બ્લોક / ફલેટ વેચવાનો છે. ડો. યાજ્ઞિક રોડ ઉપર લીફટ છે, સમીર એપાર્ટમેન્ટ, બીજા માળે, મો. ૯૪૨૮૨ ૭૧૭૨૮ (૭૯૯૬)


ગુજરાત ફેવરીટ વન-વે ટેક્સી રાજકોટથી

| DESTINATION | SEDAN | SUV |
|---|---|---|
| RAJKOT TO HIRSAR AIRPORT | 1000 | 1500 |
| HIRSAR AIRPORT TO RAJKOT | 1000 | 1500 |
| RAJKOT TO AHMEDABAD | 2500 | 3500 |
| AHMEDABAD TO RAJKOT | 2500 | 3500 |
| RAJKOT TO VADODARA | 4000 | 5000 |
| RAJKOT TO SURAT | 6500 | 7500 |
| RAJKOT TO MUMBAI | 12000 | 15000 |
| RAJKOT TO MORBI | 1800 | 2500 |
| RAJKOT TO JUNAGADH | 2500 | 3500 |
| RAJKOT TO JAMNAGAR | 2000 | 2700 |

TEZZ TEZZ CABS TEZZ SHAKTI TRAVELS TAXI ONE WAY CAB

રાજકોટથી કોઈપણ શહેર માટે વન-વે પીક અપ-ડ્રોપ માટે ટેક્સી સૌથી નીચા ભાવે

Mo. 9696 153 153


## ધંધાદારી

**સાંઈરામ ઓટોમેટેડ આઈ.ટી.** રીટર્ન સર્વિસ PAN વોટસએપ કરો, પાસવર્ડ પ્રોટેકટેડ, ફાઈલ ઓટોમેટીક મળો અને ઝડપી જીએસટી રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો.૯૩૭૬૬૪૨૩૬૦(એસ/એસ)

**શ્રી યમુના પેકેજીંગ - રાજકોટ**
પ્લાસ્ટીક બોકસ-પ્લાસ્ટીક બોકસ ઝટકા મશીન બનાવવા- ઓટો પાર્ટસ ઓટો મોબાઈલ્સ- નટ બોલ્ટ- મશીન પાર્ટસ- ટ્રેકટર પાર્ટસ-જેસીબી પાર્ટસ- ટુલ્સ- હાર્ડવેર-બ્રાસ પાર્ટસ- મોબાઈલ એસેસરી- વી.એમ.સી. - સી.એન.સી. - પાર્ટસ ઈલેકટ્રોનિક પાર્ટસ- ચશ્માની ફ્રેમ તથા ગ્લાસ રાખવા, મેડીકલ (દવાઓ રાખવા) સર્જીકલમાં- પ્લેટ- સ્ક્રુ તથા નેઈલ રાખવા, સોની કામના ઓજાર- ચાંદી કામ વેક્ષ માટે-કટલેરી હોઝીયરી તથા આપની નાની મોટી ફેકટરીમાં દરેક જાતના ટુલીંગ- પાર્ટસ રાખવા માટે પ્લાસ્ટીકના હેવી બોકસ હાજર સ્ટોકમાં મેળવવા માટે- શ્રી યમુના પેકેજીંગ, રાજકોટ. મો. ૯૮૭૯૪ ૭૯૬૯૫, ૯૭૨૭૮ ૭૪૨૬૬ (૭૮૭૦)

એસી, ફ્રીઝ, વોશીંગ મશીન, વોટર કુલર, રીપેર / સર્વિસ, મહેન્દ્રભાઈ-૯૮૨૪૬ ૯૪૫૬૭ (૭૫૫૦)

**ઘર બેઠા બત્રીસી બનાવી આપશુ**
ફિકસ દાંત ગોલ્ડન, સિલ્વર, સિરામીક બનાવી આપશું. દાંતના તમામ કામ માટે મળો. ભારતીબેન પંડયા : ૯૯૯૮૦ ૦૧૭૧૪ (૭૯૫૮)

**જામનગરનું પ્રખ્યાત કાજલ**
રાજકોટમાં હોમ ડીલેવરી, મો. ૯૮૭૯૯૪૪૦૫૮(૮૦૦૦/૧)

**હોલી ધમાકા FM રેડીયો**
મેળવવા સંપર્ક કરો, ૯૮૭૯૯ ૪૪૦૫૮ (૮૦૦૦/૨)

**કલર કામ / વોટર પ્રુફીંગ / રીનોવેશન**
ટાઈલ્સ, મારબલ ફીટીંગ, રીપેરીંગ, ૯૪૨૬૭ ૩૪૩૪૫ (૮૦૦૬)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
કુલર ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૭૯૧૨)

**ચૈત્રી નવરાત્રી સ્પેશ્યલ**
અગરબતી, ધુપ, ધુપસ્ટીક, ધુપ કપ, ગુગળ વગેરે માટે, સુગંધ સેન્ટર, રાજકમલ, કરણપરા ચોક પાસે, રાજકોટ. ફોન : ૨૨૨૪૭૬૮ (૮૦૦૭)

## ભાડે આપવાનું છે

**દુકાન-મકાન ભાડે દેવાનું**
ગુંદાવાડી કાપડ બજાર ગ્રા.ફલોરમાં ફિકસ ફર્નિચર મોકાની દુકાન તથા મેં. રોડ ઉપર ફર્સ્ટ ફલોરની ડબલ હાઈટની મોટી દુકાન, ગુંદાવાડીમાં ૧-લા માળે, ૧ બીએચકેનો ફલેટ તથા કોઠારીયા કોલોનીમાં ૧ બીએચકેનું સ્વતંત્ર મકાન ભાડેથી બ્રોકર પ્રમોદભાઈ પંડયા, મો. ૯૮૭૯૦ ૭૮૯૭૧ (૮૦૦૫)

**ફલેટ ભાડે આપવાનો છે**
૧ બીએચકે, અંબિકા પાર્ક, હનુમાન મઢી ચોક, રૈયા રોડ, રાજકોટ. મો. ૭૨૧૯૬ ૯૫૩૨૧ (૭૯૯૭)


એપેક્ષ એડવર્ટાઈઝીંગ કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ. મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦


**દુકાન વેચવાની છે**
લાખાજીરાજ રોડ ટચ ૨૨૦+૨૩૮ કારપેટ+૧૧૦ ફૂટ પેસેજ ૧લે માળે રીટેઈલ તથા હોલસેલ થઈ શકે તેવી નવુ જ બીલ્ડીંગ મો.63527 25233.

## વેચવાનું છે

**ફલેટ વેચવાનો છે**
નિર્મલા રોડ, સૌ. કલા પાસે, ૩ બેડ, હોલ, કીચન, ટેરેસ, નવા બિલ્ડીંગમાં ૯૭૦ સ્કેફીટ કસમાં આપવાના છે. કેકેવી હોલ અને ઈન્દીરા સર્કલ વચે રોયલ પાર્કમાં નવા બિલ્ડીંગ, ૩ બેડ, હોલ, કીચન, ૧૩૦૦ સ્કે. ફીટ કસમાં આપવાના છે. મળો : એસ્ટેટ મો. ૬૩૫૬૧ ૧૯૧૦૫, ૯૩૭૫૭ ૧૩૨૧૨

## જોઈએ છે

**જોઈએ છે**
એકાઉન્ટ તથા ઓફીસ વર્ક માટે ફુલ ટાઈમ મો. ૯૩૭૫૭ ૧૩૨૧૨

આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ

**ઓફીસ ભાડે આપવાની છે**
હરિહર ચોક, સ્ટાર ચેમ્બર્સમાં ૧૫૦ ચો. ફુટની એસી, ફર્નિચરવાળી સીએ તથા વકીલ માટે ભાડે આપવાની છે. મો. ૯૮૨૫૪ ૫૨૫૪૫/૯૮૨૫૩ ૧૦૦૭૩ (૮૦૧૦)

## યાત્રા પ્રવાસ

**ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર**
સ્પે. હોળી ધુળેટી, તા. ૧૨/૩ રાત્રે કચ્છ રાઉન્ડ, સ્થળ-૧૧ રહેવા સાથે માતાનો મઢ, નારાયણ સરોવર, માંડવી બીચ, ગોધરા જુન સીટ ખાલી તથા વેકેશન પ્રોગ્રામ ગોવા, બોમ્બે, એસી હોટલ, દિ. ૯ તથા હરિદ્વાર, અયોધ્યા સ્થળ -૧૬, રહેવા-જમવા તથા ચારધામ તા. ૩૦/૫, ૧૬/૫ બદ્રીનાથ, કેદાર, ગંગોત્રી, યમોનત્રી, હરીદ્વાર ઉપર જમવાનું ૯૮૨૫૩ ૫૯૦૯૦, ટી. ૨૩૦૦૦/- (૭૯૬૧)

**બાપા સીતારામ યાત્રા સંઘ**
(ચાલો હાથલા) શનિદેવનું જન્મ સ્થળ અમાસને શનિવાર પ્ર. દિ. ૧, ટી. રૂ. ૭૦૧, તા. ૨૮-૩-૨૫ શુક્રવાર રાત્રે (૭ સ્થળ) બપોરે એક ટાઈમ જમવાનું. મો. ૯૭૨૩૬ ૩૮૬૨૨ / ૯૦૮૧૧ ૯૬૯૬૦ (૭૯૯૯)

**ચારધામ યાત્રા**
હરિદ્વાર, યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ દિવસ-૧૭, સ્લીપર ૨×૨ ટીકીટ રૂા. ૨૮,૫૫૧/- ઉપડશે. તા. ૨૬/૪/૨૫ ચાર વ્યકિત વચ્ચે એટેચ રૂમ, ખોડીયાર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, રાજકોટ. કિશોરભાઈ ગોસ્વામી મો. ૯૫૧૦૯ ૪૪૩૧૪ (એન)

**યાત્રા ચંપારણ્યધામ**
રાજકોટથી બસ તા. ૨૦/૪/૨૦૨૫ દિ. ૨૪, જગન્નાથપુરી, ગંગાસાગર, કાશી, પ્રયાગરાજ કુંભનું ત્રિવેણી સ્થાન, ૯૪૨૯૩ ૭૩૬૨૦ (૭૯૧૬)

## વેચવાનું છે

**કસમાં દુકાન વેચવાની છે**
૩૦×૧૩ નીચે તથા ઉપર ટાઈટલ કલીયર મેઈન રોડ, મો. ૯૮૯૮૬ ૦૪૬૦૮, દલાલ માફ (૮૦૦૮)


ધ્રુવ એડસ હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧. M. 96247 10323


**વેંચવાનું છે**
ફ્લેટ વેંચવાનો છે
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦,મો.૯૪૨૬૭૧૨૧૩૬

## જોઈએ છે

**માણસોની જરૂર છે**
ફુલટાઈમ તથા પાર્ટ ટાઈમ કામ કરી શકે તેવા માણસોની જરૂર છે. કાયમી માટે રામ ઔર શ્યામ ગોલાવાલા, ધનવંતરી ચોક, કેનાલ રોડ, રાજકોટ. મો. ૯૯૭૯૯૦૯૦૪૦(૭૯૯૮/૧)

**છોકરાઓની જરૂર છે**
પાર્ટ ટાઈમ કામ કરી શકે તેવા છોકરાની જરૂર છે. સમય રાત્રે ૮ થી રાત્રે ૨ વાગ્યા સુધી, મો. ૯૮૨૫૩ ૮૫૧૨૧ (૭૯૯૮/૨)

**સેલ્સમેન જોઈએ છે**
ગોલ્ડ અને સિલ્વર શોરૂમમાં સેલીંગ માટે અને ઓફીસ વર્ક માટે જરૂર છે. મો. ૭૪૮૫૯ ૯૯૯૯૭ (વિકાસ)

**બેન જોઈએ છે (રસોઈ માટે)**
સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક, ઉંમર વર્ષ ૨૦ થી ૪૦, કોન્ટેક : ૯૮૯૮૯ ૭૨૮૩૮ (સી)

## નવા નાણાંકીય વર્ષથી પ્રોપર્ટી મોંઘી થશેઃ રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટો ફટકો પડવાના એંધાણ

# શહેરી ક્ષેત્રમાં જંત્રી દરમાં આંશિક રાહત અપાશે, ગ્રામ્યસ્તરે યથાવત રહેશે : ૧ એપ્રિલથી લાગુ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકારે આગામી ૧ એપ્રિલના નવા નાણાંકીય વર્ષથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે નવા જંત્રીદર લાગુ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. ચારેક માસ પૂર્વે જારી કરાયેલા મુસદ્દામાં ધરખમ વધારો સુચવાયો હતો તે સામે વ્યાપક વિરોધ ઉઠયો હતો. હવે એવા નિર્દેશ છે કે સરકાર શહેરી વિસ્તારમાં જંત્રીદરમાં સૂચવાયેલા દરમાં થોડો ઘણો ઘટાડો કરી દેશે જયારે ગ્રામ્ય સ્તરે સુચવાયેલા જંત્રીદર યથાવત રાખશે. શહેરોમાં આવાસ ક્ષેત્રે મોટો બોજ પડતો રોકવાના ઉદ્દેશથી આંશિક રાહ અપાશે.

રાજ્યમાં નક્કી કરાયેલા શહેરી કક્ષાએ ૨૩,૮૪૫ અને ગ્રામ્ય કક્ષાએ ૧૭,૧૩૧ મળીને કુલ નવા વેલ્યૂઝોન મુજબ જમીન-મિલકતોની બજાર કિંમત નક્કી કરવા માટેની કમરતોડ નવી જંત્રીના દરની અમલવારી ૧લી એપ્રિલ-૨૦૨૫થી કરાશે. મંગળવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ સંકેત અપાયા છે.

આ ભારેખમ નવી જંત્રીના અમલને કારણે રાજ્ય સરકારની સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણી ફીમાં પણ ધરખમ વધારો થશે.

### સરકારની છેલ્લા ૫ વર્ષની સ્ટેમ્પ ડ્યૂટી-રજિસ્ટ્રેશન ફીની વાર્ષિક આવક, વાર્ષિક વધારો કેટલો થયો?

| વર્ષ | સ્ટેમ્પ ડ્યૂટી | વધારો કેટલો |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૦,૪૩૩. | ( -) |
| ૨૦૨૨-૨૩ | ૧૪,૨૦૭. | ૩૭૭૪ |
| ૨૦૨૩-૨૪ | ૧૫,૩૩૪. | ૧૧૨૭ |
| ૨૦૨૪-૨૫ | ૧૬,૪૯૩. | ૧૧૫૯ |
| ૨૦૨૫-૨૬ | ૧૯,૮૦૦. | ૩૩૦૭ |

### વાંધા સૂચનોવાળા કિસ્સામાં યોગ્ય ફેરફાર સિવાય મુસદ્દાના ધોરણે જ અમલ કરાશેઃ રાજ્ય કેબિનેટ બેઠકમાં નવી જંત્રી વિશે વિસ્તૃત ચર્ચા : મુખ્યમંત્રી સમક્ષ વિવિધ મુદ્દા રજૂ કરાયા

૨૦૨૪-૨૫ના વર્ષમાં સરકારની સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીની આવક રૂ. ૧૬,૪૯૩ કરોડની હતી. જ્યારે ૨૦૨૫-૨૬માં સરકારને સ્ટેમ્પ ડ્યૂટી-નોંધણી ફીના આવક રૂ. ૧૯,૮૦૦ કરોડ થશે એવો અંદાજ મૂકાયો છે. જે ૨૦૨૪-૨૫ની સરખામણીમાં રૂ. ૩૩૦૭ કરોડ વધુ હશે

પરંતુ ૧લી, એપ્રિલથી નવી જંત્રીના અમલને કારણે સરકારના સ્ટેમ્પ ડડ્યૂટી-નોંધણી ફીની આ અંદાજિત આવકમાં પણ ભારે વધારો થવાની શક્યતા તથા લોકો ઉપર એટલો જ વધારાના ટેક્સનો બોજો પડે એવી શક્યતા નકારી શકાતી નથી.

અત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. આગામી તહેવારોની વ્યસ્તતા અને રજાઓને કારણે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક મીને મંગળવારે મળી હતી. સરકારના ઉચ્ચતમ સૂત્રોની જાણકારી મુજબ, આ બેઠકમાં સરકાર દ્વારા જાહેર કરાયેલી મુસદ્દારૂપ જંત્રી, તેના માટે જિલ્લા, શહેરો-ગ્રામ્ય કક્ષાએથી મગાવાયેલા વાંધા-સૂચનો સહિતના મુદ્દાઓ ઉપર વિગતે ચર્ચા થઈ હતી. જેમાં મોટાભાગના મંત્રીઓએ પોત-પોતાના મત-વિસ્તારો અને તેમને મળેલા પ્રતિનિધિ મંડળો,તેમના દ્વારા થયેલી જંત્રીના અમલ વિષયક વિરોધી રજૂઆતો બાબતે મુખ્યમંત્રીનું ધ્યાન દોર્યું હતું,

ગુજરાત સરકારે ૨૦ નવેમ્બર-૨૦૨૪ના રોજ નવી જંત્રીનો મુસદ્દો જાહેર કર્યો હતો. જેમાં સરકારે લોકો-સંસ્થાઓ પાસેથી ૨૦ ડિસેમ્બર-૨૦૨૪સુધીમાં વાંધા-સૂચનો મંગાવ્યા હતા, પરંતુ જંત્રીના આ મુસદ્દા મુજબ સરકારે જમીન-મકાનો-મિલકતોના જંત્રીના દરમાં ભારેખમ ભાવ વધારો ઝીંક્યો હોવાથી બિલ્ડર લોબી સહિતના સંબંધિતો તરફથી ભારે વિરોધ થતા સરકારે આ વાંધાસૂચનો મેળવવાની તારીખમાં એક મહિનો એટલે કે, ૨૦ જાન્યુઆરી-૨૦૨૫ સુધીનો વધારો કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારે જંત્રી સુધારણા સમિતિની રચના કરી હતી. આ સમિતિ મહાનગરપાલિકા, નગરપાલિકા, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અને ગ્રામ્ય કક્ષાએ કાર્યરત કરાઈ હતી.



જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં આ સમિતિઓએ વિવિધ વિસ્તારમાં જમીનના બજારભાવ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને અન્ય પરિબળો ધ્યાને લઈ અભિપ્રાય મેળવીને નવા જંત્રી દરો અંગેનો અહેવાલ રાજ્યકક્ષાની સમિતિને સુપરત કર્યા હતા. જેમાં ઓનલાઈનની સાથે ઓફલાઈન વાંધા-સૂચનો પણ મેળવ્યા હતા. રાજ્યકક્ષાની સમિતિ દ્વારા આ વાંધા-સૂચનોની સમીક્ષા કરાઈ હતી.

### નવી જંત્રીના દરમાં ઘટાડો નહીં કરાય તો લોકો ઉપર તેની શું અસર થશે ?

રાજ્યની કુલ વસતિ હાલની સ્થિતિએ ૭.૨૫ કરોડ હોવાનો અંદાજ છે ત્યારે મોટાભાગના લોકો પાસે પોતાનું ઘરનું ઘર નથી અને તેઓ ભાડાના ઘરમાં રહે છે. હવે રાજ્યમાં ધરખમ વધારા સાથેની નવી જંત્રીનો ૧લી એપ્રિલ-૨૦૨૫ના રોજથી જો અમલ શરૂ થશે તો જમીન-મિલકતોના બજાર ભાવમાં ધરખમ વધાર થશે.

(૧) જેના કારણે સામાન્ય કે મધ્યમ વર્ગના લોકો ઘરનું ઘર ખરીદી નહીં શકે અથવા તેમના માટે તે મુશ્કેલ બનશે.

(૨) રાજ્યની સરેરાશ માસિક આવક રૂ. ૨૦,૦૦૦ની આસપાસ હોવાનો અંદાજ છે ત્યારે આવી કાળઝાળ મોંઘવારીમાં ધારીમાં ૨ આટલી રકમમાં જ્યારે લોકો માટે ઘર કે પોતાનું ગુજરાન ચલાવવું મુશ્કેલ છે ત્યારે ભારેખમ વધારા સાથેની જમીન કે મિલકત કે ઘર ખરીદવા લોકો માટે લગભગ અતિમુશ્કેલ બનશે.

(૩) ગુજરાત સહિત દેશમાં મંદીની શક્યતા વચ્ચે વચ્ચે રાજ્યના રિઅલ એસ્ટેટ ક્ષેત્રને પણ ભારે . ફટકો પડી શકે છે.

(૪) જ્યારે તેની સામે ભારેખમ જંત્રીના દરને કારણે રાજ્ય સરકારની સ્ટેમ્પ ડયુટી અને રજિસ્ટ્રેશન ફીમાં ભારે વધારો થશે.

(૫) નવી જંત્રીના દરોમાં વધારાને કારણે રિઅલ એસ્ટેટ માર્કેટ, બિલ્ડર્સ, રોકાણકારો, સામાન્ય ઘર ખરીદનાર અને કૃષિ જમીન ધરાવતા ખેડૂતો પર સીધી અસર પડશે. જો નવા દરો વધશે તો જમીન ખરીદવા માટે વધુ સ્ટેમ્પ ડ્યૂટી ભરવી પડશે અને રિઅલ એસ્ટેટ માર્કેટમાં ઘટાડો થશે.

# રાજકોટ સિવાય સર્વત્ર આકરી ગરમીમાં આંશિક રાહતનો અનુભવ

### રાજકોટમાં-૪૨.૧ ડિગ્રીઃ અન્યત્ર ૧ થી ૩ ડિગ્રી તાપમાન ઘટ્યું


રાજકોટ,તા.૧૩

રાજકોટને બાદ કરતા રાજયનાં મોટાભાગનાં સ્થળોએ ગરમીમાં આંશિક રાહત થઈ છે. અનેક સ્થળોએ પારો ૧ થી ૩ ડિગ્રી ઘટયો હતો.જો કે રાજકોટમાં કાળઝાળ ગરમી યથાવત રહી હતી.ગઈકાલે રાજકોટનું મહત્તમ તાપમાન ૪૨.૧ ડિગ્રી નોંધાયું હતું.જયારે, અમદાવાદમાં ૪૦.૭, અમરેલીમાં ૪૧ વડોદરામાં-૪૦, ભાવનગરમાં ૩૭.૮, ભુજમાં ૪૦.૨, દમણમાં ૩૬, ડાંગમાં ૪૦.૯, તથા ડિસામાં ૪૦.૨ ડિગ્રી દિવમાં ૩૨.૯, દ્વારકામાં ૩૨.૮, ગાંધીનગરમાં ૪૦.૬, કંડલામાં ૩૯, નલિયામાં પણ ૩૯, ઓખામાં ૩૨, તથા પોરબંદરમાં ૪૦.૮, સુરતમાં ૩૮.૫ અને વેરાવળ ખાતે ૩૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયુ હતું.તેમજ જામનગરમાં માર્ચના બીજા સપ્તાહના આરંભ સાથે ધીરે ધીરે ગરમીના પગરવ શરૂ થયા હતા. જેમાં ખાસ કરીને છેલ્લા ચાર દિવસથી મહતમ તાપમાનમાં અવિરત વધારો જોવા મળી રહયો છે. ૩૮.૫ ડિગ્રી પર સ્થિર થયેલો હતો.જ્યારે લઘુત્તમ તાપમાનમાં એક ડિગ્રીના ઘટાડા સાથે ૨૦ ડિગ્રી પહોંચ્યો હતું.તો વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૨૦ ટકા વધીને ૬૨ ટકા નોંધાયું હતું.અને પવનની ગતિમાં ૩ કિમીના વધારા સાથે પ્રતિકલાક ૮.૪ કિમિ રહી હતી.

બપોરના સમયે આકાશમાંથી અગનવર્ષા થતી હોય જેથી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. તાપ સાથે ઉકળાટ -બફારાથી લોકો આકુળ વ્યાકુળ થયા હતા. આગામી દિવસોમાં ગરમીનુ જોર હજુ વધવાની સંભાવના પણ હવામાન વિભાગે દર્શાવી છે.

# ગુરૂનો 'મૂનકિંગ'નો ખિતાબ છીનવાયોઃ શનિની પરિક્રમા કરતા વધુ ૧૨૮ ચંદ્ર શોધાયા

### શનિની અધધધ ૨૭૪ ચંદ્ર કરે છે પરિક્રમા



વોશીંગ્ટન (અમેરીકા) તા.૧૩

અત્યાર સુધી ગુરૂ ગ્રહ સૌથી વધુ ચંદ્ર ધરાવતો ગ્રહ મનાતો હતો પરંતુ શનિએ હવે ગુરૂનો આ ખિતાબ છીનવી લીધો છે.ખગોળવિદોએ શનિની પરિક્રમા કરી રહેલા ૧૨૮ નવા ચંદ્રની શોધ કરી છે. હવે તેની પાસે ૨૭૪ ચંદ્ર થઈ ગયા છે. આંતર રાષ્ટ્રીય ખગોળીય સંઘે ચંદ્રોને ઔપચારિક રીતે માન્યતા આપી છે.

કેટલાક દિવસો પહેલા મુનકિંગનું ટાઈટલ ગુરૂનું હતું જે હવે શનિનું થઈ ગયુ છે તે હવે સૌથી વધુ ચંદ્રવાળો ગ્રહ છે અને તેણે ગુરૂને પાછળ રાખી દીધો છે. હવે શનિ પાસે અન્ય ગ્રહોની કુલ સંખ્યાથી લગભગ બે ગણા ચંદ્ર છે મુખ્ય સંશોધક ડો.એડવર્ડ એશ્ટને કહ્યું હતું કે મને નથી લાગતુ કે ગુરૂ કયારેય પણ શનિની બરાબરી કરી શકે. પાંચ ફેબ્રૂઆરી ૨૦૨૪ સુધી ગુરૂના ચંદ્રની પુષ્ટિ થઈ હતી વૈજ્ઞાનિકોના જે દળે શનિ ગ્રહનાં નવા ચંદ્રો શોધ્યા છે તેણે પહેલા કેનેડા ફ્રાન્સ હવાઈ ટેલિસ્કોપનો ઉપયોગ કરીને શનિ ગ્રહનાં ૬૨ ચંદ્રની ઓળખ કરી હતી પણ દળને શનિ પાસે વધુ ચંદ્ર મળવાના સંકેત મળ્યા ત્યારબાદ ૨૦૨૩ માં બીજી વાર ખોજ શરૂ થઈ હતી.

# ચેક રીટર્નના કેસોનો ભરાવોઃ નવી ચાર કોર્ટો શરૂ કરાશે

અમદાવાદ તા.૧૩



અમદાવાદમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના ચેક રિટર્નના કેસોના નોંધપાત્ર વધારો થયો છે. જેને લઈને આ કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસની વધારાની ચાર નવી કોર્ટો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

નવી ચાર કોર્ટો હોળી પછી ૧૭મી માર્ચથી ધમધમતી થઈ જશે. જો કે, ચેક રિટર્નના કેસોની નવી કોર્ટોમાં હાલની ઘી કાંટા સ્થિત ફોજદારી કોર્ટ(મેટ્રો.કોર્ટ)ના જજો ત્યાં ટ્રાન્સફર થતાં તેમની જગ્યા ખાલી પડશે. તેથી આ સબંધિત મેટ્રો કોર્ટની કામગીરીને અસર થશે. અલબત્ત, અરજન્ટ ચાર્જની કામગીરીને પહોંચી વળવા આ મેટ્રો કોર્ટનો ચાર્જ અન્ય કોર્ટોને આપવામાં આવ્યો છે. પરંતુ તેમછતાં રૂટીન કામગીરીને અસર થશે તે નક્કી છે.

'ચેક રિટર્નના કેસોનું ભારણ ઘટાડવા અને પડતર કેસોના ઝડપી અને અસરકારક નિકાલના ઉમદા આશયથી ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાર નવી કોર્ટો અપનાબજાર બહુમાળી બિલ્ડીંગ, લાલ દરવાજા ખાતે શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે, તેનાથી કેસોનું ભારણ નિશંકપણે ઘટશે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના ચેક રિટર્નના કેસોની હાલ કુલ ૧૨ કોર્ટો આવેલી છે, જે તમામ અપનાબજાર, બહુમાળી બિલ્ડીંગમાં જ કાર્યરત છે. આ ઉપરાંત બે ઓનલાઈન કોર્ટો થોડા સમય પહેલાં જ શરૂ કરવામાં આવી હતી અને હવે આ નવી ચાર કોર્ટો ઉમેરાશે એટલે કે, ચેક રિટર્નના કેસોની કુલ કોર્ટ ૧૮ થશે.'

અમદાવાદ સહિત રાજ્યની જુદી જુદી ચેક રિટર્નના કેસોની કોર્ટોમાં લાખો કેસો પેન્ડીંગ બોલી રહ્યા છે, જેમાં આખા રાજયમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં આશરે ૩.૭૫ લાખથી વધુ કેસો ચેક રિટર્નના ઘણાં સમયથી પડતર બોલી રહ્યા છે. નોંધનીય વાત એ છે કે, રાજયમાં ચેક રિટર્નના જે કુલ પડતર કેસો છે, તેમાં એકલા અમદાવાદમાં જ આશરે ૬૦ ટકા કેસો તો પડતર છે.

# ટ્રેનના બધા બંધકોને છોડાવી લીધા, ૩૩ બલુચી વિદ્રોહી ઠાર, ઓપરેશન ખતમઃ પાક. સેનાનો દાવો

### પાકિસ્તાનમાં બે દિ'ના હાઈ વોલ્ટેજ ડ્રામાનો અંત

ઈસ્લામાબાદ (પાકિસ્તાન) તા.૧૩

બલુચિસ્તાનમાં બલુચ બળવાખોરોએ બંધક બનાવેલ બધા ટ્રેન યાત્રીઓને છોડાવી લીધાનો દાવો પાકિસ્તાની સેનાએ કર્યો છે. આ ઓપરેશનમાં બધા ૩૩ બલુચ ઠાર થયા છે, આ સાથે ઓપરેશન ખતમ થઈ ગયું છે.



આ અંગેની વિગત મુજબ બે દિ' પહેલા પાકિસ્તાનમાં બલુચિસ્તાનમાં બલુચ બળવાખોરોએ જાફર એકસપ્રેસ ટ્રેન હાઈજેક કરીને યાત્રીઓને બંધક બનાવ્યા હતા.

આ યાત્રીઓને છોડવાના બદલામાં બલુચ બળવાખોરોએ તેમના નેતાઓને મુક્ત કરવાની માંગ કરી હતી. પરંતુ બે દિવસના હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ પાકિસ્તાની સેનાએ બંધકોને છોડાવી લીધાનો દાવો કર્યો છે.

પાક. સેનાએ કહ્યું હતું કે બલુચ વિદ્રોહીઓએ બંધક બનાવેલ ૨૧ યાત્રીઓ અને ૪ સૈનિકોની હત્યા કરી છે. આ પહેલા સુરક્ષાદળોએ ૧૯૦ યાત્રીઓને છોડાવ્યાની વાત કરાઈ હતી, જયારે ટ્રેન હાઈજેક કરનાર બીએલએએ ૫૦ બંધકોની હત્યા કર્યાનો દાવો કર્યો હતો.

પાકિસ્તાની સેનાના પ્રવકતા લેફટીનેન્ટ અહમદ શરીફે બુધવારે સાંજે જણાવ્યું હતું કે હાજર બધા ૩૩ વિદ્રોહીઓને ઠાર કરી યાત્રીઓને સુરક્ષિત બચાવી ઓપરેશન સફળતાપૂર્વક પુરું કરી લીધું છે. તેમણે જયારે મંગળવારે ટ્રેન પર હુમલો કરેલો ત્યારે ૨૧ યાત્રીઓની હત્યા કરી દીધી હતી. અર્ધ સૈનિક ફ્રન્ટીયર કોરના ચાર સૈનિક માર્યા ગયા હતા. જો કે પાકિસ્તાનના ગૃહ રાજયમંત્રી તલાલ ચૌધરીએ કહ્યું હતું કે હુમલામાં ૭૦-૮૦ વિદ્રોહીઓ સામેલ હતા.

## ક્રાઈમ થ્રીલરને ટક્કર મારે તેવી રિયલ ઘટના

# પતિને રંગેહાથ પકડવા પત્ની પ્રેમિકા બની રેસ્ટોરન્ટમાં ગઈ, પ્રેમિકાને બદલે પત્નીને જોતા હોશકોશ ઉડી ગયા

### મામલો પોલીસમાં પહોંચ્યો, પરંતુ દંપતિને સમજાવાતા અને પતિએ માફી માગતા બંન્ને ખુશીથી ઘેર ગયા

ગ્વાલિયર,તા.૧૩

ગ્વાલિયરના મહિલા પોલીસ સ્ટેશનમાંથી એક અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મહિલાએ પોતાના પતિના ચારિત્ર્ય પર શંકાને લઈને ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ બાદ પોલીસે મહિલાના પતિને ચોકીએ બોલાવીને તેને સમજાવતા વાતચીત કરી છોડી દીધો. તો વળી પતિએ પણ પોતાની ભૂલનો સ્વીકાર કરતો પોલીસે સામે પત્ની પાસે માફી માંગી અને આગળથી ભૂલ નહીં થાય તેવી વાત કરી હતી.



હકીકતમાં જોઈએ, ગ્વાલિયર શહેરમાં રહેતી એક મહિલાના લગ્ન એક વર્ષ પહેલા થયા હતા. લગ્નના થોડા દિવસ બાદ મહિલાને પતિ પર શંકા ગઈ કે તે અન્ય મહિલાઓ સાથે વાત કરે છે, જેને લઈને મહિલાએ પતિને રોકવા માટે અને સમજાવવાની કોશિશ પણ કરી પતિ હંમેશા પુરાવા ન હોવાના કારણે ખોટા આરોપ લગાવતી હોવાની વાત કહેતી. ઘણી વાર તો તેને લઈને ઝઘડા પણ શરુ થઈ ગયા હતા. આ દરમ્યાન પત્નીએ પતિને રંગે હાથ પકડવા માટે એક પ્લાન બનાવ્યા અને એક પાયલના નામનું નકલી ફેસબુક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું. આ આઈડીની મદદથી પોતાના પતિને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી.

બાદમાં બંને વચ્ચે વાતચીત શરુ થઈ અને વાત લાંબા સમય ચાલતી રહી. એક ઘરમાં રહેતા પતિ-પત્ની એકબીજા સાથે ચેટ કરતા રહ્યા. ત્યાર બાદ પતિએ પાયલને ઘણી વાર વીડિયો કોલ પર વાત કરવાની વાત કહી પણ પત્ની કોઈ બીજી મહિલા સાથે વીડિયો કોલ પર વાત કરાવી દેતી. ત્યાર બાદ સતત આવું થતું રહેતું.

આવી જ રીતે લાંબો સમય વીતતો ગયો અને ત્યાર બાદ એક દિવસ પતિએ પાયલને મળવા રેસ્ટોરન્ટમાં બોલાવી અને જ્યારે તે રેસ્ટોરન્ટમાં પહોંચ્યો તો ત્યાં પાયલ નહીં પણ તેની પત્ની મળી. પત્નીને સામે જોઈ પતિને પરસેવો છુટી ગયો. તે ચોંકી ગયો અને બાદમાં પત્નીએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી દીધી. જે બાદ પોલીસે પતિને ચોકીએ બોલાવ્યો, જો ચોકીએ પહોંચતા પત્ની દ્વારા લગાવેલા આરોપથી પતિ ફરી ગયો.

પણ પત્નીએ પોલીસ સામે પુરાવા રજૂ કર્યા કે તે પાયલ નામથી નકલી આઈડી ચલાવતી હતી. તેમાં કેટલીય અશ્લીલ વાતો પણ કહી છે.આ ઘટના બાદ પોલીસે પતિને ફટકાર લગાવી અને કાર્યવાહી કરવાની વાત કહી. તો પતિએ પોતાની ભૂલ સ્વીકારી. બાદમાં પત્ની સામે માફી પણ માગી અને આગળની આવી ભૂલ નહીં થાય તેની ખાતરી પણ આપી.પોલીસે બંનેને સમજાવી બાદમાં રાજીખુશી ઘરે રવાના કર્યા હતો.

# ડાયાબિટીસની જેનેરિક દવાઓ લોન્ચઃ પ્રતિ ટેબલેટ કિંમત રૂા. ૬૦ને બદલે માત્ર રૂા. ૬

### જેનેરિક દવા ૯૦ ટકા સસ્તી થયાનો દાવો

નવી દિલ્હી તા.૧૩

૧૧ માર્ચ બોહરિંગર ઈન્ગેલહેમના દર્દીનું અવસાન થયા પછી, ડાયાબિટીસની લોકપ્રિય દવા એમ્પાગ્લિફ્લોઝિનના જેનેરિક વર્ઝન બજારમાં આવી ગયું છે. જર્મન ફાર્માસ્યુટિકલ કંપનીએ તેને જાર્ડિયન્સ બ્રાન્ડ નામથી વેચી દીધી હતી. બજાર હિસ્સાની દ્રષ્ટિએ ભારતની ચોથી સૌથી મોટી કંપની મેનકાઇન્ડ ફાર્માએ દવાના જેનેરિક વર્ઝનને કિંમતના દસમા ભાગની કિંમતે દેશમાં ઉપલબ્ધ કરાવી છે. એમ્પાગ્લિફ્લોઝિનની કિંમત, જે અગાઉ પ્રતિ ટેબ્લેટ ૬૦ રૂપિયા હતી, હવે પ્રતિ ટેબ્લેટ માત્ર ૬ રૂપિયામાં મળશે.ભારતની ચોથી સૌથી મોટી દવા કંપની મેનકાઈન્ડ ફાર્માએ ડાયાબિટીશની દવા એમ્પાગ્લિફ્લોઝિન ૧૦ મિલિગ્રામ વેરિઅન્ટ માટે પ્રતિ ટેબ્લેટ ૫.૪૯ રૂપિયાનાં ભાવે બજારમાં લોન્ચ કરતા દર્દીઓને મોટી રાહત થઈ છે. અગાઉ આ દવાનો ભાવ ૬૦ રૂપિયા પ્રતિ ટેબ્લેટ હતો, જે નવા ભાવ કરતા ૧૦ ગણો વધારે હતો. હવે કંપનીએ ૨૫ મિલિગ્રામ વેરિઅન્ટ માટે પ્રતિ ટેબ્લેટ ૯.૯૦ રૂપિયાના ભાવે રજૂ કરી છે.



મેનકાઈન્ડ ફાર્માના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાજીવ જુનેજાએ જણાવ્યું હતું કે, આ લોન્ચ સાથે, મેનકાઈન્ડ ફાર્માએ ફરી એકવાર ખર્ચ અવરોધો તોડીને એક એવું ઉત્પાદન ઓફર કર્યું છે, જે આંતરરાષ્ટ્રીય ગુણવત્તા અને પોષણક્ષમતાને જોડે છે.

એમ્પાગ્લિફ્લોઝિનએ SGLT-2 (સોડિયમ-ગ્લુકોઝ કો-ટ્રાન્સપોર્ટર-૨) અવરોધક છે જેનો ઉપયોગ આહાર અને કસરત સાથે ટાઈપ ૨ ડાયાબિટીસ અથવા ડાયાબિટીસ મેલીટસ, ક્રોનિક કિડની રોગ અને ક્રોનિક હૃદય નિષ્ફળતાની સારવાર માટે થાય છે. આ દવા કિડનીમાં SGLT-2 પ્રોટીનને અવરોધિત કરીને કાર્ય કરે છે.

## અતિશય ભાવ, વધતા વ્યાજ દરના કારણે...

# હાલ ઘરોનું વેચાણ બન્યું સુસ્ત, બિલ્ડરો લાવ્યા જાતજાતની ઓફર્સ

### જો કે ૧૦ કરોડથી વધુ ભાવના ઘરોની માંગ યથાવત

નવી દિલ્હી તા.૧૩

હાલના વર્ષોમાં ઘરોની કિંમતમાં ભારે વધારો, નવા પ્રોજેક્ટનો અભાવ અને એપ્રુવલમાં વિલંબ સહિતના કારણે રિયલ એસ્ટેટ સેકટરની ગતિ થોડી ધીમી પડી છે. ખાસ કરીને ૩ બીએચકે અને એથી મોટા ઘરોના વેચાણમાં સુસ્તી આવી છે, જેને વધારવા માટે બિલ્ડર્સ આકર્ષક ઓફર આપી રહ્યા છે.



શું છે કારણ?: એપીએસ પ્રોપર્ટી સોલ્યુશનના એમડી વિનીત સુરાનાના અનુસાર વેચાણમાં ઘટાડાનો સામનો કરવા માટે ડેવલોપર્સે એ ઓફરોને ફરી રજુ કરવાનું શરૂ કર્યું છે, જે અગાઉ મહામારી પહેલાના સુસ્ત બજારમાં જોવા મળી હતી. લકઝરી ઘરોમાં માંગ યથાવતઃ રિયલ એકસપર્ટસનું કહેવું છે કે ઘરો પર ઓફર કોઈ મંદીના સંકેત નથી. બલકે એક સંતુલન બનાવવાની પ્રક્રિયા છે. મોંઘા ઘરોની માંગ યથાવત છે પરંતુ મધ્યમ આવકવાળા વર્ગ માટે વધતા વ્યાજદરો અને મોંઘવારીના કારણે ઘર ખરીદવું પડકારજનક થઈ ગયું છે. ૧૦ કરોડથી વધુ કિંમતના ઘરોનું સારું વેચાણ થઈ રહ્યું છે.

કોણે શું કરી ઓફરઃ ગોદરેજ પ્રોપર્ટીઝે ૧ ટકો માસિક પેમેન્ટ યોજના એમટુએમ ડેવલપર્સે- હાલ શિફટ કરો, પેમેન્ટ બાદમાં કરો, ૨૦ ટકા પેમેન્ટ બે વર્ષ બાદ કરવાનું રહેશે. પારસ બિલ્ડટેક- બાય બેક સ્કીમ અંતર્ગત ૫૦ ટકા દર વર્ષે રિટર્ન, શ્રીરામ પ્રોપર્ટીઝ- 'ઝીરો એકસ્ટ્રા સ્કીમ, જેથી ખરીદનારાને ૨૫ લાખ સુધીની બચત થઈ શકે છે.

## મોરિશયસનાપ્રેસિડન્ટ અને તેમનાં પત્નીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિફ્ટમાં શું આપ્યું?

# મહાકુંભનું જળ, સુપરફડ મખાના, ગણેશજીની મૂર્તિ અને સાદેલી બોકસમાં પેક કરેલી બ્લુ રંગની બનારસી સિલ્ક સાડી

નવી દિલ્હી, તા. ૧૩

વીસથી વધુ પ્રોજેક્ટનાં ઉદઘાટન વડાપ્રધાન મોદીએ મોરિશ્યસમાં ૨૦ જેટલા વિવિધ વિકાસ પ્રોજેક્ટનાં ઉદઘાટન કર્યાં હતાં. આ પ્રોજેક્ટ માટે ભંડોળ ભારતે ફાળવ્યું છે.

બે દિવસની મોરિશ્યસની યાત્રા પર પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું મોરિશ્યસના પ્રેસિડન્ટ ધર્મબીર ગોખુલ અને ફર્સ્ટ લેડી વૃંદા ગોખુલે ગઈ કાલે ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વડા પ્રધાન મોદીએ ખાસ ચીજો ગિફ્ટ આપી હતી અને એની વિશેષતા પણ ગણાવી હતી.



**મહાકુંભનું જળ** : વડા પ્રધાન મોદીએ પ્રેસિડન્ટ ગોખૂલને પ્રયાગરાજના ત્રિવેણી સંગમના પવિત્ર ગંગાજળથી ભરેલું પિત્તળનું પાત્ર ગિફ્ટમાં આપ્યું હતું. તેમણે જણાવ્યું કે આ ગંગાજળ ખાસ એટલા માટે છે કે એ મહાકુંભના મેળા વખતે ગંગા નદીમાંથી લેવામાં આવ્યું હતું.



**ગણેશજીની મૂર્તિ**

વડા પ્રધાને ભગવાન ગણેશની હસ્તનિર્મિત મૂર્તિ આપી હતી. ભગવાન ગણેશ જ્ઞાનના દેવતા છે અને વિઘ્નો હરે છે. આ ઉત્કૃષ્ટ મૂર્તિ ભારતીય શિલ્પકળાની પ્રતિષ્ઠિત પરંપરા છે જે સમૃદ્ધિ અને નવી શરૂઆતના આશીર્વાદ હું આપે છે.

## 'Rich Dad, Poor Dad'ના લેખક રોબર્ટ કિયોસાકીની ચેતવણી

# શેરબજારનો ફૂગ્ગો ફૂટવાનો જ હતો, હજુ મોટો કડાકો આવી શકે છે

### ૧૯૨૯ જેવી મહામંદીનો પણ ઈન્કાર થઈ શકે તેમ નથીઃ સોશ્યલ મીડિયા પોસ્ટથી લોકોને ચેતવ્યાં છતાં ધીરજ રાખીને 'તક'ઝડપવા સલાહ



એક બાજુ દુનિયામાં ટ્રેડ વોરની પરિસ્થિતિ શરૂ થઈ ચૂકી છે, ત્યાં બીજી બાજુ અમેરિકાના શેર બજારમાં પણ ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. જેના લીધે ભારત સહિત સમગ્ર એશિયન માર્કેટ પણ ડગમગવા લાગ્યા છે. અમેરિકન બજાર તૂટવાને કારણે મંદી ઘેરાવા લાગી હોય તેવી ચારેકોર ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન જાણીતા પુસ્તક (Rich Dad, Poor Dad) રિચ ડેડ પુઅર ડેડના લેખક રોબર્ટ કિયોસાકીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી છે, જેણે દુનિયાભરમાં ખળભળાટ મચાવી દીધો છે.

લેખક રોબર્ટ કિયોસાકીએ ઈતિહાસના સૌથી મોટા કડાકાના સંકેત આપતા કહ્યું કે, જે ફાયનાન્શિયલ મંદી હાલમાં જોવા મળી રહી છે તે આવનારા સમયમાં ૧૯૨૯ના માર્કેટ ક્રેશ કરતાં પણ મોટા કડાકાના સંકેત આપી રહી છે. તે સમયે મહામંદી આવી હતી. ફુગ્ગો તો ફૂટવાનો જ હતો અને મને ડર છે કે આ ઈતિહાસનો સૌથી મોટો કડાકો સાબિત થવાનો છે. મેં મારા પુસ્તકમાં આ પ્રકારના કડાકા વિશે પહેલાથી જ સંકેત આપી દીધા હતા.


રોબર્ટ કિયોસાકીની આ ચેતવણી એવા સમયે આવી છે, જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે વિશ્વભરમાં વેપાર યુદ્ધ શરૂ થયું છે. એટલું જ નહીં અમેરિકન બજારોમાં સતત કડાકાની સ્થિતિ નોંધાઈ રહી છે. ગત સોમવારે ડાઉ જોન્સમાં ૧૧૦૦ પોઈન્ટનો કડાકો બોલાઈ જતા ખળભળાટ મચી ગયો હતો અને નાસ્ડેક સપ્ટેમ્બર ૨૦૨૨ પછીનો આ સૌથી મોટો કડાકો હતો. આ ઈન્ડેક્સ ૪ ટકાથી વધુ ઘટ્યો હતો.

''રિચ ડેડ, પુઅર ડેડ'' ના લેખક કિયોસાકીએ જર્મની, જાપાન અને અમેરિકાના આર્થિક એન્જિન તરફ ધ્યાન દોરતા કહ્યું કે, કેટલાંક અસમર્થ નેતાઓએ આપણને એક જાળમાં ફસાવી દીધા છે. આવા સમયે ડરનો અહેસાસ એ સામાન્ય હોઈ શકે પણ ગભરાશો નહીં, ધીરજ રાખો, જેનો અર્થ છે શાંત રહો, ઊંડો શ્વાસ લો, તમારી આંખો ખુલ્લી રાખો અને તમારું મોં બંધ રાખો.' લાખો લોકો કચડાઈ જશે પણ તમારે તેમાંથી એક બનવાની જરૂર નથી. જ્યારે ૨૦૦૮ માં આવી પરિસ્થિતિ ઊભી થઈ, ત્યારે મેં રાહ જોઈ, ગભરાટ પર ધ્યાન ન આપ્યું અને પછી વેચાણ માટે સારી રિયલ એસ્ટેટ શોધવાનું શરૂ કર્યું, તે પણ ભારે ડિસ્કાઉન્ટ પર.

પોતાની પોસ્ટમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, દુનિયા જે તબક્કામાંથી પસાર થઈ રહી છે તે તમારા જીવનની સૌથી મોટી તક પણ સાબિત થઈ શકે છે. પરિસ્થિતિ ગમે તેટલી અશાંત હોય, ધીરજ રાખો અને શાંત રહો. ચેતવણી આપવાની સાથે, તેમણે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમણે રોકાણ કરવાનો પ્લાન પણ શેર કર્યો છે. કિયોસાકીએ કહ્યું કે, હું રિયલ એસ્ટેટ, સોનું, ચાંદી અને બિટકોઈન ખરીદવાનું ચાલુ રાખીશ. જણાવી દઈએ કે આ પહેલા પણ લેખકે આ સંપત્તિઓમાં રોકાણ કરવાની સલાહ આપી હતી.

## આ શુકવારે OTT પર આવશે આઝાદ, બી હેપી અને ઈમર્જન્સી

### આઝાદ




**OTT પ્લેટફોર્મ – નેટફ્લિકસ**

અજય દેવગનના ભત્રીજા અમનં દેવગન તથા રવીના ટંડનની દીકરી રાશાની પહેલી ફિલ્મ 'આઝાદ'માં આઝાદી પહેલાંના ૧૯૨૦ની આસપાસના સમયગાળાની વાર્તાને વણી લેવામાં આવી છે. આ ફિલ્મને બોક્સ-ઓફિસ પર ખાસ સફળતા નથી મળી.

### બી હેપી




**OTT પ્લેટફોર્મ – પ્રાઈમ વિડિયો**

અભિષેક બચ્ચનને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી આ ફિલ્મ સીધી OTT પર રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ એક સમર્પિત સિંગલ ફાધર શિવ (અભિષેક બચ્ચન) અને તેની ઉત્સાહી દીકરો ધરા (ઇનાયત વર્મા) વચ્ચેના અતૂટ બંધનની સ્ટોરી છે. આ ફિલ્મની વાર્તામાં દીકરીના ડાન્સપ્રેમને વણી લેવામાં આવ્યો છે.

### ઈમર્જન્સી




**OTT પ્લેટફોર્મ – નેટફ્લિકસ**

આ ફિલ્મ ૧૯૭૫માં પૂર્વ વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીની વાર્તા છે. જોકે આ ફિલ્મમાં ઇન્દિરા ગાંધીનો સમગ્ર કાર્યકાળ દર્શાવ્યો છે એટલે એને બાયોપિક પણ કહી શકાય. આ ફિલ્મમાં કંગના રનૌતે દિવંગત વડાં પ્રધાનનો રોલ બહુ સારી રીતે ભજવ્યો છે.

## આરબીઆઈ રૂા.૧૦૦ અને રૂા.૨૦૦ની નવી નોટ બહાર પાડશેઃ ટેન્શન ન કરતા, જુની નોટો ચાલશે



### નવી નોટની ડિઝાઈનમાં ફેરફાર નહીં, ભારતીય રિઝર્વ બેન્કના નવા નિયુકત ગવર્નરના હસ્તાક્ષર હશે

નવીદિલ્હી,તા.૧૩

હોળી પહેલા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટો અંગે મોટી જાહેરાત કરી છે. RBI એ કહ્યું છે કે તે ટૂંક સમયમાં ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટો જારી કરવા જઈ રહી છે. જોકે, આ નવી નોટોની ડિઝાઇનમાં કોઈ ફેરફાર થશે નહીં. તે મહાત્મા ગાંધી (નવી) શ્રેણીની હાલની ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નોટો જેવી જ હશે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, આ નવી નોટો પર નવા નિયુક્ત ગવર્નર સંજય મલ્હોત્રાના હસ્તાક્ષર હશે. સેન્ટ્રલ બેંક અનુસાર આ એક સામાન્ય પ્રક્રિયા છે. જે હેઠળ, દરેક નવા રાજ્યપાલની નિમણૂક પછી, તેમના હસ્તાક્ષરવાળી નોંધો જારી કરવામાં આવે છે.

હવે આ સમાચાર બહાર આવતાની સાથે જ ચર્ચા શરૂ થઈ ગઈ અને લોકોના મનમાં આ પ્રશ્ન ઘોડાની જેમ દોડી રહ્યો છે કે જૂની નોટોનું શું થશે? કેટલાક કિસ્સાઓમાં RBI નવી નોટો જારી કરે છે. ઉદાહરણ તરીકે, બજારમાં હાજર ચલણી નોટો ખૂબ જૂની થઈ ગઈ હશે, નોટોની ડિઝાઇન બદલાઈ ગઈ હશે અથવા કેટલીક નોટો ચલણમાંથી બહાર થઈ ગઈ હશે. જેમ કે નોટબંધી સમયે જોવા મળ્યું હતું.

નવી નોટોના આગમનથી બજારમાં પહેલાથી હાજર જૂની નોટો પર કોઈ અસર થશે નહીં. રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરી છે કે ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની જૂની નોટો માન્ય રહેશે અને તેને બંધ કરવામાં આવશે નહીં. નવી નોટો ટૂંક સમયમાં એટીએમ મશીનોમાં લોડ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે આગામી થોડા દિવસોમાં જ્યારે તમે ATM માંથી પૈસા ઉપાડશો, ત્યારે તમને ૧૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટો પણ મળશે.



'છાવા' વિ.આર.આર.આર.

## 'છાવા' સામે આર.આર.આર.ઝૂકીઃ ૨૭માં દિવસે પણ રૂા.બે કરોડની કમાણી

મુંબઈ,તા.૧૩

વિકી કૌશલ સ્ટારર ફિલ્મ છાવાએ બોક્સ ઓફિસ પર સારી છાપ છોડી છે. રિલીઝના પહેલા દિવસથી જ આ ફિલ્મ કમાણીના મામલામાં સારું પ્રદર્શન કરતી જોવા મળી રહી છે. છવા, જે થિયેટરોમાં તેની રજૂઆતનો પ્રથમ મહિનો પૂર્ણ કરવાની આરે છે, તે હજુ પણ બમ્પર રીતે પૈસા છાપવાનું ચાલુ રાખ્યુ છે.

તેની રિલીઝના ૨૭માં દિવસે, છાવાએ ફરી એકવાર સ્થાનિક બોક્સ ઓફિસ પર ઉત્તમ કમાણી દર્શાવી છે અને આ કિસ્સામાં દક્ષિણ સુપરસ્ટાર RRR (છાવા VS RRR) ને હરાવ્યો છે.

બોલિવૂડની ફિલ્મોને માત આપ્યા બાદ છાવા હવે સાઉથની ફિલ્મોથી આગળ રહી ગઈ છે. તાજેતરમાં, છાવા, જેમણે પ્રભાસ સ્ટારર બાહુબલી ૨ નું કામ આજીવન કલેક્શનના સંદર્ભમાં પૂર્ણ કર્યું હતું, તે હવે RRR માટે સમસ્યા બની ગઈ છે.

વિકી કૌશલની ફિલ્મે તેની રિલીઝના ૨૭માં દિવસે બોક્સ ઓફિસ કલેક્શનની બાબતમાં રામ ચરણ અને જુનિયર એનટીઆરની સુપરહિટ ફિલ્મને પાછળ છોડી દીધી છે.

સેકનિલ્કના અહેવાલ મુજબ, તેની રિલીઝના ૨૭માં દિવસે, છાવાએ બોક્સ ઓફિસ પર લગભગ ૨ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. જ્યારે ૨૦૨૨ માં રિલીઝ થનારી RRR એ તે જ દિવસે ૧.૫૦ કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. આ આધારે, છાવા ડાયરેક્ટર એસએસ રાજામૌલીની આરઆરઆર કરતા ઘણા આગળ નીકળી ગયા છે.

આ રીતે, છાવાએ સ્થાનિક બોક્સ ઓફિસ પર દૈનિક કમાણીના સંદર્ભમાં બીજી ફિલ્મનું કાર્ડ ક્લિયર કરીને મોટી સિદ્ધિ હાંસલ કરી છે. આ પહેલા આ ફિલ્મ દ્વારા સ્ત્રી ૨, ગદર ૨, એનિમલ, બાહુબલી ૨ અને જવાન જેવી ફિલ્મોને પણ પછાડી ચૂકી છે.

**OTT પર છાવા ક્યાં રિલીઝ થશે?**

થિયેટરો પછી, છાવા સીધુ ઓટીટી પર ઓનલાઈન રિલીઝ થશે. જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ છાવાની OTT રિલીઝનો સમય નજીક આવી રહ્યો છે. તે જાણીતું છે કે છાવાના ડિજિટલ રાઇટ્સ પ્રખ્યાત OTT પ્લેટફોર્મ Netflix પાસે છે. તેના આધારે, આ ડ્રામા પીરિયડ મૂવી આ OTT પ્લેટફોર્મ પર સ્ટ્રીમ કરવામાં આવશે. જોકે, છાવાની ઓટીટી રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે આ ફિલ્મ માર્ચના અંત સુધીમાં ઓનલાઈન આવી શકે છે.



## મારી મમ્મી ખરાબ હરકત કરે છે....: ૪ વર્ષના બાળકના ફોનથી પોલીસ ઘંઘે લાગી !

### ખરેખર તો માતાને આઈસ્કીમ ખાતા જોઈને બાળકે પોલીસને ફોનમાં કહ્યું–તેને જેલમાં લઈ જાવ !

વિસ્કોન્સિન (અમેરિકા) તા.૧૩

બાળકો તો બાળકો જ હોય છે, તેમને બધું જ રમુજી લાગે છે, ભલે તે ગમે તેટલું ગંભીર હોય. તેમને પોતાની સમસ્યાઓ સૌથી મોટી લાગે છે અને તેઓ તેમના માટે કંઈ પણ કરી શકે છે. આવું જ કંઈક એક નાના બાળકે કર્યું જે તેની માતાના કાર્યોથી નારાજ હતો અને તેણે તેને જેલમાં મોકલવાની તૈયારી કરી. આ ઘટના હાલમાં સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહી છે.

જો બાળકોનું બાળપણ માતાપિતા માટે સમસ્યા બની જાય, તો પરિસ્થિતિ વિચિત્ર બની જાય છે. અમેરિકામાં પણ કંઈક આવું જ બન્યું, જ્યારે એક ૪ વર્ષના બાળકે તેની માતા વિશે ફરિયાદ કરવા માટે પોલીસને ફોન કર્યો. ઇમરજન્સી નંબર પર ફોન કર્યા પછી બાળકે શું કહ્યું તે સાંભળ્યા પછી, પોલીસ તેના ઘરે પહોંચી ગઈ.

અહેવાલ મુજબ, આ ઘટના અમેરિકાના વિસ્કોન્સિનમાં બની હતી. અહીં ૪ માર્ચે પોલીસ અધિકારીઓ ગાર્ડિનિયર અને ઓસ્ટરગાર્ડને ૯૧૧ પર ફોન આવ્યો. કોલ પરનો અવાજ ચાર વર્ષના બાળકનો હતો. તેણે મને ગુસ્સામાં કહ્યું કે મારી માતા ખરાબ કામ કરી રહી છે. તેને જેલમાં મોકલી દો. પોલીસે ફોનનું લોકેશન શોધી કાઢ્યું અને બાળકના ઘરે પહોંચી. તેણે ત્યાં જે જોયું તે એકદમ અલગ દશ્ય હતું.

પોલીસે ફોન પર માતાને પૂછ્યું કે શું મામલો છે, જેના જવાબમાં તેણે કહ્યું કે તેણે આઈસ્કીમ ખાધો છે. જોકે, અધિકારીઓ ફક્ત એ ખાતરી કરવા માટે જ ઘટનાસ્થળે પહોંચ્યા કે આ ઘટના આઈસ્કીમ ખાવા સાથે સંબંધિત છે કે બીજું કંઈક. શરૂઆતમાં બાળક ગુસ્સે થયો કારણ કે તેની માતાએ આઈસ્કીમ ખાધો હતો, પરંતુ પછીથી તેણે કહ્યું કે તે નથી ઇચ્છતો કે તેની માતા આ માટે જેલમાં જાય. બે દિવસ પછી પોલીસ ફરી આવી અને તેને આઈસ્કીમ આપીને આશ્ચર્યચકિત કરી દીધો.

# ટ્રેનમાં ફૂડ મેનુ અને ભાવપત્રક બતાવવું ફરજીયાત

### મુસાફરોને કેટરીંગ સેવાઓના મેનુ વિશે જણાવવા માટે SMS સેવા શરૂ કરવામાં આવી



વૈષ્ણવે કહ્યું કે, રેલવે સ્ટાફ પાસે પ્રિન્ટેડ મેન્યુ કાર્ડ છે

નવી દિલ્હી :

ટ્રેનોમાં મુસાફરોને પીરસવામાં આવતા ભોજનનું મેનૂ અને ભાવ યાદી દર્શાવવી જરૂરી રહેશે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં લોકસભામાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું, મુસાફરોની માહિતી માટે ફૂડ મેનૂ અને તેના દર IRCTC વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

વૈષ્ણવે કહ્યું કે, રેલ્વે સ્ટાફ પાસે પ્રિન્ટેડ મેનૂ કાર્ડ ઉપલબ્ધ છે અને તે મુસાફરોને માંગણી પર રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત ભારતીય રેલ્વેમાં કેટરિંગ સેવાઓના મેનૂ અને દરો વિશે મુસાફરોને જાગૃત કરવા માટે સંબંધિત એસએમએસ મોકલવાનું શરૂ કરવામાં આવ્યું છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે, નિયત રસોડામાંથી ખોરાકનો પુરવઠો, જાણીતી જગ્યાએ આધુનિક રસોડાનું સ્થાપન અને ભોજનની તૈયારીની સારી દેખરેખ માટે રસોડામાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. રસોઈ તેલ, લોટ, ચોખા, કઠોળ, મસાલા, ચીઝ, ડેરી ઉત્પાદનો, વગેરે તેમજ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા પ્રક્રિયાઓ જેવા લોકપ્રિય અને બંધાયેલા કાચા માલની પસંદગી અને ઉપયોગ પર દેખરેખ રાખવા માટે ફૂડ સેફ્ટી સુપરવાઇઝરને બેઝ કિચન પર તૈનાત કરવામાં આવ્યા છે.

**ફૂડ પેકેટ્સ પર 'QR કોડ'**

વૈષ્ણવે કહ્યું કે, ટ્રેનોમાં ફૂડ પેકેટ્સ પર 'QR કોડ' ગોઠવવામાં આવ્યો છે, જેથી રસોડાનું નામ, પેકેજિંગની તારીખ વગેરે જેવી માહિતી પ્રદર્શિત કરી શકાય. ટ્રેનોમાં ખોરાકની સારી ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે નિરીક્ષણ અને મોનિટરિંગ મિકેનિઝમના ભાગરૂપે ખાદ્ય ચીજોના નમૂના નિયમિતપણે લેવામાં આવે છે.

## વંદે ભારત પાછળ સામાન્ય મુસાફરોની જરૂરિયાતોને નજર અંદાજ ન કરવી જોઈએઃ વિપક્ષ

નવી દિલ્હીઃ

બુધવારે રાજ્યસભામાં રેલવે મંત્રાલયના કામકાજ પર ચર્ચા દરમિયાન વિપક્ષી સાંસદોએ આરોપ લગાવ્યો હતો કે કેન્દ્ર સરકાર રેલવે પ્રોજેક્ટના મામલે બિન-ભાજપ શાસિત રાજ્યો સાથે ભેદભાવ કરી રહી છે. વિપક્ષી સભ્યોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે રેલવેના વિવિધ કામોનું ખાનગીકરણ સલામતી સાથે ચેડા કરી રહ્યું છે અને અકસ્માતો તરફ દોરી રહ્યું છે. તેમણે કહ્યું કે, બુલેટ ટ્રેન અને સાંદે ભારત ટ્રેનના અનુસંધાનમાં, સામાન્ય લોકોની જરૂરિયાતોને અવગણવી જોઈએ નહીં અને પોસાય તેવા ભાડા, સ્વચ્છતા અને સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

પૂર્વ વડાપ્રધાન અને જેડીએસ સાંસદ એચડી દેવગૌડાએ વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને ટ્રેનોની સંખ્યા વધારવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે તેની સાથે સુરક્ષાને પણ ધ્યાનમાં રાખવી પડશે. તેમણે કહ્યું કે બુલેટ ટ્રેન અને વંદે ભારત ટ્રેનનું પોતાનું સ્થાન છે, પરંતુ દેશની મોટી વસ્તી માટે સસ્તું ભાડું, સામાન્ય કોચમાં જગ્યા, સ્વચ્છ પ્લેટફોર્મ અને પીવાના પાણીની જોગવાઈ મહત્વપૂર્ણ છે.



આરજેડીના સંજય યાદવે કહ્યું કે, રેલ્વેમાં 'કવચ' સુરક્ષા વ્યવસ્થાની તાતી જરૂરિયાત છે કારણ કે એનસીઆરબીના ડેટા મુજબ દેશમાં રેલ અકસ્માતમાં ૨.૬૦ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી રેલ્વે ભાડામાં થયેલા વધારાને જોતાં જરા પણ સુવિધા આપવામાં આવી નથી. તૃણમૂલ કોંગ્રેસના ડોલા સેને કહ્યું કે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે એવું કહીને ગૃહને ગેરમાર્ગે દોર્યું છે કે બિન-ભાજપ શાસિત રાજ્યોને રેલવે પ્રોજેક્ટ માટે કરોડો રૂપિયા આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે યુપીએ શાસન દરમિયાન, કુલ રેલ્વે બજેટના ૧.૪૩% કેરળને આપવામાં આવ્યું હતું, જે એનડીએ શાસન દરમિયાન ઘટીને ૧.૧૭% થઈ ગયું હતું. તેમણે કહ્યું કે, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળને આપવામાં આવતા પૈસામાં પણ ઘટાડો થયો છે.

### લાલુ પ્રસાદ પર ટોણો, આરજેડીએ કર્યો વિરોધ



જેડીયુના સાંસદ સંજય ઝાએ ચર્ચામાં ભાગ લેતા પૂર્વ રેલ મંત્રી લાલુ પ્રસાદ પર કટાક્ષ કર્યો હતો. નામ લીધા વિના, ઝાએ કહ્યું કે ભૂતપૂર્વ રેલવે પ્રધાનને રેલ્વેની સ્થિતિ સુધારવા માટે હાર્વર્ડ યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપવા માટે બોલાવવામાં આવ્યા હતા, જ્યારે તેઓ લેન્ડ ફોર જોબ્સ કૌભાંડ અને IRCTC કૌભાંડના કેસમાં જામીન પર બહાર છે. આરજેડી સાંસદ મનોજ ઝાએ આનો વિરોધ કર્યો અને આવી ટિપ્પણીને રેકોર્ડમાંથી હટાવી દેવી જોઈએ.

## IIT પરીક્ષા IRCTCથી ટિકિટ બુક કરાવવા કરતાં સરળ

ઓનલાઈન રેલવે ટિકિટ બુક કરાવવામાં લોકોને પડતી સમસ્યાઓનો ઉલ્લેખ કરતા, રાજ્યસભામાં AAP સાંસદ અશોક કુમાર મિત્તલે કહ્યું કે જો રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ IRCTC દ્વારા ટિકિટ બુક કરાવવાનો પ્રયાસ કરશે, તો તેમને IIT પરીક્ષા સરળ લાગશે. મિત્તલે IRCTC પોર્ટલ દ્વારા નાસાના વૈજ્ઞાનિકની ટિકિટ બુક કરાવવાના અનુભવનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે તેમનો પ્રતિભાવ એ હતો કે જો તેઓ રોકેટ લોન્ચ કરવા માંગતા હોય, તો તેમને માત્ર એક આદેશ આપવાનો છે, પરંતુ જો તેઓ ભારતીય રેલ્વેની ટિકિટ બુક કરવા માંગતા હોય, તો તેમને ચાર કેપ્ચા, બે OTP અને પીએચડી કરવા જેવી ધૈર્યની જરૂર છે. મિત્તલે કહ્યું કે, મંત્રી પોતે IITમાંથી છે. જો તે ટિકિટ બુક કરાવશે, તો કદાચ તેને IIT પ્રવેશ પરીક્ષા સરળ લાગશે. IASમાં પાસ થવાના ચાન્સ જેટલા સરળ છે, રેલવેમાં વેઇટિંગ ટિકિટ કન્ફર્મ થવાની શક્યતાઓ ઓછી છે. IRCTCનું સર્વર સેન્સેકસ કરતાં વધુ વખત ક્રેશ કરે છે.

**રાજ્યસભામાં AAP સાંસદે ઓનલાઈન રેલ ટિકિટ બુક કરવામાં મુશ્કેલીનો ઉલ્લેખ કર્યો**

# રમઝાનમાં ઉપવાસએ આરોગ્ય અને ઈબાદત બંનેની ભેટ છે!



રાજકોટ,તા.૧૩

રમઝાન માત્ર ઈબાદત સાથે સાથે સ્વાસ્થ્યની ભેટ પણ છે. ડાયટિશિયન રાબિયા કહે છે કે ઉપવાસ કરવાથી શરીરને ઘણા ફાયદા થાય છે. આ માત્ર આત્માને શુદ્ધ કરવા માટે જ નહીં પરંતુ શરીરને ડિટોક્સ કરવાની પણ એક સરસ રીત છે. જો આપણે યોગ્ય આહાર અને જીવનશૈલી અપનાવીએ. તંદુરસ્ત આહાર, પૂરતું પાણી અને સક્રિય જીવનશૈલી સાથે રોઝા રાખો, જેથી તમે રમઝાનનો પૂરો લાભ મેળવી શકો અને તમારું સ્વાસ્થ્ય પણ જાળવી શકાય છે.

### ઉપવાસના સ્વાસ્થ્ય લાભો

- **બ્લડ શુગર કંટ્રોલઃ** ઉપવાસ કરવાથી શરીરની ઇન્સ્યુલિન સેન્સિટિવિટી સુધરે છે, જેનાથી બ્લડ શુગર કંટ્રોલમાં રહે છે. જો ડાયાબિટીસના દર્દીઓ યોગ્ય ખાનપાન જાળવી રાખે તો તેમના સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળે છે.
- **હૃદય માટે ફાયદાકારકઃ** ઉપવાસ કરવાથી શરીરની લિપિડ પ્રોફાઈલ સુધરે છે, એટલે કે કોલેસ્ટ્રોલનું સ્તર સંતુલિત રહે છે, જેનાથી હૃદયની બીમારીઓ થવાનું જોખમ ઓછું થાય છે.
- **વજન ઘટાડવામાં મદદરૂપઃ** જો તમે હેલ્ધી ડાયટ ફોલો કરો છો અને તળેલા ખોરાકને ટાળો છો, તો ઉપવાસ કરવાથી પણ વજન ઘટાડવામાં મદદ મળે છે.
- **પાચન તંત્રને આરામઃ** ઉપવાસ કરવાથી પાચનતંત્રને આરામ મળે છે, જેના કારણે શરીર પોતાની જાતને ડિટોક્સ કરે છે અને મેટાબોલિઝમ સુધરે છે.
- **માનસિક શાંતિઃ** રમઝાન માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક અને આધ્યાત્મિક સંતુલન પણ આપે છે. આંતરિક શાંતિ તણાવ ઘટાડે છે અને માનસિક આરામ અને ધર્મ પ્રત્યેની લાગણી જણાવે છે.

### સ્વસ્થ ઈફ્તાર અને સેહરી


- સેહરી દરમિયાન હળવો અને પૌષ્ટિક ખોરાક લો, જેથી દિવસભર ઉર્જા જળવાઈ રહે. આમાં પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર હળવો ખોરાક લેવો જોઈએ, જેથી દિવસભર ભૂખ અને થાક ન લાગે.
- ઈફ્તારમાં ઉપવાસ તોડવા માટે ખજૂર અને પાણી એ શ્રેષ્ઠ ઉપાય છે. આ પછી, તંદુરસ્ત ખોરાક ખાઓ, જેમાં ફળો, શાકભાજી, આખા અનાજ અને દુર્બળ પ્રોટીનનો સમાવેશ થાય છે.
- વધુ પડતા તળેલા ખાદ્યપદાર્થો ટાળો, નહીંતર પેટની સમસ્યા થઈ શકે છે. વધુ પડતી ખાંડ અને મીઠું ટાળો, જેથી બ્લડ સુગર અને બ્લડ પ્રેશર સંતુલિત રહે.



### સ્વાસ્થ્ય સાથે કોઈ સમાધાન નથી

- **ડિહાઈડ્રિશન ટાળોઃ** પાણીના અભાવથી નબળાઇ અને માથાનો દુખાવો થઈ શકે છે. ઈફ્તાર અને સેહરી વચ્ચે ૮-૧૦ ગ્લાસ પાણી પીવું જરૂરી છે.
- **દર્દીઓ સાવધાનઃ** ડાયાબિટીસ અને હાઈ બીપીવાળા લોકોએ ડોક્ટરની સલાહ મુજબ ઉપવાસ રાખવા જોઈએ, લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાથી સમસ્યા થઈ શકે છે.

# એનસીઈઆરટી માર્ચથી મે મહિનામાં વધુ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો લાવશે




## ટેકસ્ટ બુકને પાયરસીથી બચાવવા સોફટ કોપી પહેલા જ પ્રિન્ટેડ કોપી આવી જશેઃ નવા પાઠય પુસ્તકના શેડયુલ મુદ્દે એનસીઈઆરટીએ સીબીએસસીને પત્ર લખ્યો

નવી દિલ્હી તા.૧૩

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ (એનસીઈઆરટી) એ નવા સત્રમાં આવનારી પાઠય પુસ્તકનું શેડયુલ જાહેર કર્યું છે.

હજુ સુધી બાલવાટિકાની સાથે સાથે ક્લાસ ૧-૨-૩ અને ૬ ના નવા પાઠ્ય પુસ્તક ગત સત્રમાં જ આવી ચુક્યા છે અને ૨૦૨૫-૨૬ માં ચાર વધુ ધોરણના નવા પાઠ્ય પુસ્તકો તૈયાર કરાયા છે.

એનસીઈઆરટીના ડાયરેકટર પ્રોફેસર દિનેશ પ્રસાદ સકલાનીએ જણાવ્યું હતું કે સ્કુલી શિક્ષણ માટે નેશનલ કરીકુલમ ફ્રેમ વર્કનાં આધારે તૈયાર ધો.૪ અને ૭ ના પાઠય પુસ્તકો માર્ચનાં અંતમાં મળવી શરૂ થઈ જશે અને એપ્રિલ સુધીમાં બધા વિષયોનાં પાઠય પુસ્તકો આવી જશે.આ સાથે જ ધોરણ ૫ અને ૮ ના પાઠય પુસ્તકો ૧૫ મેથી આવવા શરૂ થઈ જશે.

જોકે આ બન્ને ધોરણ માટે પહેલા બ્રિજ કોર્સ હશે જે માર્ચની આખરી સમાંહમાં વેબસાઈટ પર વિનામુલ્યે ઉપલબ્ધ થશે.ખાસ બાબત એ છે કે પાયરસીની સમસ્યાને ઉકેલવા એનસીઈઆરટીને નિર્ણય કર્યો છે કે સોફટ કોપીનાં પહેલા જ પ્રિન્ટેડ પાઠય પુસ્તકો જાહેર થઈ જશે જેથી કોઈ તેની નકલ ન કરી શકે. પ્રો.સકલાનીએ સીબીએસઈનાં ચેરમેનને પત્ર લખી અપીલ કરી છે કે પેરેન્ટસને નવા પાઠય પુસ્તકોના શેડયુલનાં બારામાં બતાવવામાં આવે આ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો પેરેન્ટસ ન ખરીદે અને આ વખતે પાઠય પુસ્તકો સરળતાથી મળી જશે. સ્કુલ અને પેરેન્ટસ ફલીપકાર્ટ અને એમેઝોનથી પણ પાઠય પુસ્તક ઓર્ડર કરી શકે છે. એનસીઆરટીએ કેન્દ્રીય વિદ્યાલય અને નવોદય વિદ્યાલયના ટીચર્સ માટે પણ કેપિસીટી બિલ્ડીંગ પ્રોગ્રામ શરૂ કરવાનો ફેસલો કર્યો છે. એનસીઆરટીએ અગાઉની તુલનામાં ત્રણ ગણા વધુ એટલે કે ૧૫ કરોડ પાઠય પુસ્તક પ્રિન્ટ કરવાની તૈયારી કરી છે. નવા સત્રથી ધો.૯ થી ૧૨ ના બધા પાઠય પુસ્તકો છાપેલી કિંમતનાં ૨૦ ટકા વળતરથી મળશે.



## કાજોલે ગોરેગાંવમાં ૨૮.૭૮ કરોડ રૂપિયાની કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદી

મુંબઈ,તા.૧૩

કાજોલે ગોરેગાંવ-વેસ્ટમાં રિયલ એસ્ટેટ ડેવલપર ભારત રિયલ્ટી વેન્ચર્સ લિમિટેડ પાસેથી ૪૩૬૫ સ્વેર ફીટ કમર્શિયલ પ્રોપર્ટી ૬૫,૯૪૦ રૂપિયા પ્રતિ સ્કવેર ફીટના ભાવે ૨૮.૭૮ કરોડ રૂપિયામાં ખરીદી છે. આ પ્રોપર્ટી માટે તેણે ? માર્ચે ૧.૭૩ કરોડ સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફીના ભર્યા હતા. આ પ્રોપર્ટી સાથે તેને પાંચ પાર્કિંગ-સ્પેસ મળી છે. આ જ બિ કિંગમાં અમિતાભ બચ્ચન, સારા અલી ખાન અને કાર્તિક આર્યને પણ કમર્શિયલ પ્રોપર્ટી ખરીદી છે. આ પહેલાં કાજોલે જુલાઈ ૨૦૨૩માં ૨૦૯૭ સ્કવેર ફીટની કમર્શિયલ પ્રોપર્ટી ઓશિવરામાં ૭.૬૪ કરોડ રૂપિયામાં ખરીદી હતી.

### જયારે પ્રદર્શન ચરમસીમા પર હોય ત્યારે રોહિત-કોહલીની નિવૃત્તિની ચર્ચા અર્થહીન

# રો...કો.. તેમને બિન્દાસ રમવા દો

**૬૧.૦૭** વિરાટની વર્ષ ૨૦૨૩માં ODIમાં એવરેજ છે, ઓછામાં ઓછી ૨૦ ODI રમી ચૂકેલા ખેલાડીઓમાં તે સર્વશ્રેષ્ઠ છે

નવી દિલ્હી:

રોહિત શર્મા અને વિરાટ કોહલી - બે એવા સ્ટાર છે જેઓ વર્ષો થી ભારતીય ક્રિકેટનું ગૌરવ છે. પરંતુ જેમ જેમ તેમની ઉંમરમાં વધુ એક વર્ષ ઉમેરાય છે તેમ તેમ તેમની નિવૃત્તિની ચર્ચા પણ વધવા લાગે છે. સવાલો ઉભા થાય છે, 'ક્યાં સુધી રમશે?' પરંતુ જયારે તેમનું પ્રદર્શન હજુ પણ ચરમસીમાએ છે તો પછી આ ચર્ચા શા માટે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે ઘણી ઐતિહાસિક જીત નોંધાવી છે. બોલિંગની તેની ઉત્તમ શૈલી, સમય અને મોટી મેચોમાં પ્રદર્શન કરવાની ક્ષમતા તેને એક અલગ સ્તરે મૂકે છે. ક્રિકેટનો 'કિંગ' કહેવાતો વિરાટ કોહલી આજે પણ એ જ દમદર જુસ્સો અને એ જ 'રન-મશીન' લય સાથે જોવા મળે છે જે તેણે કારકિર્દીના શરૂઆતના દિવસોમાં બતાવ્યો હતો.

**પોતાના નિર્ણયો લેવાનો અધિકાર**

સચિન તેંડુલકર ૪૦ની વય સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર મહેન્દ્રસિંહ ધોનીએ પણ ૩૮ વર્ષના પોતાના અનુભવથી ભારતીય ક્રિકેટને નિખારયો હતો. ૪૩ વર્ષની ઉંમરે પણ ધોની IPLમાં દર્શકોને આકર્ષી રહ્યો છે. તો પછી 'રો-કો' (રોહિત અને કોહલી) માટે આ સવાલ શા માટે? ઉંમર વધી રહી છે, પરંતુ તેની રમતનું સ્તર ઘટ્યું નથી. જ્યાં સુધી તેઓ સારું રમી રહ્યા છે અને તેના અનુભવથી ટીમને ફાયદો થઈ રહ્યો છે ત્યાં સુધી નિવૃત્તિની વાત અન્યાયી પૂર્વગ્રહ સિવાય બીજું કંઈ નથી. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન દિલીપ વેંગસરકર કહે છે, 'મને ખબર નથી કે લોકો (તેમની નિવૃત્તિ પર) શા માટે અનુમાન લગાવે છે, તે બિનજરૂરી છે. તેના કદના ખેલાડીને તેના ભવિષ્ય વિશે નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ.

**કેપ્ટન્સી શાનદાર રહી**

સતત ત્રણ ICC ઈવેન્ટમાં આ બંને દિગ્ગજોનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. વેંગસરકર કહે છે, 'તે અત્યારે જે રીતે રમી રહ્યો છે તે શાનદાર છે. રોહિતે વનડે ક્રિકેટર તરીકે ત્રણ બેવડી સદી ફટકારી છે. હું તેમના વિશે બીજું શું કહી શકું? વિરાટ અને રોહિત જેવા ખેલાડીઓ મોટા મેચના ખેલાડી છે. સાડત્રીસ વર્ષીય રોહિતે હજુ સુધી ૨૦૨૭ના ODI વર્લ્ડ કપ માટે પ્રતિબદ્ધતા દર્શાવી નથી પરંતુ વેંગસરકર માને છે કે તેની હાજરી ટીમ માટે સારી રહેશે. વેંગસરકરે પીટીઆઈને કહ્યું, 'હું જ્યોતિષ નથી. ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી હજુ ઘણી મેચો રમવાની બાકી છે. તેના ફોર્મ અને ફિટનેસ પર ઘણું નિર્ભર રહેશે. અત્યારે કંઈ કહેવું યોગ્ય નથી, પરંતુ તે કેપ્ટન અને ખેલાડી બંને રીતે શાનદાર રહ્યો છે.

**ધ્યેય આગામી વર્લ્ડ કપ માટે હોવો જોઈએ: પોન્ટિંગ**

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગે કહ્યું, 'જયારે તમે તમારી કારકિર્દીના આ તબક્કે પહોંચો છો, ત્યારે બધા તમારી નિવૃત્તિની રાહ જોઈ રહ્યા છે. મને ખબર નથી કે આવું કેમ થાય છે. તે પણ જ્યારે તમે સારું રમી રહ્યા છો જેમ કે તેણે સારી ઈનિંગ્સ રમી હતી. પોન્ટિંગે કહ્યું, 'મને લાગે છે કે તે એકવાર અને બધા માટે તે પ્રશ્નોનો અંત લાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને કહ્યું, ના, હું હજી પણ ખૂબ સારું રમી રહ્યો છું. મને આ ટીમમાં રમવાનું ગમે છે. મારા માટે, આનો અર્થ એ છે કે તેણે ૨૦૨૭ માં યોજાનાર ODI વર્લ્ડ કપમાં રમવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

વિરાટ, રોહિત જેવા ખેલાડીઓ મોટા મેચના ખેલાડી છે. સ્ટેજ જેટલું મોટું, તેટલું સારું પ્રદર્શન. ટીમના દષ્ટિકોણથી આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેની હાજરી વિરોધી ટીમનો મનોબળ નબળો કરે છે.
- દિલીપ વેંગસરકર, ભૂતપૂર્વ કેપ્ટન, ભારત

**રેન્કિંગમાં વધારો**

એક તરફ, આ સિનિયર ખેલાડીઓના પુનઃશસ્ત્રીકરણની ચર્ચા છે અને બીજી તરફ, તેઓ વિશ્વ ક્રિકેટમાં તેમની હાજરી વધુ મજબૂત રીતે અનુભવી રહ્યા છે. ICC દ્વારા બહાર પાડવામાં આવેલ નવીનતમ ODI બેટ્સમેન રેન્કિંગમાં, રોહિત શર્મા બે સ્થાનનો સુધારો કરીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. હાલમાં માત્ર શુભમન ગિલ (૧) અને બાબર આઝમ (૨) જ ODIમાં તેના કરતા વધુ સારી રેન્કિંગ ધરાવે છે. રોહિતની રેન્કિંગમાં વધારાને કારણે વિરાટ કોહલીને એક સ્થાનનું નુકસાન થયું છે. વિરાટ હજુ પણ આ યાદીમાં પાંચમા સ્થાને છે. જો આપણે રવિન્દ્ર જાડેજા વિશે વાત કરીએ તો, ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના અણનમ પ્રદર્શન દરમિયાન પાંચ વિકેટ લેનાર આ ડાબોડી સ્પિનર ODI બોલરોની યાદીમાં ત્રણ સ્થાન આગળ વધીને ૧૦મા સ્થાને પહોંચી ગયો છે. જાડેજા ODI ઓલરાઉન્ડરોની યાદીમાં પણ ૧૦મા સ્થાને છે.

૩૭ વર્ષ ૩૧૩ દિવસની ઉંમરે રોહિતે કેપ્ટન તરીકે ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. તે કેપ્ટન તરીકે ICC ઈવેન્ટ જીતનાર બીજા સૌથી વધુ વયનો ખેલાડી છે.

### સૌથી જૂના સક્રિય ખેલાડીઓ

| ખેલાડી | દેશ | હાલની ઉંમર |
|---|---|---|
| ક્રેગ ઈરવિન | ઝિમ્બાબ્વે | ૩૯ વર્ષ ૨૦૫ દિવસ |
| શોન વિલિયમ્સ | ઝિમ્બાબ્વે | ૩૮ વર્ષ ૧૬૭ દિવસ |
| નોમાન અલી | પાકિસ્તાન | ૩૮ વર્ષ ૧૫૬ દિવસ |
| ઉસ્માન ખ્વાજા | ઓસ્ટ્રેલિયા | ૩૮ વર્ષ ૮૪ દિવસ |
| શાકિબ અલ હસન | બાંગ્લાદેશ | ૩૭ વર્ષ ૩૫૩ દિવસ |
| રોહિત શર્મા | ભારત | ૩૭ વર્ષ ૩૧૬ દિવસ |

### ODI રમનાર સૌથી વૃદ્ધ ક્રિકેટર

| ખેલાડી | ટીમ | ઉંમર | છેલ્લી મેચ |
|---|---|---|---|
| જહોન ટ્રિકોસ | ઝિમ્બાબ્વે | ૪૫ વર્ષ ૩૧૨ દિવસ | ૨૫ માર્ચ ૧૯૯૩ |
| નોર્મન ગિફોર્ડ | ઈંગ્લેન્ડ | ૪૪ વર્ષ ૩૬૧ દિવસ | ૨૬ માર્ચ ૧૯૮૫ |
| એસ ડી સિલ્વા | શ્રીલંકા | ૪૨ વર્ષ ૨૬૧ દિવસ | ૨૭ ફેબ્રુઆરી ૧૯૮૫ |
| રોબર્ટ ટેલર | ઈંગ્લેન્ડ | ૪૨ વર્ષ ૨૨૩ દિવસ | ૨૫ ફેબ્રુઆરી ૧૯૮૪ |
| કલાઈવ રાઈસ | સાઉથઆફ્રિકા | ૪૨ વર્ષ ૧૧૪ દિવસ | ૧૪ નવેમ્બર ૧૯૯૧ |

### ODI રમનાર સૌથી વૃદ્ધ ભારતીય

| ખેલાડી | ઉંમર | જન્મ તારીખ | છેલ્લી મેચ |
|---|---|---|---|
| મોહિન્દર અમરનાથ | ૩૯ વર્ષ ૩૬ દિવસ | ૨૪ સપ્ટેમ્બર ૧૯૫૦ | ૩૦ ઓક્ટોબર ૧૯૮૯ |
| સચિન તેંડુલકર | ૩૮ વર્ષ ૩૨૯ દિવસ | ૨૪ એપ્રિલ ૧૯૭૩ | ૧૮ માર્ચ ૨૦૧૨ |
| મહેન્દ્ર સિંહ ધોની | ૩૮ વર્ષ ૩ દિવસ | ૦૭ જુલાઈ ૧૯૮૧ | ૧૦ જુલાઈ ૨૦૧૯ |
| રાહુલ દ્રવિડ | ૩૮ વર્ષ ૨૪૮ દિવસ | ૧૧ જાન્યુઆરી ૧૯૭૩ | ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૧ |
| સુનીલ ગાવસ્કર | ૩૮ વર્ષ ૧૧૮ દિવસ | ૧૦ જુલાઈ ૧૯૪૯ | ૦૫ નવેમ્બર ૧૯૮૭ |




**૧૧૭.૩૭**

૩૫ વર્ષની ઉંમર બાદ રમાયેલી ODI મેચોમાં રોહિત શર્માનો સ્ટ્રાઈક રેટ છે. ૩૫ વર્ષ પછી ઓછામાં ઓછી ૨૦ વનડે રમનાર ખેલાડીઓમાં આ સર્વશ્રેષ્ઠ છે

# જોસ બટલરને હું ખૂબ જ મિસ કરીશઃ સંજુ સેમસન

## IPLમાં રાજસ્થાન તરફથી રમતા બટલર અને સંજુએ તેમની ભાગીદારી દરમિયાન ૧૬૩૭ રન કર્યા

નવી દિલ્હી, તા.૧૩



રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસને આગામી IPL સિઝન પહેલા જોસ બટલરને જાળવી રાખવાની પોતાની અસમર્થતા વિશે વાત કરી છે. તેમણે કહ્યું કે, તેઓ હજુ પણ બટલરને મુક્ત કરવાના નિર્ણય સાથે સંમત થયા નથી. સંજુ અને બટલર છેલ્લા સાત વર્ષથી રાજસ્થાન રોયલ્સનું એકસાથે પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. બટલર નવી સિઝનમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમશે.

સંજુએ કહ્યું, આઈપીએલ તમને ઉચ્ચ સ્તર પર રમતી વખતે ટીમનું નેતૃત્વ કરવાની અને નજીકના મિત્રો બનાવવાની તક આપે છે. બટલર મારા નજીકના મિત્રોમાંનો એક છે. અમે સાત વર્ષ સાથે રમ્યા. આ સમય દરમિયાન અમે એકબીજાને સારી રીતે સમજી ગયા. સંજુએ આગળ કહ્યું, તે મારા માટે મોટા ભાઈ જેવો છે. જ્યારે પણ મને કોઈ શંકા થતી ત્યારે હું તેની સાથે વાત કરતો. જ્યારે હું કેપ્ટન બન્યો (૨૦૨૧માં), ત્યારે તે મારા વાઇસ-કેપ્ટન હતા અને તેમણે મને સારો કેપ્ટન બનવામાં મદદ કરી. સેમસને કહ્યું કે, બટલરને છોડવો એ સૌથી મુશ્કેલ નિર્ણયોમાંનો એક હતો.

# ભારતનો T-20 વાઈસ-કેપ્ટન અક્ષર પટેલ દિલ્હી કેપિટલ્સની સંભાળશે કમાન?



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ માટે ૧૦માંથી ૯ ફ્રેન્ચાઇઝી પોતાના કેપ્ટન નક્કી કરી ચૂકી છે, પણ રિષભપંતને રિલીઝ કરનાર દિલ્હી કેપિટલ્સની ટીમ માટે કેપ્ટનનું પદ માથાનો દુખાવો બન્યું છે. ભારતીય વિકેટકીપર-બેટર કે. એલ. રાહુલ અને ઓલરાઉન્ડર અક્ષર પટેલ કેપ્ટન્સીની રેસમાં સૌથી આગળ છે. જોકે કેટલાક અહેવાલ અનુસાર પહેલા બાળકના જન્મની સંભાવનાને કારણે કે. એલ. રાહુલ ટુર્નામેન્ટની કેટલીક મેચમાં ગેરહાજર રહી શકે છે અને સાથે જ તેણે કેપ્ટન્સી માટેની તૈયારી બતાવી નથી. એવામાં ભારતનો T20 વાઈસ-કેપ્ટન અક્ષર પટેલ દિલ્હીની કમાન સંભાળી શકે છે. રાહુલની સરખામણીમાં અક્ષર પટેલ પાસે કેપ્ટન્સીનો અનુભવ નહીંવત છે

### ચેમ્પિયન્સ ટ્રોફીથી કામ હવે નહી ચાલે

# આઈ.પી.એલ.બાદ ગૌતમ ગંભીર સામે મોટા પડકારો હશે !

નવીદિલ્હી,તા.૧૩

જે લોકો ગૌતમ ગંભીરને ઓળખે છે તેઓ તેને 'કંટાળાજનક વ્યક્તિ કહે છે, જે સતત એક જ કામ કરે છે'. જેણે છેલ્લાં ૨૦ વર્ષમાં ખાવાની રીત બદલી નથી, તેનાં માટે પ્રયોગનો કોઈ સવાલ જ નથી. ગંભીરને કેઝ્યુઅલ સમારોહમાં ડેનિમ પહેરવાનું પસંદ છે અને વર્ષોથી તેણે તેને બદલ્યું નથી. પણ જ્યારે ક્રિકેટની વાત આવે છે ત્યારે તેનું મન હંમેશાં વિવિધ વ્યૂહાત્મક સમસ્યાઓનાં ઉકેલની શોધમાં હોય છે. જુલાઈમાં ટી -૨૦ વર્લ્ડ કપ જીતવાની સાથે રાહુલ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થયાં પછી ગંભીરે રાષ્ટ્રીય ટીમની જવાબદારી સંભાળ્યાને આઠ મહિના થયાં છે.





- ભારત અને શ્રીલંકામાં ૨૦૨૬માં આવશે ટી-૨૦ વિશ્વકપઃ સૂર્યકુમાર યાદવની ટીમ માટે આ એક મોટો પડકાર હશે.
- ૨૦૨૭માં વર્લ્ડકપ દરમ્યાન સિનિયર ખેલાડીઓ નિવૃત થયા હશે? અને મુખ્ય વાત કે આ વિશ્વકપ દક્ષિણ આફ્રિકામાં રમનારો છે.
- વિશ્વકપ પહેલા ૨૭ વન-ડે મેચ રમવાના છે.

**ગંભીર સામે પડકાર :-**

ગંભીર હવે એવાં તબક્કામાં આગળ વધશે જ્યાં તેને ત્રણ જુદા-જુદા પડકારોનો સામનો કરવો પડશે, જેની શરુઆત ઈંગ્લેન્ડના ટેસ્ટ પ્રવાસથી થશે. આઈપીએલ પછી હંમેશની જેમ થશે જેમાં તૈયારી માટે બિલકુલ સમય નહીં હોય. ગંભીરનો બીજો મોટો પડકાર ભારત અને શ્રીલંકામાં ૨૦૨૬ નો ટી -૨૦ વર્લ્ડ કપ હશે જ્યાં સૂર્યકુમાર યાદવની ટીમ તેમનાં ટાઇટલની રક્ષા કરશે. અને સૌથી છેલ્લે પણ સૌથી મોટો પડકાર ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકામાં રમાનારો વન-ડે વર્લ્ડ કપ હશે.

**ગંભીરનું કોચિંગ કમાલનું છે :-**

જો ગંભીરનું કોચિંગ અલગ-અલગ ફોર્મેટમાં જોઈએ તો પછી તેને સૂર્યાની આગેવાની હેઠળની ટી-૨૦ ટીમ માટે ખેલાડીઓનું કોર ગ્રુપ તૈયાર કરી દીધું છે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાને ટૂંકા ફોર્મેટમાંથી રીટાયર્ડ થયાં બાદ પણ ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું.

ગંભીરે અભિષેક શર્મામાં એક પ્રભાવશાળી ખેલાડીની શોધ કરી છે. વરુણ ચક્રવર્તી અને જસપ્રિત બુમરાહ જ્યારે વૈશ્વિક સ્પર્ધા (વર્લ્ડ ટી-૨૦)માં બોલિંગ કરશે ત્યારે આ ૮ ઓવર બેટ્સમેનો માટે દુઃસ્વપ્ન સમાન બની રહેશે. સંજુ સેમસને તેની લય મેળવી લીધી છે, જોકે રિષભ પંત અને યશસ્વી જયસ્વાલ પણ હાજર રહેશે. અર્શદીપ સિંહ પાવરપ્લેમાં શાનદાર વિકેટ લેનાર બોલર છે અને તેની પાસે હાર્દિક પંડ્યા, નીતિશ કુમાર રેડ્ડી અને શિવમ દુબેના રૂપમાં ઓછામાં ઓછા ત્રણ ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર છે.

હાર્દિકની સાથે સૂર્યકુમાર અને અક્ષર આ ટીમનાં જૂના ખેલાડીઓ છે. આ એક એવી ટીમ છે જેણે તેનાં તમામ વિભાગો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને અહીં અને ત્યાં થોડા ફેરફારો સાથે આપમેળે આગળ વધી રહી છે. પરંતુ આ અન્ય બે ફોર્મેટ છે જ્યાં ગંભીરે પરિણામો માટે વ્યુહરચનાકાર, શિસ્તબદ્ધ અને મેનેજર તરીકે એક સાથે કામ કરવું પડશે.

**૨૦૨૭ ના વર્લ્ડ કપમાં પડકાર :-**

રોહિત શર્મા અને વિરાટ કોહલીએ સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ વન-ડે ફોર્મેટમાંથી જલદી સંન્યાસ લઈ રહ્યાં નથી. નિવૃત્તિ એ વ્યક્તિગત નિર્ણય છે અને બંનેએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં સારો દેખાવ કર્યો છે. પણ ૨૦૨૭ના વર્લ્ડ કપ દરમિયાન ગંભીર પાસે ચાર સ્પેશિયાલીસ્ટ સ્પિનરોનો ઉપયોગ કરીને ૨૪૦-૨૫૦ના સ્કોર સાથે જાદુ સર્જવાનો વિકલ્પ નહીં હોય. મોટો સ્કોર કરવામાં આવશે અને સવાલ એ છે કે શું કોહલીની સાથે રોહિત તેની ટૂંકી અને આક્રમક ઇનિંગ્સથી પૂરતું યોગદાન આપી શકશે કે કેમ. કોહલી હવે એક છેડો સંભાળી રહેલાં બેટ્સમેનની ભૂમિકામાં રહેશે.

રોહિતે કહ્યું કે તે નિવૃત્તિ લેશે નહીં પરંતુ ૨૦૨૭ ના વર્લ્ડ કપમાં તેની ભાગીદારી અંગે પણ અસ્પષ્ટ છે. અહીં ગંભીરે આગળ આવવું પડશે. તે સુપરસ્ટાર કલ્ચરથી નફરત કરે છે. જે લોકો વરિષ્ઠતાથી આગળ વધે છે તે પ્રદર્શન કરનારાઓ માટે તેમને ઘણું માન છે. જો તે બોર્ડ અને રાષ્ટ્રીય પસંદગી સમિતિ બંને પાસેથી થોડી સ્પષ્ટતા માંગે છે કે તેઓ વન-ડે વર્લ્ડ કપની યોજનાઓમાં રોહિતને કેવી રીતે જુએ છે કારણ કે ટીમને વર્લ્ડ કપ પહેલાં રમવા માટે માત્ર ૨૭ વનડે મેચ જ બાકી છે.

**કેપ્ટન કોણ બનશે ? :-**

બીજો મુદ્દો કે જેનાં પર વિચાર કરવામાં આવશે તે એ છે કે હવે પછીનો કેપ્ટન કોણ હશે ? શુભમન ગિલ વન-ડેનો શાનદાર ખેલાડી છે અને તેણે રોહિતની આગેવાનીમાં વાઇસ કેપ્ટનની ભૂમિકા ભજવી છે, પરંતુ હાર્દિક પંડ્યા પણ એક સારો લીડર છે. તેણે મુખ્ય કોચ આશિષ નેહરાની આગેવાની હેઠળ ગુજરાત ટાઇટન્સમાં સારું પ્રદર્શન કર્યું હતું. આગામી સમયમાં ગંભીરે ટેસ્ટ ક્રિકેટ ટીમ પર પણ ધ્યાન આપવું પડશે જ્યાં તેને સૌથી વધુ પડકારોનો સામનો કરવો પડશે. જો રોહિત રમે અને જયસ્વાલ અને કેએલ રાહુલ ટોપ થ્રીમાં સ્થાન મેળવે તો ટેસ્ટ ક્રિકેટર તરીકે શુભમન ગિલનું શું થશે ?

શું તે ઇંગ્લેન્ડ સામેની શ્રેણી માટે બુમરાહ, મોહમ્મદ શમી અને મોહમ્મદ સિરાજ ત્રણેયને શ્રેષ્ઠ ફોર્મમાં લાવી શકશે જ્યાં સ્વિંગ અને સીમ બોલરોને મદદ મળશે. છેલ્લાં કેટલાક સમયથી ભારતની નબળાઈ રહી ચૂકેલાં મિડલ ઓર્ડરમાં એક જ પોઝિશનનું શું થશે ? કરુણ નાયર ત્યાં ફિટ થશે કે પછી શ્રેયસ અય્યરને ફરી ટેસ્ટ ટીમમાં પોતાનું સ્થાન પાછું મળશે? ગુરુ ગંભીર પાસે કેટલીક અઘરી પસંદગીઓ કરવાની હોય છે, પરંતુ તે સાહસિક નિર્ણયો લેવામાં ક્યારેય ડરતો નથી.

# આઈપીએલમાંથી રિજેકટ થયેલાં ખેલાડીઓએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કર્યું


## શાનદાર પ્રદર્શન થકી આ અનસોલ્ડ ખેલાડીઓ હવે આઈપીએલ ફ્રેન્ચાઈઝી સાથે કરાર કરી શકે

મુંબઇ :

આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફી પુરી થઈ ગઈ છે, આ એક એવો તબક્કો હતો કે જેમાં છેલ્લાં ત્રણ અઠવાડિયામાં કેટલાક આકર્ષક પ્રદર્શન જોવા મળ્યાં હતાં, ત્યારે કેટલાક ખેલાડીઓએ એ સુનિશ્ચિત કર્યું હતું કે તેઓ જે સ્પોટલાઇટ તેમના પર છે તેનો પુરેપુરો લાભ લે અને તેથી જ અમુક ખેલાડીએ સદીઓથી માંડીને મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી અને શાનદાર પ્રદર્શન કર્યું હતું.

આઈપીએલ ૨૦૨૫ ની સિઝન હવે શરૂ થવાની છે, ત્યારે ફ્રેન્ચાઇઝી માલિકોએ નિઃશંકપણે આ ખેલાડીઓની નોંધ લીધી હશે, જેમનાં શાનદાર પ્રદર્શન વિશ્વની સૌથી મોટી ટી -૨૦ લીગમાં આકર્ષક કરારમાં રૂપાંતરિત થઈ શકે છે

આ તમામ ક્રિકેટરોએ આકસ્મિક રીતે હરાજીમાં ભાગ લીધો હતો અને અનસોલ્ડ (જેને કોઇ પણ ટીમે લીધા ન હતા) થઈ ગયાં હતાં, જેથી જો ફ્રેન્ચાઈઝીઓ રિપ્લેસમેન્ટ માટે ખરીદી કરે તો તેઓ આકર્ષક ખરીદી બની શકે



### મેટ હેનરી (ન્યુઝીલેન્ડ)

હેનરી આ ટુર્નામેન્ટના સૌથી વધુ વિકેટ ઝડપનાર બોલર તરીકે ઉભરી આવ્યો હતો અને તેણે ચાર મેચમાં ૧૬.૭૦ની પ્રભાવશાળી એવરેજ અને ૫.૩૨ની ઇકોનોમી રેટથી ૧૦ વિકેટ ઝડપી હતી. હેનરીની સતત વિકેટ લેવાની ક્ષમતા અને રન ફ્લો પર નિયંત્રણ એ વિશિષ્ટ લાક્ષણિકતાઓ હતી. પાવરપ્લે અને ડેથ ઓવર બંનેમાં તેની નિપુણતા તેને ટી -૨૦ ફોર્મેટમાં તેને મહત્વપૂર્ણ ખેલાડી બનાવે છે. આ પહેલાં તે આઈપીએલમાં લખનઉ સુપર જાયન્ટ્સ, ચેન્નઈ સુપર કિંગ્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ તરફથી રમી ચૂક્યો છે. અને તેનાં હાલનાં ફોર્મ અને અનુભવને જોતાં, જો કોઈ ફ્રેન્ચાઇઝી તેની ટીમમાં ઉમેરો કરવા અથવા રિપ્લેસમેન્ટ પ્લેયરને લાવવા માંગે છે, તો હેનરી એક ઇચ્છિત ખેલાડી બનવાની તૈયારીમાં છે. જોકે, આ બધું ખભાની ઈજા પર આધાર રાખે છે, જેણે તેને ફાઇનલમાં રમવાની મંજૂરી આપી ન હતી.



### બેન ડકેટ (ઈંગ્લેન્ડ)

આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ડકેટના શાનદાર પ્રદર્શનથી ૨૦૨૫ ની આઈપીએલમાં સમાવેશ થવાની તેમની સંભાવનાઓને નોંધપાત્ર રીતે વેગ મળ્યો છે. ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં ડકેટ ઓવરડ્રાઈવમાં ઉતર્યો હતો અને તેણે ઈનિંગમાં ૧૪૩ બોલમાં ૧૭ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૧૬૫ રન ફટકાર્યા હતા. આઇપીએલ-૨૦૨૫ની શરુઆતની હરાજીમાં અનસોલ્ડ રહેવા છતાં ડકેટના તાજેતરનાં ફોર્મને કારણે તેમની ટીમને મજબુત બનાવવા માગતી અનેક ફ્રેન્ચાઈઝીઓનું ધ્યાન ખેંચ્યું છે. અહેવાલો સૂચવે છે કે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તેને સંભવિત રિપ્લેસમેન્ટ પ્લેયર તરીકે ગણી રહી છે



### ટોમ લાથમ (ન્યુઝીલેન્ડ)

પાકિસ્તાન સામેની શરુઆતની રમતમાં લાથમે ૧૦૪ બોલમાં અણનમ ૧૧૮ રન ફટકાર્યા હતા, જેમાં ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગા સામેલ હતાં. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન, લાથમે ન્યુઝીલેન્ડ માટે સતત યોગદાન આપ્યું હતું. પેસ અને સ્પિન બંને સામે તેની નિપુણતા, તેની વિકેટકીપિંગ ક્ષમતાઓ સાથે, તે ટી -૨૦ ફોર્મેટમાં પણ એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવે છે. લાથમનું તાજેતરનું ફોર્મ તેનાં માટે આઈપીએલ કરાર સુરક્ષિત કરવાની તકો ખોલી શકે છે.



### ઈબ્રાહિમ ઝદરાન (અફઘાનિસ્તાન)

ઈંગ્લેન્ડ સામેની નિર્ણાયક મેચમાં ઝદરાને રેકોર્ડ બ્રેકિંગ ઈનિંગ રમી હતી, જેમાં તેણે ૧૪૬ બોલમાં ૧૭૭ રન ફટકાર્યા હતાં - જે ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર છે. તેની ઈનિંગને ૧૨ બાઉન્ડ્રી અને છ સિક્સર ફટકાર્યા હતાં, જે તે મોટા સ્કોરને ફટકારવાની તેની ક્ષમતાને દર્શાવે છે. પ્રભાવશાળી વિશ્વસનીયતા છતાં, ઝદરાન પ્રારંભિક આઈપીએલ -૨૦૨૫ ની હરાજીમાં અનસોલ્ડ રહ્યો હતો, જ્યાં તેની બેઝ પ્રાઇસ ૭૫ લાખ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. જોકે, તેનાં તાજેતરનાં કારનામાઓએ આઇપીએલની ફ્રેન્ચાઈઝીઓમાં રસ જગાવ્યો છે.

### માઈકલ બ્રેસવેલ (ન્યુઝીલેન્ડ)

લોઅર ઓર્ડરના હાર્ડ-હિટિંગ બેટસમેન અને અત્યંત અસરકારક ઓફ સ્પિનર બ્રેસવેલે ચેમ્પિયન્સ ટ્રોફીમાં બેટ અને બોલ બંનેથી પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. ૪/૨૬ બાંગ્લાદેશ સામેની મેચમાં તેણે પોતાનાં સર્વશ્રેષ્ઠ વન-ડે બોલિંગ આકડાં આપ્યાં હતાં. ભારત સામેની ફાઈનલમાં બ્રેસવેલે નિર્ણાયક ઈનિંગ રમી હતી. ૪૦ બોલમાં તેનાં ઝડપી ૫૩ રનની મદદથી બ્લેક કેપ્સ એક સ્પર્ધાત્મક કુલ સ્કોર સુધી પહોંચી ગયો હતો. ભારતનો પીછો કરવા દરમિયાન બ્રેસવેલે એક સ્પેલ ફેંક્યો હતો, જેમાં તેણે વિરાટ કોહલી તેમજ અક્ષર પટેલની વિકેટ ઝડપી લીધી હતી. આ પહેલાં તે ૨૦૨૩ની સિઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમી ચૂક્યો છે.

### બેન દ્વારશુઈસ (ઓસ્ટ્રેલિયા)



બેને ચેમ્પિયન્સ ટ્રોફીમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. ત્રણ મેચોમાં તેણે ૨૧.૭૧ની સરેરાશથી સાત વિકેટ અને ૫.૮૪ની ઇકોનોમી રેટથી સાત વિકેટ ઝડપી હતી. તેનું શાનદાર પ્રદર્શન અફઘાનિસ્તાન સામે આવ્યો હતો ત્યારે કર્યુ હતું, જ્યાં તેણે ૩/૪૭ના આંકડા હાંસલ કર્યા હતા. દ્વારશુઇસની ડાબોડી સીમ બોલિંગની વિવિધતા પૂરી પાડે છે, અને ઉચ્ચ દબાણની પરિસ્થિતિમાં તેનો અનુભવ તેને આઈપીએલ ફ્રેન્ચાઇઝીઓ માટે એક આકર્ષક ખેલાડી બનાવે છે. આ પહેલાં તે આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ અને કિંગ્સ ઈલેવન પંજાબનો ભાગ રહી ચૂક્યો છે. દ્વારશુઇસ વિશ્વની વિવિધ ટી ૨૦ લીગમાં પણ એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવે છે.



# દ્વારકામાં ફુલડોલ ઉત્સવનો ઉત્સાહ ચરમસીમાએ: કાલે દોલોત્સવની ઉજવણી

## દરરોજ આરતીમાં અબીલ-ગુલાલથી ભગવાનને વધાવતા ભકતોઃ ઠાકોરજી ચાંદીની પિચકારીથી ધુળેટી ઉજવશેઃ રાસ-ગરબા સાથે પદયાત્રિકોનું આગમન ચાલુ

જામ ખંભાળિયા, તા. ૧૩

યાત્રાધામ દ્વારકામાં ફુલડોલ મનાવવા આવી પહોંચેલા ભાવિકોની ભીડમાં કાળિયા ઠાકોર સંગ ફુલડોલ મનાવવાનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળી રહયો છે ત્યારે દ્વારકાધીશ મંદિરના નિજ મંદિરમાં હોળાષ્ટકના સ્થાપનથી આજસુધી ભગવાન દ્વારકાધીશજીની સન્મુખ આરતીમાં શ્રુંગાર આરતી તથા સાંજે સંધ્યા આરતીમાં ભગવાન દ્વારકાધીશજીને હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં અબીલ ગુલાલની છોળ સાથે ફુલડોલ ઉત્સવને વધાવવામાં આવી રહયો છે. ભાવિકોને દ્વારકાધીશજીના દૈદિપ્યમાન શ્વેત પરિધાન સાથેના ઉત્સવ દર્શન નિહાળી ભાવિકોને ભાવવિભોર થાયા છે. પૂજારી પરિવાર દ્વારા ફુલડોલ ઉત્સવમાં વિશેષ પ્રકારના મનોરથો પણ ઠાકોરજીની સન્મુખ ધરાવવામાં આવે છે. જેના દર્શન મનોરથોનો હજારો ભાવિકો સન્મુખ તેમજ ઓનલાઈનના માધ્યમથી પણ દેશ વિદેશમાં લાખો ભાવિકો લાભ લઈ રહ્યા છે.

### ચાંદીની પિચકારીમાં કેસુડાના રંગથી રમશે ઠાકોરજી

દ્વારકાધીશ જગતમંદિરમાં રોજ જગતમંદિરમાં ફુલડોલ વખતે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પૂર્ણિમાના રોજ દ્વારકા

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ભાજપ સંકલનની પરંપરા ભાંગી : પ્રશ્નો ફાઈનલ થઈ ગયા બાદ કોર્પોરેટર ડો.નેહલ શુકલએ મનપાના વહીવટને પડકારતા ટેન્ડર-ખર્ચ સહિતના પ્રશ્નો પૂછતા ખળભળાટ

## બે વર્ષના પ્લાન-કમ્પલીશન, કોન્ટ્રાકટર, ખર્ચ કરતા થયેલા ૧૦%ના વધુ પેમેન્ટની વિગતો માંગી : એજન્ડાના દિવસે સાંજે સવાલ મૂકયા : જવાબો તંત્રને ધ્રુજાવી દે તેવા મળવાની ધારણા : વિપક્ષ કરતા પણ વધુ મજબુત સવાલો પ્રજાહિતમાં પૂછતા નગરસેવક



રાજકોટ, તા. ૧૩

રાજકોટ મનપા ભાજપમાં ચૂંટણી વર્ષમાં સંકલનમાં ઘણી જગ્યાએ લીકેજ છે અને હવે નવા પ્રમુખ કેટલા આંતરીક વિવાદો શાંત પાડીને રીપેરીંગ કરે તેવી આશા વચ્ચે બે દિવસ પહેલા બહાર પડેલા દ્વિમાસિક જનરલ બોર્ડના એજન્ડા સાથે નવો ડખ્ખો ઉભો થાય તેવું લાગ્યું છે. ભાજપ સંકલનમાં પ્રશ્નો અને કોર્પોરેટરોના નામ નકકી થયા બાદ મેયરની મંજૂરીથી સેક્રેટરી લીસ્ટમાં ક્રમ મુજબ ચડાવતા હોય છે પરંતુ આ વખતે સંકલનની બેઠક બાદ અને પ્રશ્નોનું લીસ્ટ બની ગયા બાદ સાંજે એકાએક ભાજપના વોર્ડ નં.૭ના કોર્પોરેટર અને સ્ટે.કમીટીના સભ્ય ડો.નેહલ શુકલએ ત્રણ પ્રશ્નો સેક્રેટરીમાં જમા કરાવતા ભાજપમાં ચકચાર મચી ગઇ છે. સાથે જ ચાર દાયકાની ભાજપ સંકલનની પરંપરા તુટી છે.

આગામી તા. ૧૯ માર્ચના રોજ જનરલ બોર્ડ મળવાનું છે. જેમાં ભાજપના અને કોંગ્રેસના બે સહિત ૧૭ કોર્પોરેટરોએ પ્રશ્નો મૂકયા હતા. સામાન્ય રીતે વિપક્ષ તેમને એજન્ડા બહાર પડયાની જાણ નહીં હોવાનું કહીને સાંજ સુધીમાં કયારેક પ્રશ્ન મૂકતો હોય છે. પરંતુ આ વખતે શાસક પક્ષના કોર્પોરેટરે ત્રણ પ્રશ્ન અને તે પણ વિપક્ષની જોરદાર અને તંત્રને ધ્રુજાવી દે તેવી માહિતી પૂછતા આ જવાબો સમગ્ર મનપા તંત્રના વહીવટને પડકારે તેવા બની રહેવાની ધારણા છે. સેક્રેટરીને કોર્પોરેટરે જે સવાલો લેખિતમાં પૂછયા છે તે આ મુજબ છે.

(૧) તા.૧-૪-૨૪થી ૧૦-૩-૨૫ સુધીમાં કેટલા કોમર્શિયલ અને રેસીન્ડેશીયલ પ્લાન ઇન્વર્ડ થયા, તેમાંથી કેટલા મંજૂર અને કેટલાને કમ્પલીશન સર્ટીફીકેટ અપાયું, કેટલા પેન્ડીંગ તેની માહિતી કવાર્ટરલી બેઝ પર જમીન માલિકોના નામ સાથે ઝોનવાઇઝ તારીખની વિગતો માંગી છે.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૪-૨૫માં કુલ જેટલા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય અને તેમાં નિયમ અનુસારની કાર્યવાહી પૂરી થઇ ગઇ હોય છતાં એલ-૧ કે એચ-૧ બીડરને તેનો વર્કઓર્ડર આપવામાં આવ્યો નથી તેવા દરેક ટેન્ડરની સંપૂર્ણ વિગત, એટલે કે જે તારીખ ટેન્ડર ખુલ્યુ હોય તે તારીખ અને એલ-૧ કે એચ-૧ બીડરના નામ સાથેની અને રકમ સાથેની કામના પ્રકારની વિગતો આપવી.

(૩) નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪

(અનુસંધાન છઠ્ઠા પાને)

## પ્રશ્નોત્તરીની ગોઠવણ સ્ટે.કમીટીમાંથી મેયર ચેમ્બરમાં શિફટ! નયનાબેન નિર્ણયો કરશે

### નેહલભાઇનો પ્રશ્ન સમયમર્યાદામાં આવી ગયો હતો : મેયરનો જવાબ

રાજકોટ, તા. ૧૩

મનપાના જનરલ બોર્ડમાં શાસક પક્ષના સભ્યોએ પ્રશ્નો પુછવાની વ્યવસ્થા ગોઠવતી ભાજપ સંકલનનું એ.પી. સેન્ટર હવે સ્ટેન્ડીંગ કમીટી હોલમાંથી મેયર ચેમ્બરમાં ફેરવાઇ ગયું છે. આ વખતના બોર્ડમાં તમામ પ્રશ્નો પોતાની સમક્ષ રાખીને કોર્પોરેટરોને ફાળવી, પ્રશ્ન મંજૂર કરવાની કાર્યવાહી મેયર નયનાબેન પેઢડીયાએ કરી હતી.

મનપા શાસક પક્ષમાં છેલ્લા થોડા સમયથી બધુ ઓકે નથી અને ઘણા કોર્પોરેટરો તથા પદાધિકારીઓ વચ્ચે મોટો જૂથવાદ ચાલી રહ્યાના બનાવો બનતા આવ્યા છે. સ્ટે.ચેરમેન જયમીન ઠાકર અને નેહલ શુકલ વચ્ચે તણખા ઝરવા, મેયરના પ્રયાગરાજના પ્રવાસના મોટા વિવાદ જેવી ઘટનાએ આ ખાઇ ઉંડી કરી છે. આ વિવાદ બાદ કેટલાક સંજોગો બદલાયા છે. ભુતકાળમાં સ્ટે.કમીટી હોલમાં ચેરમેનની હાજરીમાં નકકી કરાયેલા પ્રશ્નો કોર્પોરેટરોના નામ સાથે જોડવામાં આવતા હતા અને તે બાદ ડ્રો કરાતો હતો. મેયર ઔપચારિકતા ખાતર આ પ્રશ્નો મંજૂર કરતા હતા. હવે આ સમગ્ર કાર્યવાહી મેયર ચેમ્બરમાં ફેરવાઇ ગઇ છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)

# પોલીસ પાસેથી રૂ.૫ હજારની લાંચ લેતો સૌરાષ્ટ્ર યુનિ. નો કલાર્ક રંગેહાથ ઝડપાયો

## રાજકોટ ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલને બીએ સેમ.૬ માં એટીકેટી હોવાથી પરીક્ષા આપવા માટે કલાર્કનો સંપર્ક કર્યો, કલાર્ક હિરેન પદવાણીએ ફોર્મ ભરવાની કાર્યવાહી માટે લાંચ માંગી

### રાજકોટ એસીબીએ ટ્રેપ ગોઠવી કલાર્કને પકડી પાડ્યોઃ કરાર આધારીત કલાર્ક તરીકે નોકરી કરતો હતો

રાજકોટ. તા.૧૩

નોકરિયાત લોકોને સરકારી પગારથી પણ વધું કમાઈ લેવાની લાલચમાં નાના લોકોના સામાન્ય કામ માટે પણ લાંચ લેતાં હોવાના અઢળક બનાવો સામે આવ્યાં છે.

(અનુસંધાન છઠ્ઠા પાને)




# ૨૦ મહિના બાદ શાકભાજીમાં ફુગાવો 'નેગેટીવ'

## શાકભાજીના ભાવમાં તીવ્ર ઘટાડાથી હવે વ્યાજદરમાં મોટો ઘટાડો કરાશે



નવી દિલ્હી, તા. ૧૩

એસબીઆઈના અહેવાલ મુજબ, ખાદ્ય અને પીણાના ફુગાવામાં તીવ્ર ઘટાડા (માસિક ધોરણે ૧.૮૫% થી ૩.૮૪% ઘટીને) ને કારણે ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને ૩.૬% ની ૭ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. આ ઘટાડો શાકભાજીના ભાવમાં ઘટાડાને કારણે થયો હતો, જે ૨૦ મહિના પછી ઘટીને નકારાત્મક ૧.૦૭ ટકા થઈ ગયો હતો.

આ વખતે મહાકુંભ રિટેલ મોંઘવારી દરમાં તીવ્ર ઘટાડા માટે ફાળો આપે છે. એસબીઆઈના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મહાકુંભ દરમિયાન લોકોએ માંસાહારી ખાવાનું ટાળ્યું હતું. જેના કારણે લસણ અને ડુંગળીના વપરાશમાં ભારે ઘટાડો થયો હતો. આ બંને શાકભાજીમાં સૌથી વધુ ફાળો આપે છે. તેથી તેમના વપરાશમાં ઘટાડો થવાને કારણે શાકભાજીની મોંઘવારી ઘટી છે.

એસબીઆઈના અહેવાલ મુજબ, ખાદ્ય અને પીણાના ફુગાવામાં તીવ્ર ઘટાડા (માસિક ધોરણે ૧.૮૫% થી ૩.૮૪% ઘટીને) ને કારણે ફેબ્રુઆરીમાં છૂટક ફુગાવો ઘટીને ૩.૬% ની ૭ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. આ ઘટાડો શાકભાજીના ભાવમાં ઘટાડાને કારણે થયો હતો, જે ૨૦ મહિના પછી ઘટીને ૧.૦૭ ટકા થઈ ગયો હતો. આ ઘટાડો ૮૦ ટકા માત્ર ત્રણ શાકભાજી (લસણ, બટેટા, ટામેટા)ને કારણે થયો હતો. રસપ્રદ વાત એ છે કે, સૌથી વધુ ઘટાડો લસણમાં થયો છે, જે કદાચ મહાકુંભ દરમિયાન માંસાહારી વસ્તુઓના ઓછા વપરાશને દર્શાવે છે.

### ફળોનો ફુગાવો ૧૦ વર્ષની ટોચે

ફળોનો ફુગાવો ૧૪.૮૨ ટકાની ૧૦ વર્ષની ટોચે પહોંચી ગયો છે. કારણ એ છે કે મહાકુંભમાં લોકોએ ઉપવાસ રાખ્યા અને ફળોનું સેવન કર્યું. માંસાહારી વસ્તુઓ (ઇંડા/માંસ/માછલી)ના વપરાશમાં ઘટાડો પણ આ પવિત્ર મેળાને કારણે થયો છે. રિટેલ ફુગાવો જાન્યુઆરીથી માર્ચ કવાર્ટર દરમિયાન સરેરાશ ૩.૯ ટકા અને ૨૦૨૪-૨૫માં ૪.૭ ટકા થઈ શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં તે ૪ થી ૪.૨ ટકાની વચ્ચે રહી શકે છે.

એપ્રિલ અને જૂન વચ્ચે રેપો રેટમાં બે વખત ઘટાડો થઈ શકે છે. જો કે, ઓગસ્ટમાં બંધ થયા પછી, ઓક્ટોબરથી કટ સાયકલ ફરી શરૂ થઈ શકે છે. રૂપિયામાં સતત ઘટાડાની અસર આગામી મહિનાઓમાં જોવા મળી શકે છે.

# એસ.ટી.માં નોકરી આપવાનાં બહાને ૪૫ લોકો સાથે લાખો રૂપિયાની છેતરપીંડી

## મુખ્યમંત્રી કાર્યાલય સુધી રજૂઆત છતા હજુ સુધી કોઈ પગલા નહી

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં સરકારી નોકરી માટે લાખો યુવાનો લાઇનમાં હોય ત્યાં લે ભાગુ તત્ત્વો દ્વારા લોકો સાથે છેતરપિંડી કરનારા લોકો સક્રિય થઈ જાય છે. આવા જ એક બનાવમાં પીડિત સતત ૪ મહિનાથી પોલીસ સ્ટેશનથી મુખ્યમંત્રી કાર્યાલ સુધી ધક્કા ખાઈ રહ્યો છે પરંતુ, હજુ સુધી તેની ફરિયાદ લેવામાં આવતી નથી.

એક ફરિયાદી કે જે ખુદ પીડિત છે તેને સરકારી નોકરીનું સપનું દેખાડી ઠગાઈ કરવામાં આવી છે. અમદાવાદમાં એક વ્યક્તિ સાથે બોરસદના રહેવાસી નિલેશ




મકવાણઆ અને આશિષ ક્રિશ્ચન નામના વ્યક્તિએ છેતરપિંડી કરી હતી. આ બંનેએ સરકારી નોકરીના નામે યુવાન પાસેથી ૯૭,૨૦૦ રૂપિયા પડાવી લીધા હતા.

(અનુસંધાન છઠ્ઠા પાને)

યુ-ફોમ ગાદલા
સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
વ્રજ આર્કેડ, ૨-ભકિતનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

આકર્ષક પગાર સાથે
સ્થળ : અમરેલી (ગુજરાત)
સંપર્ક
95376 55355
84697 55155

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ
કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241



પૂ. આ. ભ. શ્રીમદ્ જયશેખરસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્યમાં

# જયાનંદ ધામ નવગ્રહ જિનાલય (અવધ) ખાતે મંત્રોચ્ચાર સાથે ૧૦૮ અભિષેકનું આયોજન



રાજકોટ : કાલાવડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનાં આંગણે પૂ. આ.ભ.શ્રીમદ જયશેખરસૂરીશ્વરજી મ.સા.નાં સાનિધ્યમાં ફાગણ સુદ પુનમ તા. ૧૪/૩/૨૫ શુક્રવારનાં પ્રતિષ્ઠા થયા બાદ દરેક પરમાત્મા પર પ્રથમ વાર મંત્રોચ્ચાર સાથે ૧૦૮ અભિષેકનું આયોજન સવારે ૯ કલાકે દરેક ૧૨ અભિષેકમાં ૨ પરિવાર લાભ લઈ શકશે.

સાથે જિનાલયમાં બિરાજમાન તમામ પરમાત્મા, તેમજ જિનાલયમાં બિરાજમાન તમામ ધાતુના પરમાત્મા દરેક યંત્રો, તેમજ જયતળેટીના પગલા અને વધારામાં જયતળેટીમાં મુકવાની પાચ શીલા (આશરે ૪૦ ટન) જે શેત્રુંજય તીર્થથી આવી છે તેના પર ગુરૂદેવ સુચના આપે તેમ અભિષેક કરવાનો છે.

૧૨ અભિષેકમાં બાકી રહેલા સભ્યો લાભ લઈ શકે તે માટે શ્રી સંઘે ૧૨ અભિષેક માં બે પરિવાર લાભ લઈ શકે તેવું આયોજન કરેલ છે અને એક પરિવાર દીઠ નકરો ફક્ત રૂ. ૨૭૦૦ રાખેલ છે.

કાર્યક્રમ બાદ અલ્પહારની વ્યવસ્થા રાખેલ છે. આશાબેન અશ્વિનભાઈ જસાણી, મનસુખભાઈ ચતુરભાઈ શાહ, ભાવનાબેન પ્રફુલભાઈ શેઠ, જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી, કોમલબેન દીલેશભાઈ શાહ, રશ્મિબેન અનિલભાઇ જસાણી, પ્રભાવતીબેન નવીનચંદ્ર શાહ, ઉષાબેન વિનોદભાઈ શાહ, ઇન્દીરાબેન લક્ષ્મીચંદ્ર શાહ, નયનાબેન કેતનભાઈ દોશી, હર્ષાબેન જયેશભાઈ શાહ, જયશ્રીબેન કિશોરભાઈ કામદાર, ચંદ્રિકાબેન નવીનચંદ્ર મહેતા, ભાવિકાબેન ભરતભાઈ દોશી, પન્નાબેન કૌશિકભાઈ ખોખાણી, હીનાબેન બિપીનભાઈ વોરા, ક્રિષ્નાબેન ફાલ્ગુન મોદી, શિલ્પાબેન ગીરીશભાઈ જેઠાણી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કાલાવાડ રોડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન તપગચ્છ સંઘ રાજકોટના મહેશભાઈ મણીયાર( ૯૪૨૭૭૨૦૩૩૧), વિપુલભાઈ દોશી(મો. ૯૨૨૮૭૬૫૬૮૮), નિતેશભાઈશાહ(૯૪૨૬૨૨૦૨૧૬), દિલેશભાઈ શાહ, કપિલભાઈ જસાણી, નીર્મલભાઈ શાહ, મિલન શાહ, કેતનભાઈ દોશી, દીપકભાઈ શેઠ, નીરવ શાહ, વિશાલ શાહ, કેતનભાઈ રાવલિયા વગેરે કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઓછુ વજન, અનિયમિત ફાળવણી, કમિશનમાં ભેદભાવ દુર કરો

## વેપારીઓના વર્ષો જૂના પડતર પ્રશ્નો અંગે રાજકોટ ફેરપ્રાઈઝ શોપ એસોસિએશનની જિલ્લા પૂરવઠા અધિકારીને ઉગ્ર રજૂઆત કરાઈ



રાજકોટ તા.૧૩

જથ્થામાં ઓછુ વજન, અનિયમિત ફાળવણી, મિનીમમ કમિશન આપવામાં ભેદભાવ, સહિતના રેશનીંગ દુકાનદારોના અનેક પડતર પ્રશ્નો અંગે આજરોજ રાજકોટ શહેર ફેર પ્રાઈઝ શોપ એસો.ના હિતુભા જાડેજા, માવજીભાઈ રાખશીયા, નરેન્દ્રભાઈ ડવની આગેવાની હેઠળ જીલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

રજૂઆતમાં એસો.એ જણાવેલ હતું કે ગોડાઉનથી સસ્તા અનાજની દુકાને જે જથ્થો પહોંચાડવામાં આવે છે તે સમ ભરતી કરેલ હોવા છતા પુરા વજનનો હોતો નથી. સસ્તા અનાજના પરવાનેદારોને ડોર સ્ટેપ ડિલીવરીના માધ્યમથી અનાજ દુકાન પર સમયસર મળતું નથી અને પુરા વજનનું હોતું નથી તેમજ આ જથ્તો ડોર સ્ટેપ ડીલીવરી કોન્ટ્રાકટરએ સસ્તા અનાજની દુકાનમાં વ્યવસ્થિત ગોઠવી આપવાની જવાબદારી હોવા છતા આવું કરવા માટે દુકાનદારો પાસેથી રકમ માગવામાં આવે છે.

છેલ્લા ત્રણ માસતી જે દુકાનદારોને મીનીમમ કમીશન રૂા.૨૦,૦૦૦ મેળવવા પાત્રતા ધરાવે છે આ કમીશન મેળવવા માટેની ૯૭% વિતરણની શરત પણ પૂર્ણ કરેલ હોય છતા પણ કોઈ પણ કારણોસર તફાવતનું કમીશન મેળવી શકતા નથી.

ઉપરાંત વારંવાર કહેવાતી સમસ્યાના કારણે વિતરણમાં ખુબજ મુશ્કેલી પડે છે. ગ્રાહકો સાથે તકરાર થાય છે. તથા કેન્દ્ર અને રાજય સરકારની અલગ અલગ જન્સીઓ માટે જુદા જુદા અલગથી બે વાર બાયોમેટ્રીક કેપ્ચર વેરીફાય કરવાના થતા હોય સર્વર પર લોડ વધે છે. તથા દુકાન ખાતે લાંબી લાઈનો થાય છે. આ ડબલ ફિંગર પ્રિન્ટ વેરીફાઈ કરવામાં મુકિત મળે સીંગલ બાયોમેટ્રીક કેપ્ચર વેરીફાય દ્વારા બન્ને જન્સીઓનું વિતરણ થઈ શકે એ પણ જરૂરી છે.

અગાઉ એક દુકાન સાથે ચાર્જમાં આપેલ અન્ય દુકાનને મર્જ કરવી ઘાણી બધી દુકાનોમાં ત્રણ દુકાનોના ચાર્જ છે. તથા પલળી ગયેલ જથ્થો જે દુકાને પડતર છે તેમનો નાશ કરવા માટે હજુ મંજુરી મળેલ નથી આ મુદાને ધ્યાને લઈ સત્વરે નિકાલ જરૂરી છે.

જયારે વિવિધ મુદા ઉપરોકત સિવાય દુકાનદારોની ઈ પ્રોફાઈલ પૂર્ણય થયેલ ન હોય તેમને કમીશન આપવામાં આવતું નથી તે બાબતે પણ યોગ્ય કરવું જરૂરી છે. તેમજ ઘાણા બધા એનએફએસએ કાર્ડ ધારકો લાંબા સમયથી સસ્તા અનાજની દુકાન ખાતે જથ્થો લેવા ન જવાના કારણે રેશનકાર્ડ સાયલન્ટ થયેલ હતા જે કોર્ડ ધારકો જથ્થો ન લેવાના કારણે દુકાનદારો ૯૭% વિતરણે પહોંચી શકતા નથી અને મીનીમમ કમીશનથી વંચીત રહે છે. આ પ્રકારના રેશનકાર્ડને ફરી સાયલન્ટ કરવા રદ કરવા અતવા તો ૯૭% પૈકી ગણતરીમાં ન લેવા માટે પણ યોગ્ય કરવું જરૂરી છે.



કેરળમાં ખુબ જ શ્રધ્ધાભક્તિપૂર્વક ઉજવાતા મહાન તહેવાર એટલે..

# અટુકલ પોંગાલા : આજે રાજકોટના અય્યપ્પા મંદિર ખાતે ભવ્ય ઉજવણી : ૬૦ મહિલાઓ વિધિમાં ભાગ લેશે

રાજકોટ : અટુકલ પોંગાલા એ કેરળમાં ખૂબ જ શ્રદ્ધાભક્તિપૂર્વક ઉજવાતા મહાન તહેવારોમાંનો એક છે, ખાસ કરીને તિરૂપતિપુરમ્ સ્થિત અટુકલ ભગવતી મંદિર ખાતે આ ઉત્સવ દેવી ભગવતીને સમર્પિત છે, જે દૈવી માતાનું સ્વરૂપ છે. આ પાવન તહેવાર દરમિયાન હજારો મહિલાઓ ભક્તિભાવપૂર્વક એકઠી થાય છે અને ભગવાન માટે વિશેષ નૈવેદ્ય તરીકે 'પોંગાલા' બનાવે છે. 'પોંગાલા' નો અર્થ છે 'ઉકાળવું' અને આ વિશિષ્ટ પ્રસાદ ચોખા, ગોળ, નાળિયેર અને ઘીનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જે ભક્તિ અને સમૃદ્ધિનું પ્રતિક છે. મહિલાઓ માટીના વાસણમાં પોંગાલા તૈયાર કરી ખુલી જગ્યા પર રાંધી દેવી પ્રત્યેની શ્રદ્ધા અને આભાર વ્યક્ત કરે છે.

**આ પાવન પરંપરા માત્ર કેરળ પૂરતી મર્યાદિત નથી;** વર્ષોથી તે ભારતના અનેક વિસ્તારોમાં પ્રસરી છે, જ્યાં ભક્તો આ પરંપરાને સમર્પિત ભાવથી અનુસરે છે. ગુજરાતના રાજકોટ શહેરમાં પણ રાજકોટ અય્યપ્પા મંદિર ખાતે આ તહેવાર ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આ વર્ષે ૬૦ મહિલાઓ આ પવિત્ર વિધિમાં ભાગ લેશે અને માતાજીને પોંગાલા સમર્પિત કરશે. આ મંદિર છેલ્લા ઘણા વર્ષોથી આ પરંપરાને ઉજવે છે, અને આ ધરોહર તહેવાર સ્થાનિક ભક્તસમુદાય માટે અત્યંત મહત્વપૂર્ણ બની ગયો છે. આજે આ ભવ્ય કાર્યક્રમ મંદિરમાં સવારે ૧૦ વાગ્યાથી રાત્રી સુધી ચાલુ રહેશે.

: માહિતી :<br>સંજુભાઇ પીલ્લાઇ<br>(૯૭૨૪૦ ૯૪૬૦૭)<br>: સંકલન :<br>જે.આર.સંઘાણી<br>(૯૪૨૮૨ ૦૦૫૨૦)


રાજકોટ ખાતેના આ સમારોહ દરમિયાન એ જ પરંપરાગત રીતો અનુસરવામાં આવશે જે અટુકલ ભગવતી મંદિરમાં અનુસરાય છે. ભક્તમંડળ મંદિર પરિસરમાં એકત્ર થશે અને તેઓ પોતપોતાનાં માટીના વાસણ, ચોખા અને અન્ય સામગ્રી સાથે પોંગાલા તૈયાર કરશે. મંદિરના મુખ્ય પૂજારી મંદિરના ગર્ભગૃહમાંથી પવિત્ર અગ્નિ પ્રગટ કરશે, જે પછી ભક્તોને વિતરણ કરવામાં આવશે જેથી તેઓ તેમના પોંગાલા રસોઈ શરૂ કરી શકે. સમગ્ર વાતાવરણ ભક્તિમય મંત્રોચ્ચાર, સ્તુતિ અને પવિત્ર પ્રસાદની સુગંધથી ભળી જશે, જ્યારે મહિલાઓ ભક્તિભાવે નૈવેદ્ય તૈયાર કરશે.

આ વિધિ માત્ર ધાર્મિક સમારંભ તરીકે જ નહીં, પણ સાંસ્કૃતિક એકતા માટે પણ મહત્વપૂર્ણ છે. મહિલાઓ ભેગી થઈ ભક્તિભાવથી પોંગાલા બનાવે છે, જે હિંદુ ઉપાસનાની પ્રાચીન પરંપરાને જીવંત રાખે છે. રાજકોટ અય્યપ્પા મંદિર અને તેના ભક્તો આ પરંપરાને જીવંત રાખી શ્રદ્ધાળુઓને દેવી ભગવતીની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની તક પૂરું પાડી રહ્યા છે.

રાજકોટમાં યોજાતા આટુકલ પોંગાલા ઉત્સવ એ શ્રદ્ધા અને ભક્તિની મહત્તા પ્રતીકરૂપ છે, જે ભૂગોળીય સીમાઓને પાર કરી, ભક્તોને એક ભક્તિમય અને આધ્યાત્મિક અનુભૂતિ માટે એકત્ર કરે છે.

# હવે રાજયના મુખ્ય સચીવ પંકજ જોષીનું ફેક ફેસબુક એકાઉન્ટ બન્યું

## લોકો પાસે નાણા મંગાતા જ તુર્તજ એલર્ટ



રાજકોટ: ગુજરાત સહિત દેશભરમાં સેલીબ્રીટીઓથી લઈને આમ આદમીના બનાવટી (ફેક) ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવીને તેમની પ્રતિષ્ઠા સાથે ચેડા કરવામાં આવે છે તે રીતે હવે રાજયના મુખ્ય સચીવ શ્રી પંકજ જોષીનું પણ નકલી ફેસબુક એકાઉન્ટ બનાવીને લોકો સાથે છેતરપીંડી કરવાનો પ્રયાસ થતા જ સાયબર ક્રાઈમ પોલીસ એલર્ટ બની છે અને આ પ્રકારે ફેક આઈડી બનાવનારને શોધી કાઢવાના પ્રયાસો શરૂ કર્યા છે.શ્રી પંકજ જોષીના આ નકલી ફેસબુક એકાઉન્ટમાંથી લોકો પાસે પૈસા માંગવામાં આવ્યા હતા. જો કે શ્રી જોષીના ધ્યાનમાં આવી જતા તેઓએ તાત્કાલીક આ એકાઉન્ટ બ્લોક કરાવીને આ પ્રકારે તેના નામે કોઈને પૈસા મળ્યા નહી તે તાકીદ કરી હતી. કોઈ અજાણ્યા વ્યક્તિએ આ કૃત્ય કર્યુ છે જે અંગે હવે તપાસ શરૂ થઈ છે.




# યુનિટી ફાઉન્ડેશન દ્વારા વૈદિક હોળીની ઉજવણી

રાજકોટ, તા.૧૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર જાહેર જનતાના સાથ સહકારથી સત્ય સાંઈ રોડ, શ્રીજી સોસાયટી અને આલાપ હેરિટેજની વચ્ચે આવેલ જગ્યા ના સ્થળે યુનિટી ફાઉન્ડેશન દ્વારા વૈદિક હોળીની ભવ્ય ઉજવણી થશે. યુનિટી ફાઉન્ડેશન હિંદુ સંસ્કૃતિની જાળવણી અને તેને સમાજ વચ્ચે લઈ જવાની આગવી ઓળખ ધરાવે છે. હિન્દુ સંસ્કૃતિ એ સાયન્સ અને સમાજને જોડી રાખવાની આગવી વિરાસત છે, આ વિરાસત જાળવી રાખવી અને તેને સમાજમાં પ્રચલિત કરવી એ એકમાત્ર ધ્યેય સાથે હાલ યુનિટી ફાઉન્ડેશન કાર્ય કરી રહ્યું છે. સામાન્ય રીતે નાની હોળીઓ તો દરેક સોસાયટી મોહલ્લામાં થતી હોય છે પરંતુ મોટાપાયે વૈદિક પદ્ધતિથી હોળી કરી લોકોને જોડવાનું કાર્ય હાલ યુનિટી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. સત્ય સાંઈ રોડની આસપાસની સોસાયટીઓને સાથે જોડી સર્વે સોસાયટીના લોકોના સહકારથી મોટાપાયે હોળીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં યુનિટી ફાઉન્ડેશનના સભ્યો દ્વારા તડામાર તૈયારી કરવામાં આવી રહી છે, અને ઉજવણીમાં બહેનો દ્વારા રંગોળી અને હોળીની સજાવટ કરી, હોળીની ઉજવણીમાં ચાર ચાંદ લગાવવામાં આવશે. આ સમગ્ર આયોજનમાં યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ચેરમેન ડો.ભરતભાઈ બોધરા (ઉપાધ્યક્ષ, ગુજરાત પ્રદેશ ભાજપ), પરેશભાઈ ગજેરા (પ્રમુખ આરબીએ), પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપપ્રમુખ વિજયભાઈ તોગડિયા, સેક્રેટરી જીગ્નેશભાઈ કિયાડાના માર્ગદર્શન અને રાહબારી નીચે તડામાર તૈયારી કરવામાં આવી રહી છે.

# ભાવનગરનાં રાણપરડા ગામે પુત્રીની હત્યા કરી મૃતદેહની અંતિમવિધિ કરી નાખનાર પિતા-કાકાની ધરપકડ

## પોલીસની જાણ કર્યા વગર લાશની અંતિમ વિધિ કરી નાખી હતી



(વિપુલ હિરાણી) ભાવનગર તા.૧૩

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાણપરડા ના ગામની યુવતીને અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમ સંબંધ હોવાના કારણે યુવતીના પિતા અને કાકાએ મળી યુવતિને માર મારી યુવતી નું ગળું દબાવી હત્યા કરી મૃતદેહને સ્મશાનમાં સળગાવી દીધો હતો. આ બનાવ અંગ પોલીસે પિતા-કાકાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે,

ભાવનગર જિલ્લામાં ચકચાર મચાવનાર આ બનાવની વિગતો એવી છે કે ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના રાણપરડા ગામના જલ્પાબેન દીપકભાઈ રાઠોડ ઉં.વ.૧૯ નામની યુવતીને અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ યુવતીના પરિવારને થતા ગત તા.૭ મી માર્ચના રોજ સવારે ૭ થી ૮ કલાકના અરસામાં યુવતીના ઘરે તેણી કાકા ભાવસંગ ઉર્ફે લાલજી ધીરુભાઈ રાઠોડ એ ઝાપટ અને મારામારી તથા યુવતીના પિતા દીપક ધીરુભાઈ રાઠોડ એ તેમની દીકરીનું ગળું દબાવી મોત નિપજાવ્યું હતું અને બાદમાં યુવતીના મૃતદેહને રાણપરડા ગામના સ્મશાનમાં સળગાવી દીધો હતો.

આ બનાવ અંગે પિતા દિપક ધીરુભાઈ રાઠોડ તથા કાકા ભાવસંગ ઉર્ફે લાલજી ધીરુભાઈ રાઠોડ ને વિરુદ્ધ પાલીતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતા પાલીતાણા પોલીસે હત્યા પુરાવાના નાશ કરવા, માર મારવા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી અને બંને શખ્સોને રાણપરા ગામેથી ઝડપી લીધા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ નાગરિક બેંકની ચૂંટણી સારી રીતે યોજવા બદલ કલેકટરને બિરદાવતું કો.ઓપરેટીવ ઓથોરીટી તંત્ર

## દિલ્હીમાં કેન્દ્ર સરકારના સચીવની ઉપસ્થિતિમાં યોજાયેલ કોન્ફરન્સમાં કલેકટર પ્રભવ જોશી દ્વારા પ્રેઝન્ટેશનઃ અભિવાદન




રાજકોટ તા.૧૩

રાજકોટ નાગરિક સહકારી બેંકની ચૂંટણી સારી રીતે યોજવા બદલ રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીને કો.ઓપરેટીવ ઓથોરીટી તંત્ર દ્વારા બિરદાવવામાં આવેલ છે.

આ અંગે દિલ્હી ખાતે કો.ઓપરેટીવ ઓથોરીટી તંત્ર દ્વારા કેન્દ્ર સરકારના સચીવની ઉપસ્થિતિમાં આયોજીત કરાયેલ કોન્ફરન્સમાં કલેકટર પ્રભવ જોશીએ નાગરિક બેંકની ચૂંટણીમાં કરેલી કામગીરી અને ગોઠવેલ વ્યવસ્થાની નોંધ લઈ તેઓનું અભિવાદન કરવામાં આવેલ હતું.

આ કોન્ફરન્સમાં કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજકોટ નાગરિક બેંકની ચૂંટણી દરમિયાન ખાસ ઉભા કરેલા કંટ્રોલ રૂમ, વેબ કાસ્ટીંગ, મહિલા મતદાન મથક, સ્ટાફનું રેન્ડેમાઈઝેશન સહિતની કરેલી કામગીરીનું પ્રેઝન્ટેશન કર્યુ હતું.

# નાગરિક બેંકનાં ચેક રિટર્ન કેસમાં ડિફોલ્ટર પ્રોપરાઈટરને એક વર્ષ અને છ માસની સજા

રાજકોટ,તા.૧૩

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રૈયા રોડ શાખાએ નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાને રૂા. ૮૫ લાખનું ધિરાણ આપ્યું હતું. થોડા સમય પછી આ ખાતું ડિફોલ્ટ (એનપીએ) થયું હતું. ખાતેદારે વસૂલી પેટે રૂા. ૭,૦૪,૯૯૭/- નો ચેક આપેલ. તે પરત થયો હતો.

જેથી બેંકે તા. ૨૭-૭-૨૦૨૧નાં નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાની સામે રાજકોટની નેગોશિયેબલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ચીફ જયુડીશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ એકટની કલમ-૧૩૮ હેઠળ નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયાને એક વર્ષ અને છ માસની જેલની સજા અને ચેક રિટર્નના વળતર રૂપે રૂા. ૭,૦૪,૯૯૭/-ની રકમ ચૂકવવાની સજા ફરમાવી હતી. જો નૈતિક ફાસ્ટનર્સના પ્રોપરાઇટર રિદ્ધીબેન નિલેશભાઇ દલસાણીયા આ રકમ ન ચુકવે તો વધારાના છ માસની કેદની સજા ફરમાવી હતી.

ચેક રિટર્નના કેસની આ કામગીરીમાં બેંક વતી વિદ્વાન એડવોકેટ નીલભાઇ બી. પુજારા અને ફરિયાદી ભાવિનભાઇ વેકરીયા હતા.

# શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજીને કસુંબલ વાઘાનો આજનો શણગાર



વસંતઋતુ એટલે ઋતુઓનો રાજા કહેવાય છે. હનુમાનજી મહારાજ સર્વ વિદ્યામાં વિદ્યાવાન છે એટલે જ કહેવાય છે વિદ્યાવાન ગુની અતિ ચાતુર... હોળી અને ધૂળેટીના પાવનકારી ઉત્સવ ઊજવવા હનુમાનજી મહારાજને પર્વ અનુસાર સેવકો દ્વારા ભવ્ય અને દિવ્ય કલાત્મક શણગાર કરીને ભક્તિ અર્ધ્ય અદા કરીને અનેરી સેવા દ્વારા દાદાની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો લ્હાવો લેતા હોય છે.

# નવા પંચાયત ઘર કમ તલાટી આવાસને મંજૂર કરવા બદલ મુખ્યમંત્રીનો આભાર માનતા જિ.પં.પ્રમુખ રંગાણી

## જિલ્લાના ૧૧ તાલુકામાં રૂા.૨૦૩૫ લાખના ખર્ચે ૮૧ આવાસોનું નિર્માણ આવકારદાયક



રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લામાં રૂા.૨૦૩૫ લાખ ના ખર્ચે ૮૧ નવા પંચાયત ઘર કમ તલાટી આવાસ ને મંજૂર કરવા બદલ મુખ્યમંત્રી અને રાજ્ય સરકારનો ગુજરાતમાં પંચાયતી રાજનું અમલીકરણ થઇ રહેલ છે સીડીપી-૫ યોજના અંતર્ગત રાજ્યની જે ગ્રામ પંચાયતનું મકાન ૨૫ વર્ષથી વધુ જુની હોય તેવી જર્જરીત ગ્રામ પંચાયતો અને પંચાયત ઘર-વિહોણી ગ્રામ પંચાયતો માટે નવીન પંચાયત ઘર-કમ-તલાટી મંત્રી આવાસ સીડીપી-૫ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વસ્તી ના ધોરણે અનુદાન આપવામાં આવે છે.જે તે ગામની ભૌગોલિક પરિસ્થિતિ, ગામની વસ્તી જેવા પરિબળો ધ્યાને લઇને ૩૦૦૦ થી વધુ વસ્તીવાળી ગ્રામ પંચાયત ઘર માટે અનુદાન RGSA માંથી અને ૩૦૦૦ થી ઓછી વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત માટે CDP-5 હેઠળ મંજુર કરવા માં આવે છે જે અંતર્ગત જિલ્લા ના ૧૧ તાલુકામાં રૂા.૨૦૩૫ લાખ ના ખર્ચે ૮૧ નવા ગ્રામ પંચાયત ભવન કમ તલાટી મંત્રી આવાસ ના કામો ને મંજૂર કરવા માં આવ્યા છે.આ ભવનો ના નિર્માણ થી ગ્રામ્ય વિકાસ વેગવંતો બનશે અને લાભાર્થી ગામો ને આધુનિક ગ્રામ્યપંચાયત ભવન મળસે.અને આ મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ,પ્રભારી મંત્રી રાઘવજી ભાઈ પટેલ કેબિનેટ મંત્રીઓ કુંવરજીભાઈ બાવળીયા તથા ભાનુબેન બાબરિયા તથા સાંસદઓ,ધારાસભ્ય શ્રીઓ અને સંગઠન ના તમામ હોદ્દેદારો નો આભાર સમગ્ર જિલ્લા પંચાયત પરિવાર વતી જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ વ્યક્ત કર્યો હતો.

# અકસ્માત કેસોમાં જંગી વળતર મંજુર કરતી રાજકોટ અને ગોંડલની અદાલતો



રાજકોટ તા.૧૩

વાહન અકસ્માતના અલગ અલગ બનાવમાં ચાર ઈજા પામનાર અને છ અવસાન પામનારના વાહન અકસ્માતના વળતરના કલેઈમ કેસમાં માત્ર એકથી બે વર્ષમાં લોક અદાલતમાં સમાધાન તથા કોર્ટમાં ચાલી ગયેલ બે માસમાં કુલ દસ કેસોમાં ગોંડલ અને રાજકોટ કોર્ટે કુલ રૂા.૧,૦૬,૧૯,૦૦૦નું વળતર મંજુર કરેલ છે.

મેગા લોક અદાલતમાં કોર્ટના માર્ગદર્શન હેઠળ વળતરના કલેઈમ કેસો લોક અદાલતમાં મુકવામાં આવેલ હતા અને બન્ને પક્ષકારો, વીમા કંપનીઓ અને વકીલોના સમાધાનકારી વલણથી ટુંકાગાળામાં સુખદ નિરાકરણ આવેલ હતું. તેમજ અન્ય કેસોમાં કોર્ટ તરફથી ચુકાદો ફરમાવવામાં આવેલ છે અને અરજદારોને વળતરની રકમ અપાવેલ છે. આ કેસોમાં અરજદારો વતી ગોંડલના યુવા એડવોકેટ મહેશ એચ. કંડોરીયા તથા મદદમાં કીશોર એન. વાઘેલા અને પરાગ ભેડા રોકાયેલ હતા.

# શેરબજાર 'હોળી'ના દિવસે 'રેડ ઝોન'માં : પ્રારંભિક તેજી બાદ આક્રમક વેચવાલી

## સેન્સેકસ ૨૦૦ પોઇન્ટ ગગડયો : ૩૦૧ શેરોમાં ઉંધી સર્કિટ

રાજકોટ, તા. ૧૩

મુંબઇ શેરબજાર પ્રારંભિક તેજી બાદ ફરી એક વખત મંદીમાં ઉતરી ગયું હતું અને મોટા ભાગના શેરોમાં ઘટાડા વચ્ચે સેન્સેકસમાં ૨૦૦ પોઇન્ટથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

શેરબજારમાં આજે શરૂઆત પોઝીટીવ ટોને થઇ હતી. વિશ્વ બજારના પ્રોત્સાહક અહેવાલો તથા લોકલ ફંડોની લેવાલી ઉપરાંત ભારતના ફુગાવા સહિતના આર્થિક આંકડાઓ ઉત્સાહ પ્રેરક આવ્યા હોવાના કારણોસર તેજી જોવા મળી હતી. પરંતુ ઉંચા મથાળે વેચવાલીનું દબાણ આવતા માર્કેટ પાછુ પડવા લાગ્યું હતું અને અંતિમ સમયમાં રેડ ઝોનમાં ઉતરી ગયું હતું. વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલી તથા ટ્રમ્પના ટેરીફ વોરની અસર વર્તાઇ હતી. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે ટ્રેડ ટેરીફ વોરના કારણે વિશ્વ સ્તરે માનસ ખરડાયેલું છે અને ભારત પણ તેમાં બાકાત નથી. ૨ એપ્રિલથી અમેરિકાની રેસીપ્રોકલ ટેરીફ લાગુ પડવાની છે અને ત્યાર બાદ જ ચિત્ર સ્પષ્ટ થઇ શકે તેવી સંભાવના છે. શેરબજારમાં આજે એશીયન પેઇન્ટસ, બજાજ ફાયનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી, ઇન્ડુસઇન્ડ બેન્ક, લાર્સન, મારૂતિ, રિલાયન્સ, અદાણી પોર્ટ જેવા શેરોમાં ઘટાડો હતો. કોટક બેંક, એનટીપીસી, સ્ટેટ બેંક, ભારત ઇલેકટ્રોનિક, આઇસીઆઇસીઆઇ બેંક, સિપ્લા જેવા અમુક શેરો મજબુત હતા. ૨૮૨ શેરો વર્ષના તળીયે ગયા હતા જયારે ૩૦૧માં ઉંધી સર્કિટ હતી. બીએસઇનું માર્કેટ કેપ ૩૯૧.૨૧ લાખ કરોડ થયું હતું.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્ષ ૨૩૩ પોઇન્ટના ઘટાડાથી ૭૩૭૯૬ હતો જે ઉંચામાં ૭૪૪૦૧ તથા નીચામાં ૭૩૭૮૭ હતો. નેશનલ સ્ટોક એકસચેન્જનો નિફટી ૮૮ પોઇન્ટ ઘટીને ૨૨૩૮૨ હતો જે ઉંચામાં ૨૨૫૫૮ તથા નીચામાં ૨૨૩૭૯ હતો.

# વોર્ડ નં.૬ના મયુરનગર, સીતારામ રોડ પર પેવીંગ બ્લોક કામ શરૂ કરાવતા નયનાબેન



વોર્ડ નં.૬માં મયુરનગર મેઈન રોડ તથા સીતારામ રોડથી સંતકબીર રોડ સુધીના રસ્તાના સાઈડ સોલ્ડરમાં કુલ રૂ.૨૨ લાખના ખર્ચે જનભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામના ખાતમુહૂર્ત મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ઉપપ્રમુખ રમેશભાઈ પરમાર, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા, મંજુબેન કુગસીયા વગેરે હાજર રહ્યા હતા.

# રાજકોટ જિલ્લાની ચાર નગરપાલિકામાં ટ્રાફિક બ્રિગેડમાં માનદ સેવકોની ભરતી

## ઉમેદવારોએ ફોર્મ ૩૦ માર્ચ સુધીમાં ગોમટા ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા સૂચના

રાજકોટ, તા.૧૩

ટ્રાફિક બ્રિગેડ તરીકે માનદ સેવા આપવા ઇચ્છતા પુરૂષ તથા મહિલા મળી કુલ ૨૩ ઉમેદવારોની રાજકોટ જિલ્લાની ચાર નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક નિયમનની કામગીરી માટે ભરતી કરાશે. જેમાં ગોંડલ નગરપાલિકામાં ૦૮, જેતપુર નગરપાલિકામાં ૧૧ અને ધોરાજી નગરપાલિકામાં ૦૪ એમ કુલ ૨૩ મહેકમ (જગ્યા) ખાલી પડેલી હોવાથી માનદ સેવકોની ભરતી આગામી એપ્રિલ માસમાં યોજાશે.

રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ ગ્રામ્ય દ્વારા સંચાલિત આ ભરતીમાં જોડાવા ઇચ્છતા ઉમેદવારો માટેની લાયકાતમાં ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ, ધોરણ ૧૦ પાસ, પુરુષ ઉમેદવાર માટે ઉંચાઇ ૫ ફુટ ૬ ઇંચ, મહિલા ઉમેદવાર માટે ઉંચાઇ ૫ ફુટ તેમજ પુરૂષ ઉમેદવાર માટે દોડ ૪ મીનીટમાં ૮૦૦ મીટર અને મહિલા ઉમેદવાર માટે દોડ ૨.૫ મીનીટમાં ૪૦૦ મીટર પૂર્ણ કરવાની રહેશે. કોઈ ગુનો નોંધાયેલો ન હોય તેવા અને તબીબી દ્રષ્ટિએ શારીરિક રીતે સક્ષમ અને ખોડખાંપણ વગરના ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે. ઈચ્છુક ઉમેદવારે ફોર્મ સ્વહસ્તાક્ષરમાં ભરી, ફોર્મમાં જણાવેલા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો, ૨ પાસપોર્ટ સાઇઝના ફોટા, જે-તે નગરપાલિકા વિસ્તારના રહેઠાણના પુરાવામાં આધાર કાર્ડ, રાશન કાર્ડ, ચુંટણી કાર્ડ, અને કોઇ ગુનો નોંધાયેલો નથી, તે અંગે પ્રમાણપત્ર જમા કરાવવાના રહેશે. એન.સી.સી., એન.એસ.એસ., આર.એસ.પી. વગેરે પ્રવૃત્તિ કરેલા તથા આર્મી પોલીસ ભરતી પ્રક્રિયામાં ઇન્ટરવ્યુ પાસ કરેલા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. પસંદ થયેલા ઉમેદવારને માનદ સેવા પેટે તેઓની ફરજની જગ્યા પર આવવા-જવા માટે ખર્ચ પેટે તેમજ ચા-નાસ્તા પેટે પ્રતિ દિવસ રૂ. ૩૦૦ રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચુકવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ઉમેદવારો નેશનલ હાઇ-વે રોડ પર ચરખડી પાટીયા પાસે, ગોમટા ટ્રાફિક પોલીસ સ્ટેશન, ગોંડલ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન, ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, જેતપુર સીટી પોલીસ સ્ટેશન, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન અને ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતેથી આ ભરતી અંગેના ફોર્મ મેળવી શકશે. ફોર્મ તા. ૧૫ માર્ચથી તા. ૨૩ માર્ચ સુધી સવારના ૦૯/૩૦ કલાકથી સાંજના ૦૬ કલાક સુધીમાં મેળવવાના રહેશે. ફોર્મ તારીખ ૩૦ માર્ચના રોજ સાંજે ૦૬ કલાક સુધીમાં ગોમટા ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવાના રહેશે. આ ભરતી મવડી પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પોલીસ હેડ ક્વાર્ટર, રાજકોટ ગ્રામ્ય ખાતે કરાશે. એપ્રિલ માસમાં ભરતીની તારીખ જાહેર કરવામાં આવશે, તેમ રાજકોટ જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

# રીઝર્વ બેંકની ૭૩મી મીટીંગમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર દ્વારા ઈન્ટરેસ્ટ ઇકવીલાઇઝેશન સ્કીમ અંગે રજૂઆત

## એમએસએમઈ નિકાસ માટે વ્યાજ સમાનીકરણ યોજના ફરી શરૂ કરવા માંગ

રાજકોટ,તા.૧૩

અત્રેથી ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખશ્રી રાજીવભાઇ દોશી તથા ઉપપ્રમુખશ્રી રમેશભાઇ ઝાલાવડીયા રીઝવ બેન્ક ઓફ ઇન્ડિયાની ૭૩ મી ઊઈ-ખજખઊ મિટીંગમાં હાજર રહી કેટલાક મહત્વના મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને તેના સત્વરે અમલ માટે પગલા લેવા માટેનો લેખીતમાં રજુઆત કરવામાં આવેલ હતી.

જેમાં દેશમાં નિકાસમાં MSME ની ભૂમિકાની નોંધપાત્ર છે. દેશના નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં જણાવેલ કે, ''ઇન્ટરેસ્ટ ઇકવીલાઝેશન સ્કીમએ MSME એકમોને આપવામાં આવતું સૌથી મોટું પ્રોત્સાહન છે.'' જોકે, ૦૧/૦૧/૨૦૨૫ થી આ યોજના સ્થગિત છે. MSME એકમો દ્વારા નિકાસ ઉપર આ સૌથી મોટો ફટકો છે. MSME ઇન્ટરેસ્ટ ઇક્વલાઇઝેશન સ્કીમ દ્વારા ભંડોળના ખર્ચમાં ઘટાડો કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધા કરવા સક્ષમ હતા. હવે આ યોજનાને સ્થગિત કરવામાં આવી હોવાથી, MSME એ તેમની નિકાસ માટે નિયમિત વ્યાજ દર ચૂકવવા પડશે, ત્યાં નિકાસ ખર્ચ બિન-સ્પર્ધાત્મક બની જશે. જેથી ચેમ્બર દ્વારા એવી વિનંતી છે કે વ્યાજ સમાનીકરણ યોજના તાત્કાલિક અસરથી ફરી શરૂ કરવામાં આવે.

તે ઉપરાંત વ્યાજની ઇકવીલાઇઝેશન સ્કીમના લાભ માટે અગાઉ રૂપિયા બે કરોડની મર્યાદા નક્કી કરવામાં આવી હતી, જે વધુ ઘટાડીને માત્ર રૂપિયા પચાસ લાખ સુધી કરવામાં આવી હતી. માત્ર રૂપિયા પચાસ લાખની કેપ ખૂબ ઓછી છે અનેતેથી વિનંતી કરવામાં આવે છે કે યોજનાને રૂપિયા બે કરોડના લાભની મર્યાદા જાળવી રાખવી જોઈએ.

બેંકો કાર્યકારી મૂડી મર્યાદા અને બિન-ભંડોળ મર્યાદા પર પણ ફોરક્લોઝર રકમ વસૂલ કરે છે ઘણા કિસ્સાઓમાં જ્યારે ગ્રાહક લોનની રકમ તેના પોતાના ભંડોળમાંથી અથવા મિત્રો અને સંબંધીઓ પાસેથી નાણા લઇને ચૂકવે છે, ત્યારે પણ બેંક ફોરકલોઝરની રકમ ચાર્જ કરે છે આ સમાનતા અને ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે જેના ઉપર યોગ્ય પગલા લઇને આ વિસંગતતા દુર થવી જોઇએ

ફોરેન એક્સચેન્જ ટ્રાન્ઝેક્શન પર સ્પ્રેડના સંદર્ભમાં બેંકો સંપૂર્ણપણે બિન પારદર્શક છે નિકાસકારોને ફોરેજ એકસચેઇન્જના વ્યવહારો ઉપર બેન્કનો કેટલો સ્પ્રેડ એટલે

બેંકો ઘણીવાર વીમા કંપની સાથે જોડાણ કરે છે અને તેઓ તેના ગ્રાહકોને બેંક દ્વારા વીમા પોલિસી ખરીદવા દબાણ કરે છે આવી અન્યાયી પ્રથા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.રાજકોટ અને સૌરાષ્ટ્રમાં આખા વર્ષમાં સિક્કા અને નાના મૂલ્યની ચલણી નોટોની તીવ્ર અછત રહે છે બેંકના ગ્રાહકોને જરૂરી સિક્કા અને નોટો ભાગ્યે જ મળે

સંસ્થાના પ્રતિનિધિમંડળને આગામી ત્રિમાસિક બેઠક રાજકોટ ખાતે આયોજિત કરવા આમંત્રણ આપેલ હતું, તેમ ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના ખજાનચી અજીતસિંહ જાડેજા તથા ઉપપ્રમુખ ઇશ્વરભાઇ બ્રાંભોલીયાની યાદીમાં જણાવાયું છે.



# આહ્યા પરિવારના આંગણે શ્રીનાથજી ભગવાનના કિર્તન તથા ફલફાગ રસિયા ઉત્સવ યોજાયો

આહ્યા પરિવારના આંગણે શ્રીનાથજી ભગવાનના કિર્તન તથા ફૂલ ફાગ રસિયાનું આયોજન કરાયું હતું. જેમાં બહોળી સંખ્યામાં પરિવારજનોએ તથા મિત્રવર્તુળ દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. આ સમયે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઇનના પ્રતિકભાઈ સંઘાણી વગેરે ટ્રસ્ટીઓના સહયોગથી ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનું વિતરણ કરાયું હતું. શહેર ભાજપ અગ્રણી લલિતભાઈ વડેરિયા કાળુમામાં વગેરેએ હાજરી આપેલ હતી. સમગ્ર ધાર્મિક કાર્યને સફળ બનાવવા માટે આહ્યા પરિવારના હરસુખલાલ, રાજેશભાઈ, ધર્મેશભાઈ, કલ્પેશભાઈ, આશાબેન, મીનાક્ષીબેન, ડિમ્પલબેન, ઋત્વિક, રીમા, માનસી, શ્રેયા, દ્રિશા તથા ત્વીશા વગેરે એ જહેમત ઉઠાવેલ હતી.

# જૈનશ્રેષ્ઠી મહેશભાઈ મહેતાનુ પાલિતાણા ક.આ.પેઢી દ્વારા છ ગાઉ યાત્રા રિપોર્ટિંગ બદલ શાલ ઓઢાડી બહુમાન



રાજકોટના જૈનશ્રેષ્ઠી મહેશભાઈ મહેતાનુ પાલિતાણા ક.આ.પેઢી દ્વારા તા. ૧૨ ને બુધવારે છ ગાઉ યાત્રા રિપોર્ટિંગ બદલ શાલ ઓઢાડી બહુમાન કરાયુ હતું. છેલ્લા ૪૩ વરસોથી સતત જૈન અને જૈનેતરોને ૪ થઈ ૫ લકઝરી બસોના યાત્રા કરાવનાર મહેશભાઈ મહેતાનુ કલ્યાણજી આણંદજીની પેઢી દ્વારા શાલ ઓઢાડી, માળા પહેરાવી, કુમકુમ તિલક કરી, શુભેચ્છા કવર આપી બહુમાન કરવામા આવેલ હતુ. તમામ જૈન સંઘો મા હર્ષોલ્લાસ છવાય ગયો હતો.

# પડધરીમાં કચરાનાં ઢગલાંમાંથી ચુવાનનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

## અજાણ્યા યુવાનની ઓળખ કરવા તજવીજ, હાથમાં અજય અને એ.વી.ત્રોફાવેલ છે



રાજકોટ,તા.૧૩

પડધરીમાં કચરાનાં ઢગલાં માંથી શંકાસ્પદ હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.પોલીસે મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમમાં ખસેડી ઓળખ કરવા તજવીજ કરી છે. સૂત્રોએ જણાવ્યું કે પડધરીના ગીતા નગર પાણીના ટાંકા સામે ખુલ્લા મેદાનમાં આવેલ પ્લાસ્ટિકના ઢગલામાંથી આશરે ૨૫ થી ૪૦ વર્ષની ઉંમરના અજાણ્યા પુરુષની લાશ મળેલી છે.મૃતકના શરીરે જમણા ખંભા પાસે મહાકાલ તથા ત્રિશુલ ટેટૂ તથા હાથમાં અજય તથા કાંડા પર એ.વી. લખેલું છે. મૃતકની ઓળખ થયેલ ન હોવાથી આ લાશના વાલી-વારસને પડધરી પોલીસ સ્ટેશનના મો.નં.૬૩૫૯૬૨૫૭૨૬ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ચુનારાવાડમાં કરિયાણીની દુકાનમાંથી રોકડ-ગુટખાની ચોરી કરનાર નામચીન બેલડી ઝડપાઇ

## થોરાળા પોલીસની કામગીરીઃ આરોપીઓ સામે મારામારી-દારૂ સહિતના અનેક ગુના નોંધાયેલ છે

રાજકોટ. તા.૧૩

ચુનારાવાડ વિસ્તારમાં કરિયાણાની દુકાનમાંથી શટરના તાળા તોડી રૂ.૧૦ હજારની રોકડ અને ગુટકાના પેકેટ સહિતના સામાનની ચોરી થઇ હોવાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. બનાવ અંગે થોરાળા પોલીસે તપાસ હાથ ધરી આ ચોરીમાં કુખ્યાત બેલડીને ઝડપી લઇ તેની પાસેથી રોકડ રૂ.૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ચુનારાવાડ શેરી નંબર ૪ શાકમાર્કેટવાળી શેરીમાં આવેલા નવજીવન સ્ટોર્સ નામના કરિયાણાની દુકાન ધરાવનાર રવિભાઈ અમીનભાઇ દાદવાણી (ઉ.વ ૩૧ રહે. રૂચી બંગલો, એરપોર્ટ રોડ, રાજકોટ) એ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી કે, તા. ૩ ના રાત્રિના દુકાન બંધ કરી બીજા દિવસે સવારે દુકાને આવતા અહીં દુકાનના શટરના તાળા તૂટેલા હોય જેથી તપાસ કરતા ટેબલના ખાનામાં રાખેલ રૂ. ૧૦,૦૦૦ રોકડ તથા વિમલ ગુટખા સહિતના સામાનની ચોરી થઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે આ અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ એન.જી. વાઘેલાની રાહબરી હેઠળ પીએસઆઇ એમ.એસ.મહેશ્વરી તથા ટીમે તપાસ હાથ ધરતા હેડ કોન્સ્ટેબલ હસમુખભાઈ નીનામા અને કોન્સ. રાકેશભાઈ બાલાસરા, જયરાજસિંહ કોટીલાને મળેલી બાતમીના આધારે

પોલીસે ટ્રેકટર ચોક ભાણજી બાપાના પુલ પાસેથી બે શંકાસ્પદ



શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં વિપુલ વલ્લભ કાવિઠીયા (ઉ.વ ૨૮ રહે. કુબલીયાપરા, મૂળ ગલકોટડી તા. બાબરા) અને કરણ ઉર્ફે પેંડો વિનુ સોલંકી (ઉ.વ ૨૫ રહે. કુબલીયાપરા શેરી નંબર ૫) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે બંને શખ્સોની સઘન પૂછતાછ કરતા તેણે કરિયાણાની દુકાનમાં થયેલી ચોરીની કબુલાત આપી હતી. પોલીસે બેલડી પાસેથી રોકડ રૂપિયા ૯,૦૦૦ કબ્જે કર્યા હતા. ઝડપાયેલ આરોપી પૈકી વિપુલ અગાઉ જુનાગઢ તાલુકા ગાંધીધામ રેલવે પોલીસ અને થોરાળા પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. જ્યારે કરણ ઉર્ફે પેંડા સામે યુનિવર્સિટી પ્ર.નગર થોરાળા અને એડિવિઝન પોલીસ સ્ટેશનમાં મારામારી, દારૂ સહિતના પાંચ ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા

# ૧ લી જૂને સમાજના વય શ્રેષ્ઠ વડીલોનું સન્માન તથા બટુકો માટે યજ્ઞોપવિતનું આયોજન

રાજકોટ, તા.૧૩

ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ, રાજકોટ દ્વારા આગામી તા. ૧લી જૂનને રવિવારના રોજ સમાજના સભ્ય પરિવારના ૭૫ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા વડીલો તથા હયાત દંપતિઓનું વિશિષ્ટ સન્માન તેમજ સમાજના સભ્ય પરિવારના બટુકો માટે ''સમૂહ યજ્ઞોપવિત'' નું પણ આયોજન કરવામાં આવશે.

રાજકોટમાં વસતાં લાભાર્થી સભ્ય પરિવારોને આ લાખેણાં આયોજનમાં ભાગ લેવા તથા સમાજની અદકેરી પ્રવૃતિમાં સહભાગી થવાં પ્રમુખ કમલેશભાઈ જોશી તથા સમગ્ર કારોબારી સમિતિ આવકારે છે. વિશેષ માહિતી તથા આવેદન પત્ર માટે સંસ્થાના કાર્યાલય ૬/૧૧ જાગનાથ પ્લોટ ખાતે સાંજે ૬ થી ૮ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

# અમરગઢ ભીચરીમાં પછાત વર્ગના મકાનોનું ડીમોલીશન અટકાવવા માંગણી

## અરજદારો દ્વારા કલેકટરને આવેદનપત્ર



રાજકોટ તા.૧૩

રાજકોટના અમરગઢ ભીચરીમાં પછાતવર્ગના રહેણાંકોનાં ડીમોલીશન પર રોક લગાવવાની માંગણી સાથે શિવમપાર્ક રેસીંડિન્સી (સુચીત)ના અરજદારો દ્વારા આજે આગેવાન ડી.ડી.સોલંકીની આગેવાની હેઠળ જિલ્લા કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર એનાયત કરી રજુઆત કરી હતી.આ અંગે અમરગઢ ભીચરીના શિવમ પાર્ક રેસીંડિન્સીના અરજદારોએ જણાવ્યું હતું કે તેમના મકાનો હટાવવા માટે તેઓને તાલુકા મામલતદાર દ્વારા નોટીસો આપવામાં આવેલ છે.પરંતુ તેઓએ સર્વે નં.૨૨૮ પૈકી ૧ની આ જમીન પર ગેરકાયદે દબાણ કરેલ નથી. તેઓને જે નોટીસ અપાયેલ છે તે નિતીનિયમો વિરુદ્ધની છે જેથી આ બાબતે પગલા લેવા તેઓએ માંગણી કરી છે.

# તા.૧૮મીએ મહક જૈન (આસીસ્ટન્ટ કલેકટર)નું અપીલ કેસોનું મેગાબોર્ડ



રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોષીનાં માર્ગદર્શન તળે અપીલ કેસોનાં નિકાલની ઝુંબેશની કામગીરીનાં ભાગરૂપે રાજકોટ શહેર-૨ પ્રાંત કચેરી ખાતે ચાલી રહેલ અપીલ કેસોની સુનાવણી માટે તા. ૧૮/૦૩/૨૦૨૫ નાં રોજ મેગાબોર્ડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ - ૬૩ કેસોનો સમાવેશ કરવામાં આવેલ છે. સવારે ૧૨ કલાકથી શરૂ થનાર પ્રથમ બોર્ડમાં કુલ - ૩૭ કેસો તેમજ બપોરનાં ૩-૩૦ થી શરૂ થનાર બીજા બોર્ડમાં કુલ - ૨૬ કેસોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કેસબોર્ડમાં આર.આર.ટી. અપીલ, મામ.કોર્ટ રીવીઝન, શરતભંગ અંગેનાં કેસ, આર.ટી.આઇ. અપીલ જેવા કેસોનો સમાવેશ કરવામાં આવેલ છે.

# રવિવારે સ્લમ વિસ્તારના બાળકોને અપાશે નિઃશુલ્ક શિક્ષણ

રાજકોટ તા.૧૩

રાજકોટના ઉત્સાહી તથા શિક્ષણપ્રિય યુવાન સમય કાઢીને દર રવિવારે ઝુંપડપટ્ટી કે સ્લમ વિસ્તારના બાળકોને નિ:શુલ્ક શિક્ષણ આપી નવો રાહ ચીંધે છે. મીનુ જસદણવાલા રાજકોટમાં જુના એરપોર્ટ રોડ પર ગાર્ડનની સામે તથા જૈન બોર્ડીંગ અને મહાકાલેશ્વર મંદિર નજીક વર્ગો ચલાવે છે તે પણ નિ:શુલ્ક, પ્રથમ સવારે ૧૦થી ૧૧ તથા ૧૧-૩૦થી ૧૨-૩૦ બાળકોને ગણીત, અંગ્રેજી તથા અન્ય વિષયો શીખવવામાં આવે છે.

તેમને આર.કે. યુનિ.ના પ્રોફેસર ભાઈઓ, બહેનો, ગૃહિણીઓ તથા વિદ્યાર્થીઓ આ કાર્યમાં મદદ કરે છે. બાળકોને શિક્ષણ બાદ પૌષ્ટિક નાસ્તો પણ આપવામાં આવે છે. મજુરીએ જતા વાલીઓના સંતાનો તથા ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોના બાળકોને માર્ગદર્શન આપવામાં આવે છે. મજુરીએ જતા લોકો બાળકોને ભણાવવાનો સમય કાઢી શકતા નથી અથવા ઘણા વાલીઓ પાસે બાળકોને ભણાવવા જેટલા રૂપિયા પણ નથી તેવા બાળકોને ફી લીધા વિના ભણાવવામાં આવે છે.

# હોળી સ્પેશ્યલ એકસ્ટ્રા સંચાલન થકી રાજકોટ S.T.ને રૂા.૧૫.૮૨ લાખની આવક

## તા.૯થી ૧૨ દરમ્યાન ૬૦૦૪ શ્રમજીવીઓ તેના વતન ગયા




રાજકોટ તા.૧૩

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રાજકોટ એસટી વિભાગ દ્વારા પંચમહાલના શ્રમજીવીઓ હોળી મનાવવા તેમના વતન જઈ શકે તે માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ એકસ્ટ્રા બસો દોડાવાઈ રહી છે અને અત્યાર સુધીમાં સંચાલનમાં એસટી વિભાગને ખુબજ સારો ટ્રાફિક પણ મળવા પામ્યો છે.

આ અંગે રાજકોટ એસટી વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગત તા.૯થી ૧૨ દરમ્યાન રાજકોટથી દાહોદ- ગોધરા- પંચમહાલ માટે ૧૨૪ એકસ્ટ્રા ટ્રીપો દોડાવાઈ હતી. જેનો ૬૦૦૪ મુસાફરોએ લાભ લીધો છે અને આ એકસ્ટ્રા સંચાલન થકી રાજકોટ વિભાગને રૂા.૧૫.૮૨ લાખની વધારાની આવક પણ પ્રાપ્ત થઈ છે.

# તા.૨૦ના વિનામૂલ્યે ચકલીના માળા-કુંડાનું વિતરણ

## વિશ્વ ચકલી દિને આયોજન : પરંપરા શરૂ કરાવનાર જનકભાઈ કોટકના હસ્તે કાર્યક્રમનું ઉદ્દઘાટન



રાજકોટ, તા. ૧૩

હાલમાં ચકલીની સંખ્યામાં દિન પ્રતિ-દિન ઘટતી થતી જાય છે. ચકલીના રક્ષણ માટે મનપા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ કરવામાં આવે છે. જે મુજબ વિશ્વ ચકલી દિવસ અંતર્ગત તા.૨૦ના ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં શહેરીજનોને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' વિતરણ માટે કાર્યક્રમ યોજાશે. જેનું દીપ પ્રાગટ્ય રાજકોટના પૂર્વ મેયર જનકભાઈ કોટકના હસ્તે અને મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને કરાશે.

આ કાર્યક્રમમાં લોકોને હાજર રહેવા અને વિનામૂલ્યે 'ચકલીના માળા' અને 'પાણીના કુંડા' મેળવવા શહેરના પક્ષીપ્રેમીઓને તથા જીવદયા પ્રેમીઓને મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે. ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન સોનલબેન સેલારાએ નિમંત્રણ આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે ચકલીના માળા અને કુંડાનું ઉનાળામાં વિતરણ કરવાની જીવદયા સાથેની પરંપરા પૂર્વ મેયર જનકભાઈ કોટકે જ શરૂ કરાવી હતી.

# જાણીતા લેખક-કવિ ગિરીશ રાવલનો આજે જન્મદિવસ



રાજકોટ,તા.૧૩

જાણીતા લેખક, કવિ, આકાશવાણી કલાકાર તેમજ યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના પૂર્વ આસિસ્ટન્ટ મેનેજર ગિરીશભાઈ રાવલનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૭૨ વર્ષ પૂર્ણ કરી ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. તેઓના ૮ કવિતા-નવલકથાના પુસ્તકો પ્રસિધ્ધ થઈ ચૂક્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેઓને મો.નં.૯૪૨૮૩ ૪૫૭૮૪ પર શુભેચ્છાઓ મળી રહી છે.

# સોમવારથી પંચાયત આરોગ્ય કર્મચારીઓની રાજયવ્યાપી હડતાળ

## રાજકોટ જીલ્લા પંચાયતના તમામ આરોગ્ય કર્મી.જોડાશે



રાજકોટ તા.૧૩

રાજયના પંચાયત આરોગ્ય કર્મચારીઓએ એક દિવસની માસ સીએલ રાખ્યા છતાં પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી ત્યારે હવે આગામી ૧૭મીથી બેમુદતી હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. રાજકોટ જીલ્લા પંચાયતના આરોગ્ય કર્મચારીઓ પણ આ હડતાલમાં જોડાશે પરીણામે ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાઓને મોટી અસર થવાની ભીતી છે.

રાજકોટ જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી મંડળનાં પ્રમુખ અશોક જોશીએ કહ્યું કે પ્રમોશન માટે ખાતાકીય પરીક્ષા દાખલ કરવાની હિલચાલ, ગ્રુપ પેના પ્રશ્નો સ્ટાફ નર્સ કેડરની મુશ્કેલી સહિતના પડતર પ્રશ્નો વિશે તા.૧૭ થી રાજય વ્યાપી હડતાળનું એલાન આપવામાં આવ્યું છે તેમાં રાજકોટનાં તમામ આરોગ્ય કર્મચારીઓ, લેબ ટેકનીશ્યન, સુપર વાઈઝરો, સ્ટાફ નર્સ વગેરે જોડાશે. રાજય સરકારને ૧૭મીથી અચોકસ મુદતની હડતાલનું અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યુ જ હતું. જીલ્લા કક્ષાએ આવેદનપક્ષ પણ આપવામાં આવ્યા હતા.

# ધંધુકામાં ૨૩ માર્ચે મંગલ ઉદ્દઘાટન

# આપણો જ પડછાયો બીજા માટે જયારે છાંયડો બની જાય તો જીવન સફળ

શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ ખાતે આરાધક બનવું છે ? વિષય પર ધર્મસભામાં પૂ. શ્રી ધીરગુરૂદેવે જણાવેલ કે દુ:ખને સહન કરવા માટે બે વાત સૌથી જરૂરી છે. એક તો કોઇને દોષ ન દેવો અને બીજું કોઇ વાતનો અફસોસ ન કરવો વધુમાં કહેલ કે આપણો જ પડછાયો બીજા માટે જયારે છાંયડો બની જાય તો જીવન સફળ થયું ગણાય.


દર પાખીના લોગસ્સ જાપનું આયોજન વૈશાલીનગરમાં જાહેર કરવામાં આવેલ.

પૂ. શ્રી ધીરગુરૂદેવ તથા બોટાદ સંપ્રદાયના પૂ. જયોત્સનાજી મ.સ.ના અનુગ્રહથી નવનિર્મિત રીટાબેન કીરીટભાઇ મગીયા-આયંબીલ ભવન અને વિમળાબેન ચંપકલાલ ખેતાણી-વૈયાવચ્ચ ભવનનું ઉદઘાટન તા. ૨૩-૦૩-૨૫ને રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે યોજાયેલ છે.

# રામકૃષ્ણ આશ્રમમાં ટેલી એકાઉન્ટીંગ વર્ગો શરૂ કરાશે


રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ વિવેક હોલમાં ટેલી (એકાઉન્ટ)ના વર્ગો નજીવા દરે શરૂ કરવામાં આવશે. જેનો સમય સાંજે ૫ થી ૬ નો રહેશે. ઇચ્છુક ઉમેદવારીએ વધુ માહિતી માટે સોમથી શનિવાર દરમિયાન સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમ્યાન વિવેક હોલના કાર્યાલયમાં સંપર્ક કરવાનો રહેશે.

# હેપ્પી બર્થડે ધર્મદીપસિંહ વાળાનો આજે જન્મદિવસ



વાળા ક્ષત્રિય (ગીરાસદાર) પરિવારના લાડકવાયા ધર્મદીપસિંહ વાળાનો આજે જન્મદિવસ છે. આ તકે પિતા હિતેન્દ્રસિંહ, માતા હર્ષાબા, દાદા મહિપતસિંહ (માજી પોલીસ), દાદી મયાબા, નાનો ભાઈ દિવ્યસિંહ, બહેન મૃગેશ્વરીબા, કાકા-કાકી સહિત સમગ્ર વાળા પરિવાર દ્વારા લાડકવાયા ધર્મદીપસિંહને જન્મદિવસની શુભેચ્છાઓ સાથે સુપ્રસિધ્ધ ગાયત્રી આશ્રમ ગધેથળના મહંત પૂજય સંતશ્રી લાલબાપુએ આશિર્વચન પાઠવ્યા છે.


# રાજકોટ શહેર ભાજપના કારોબારી સભ્ય લલિત વડેરિયાનો જન્મદિવસ



શહેર ભારતીય જનતા પાર્ટીના કારોબારી સભ્ય તેમજ રઘુવંશી સમાજ અગ્રણી અને પ્રખર હિન્દુવાદી નેતા લલીતભાઈ વડેરીયા (કાળુમામા) નો આવતીકાલે જન્મદિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરી ૭૬ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે.

તેઓ નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સ્વયંસેવક રહ્યા છે. તેઓ જલારામ પ્રાર્થના મંદિર ઘંટેશ્વર-રાજકોટના ટ્રસ્ટી, જલારામ રઘુકુળ હોસ્પિટલના સલાહકાર સમિતિના સભ્ય, વડીયા-દેવડી મિત્ર મંડળના ચેરમેન, વડિયા ગૌશાળાના ટ્રસ્ટી, વડીયા સમૂહ લગ્ન સમિતિના મુખ્ય આયોજક તરીકે નિષ્ઠાપૂર્વક જવાબદારી સંભાળી રહ્યા છે. તેમજ ગુજરાત સરકાર રાજકોટ શહેર પોલીસની એકતા સમિતિ કમિટી મેમ્બર તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે રાજકોટ શહેરના તમામ જ્યેષ્ઠી-શ્રેષ્ઠી તથા શુભેચ્છક મિત્ર વર્તુળોએ મો.નં.૯૮૯૮૦૭૧૪૫૦ પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# એનસીઈઆરટી માર્ચથી મે મહિનામાં વધુ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો લાવશે




## ટેકસ્ટ બુકને પાયરસીથી બચાવવા સોફટ કોપી પહેલા જ પ્રિન્ટેડ કોપી આવી જશેઃ નવા પાઠય પુસ્તકના શેડયુલ મુદ્દે એનસીઈઆરટીએ સીબીએસસીને પત્ર લખ્યો

નવી દિલ્હી તા.૧૩

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ (એનસીઈઆરટી) એ નવા સત્રમાં આવનારી પાઠય પુસ્તકનું શેડયુલ જાહેર કર્યું છે.

હજુ સુધી બાલવાટિકાની સાથે સાથે કલાસ ૧-૨-૩ અને ૬ ના નવા પાઠય પુસ્તક ગત સત્રમાં જ આવી ચુકયા છે અને ૨૦૨૫-૨૬ માં ચાર વધુ ધોરણના નવા પાઠય પુસ્તકો તૈયાર કરાયા છે.

એનસીઈઆરટીના ડાયરેકટર પ્રોફેસર દિનેશ પ્રસાદ સકલાનીએ જણાવ્યું હતું કે સ્કુલી શિક્ષણ માટે નેશનલ કરીકુલમ ફ્રેમ વર્કનાં આધારે તૈયાર ધો.૪ અને ૭ ના પાઠય પુસ્તકો માર્ચનાં અંતમાં મળવી શરૂ થઈ જશે અને એપ્રિલ સુધીમાં બધા વિષયોનાં પાઠય પુસ્તકો આવી જશે.આ સાથે જ ધોરણ ૫ અને ૮ ના પાઠય પુસ્તકો ૧૫ મેથી આવવા શરૂ થઈ જશે.

જોકે આ બન્ને ધોરણ માટે પહેલા બ્રિજ કોર્સ હશે જે માર્ચની આખરી સમાહમાં વેબસાઈટ પર વિનામુલ્યે ઉપલબ્ધ થશે.ખાસ બાબત એ છે કે પાયરસીની સમસ્યાને ઉકેલવા એનસીઈઆરટીને નિર્ણય કર્યો છે કે સોફટ કોપીનાં પહેલા જ પ્રિન્ટેડ પાઠય પુસ્તકો જાહેર થઈ જશે જેથી કોઈ તેની નકલ ન કરી શકે. પ્રો.સકલાનીએ સીબીએસઈનાં ચેરમેનને પત્ર લખી અપીલ કરી છે કે પેરેન્ટસને નવા પાઠય પુસ્તકોના શેડયુલનાં બારામાં બતાવવામાં આવે આ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો પેરેન્ટસ ન ખરીદે અને આ વખતે પાઠય પુસ્તકો સરળતાથી મળી જશે. સ્કુલ અને પેરેન્ટસ ફલીપકાર્ટ અને એમેઝોનથી પણ પાઠય પુસ્તક ઓર્ડર કરી શકે છે. એનસીઆરટીએ કેન્દ્રીય વિદ્યાલય અને નવોદય વિદ્યાલયના ટીચર્સ માટે પણ કેપિસીટી બિલ્ડીંગ પ્રોગ્રામ શરૂ કરવાનો ફેસલો કર્યો છે. એનસીઆરટીએ અગાઉની તુલનામાં ત્રણ ગણા વધુ એટલે કે ૧૫ કરોડ પાઠય પુસ્તક પ્રિન્ટ કરવાની તૈયારી કરી છે. નવા સત્રથી ધો.૯ થી ૧૨ ના બધા પાઠય પુસ્તકો છાપેલી કિંમતનાં ૨૦ ટકા વળતરથી મળશે.



## કાજોલે ગોરેગાંવમાં ૨૮.૭૮ કરોડ રૂપિયાની કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદી

મુંબઈ,તા.૧૩

કાજોલે ગોરેગાંવ-વેસ્ટમાં રિયલ એસ્ટેટ ડેવલપર ભારત રિયલ્ટી વેન્ચર્સ લિમિટેડ પાસેથી ૪૩૬૫ સવેર ફીટ કમર્શિયલ પ્રોપર્ટી ૬૫,૯૪૦ રૂપિયા પ્રતિ સ્કવેર ફીટના ભાવે ૨૮.૭૮ કરોડ રૂપિયામાં ખરીદી છે. આ પ્રોપર્ટી માટે તેણે ? માર્ચે ૧.૭૩ કરોડ સ્ટેમ્પ ડ્યુટી અને ૩૦,૦૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફીના ભર્યા હતા. આ પ્રોપર્ટી સાથે તેને પાંચ પાર્કિંગ-સ્પેસ મળી છે. આ જ બિ કિંગમાં અમિતાભ બચ્ચન, સારા અલી ખાન અને કાર્તિક આર્યને પણ કમર્શિયલ પ્રોપર્ટી ખરીદી છે. આ પહેલાં કાજોલે જુલાઈ ૨૦૨૩માં ૨૦૯૭ સ્કવેર ફીટની કમર્શિયલ પ્રોપર્ટી ઓશિવરામાં ૭.૬૪ કરોડ રૂપિયામાં ખરીદી હતી.

### જયારે પ્રદર્શન ચરમસીમા પર હોય ત્યારે રોહિત-કોહલીની નિવૃત્તિની ચર્ચા અર્થહીન

# રો...કો.. તેમને બિન્દાસ રમવા દો




**૬૧.૦૭**

### વિરાટની વર્ષ ૨૦૨૩માં ODIમાં એવરેજ છે, ઓછામાં ઓછી ૨૦ ODI રમી ચૂકેલા ખેલાડીઓમાં તે સર્વશ્રેષ્ઠ છે

નવી દિલ્હી:

રોહિત શર્મા અને વિરાટ કોહલી - બે એવા સ્ટાર છે જેઓ વર્ષો થી ભારતીય ક્રિકેટનું ગૌરવ છે. પરંતુ જેમ જેમ તેમની ઉંમરમાં વધુ એક વર્ષ ઉમેરાય છે તેમ તેમ તેમની નિવૃત્તિની ચર્ચા પણ વધવા લાગે છે. સવાલો ઉભા થાય છે, ‘ક્યાં સુધી રમશે?’ પરંતુ જયારે તેમનું પ્રદર્શન હજુ પણ ચરમસીમાએ છે તો પછી આ ચર્ચા શા માટે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે ઘણી ઐતિહાસિક જીત નોંધાવી છે. બોલિંગની તેની ઉત્તમ શૈલી, સમય અને મોટી મેચોમાં પ્રદર્શન કરવાની ક્ષમતા તેને એક અલગ સ્તરે મૂકે છે. ક્રિકેટનો ’કિંગ’ કહેવાતો વિરાટ કોહલી આજે પણ એ જ દમદર જુસ્સો અને એ જ ’રન-મશીન’ લય સાથે જોવા મળે છે જે તેણે કારકિર્દીના શરૂઆતના દિવસોમાં બતાવ્યો હતો.

#### પોતાના નિર્ણયો લેવાનો અધિકાર

સચિન તેંડુલકર ૪૦ની વય સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમનાર મહેન્દ્રસિંહ ધોનીએ પણ ૩૮ વર્ષના પોતાના અનુભવથી ભારતીય ક્રિકેટને નિખારયો હતો. ૪૩ વર્ષની ઉંમરે પણ ધોની IPLમાં દર્શકોને આકર્ષી રહ્યો છે. તો પછી ’રો-કો’ (રોહિત અને કોહલી) માટે આ સવાલ શા માટે? ઉંમર વધી રહી છે, પરંતુ તેની રમતનું સ્તર ઘટ્યું નથી. જ્યાં સુધી તેઓ સારું રમી રહ્યા છે અને તેના અનુભવથી ટીમને ફાયદો થઈ રહ્યો છે ત્યાં સુધી નિવૃત્તિની વાત અન્યાયી પૂર્વગ્રહ સિવાય બીજું કંઈ નથી. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન દિલીપ વેંગસરકર કહે છે, ’મને ખબર નથી કે લોકો (તેમની નિવૃત્તિ પર) શા માટે અનુમાન લગાવે છે, તે બિનજરૂરી છે. તેના કદના ખેલાડીને તેના ભવિષ્ય વિશે નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ.

#### કેપ્ટન્સી શાનદાર રહી

સતત ત્રણ ICC ઈવેન્ટમાં આ બંને દિગ્ગજોનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. વેંગસરકર કહે છે, ’તે અત્યારે જે રીતે રમી રહ્યો છે તે શાનદાર છે. રોહિતે વનડે ક્રિકેટર તરીકે ત્રણ બેવડી સદી ફટકારી છે. હું તેમના વિશે બીજું શું કહી શકું? વિરાટ અને રોહિત જેવા ખેલાડીઓ મોટા મેચના ખેલાડી છે. સાડત્રીસ વર્ષીય રોહિતે હજુ સુધી ૨૦૨૭ના ODI વર્લ્ડ કપ માટે પ્રતિબદ્ધતા દર્શાવી નથી પરંતુ વેંગસરકર માને છે કે તેની હાજરી ટીમ માટે સારી રહેશે. વેંગસરકરે પીટીઆઈને કહ્યું, ’હું જ્યોતિષ નથી. ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી હજુ ઘણી મેચો રમવાની બાકી છે. તેના ફોર્મ અને ફિટનેસ પર ઘણું નિર્ભર રહેશે. અત્યારે કંઈ કહેવું યોગ્ય નથી, પરંતુ તે કેપ્ટન અને ખેલાડી બંને રીતે શાનદાર રહ્યો છે.

#### ધ્યેય આગામી વર્લ્ડ કપ માટે હોવો જોઈએ: પોન્ટિંગ

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગે કહ્યું, ’જ્યારે તમે તમારી કારકિર્દીના આ તબક્કે પહોંચો છો, ત્યારે બધા તમારી નિવૃત્તિની રાહ જોઈ રહ્યા છે. મને ખબર નથી કે આવું કેમ થાય છે. તે પણ જ્યારે તમે સારું રમી રહ્યા છો જેમ કે તેણે સારી ઈનિંગ્સ રમી હતી. પોન્ટિંગે કહ્યું, ’મને લાગે છે કે તે એકવાર અને બધા માટે તે પ્રશ્નોનો અંત લાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને કહ્યું, ના, હું હજી પણ ખૂબ સારું રમી રહ્યો છું. મને આ ટીમમાં રમવાનું ગમે છે. મારા માટે, આનો અર્થ એ છે કે તેણે ૨૦૨૭ માં યોજાનાર ODI વર્લ્ડ કપમાં રમવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

> વિરાટ, રોહિત જેવા ખેલાડીઓ મોટા મેચના ખેલાડી છે. સ્ટેજ જેટલું મોટું, તેટલું સારું પ્રદર્શન. ટીમના દષ્ટિકોણથી આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેની હાજરી વિરોધી ટીમનો મનોબળ નબળો કરે છે.
> - દિલીપ વેંગસરકર, ભૂતપૂર્વ કેપ્ટન, ભારત

#### રેન્કિંગમાં વધારો

એક તરફ, આ સિનિયર ખેલાડીઓના પુનઃશસ્ત્રીકરણની ચર્ચા છે અને બીજી તરફ, તેઓ વિશ્વ ક્રિકેટમાં તેમની હાજરી વધુ મજબૂત રીતે અનુભવી રહ્યા છે. ICC દ્વારા બહાર પાડવામાં આવેલ નવીનતમ ODI બેટ્સમેન રેન્કિંગમાં, રોહિત શર્મા બે સ્થાનનો સુધારો કરીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. હાલમાં માત્ર શુભમન ગિલ (૧) અને બાબર આઝમ (૨) જ ODIમાં તેના કરતા વધુ સારી રેન્કિંગ ધરાવે છે. રોહિતની રેન્કિંગમાં વધારાને કારણે વિરાટ કોહલીને એક સ્થાનનું નુકસાન થયું છે. વિરાટ હજુ પણ આ યાદીમાં પાંચમા સ્થાને છે. જો આપણે રવિન્દ્ર જાડેજા વિશે વાત કરીએ તો, ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતના અણનમ પ્રદર્શન દરમિયાન પાંચ વિકેટ લેનાર આ ડાબોડી સ્પિનર ODI બોલરોની યાદીમાં ત્રણ સ્થાન આગળ વધીને ૧૦મા સ્થાને પહોંચી ગયો છે. જાડેજા ODI ઓલરાઉન્ડરોની યાદીમાં પણ ૧૦મા સ્થાને છે.

૩૭ વર્ષ ૩૧૩ દિવસની ઉંમરે રોહિતે કેપ્ટન તરીકે ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. તે કેપ્ટન તરીકે ICC ઈવેન્ટ જીતનાર બીજા સૌથી વધુ વયનો ખેલાડી છે.

### સૌથી જૂના સક્રિય ખેલાડીઓ

| ખેલાડી | દેશ | હાલની ઉંમર |
|---|---|---|
| ક્રેગ ઇરવિન | ઝિમ્બાબ્વે | ૩૯ વર્ષ ૨૦૫ દિવસ |
| શોન વિલિયમ્સ | ઝિમ્બાબ્વે | ૩૮ વર્ષ ૧૬૭ દિવસ |
| નોમાન અલી | પાકિસ્તાન | ૩૮ વર્ષ ૧૫૬ દિવસ |
| ઉસ્માન ખ્વાજા | ઓસ્ટ્રેલિયા | ૩૮ વર્ષ ૮૪ દિવસ |
| શાકિબ અલ હસન | બાંગ્લાદેશ | ૩૭ વર્ષ ૩૫૩ દિવસ |
| રોહિત શર્મા | ભારત | ૩૭ વર્ષ ૩૧૬ દિવસ |

### ODI રમનાર સૌથી વૃદ્ધ ક્રિકેટર

| ખેલાડી | ટીમ | ઉંમર | છેલ્લી મેચ |
|---|---|---|---|
| જહોન ટ્રિકોસ | ઝિમ્બાબ્વે | ૪૫ વર્ષ ૩૧૨ દિવસ | ૨૫ માર્ચ ૧૯૯૩ |
| નોર્મન ગિફોર્ડ | ઈંગ્લેન્ડ | ૪૪ વર્ષ ૩૬૧ દિવસ | ૨૬ માર્ચ ૧૯૮૫ |
| એસ ડી સિલ્વા | શ્રીલંકા | ૪૨ વર્ષ ૨૬૧ દિવસ | ૨૭ ફેબ્રુઆરી ૧૯૮૫ |
| રોબર્ટ ટેલર | ઈંગ્લેન્ડ | ૪૨ વર્ષ ૨૨૩ દિવસ | ૨૫ ફેબ્રુઆરી ૧૯૮૪ |
| કલાઈવ રાઈસ | સાઉથઆફ્રિકા | ૪૨ વર્ષ ૧૧૪ દિવસ | ૧૪ નવેમ્બર ૧૯૯૧ |

### ODI રમનાર સૌથી વૃદ્ધ ભારતીય

| ખેલાડી | ઉંમર | જન્મ તારીખ | છેલ્લી મેચ |
|---|---|---|---|
| મોહિન્દર અમરનાથ | ૩૯ વર્ષ ૩૬ દિવસ | ૨૪ સપ્ટેમ્બર ૧૯૫૦ | ૩૦ ઓક્ટોબર ૧૯૮૯ |
| સચિન તેંડુલકર | ૩૮ વર્ષ ૩૨૯ દિવસ | ૨૪ એપ્રિલ ૧૯૭૩ | ૧૮ માર્ચ ૨૦૧૨ |
| મહેન્દ્ર સિંહ ધોની | ૩૮ વર્ષ ૩ દિવસ | ૦૭ જુલાઈ ૧૯૮૧ | ૧૦ જુલાઈ ૨૦૧૯ |
| રાહુલ દ્રવિડ | ૩૮ વર્ષ ૨૪૮ દિવસ | ૧૧ જાન્યુઆરી ૧૯૭૩ | ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૧ |
| સુનીલ ગાવસ્કર | ૩૮ વર્ષ ૧૧૮ દિવસ | ૧૦ જુલાઈ ૧૯૪૯ | ૦૫ નવેમ્બર ૧૯૮૭ |

**૧૧૭.૩૭**

### ૩૫ વર્ષની ઉંમર બાદ રમાયેલી ODI મેચોમાં રોહિત શર્માનો સ્ટ્રાઈક રેટ છે. ૩૫ વર્ષ પછી ઓછામાં ઓછી ૨૦ વનડે રમનાર ખેલાડીઓમાં આ સર્વશ્રેષ્ઠ છે

# જોસ બટલરને હું ખૂબ જ મિસ કરીશઃ સંજુ સેમસન

### IPLમાં રાજસ્થાન તરફથી રમતા બટલર અને સંજુએ તેમની ભાગીદારી દરમિયાન ૧૬૩૭ રન કર્યા

નવી દિલ્હી, તા.૧૩



રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજુ સેમસને આગામી IPL સિઝન પહેલા જોસ બટલરને જાળવી રાખવાની પોતાની અસમર્થતા વિશે વાત કરી છે. તેમણે કહ્યું કે, તેઓ હજુ પણ બટલરને મુક્ત કરવાના નિર્ણય સાથે સંમત થયા નથી. સંજુ અને બટલર છેલ્લા સાત વર્ષથી રાજસ્થાન રોયલ્સનું એકસાથે પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા. બટલર નવી સિઝનમાં ગુજરાત ટાઇટન્સ તરફથી રમશે.

સંજુએ કહ્યું, આઈપીએલ તમને ઉચ્ચ સ્તર પર રમતી વખતે ટીમનું નેતૃત્વ કરવાની અને નજીકના મિત્રો બનાવવાની તક આપે છે. બટલર મારા નજીકના મિત્રોમાંનો એક છે. અમે સાત વર્ષ સાથે રમ્યા. આ સમય દરમિયાન અમે એકબીજાને સારી રીતે સમજી ગયા. સંજુએ આગળ કહ્યું, તે મારા માટે મોટા ભાઈ જેવો છે. જ્યારે પણ મને કોઈ શંકા થતી ત્યારે હું તેની સાથે વાત કરતો. જ્યારે હું કેપ્ટન બન્યો (૨૦૨૧માં), ત્યારે તે મારા વાઇસ-કેપ્ટન હતા અને તેમણે મને સારો કેપ્ટન બનવામાં મદદ કરી. સેમસને કહ્યું કે, બટલરને છોડવો એ સૌથી મુશ્કેલ નિર્ણયોમાંનો એક હતો.

# ભારતનો T-20 વાઈસ-કેપ્ટન અક્ષર પટેલ દિલ્હી કેપિટલ્સની સંભાળશે કમાન?



ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૫ માટે ૧૦માંથી ૯ ફ્રેન્ચાઇઝી પોતાના કેપ્ટન નક્કી કરી ચૂકી છે, પણ રિષભપંતને રિલીઝ કરનાર દિલ્હી કેપિટલ્સની ટીમ માટે કેપ્ટનનું પદ માથાનો દુખાવો બન્યું છે. ભારતીય વિકેટકીપર-બેટર કે. એલ. રાહુલ અને ઓલરાઉન્ડર અક્ષર પટેલ કેપ્ટન્સીની રેસમાં સૌથી આગળ છે. જોકે કેટલાક અહેવાલ અનુસાર પહેલા બાળકના જન્મની સંભાવનાને કારણે કે. એલ. રાહુલ ટુર્નામેન્ટની કેટલીક મેચમાં ગેરહાજર રહી શકે છે અને સાથે જ તેણે કેપ્ટન્સી માટેની તૈયારી બતાવી નથી. એવામાં ભારતનો T20 વાઈસ-કેપ્ટન અક્ષર પટેલ દિલ્હીની કમાન સંભાળી શકે છે. રાહુલની સરખામણીમાં અક્ષર પટેલ પાસે કેપ્ટન્સીનો અનુભવ નહીંવત છે

# મોહાલીમાં પાર્કીંગના ઝઘડામાં ઝપાઝપીમાં તબિયત લથડતા વૈજ્ઞાનિકનું મોત

### પરિવારમાં રોષઃ ગુનેગારોને પકડી કડક કાર્યવાહીની માંગ

મોહાલી(પંજાબ) તા.૧૩

પંજાબના મોહાલીમાં પાર્કિંગના વિવાદમાં ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થા (IISER)ના એક વૈજ્ઞાનિકનું મૃત્યુ થયું છે. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. મૃતકની ઓળખ અભિષેક સ્વર્ણકર તરીકે થઈ છે, જે મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી હતાં.

મળતી માહિતી મુજબ આ વિવાદ પાર્કિંગને લઈને હતો, જેણે પાછળથી ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. અભિષેક સ્વર્ણકર પહેલાથી જ બીમાર હતા અને તેમનું કિડની ટ્રાન્સપ્લાન્ટ થયું હતું. ઉપરાંત, તે ડાયાલિસિસ પર હતા. આ ઝઘડામાં ધક્કામુક્કી થઈ અને તે ખરાબ રીતે પડી ગયો. આ પછી તેમની તબિયત બગડી અને તેમનું મૃત્યુ થયું.


આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.





પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે અને કહી રહી છે કે આરોપીઓ સામે ટૂંક સમયમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

મૃતક અભિષેક સ્વર્ણકરના પરિવાર અને પડોશીઓ આ ઘટનાથી ખૂબ જ ગુસ્સે છે. તેમણે પોલીસને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરિવારના સભ્યોનું કહેવું છે કે અભિષેક પહેલાથી જ સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાતો હતો, તેથી આ ઘટના તેના માટે ખૂબ જ પીડાદાયક હતી. હાલમાં પોલીસ આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે અને સીસીટીવી ફૂટેજના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.



## જમ્મુ-કાશ્મીરમાં એકે૪૭ રાઈફલ-પિસ્તોલ-ગ્રેનેડ સાથે બે ઝડપાયા

### ત્રાસવાદીઓને હથિયાર પહોંચાડવા જતા હતા

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓ સામે કડક બનાવાયેલી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ બારામુલામાં એક ઓપરેશન સમયે આતંકીઓના બે સાથીદારોને ઝડપીને તેમની પાસેથી એકે૪૭ સહિતના હથિયારો ઝડપી લીધા હતા. જેમાં ઓટોમેટીક પિસ્તોલ અને કેટલોક દારૂગોળો પણ મળી આવ્યો છે. એક ખાતરી પરથી આ ઓપરેશન હાથ ધરાયુ હતું. જેમાં બે વ્યક્તિઓના સામાનની તલાશી લેતા તેઓ આ હથિયારો તથા વિસ્ફોટકો મળી આવ્યા હતા. બન્નેના હવે આતંકી કનેકશનની તપાસ શરૂ થઈ છે.

# ત્રણ યુવાનના અકસ્માત મૃત્યુના કેસમાં રૂા.૧.૧૪ કરોડનું વળતર મંજુર

### ક્રેઈન અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા બનાવ બન્યો હતો

રાજકોટ તા.૧૭

ક્રેઈન અને કાર વચ્ચેના અકસ્માતના બનાવમાં ત્રણ યુવાનનું મૃત્યુ થયું હતું. જેમાં રૂા.૧,૧૪,૨૭,૦૦૦નું વળતર કોર્ટે મંજુર કર્યું છે. કેસની વિગત મુજબ, ગત તા.૨૮/૧૧/૨૦૧૮ના રોજ ઉનાના વડાલા વિસ્તારમાં રહેતા ઈકબાલભાઈ નુરમહંમદભાઈ શેખ, ઉનાની પટેલ કોલોનીમાં રહેતા અબ્દુલા નથુખા પઠાણ, આગ્રાથી ઉના ફરવા આવેલ શિવમભાઈ મહેન્દ્રભાઈ ચોરસીયા ત્રણેય યુવાન કારમાં બેસી જઈ રહ્યા હતા ત્યારે બંધ પડેલ ક્રેઈન સાથે કાર અથડાતા ત્રણેયના મોત નિપજયા હતા. મૃતકોના પરિવારે રાજકોટની કોર્ટમાં વળતર મેળવવા કલેઈમ કેસ દાખલ કર્યો હતો. કોર્ટમાં કેસ ચાલતા રજુઆતો થયેલી કે, મૃતક શિવમ આગ્રા ખાતે પર્યટકોના ગાઈડ તરીકે કામ કરતો હતો. અબ્દુલા કાર ડ્રાઈવર અને ઈકબાલ પાનની દુકાન ચલાવતો હતો. ત્રણેય પોતાની આવકથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મૃતકોના વારસો વતી રોકાયેલ વકીલે કરેલી દલીલો ધ્યાને લઈ કોર્ટે શિવમના કેસમાં ૨૦.૫૦ લાખ, ઈકબાલના કેસમાં ૮૬ લાખ અને અબ્દુલા કે જે આ કેસના આરોપી પણ હતા તેના કેસમાં ૭.૭૭ લાખનું વળતર ચુકવવા હુકમ થયો હતો. આ રકમમાંથી ૩૦ ટકા રકમ ક્રેઈનની વિમા કંપની અને ૭૦ ટકા રકમ કારની વિમા કંપનીએ મૃતકના વારસદારોને ચુકવવા આદેશ થયો છે. આ કેસમાં અરજદારો વતી એડવોકેટ શ્યામ જે.ગોહિલ, હિરેન જે.ગોહિલ, મીરા એસ.ગોહિલ, પુનિતા વેકરીયા, અશોક કે.લુભાણી, દિવ્યેશ કણઝારીયા, હિરેન કણઝારીયા, મોહિત ગેડીયા રોકાયેલ હતા.

# ડીએમકે સરકારે ‘રૂપિયા’ના સિમ્બોલ પણ તમિલ ભાષામાં કરી નાખ્યો

### હિન્દીનો વિરોધ હવે નવા નવા માર્ગ



ચેન્નઈ:

તામિલનાડુમાં હિન્દી શોધવા સામે સતત વધી રહેલા વિરોધ વચ્ચે હવે રાજ્ય સરકારે દેશના સતાવાર ચલણ ‘રૂપીયા’ માટે જે હિન્દી તેનું પણ તામિલ ભાષામાં રૂપાંતર કરીને નવો સિમ્બોલ બનાવ્યો છે કે તેની નવી શિક્ષણ નીતિમાં ત્રણ ભાષાની ફોર્મ્યુલા છે જેમાં સ્થાનિક ભાષા ઉપરાંત હિન્દી અને અંગ્રેજી છે પણ તામિલનાડુની ડીએમકે સરકાર હિન્દીનો વિરોધ કરી રહી છે તે વચ્ચે રાજ્ય સરકારે રૂપિયાના સતાવાર સીમ્બોલ પણ ‘રૂ’ નું પણ હિન્દીના બદલે તામિલ ભાષામાં રૂપાંતર કરી રાજ્યમાં તેનો ઉપયોગ કરવા આદેશ આપ્યો છે. આ નવું સિમ્બોલ રાજ્યના બજેટ પુર્વના વિડીયોમાં નજરે ચડયો હતો.

## બે દિવસ પહેલા પટેલનગર સોસાયટીમાંથી એકટીવા ઉઠાવનાર વિજય સોલંકી પકડાયો

### ભકિતનગર પોલીસે વોચ ગોઠવી જલજીત હોલ ચોક પાસે દબોચ્યો

રાજકોટ, તા. ૧૩

ભકિતનગર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન જલજીત હોલ ચોક પાસેથી ચોરાઉ એકટીવા સાથે લોહાનગર મફતીયાપરાનાં વિજય સોલંકીને પકડી લઇ એકટીવા કબ્જે કર્યુ હતું. પીઆઇ મયુરધ્વજ સિંહ એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પો.સબ. ઇન્સ. જે.જે.ગોહિલ, હેડ કોન્સ્ટેબલ કિશનભાઇ પાંભર, પો.કોન્સ. મયુરધ્વજસિંહ જાડેજાએ જલજીત હોલ પાસે એકટીવા નં. જીજે ૦૩ જેકે ૧૭૮૧ સાથે નીકળેલા વિજય બહાદુર સોલંકી રે. લોહાનગર મફતીયાપરા શેરી નં.૮, ગોંડલ રોડ, રાજકોટને અટકાવી પુછપરછ કરવા એટીવા બે દિવસ પહેલા કુવાડવા રોડ પટેલનગર સોસાયટી પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. આ એકટીવા ચોરી અંગે બી ડીવીઝન પોલીસ મથકમાં ગુનો દાખલ થયેલ હોય આરોપી વિજય સોલંકીને બી ડીવીઝન પોલીસને હવાલે કરવા તજવીજ હાથ ધરી છે.



# રેલનગરમાં મગજ ભમતો રહેતાં ૩૫ વર્ષીય સુરેશ ચાવડીયાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું

### ઈક્કો ગાડી ચલાવતો યુવાને પત્ની બહાર ગઈ ત્યારે અંતિમ પગલું ભરી લીધું, એકના એક પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરીવારમાં કલ્પાંત

રાજકોટ. તા.૧૩

રેલનગર સંતોષીનગર વિસ્તારના ૩૫ વર્ષના યુવાને ઝેર પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, સંતોષીનગર શંકર ટેકરી વિસ્તારમાં રહેતાં સુરેશભાઇ ટીડાભાઇ ચાવડીયા (ઉ.વ.૩૫) નામના યુવાને ગઈ સાંજે સાતેક વાગ્યે ઘરે ઝેરી દવા પી લેતાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જાણ કરતાં પ્ર.નગર પીએસઆઇ બી. વી. બોરીસાગરે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક સુરેશભાઇ પાંચ બહેન અને છ ભાઇમાં ત્રીજા નંબરે હતો. તેને સંતાનમાં એક પુત્ર છે. પોતે ઇકોનું ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતો હતો. બે ત્રણ દિવસથી તેનો મગજ ભમતો હોઇ શાંતિથી ઘરમાં બેસતો નહોતો અને ગત સાંજે તેમના પત્ની પુત્ર સાથે જેઠના ઘરે ગઈ હતી ત્યારે અચાનક ઝેરી દવા પી લીધી હતી. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

## અવસાન નોંધ

**રાજકોટ :** બ્રહ્મક્ષત્રિય ગો.વા. પરસોતમભાઇ માવજીભાઇ ગરાચના પુત્ર સુરેશભાઇ (ઉ.વ.૬૪) તા. ૧૩/૩ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ ઉમેશભાઇ ગરાચ, પ્રશાંતભાઇ ગરાચ અને મનીષાબેન પડિયા મુંબઇના પિતાશ્રીની પ્રાર્થનાસભા તા. ૧૫/૩ને શનિવારના રોજ રાખેલ છે. સમય સાંજે ૪ થી ૬, બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી, પેડક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.



# લોકોને હોળી અને ધુળેટી પર્વની શુભેચ્છા આપતા પદાધિકારીઓ : પાણી બચાવજો

રાજકોટ, તા. ૧૩

મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઇ રાડીયાએ શહેરીજનોને હોળી-ધૂળેટીના પાવન પર્વની શુભેચ્છા આપી છે.

‘હોળી-ધૂળેટી’ના પાવન પર્વના ધાર્મિક મહત્વની સાથે વૈજ્ઞાનિક મહત્વ પણ છે. હોળી દહન એ વાતનું પ્રતિક છે કે, માણસ પોતાના મનના ખરાબ વિચાર, અભિમાન, અહંકાર, કુ-રિવાજો, માન્યતાઓ, જીદ વગેરેને હોળીની આગની અંદર હોમી દેવાથી પોતાનું મન નિર્મળ અને પ્રફુલ્લિત બને છે અને પોતાનું જીવન હર્ષ અને ઉલ્લાસથી માણી શકે છે. ધૂળેટીનો તહેવાર સામાજીક મિલાપ અને ભાઈચારાની એકતાનું પ્રતિક છે. આ પાવન પર્વ, કેમિકલયુક્ત કલરને બદલે અબીલ-ગુલાલ, કુદરતી રંગો-સ્વદેશી રંગો, અને ફૂલોનો ઉપયોગ કરી, કચરો કચરાપેટીમા નાખી, પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરી, હર્ષો-ઉલ્લાસ સાથે ઉમંગભેર ઉજવે તેવી અપીલ પણ કરી છે.